BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યૂટીઝ (DHRD)

**પેપર-1**

**DHRD-1**

**માનવ અધિકારો અને ફરજોનો પરિચય**

**HRD - MDC - 202**



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Introduction of Human Rights and Duties


નિદર્શન :

પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંપાદક:

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્ના ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. સ્વાતિ શાહ એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. દીપ્તિબા ગોહિલ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

વિષય-સમિતિ:

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્ના ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. દિપાલી પુરોહિત આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લો કૉલેજ, નડિયાદ

લેખન:

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્ના ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. એકતા મહેતા આસિસ્ટન્ટ પ્રોફેસર, આઇ. એમ. નાણાવટી લો કૉલેજ, અમદાવાદ

પરામર્શન (વિષય):

ડૉ. જે. યુ. નાણાવટી નિવૃત્ત આચાર્ય, શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

પરામર્શન (ભાષા):

ડૉ. દિવ્યેશ વ્યાસ આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ.



પ્રકાશક: કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : પુનઃ મુદ્રણ – 2025

ISBN NO: 9 789355 983145



: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

ડિપ્લોમા ઇન હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યૂટીઝ

પેપર-1

**DHRD-1**

માનવ અધિકારો અને ફરજોનો પરિચય

# HRD - MDC - 202


**એકમ-1** 01

માનવ અધિકારો અને ફરજોનો ખ્યાલ

**એકમ-2** 13

માનવ અધિકારોનો ઐતિહાસિક વિકાસ

**એકમ-3** 27

માનવ અધિકારોનું વર્ગીકરણ

**એકમ-4** 38

માનવ અધિકારની વિચારસરણીઓ

**એકમ-5** 53

માનવ અધિકારોનું મહત્ત્વ, સ્વરૂપ અને તેને અવરોધતાં પરિબળો

**એકમ-1**

# માનવ અધિકારો અને ફરજોનો ખ્યાલ

## -: રૂપરેખા :-

**1.0** અભ્યાસના ઉદ્દેશો

**1.1.**પ્રસ્તાવના

**1.2** માનવ અધિકારો અને માનવ મૂલ્યો

**1.3** માનવ મૂલ્યોનાં તત્ત્વો

- **1.3.1** લઘુતમ ભાવ
- **1.3.2**આત્મસંતોષ
- **1.3. 3** સામાજિક દરજ્જો અને સલામતી
- **1.3.4** સામાજિક મૂલ્યો

**1.4** માનવીય ફરજોનો અર્થ

**1.5** માનવીય ફરજોનું વર્ગીકરણ

- **1.5.1** કુદરતી અને સંપાદિત ફરજો
- **1.5.2** હકારાત્મક અને નકારાત્મક ફરજો
- **1.5.3** ચોક્કસ અને અચોક્કસ ફરજો
- **1.5.4** પ્રથમદર્શી અને સમગ્રલક્ષી ફરજો

**1.6** માનવ અધિકારોનો અર્થ અને વ્યાખ્યા

**1.7** માનવ અધિકાર શિક્ષણના હેતુઓ

**1.8** માનવ અધિકારો અને ફરજો વચ્ચેનો સંબંધ

**1.9** ઉપસંહાર

**1.10** ચાવીરૂપ શબ્દો

**1.11** તમારી પ્રગતિ ચકાસો

**1.12** ઉપયોગી પુસ્તકોની યાદી

## 1.0. અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ અભ્યાસુઓ તમે માનવ અધિકારો અને ફરજોને સરળતાથી સમજી શકશો.*
- *આ એકમમાં માનવીય મૂલ્યો શું છે? તેમજ તેને અસર કરતાં પરિબળો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.*
- *માનવીય ફરજોનો અર્થ તેમજ તેના વર્ગીકરણની વિસ્તૃત જાણકારી આ એકમ દ્વારા મેળવી શકશો.*

- *માનવીય અધિકારોનો અર્થ અને તેના શિક્ષણના હેતુઓને વિગતવાર જાણી શકશો.*
- *માનવ અધિકારો અને ફરજ વચ્ચેનો આંતરસંબંધ શું છે? તે પણ આ એકમમાં જાણી શકશો.*

## 1.1 પ્રસ્તાવના

अज्येष्ठासो अकनिष्ठास एते।
सं भ्रातरो वावृधु: सौभगाय।।

*એટલે કે કોઈ ચઢિયાતું કે ઊતરતુ નથી. બધા ભાઈઓ છે. દરેકે એકબીજાના હિતમાં જ વર્તવું જોઈએ અને સામૂહિક રીતે વિકાસ કરવો જોઈએ.*

*વિદ્યાર્થીમિત્રો, પ્રથમ પ્રકરણમાં આપણે માનવ અધિકારો અને તેની ફરજો વિશે સમજવાનો પ્રયાસ કરીશું. પ્રસ્તુત પ્રકરણમાં માનવ અધિકારોનું શિક્ષણ જ નહિ, પરંતુ માનવ અધિકારો પરત્વેની દરેક માનવીની ફરજોનો પણ સમાવેશ કરી સામાન્ય લોકોમાં માનવ અધિકાર પરત્વેની સંવેદના પ્રગટ કરવાનો નમ્ર પ્રયાસ કરેલો છે.*

*માનવ અધિકારો એ કોઈ દેશના નાગરિકોના અધિકારો નથી, પરંતુ સમગ્ર માનવજાતિના બધા લોકોના અધિકારો છે. માનવને જંગલી અવસ્થામાંથી માનવ બનતા લાખો અને કરોડો વર્ષો થયાં છે. અલબત્ત, હજી સંપૂર્ણપણે તે માનવમાં રૂપાંતરિત થયો નથી, કારણ કે હજુ સુધી તેણે સંપૂર્ણપણે માનવતા ધારણ કરેલ નથી. માનવીને માનવ ત્યારે જ કહી શકાશે જ્યારે તે બીજા માનવને માનવ સમજે, તેનું આત્મગૌરવ જાળવે, તેના માટે કોઈ પણ પ્રકારનો ત્રાસ ન ઉપજાવે, તેનું ખરીદ-વેચાણ ન કરે, તેની ભૂખ, જરૂરિયાત, બેકારી, ગરીબી કે દયનીય સ્થિતિનો ગેરલાભ ન ઉઠાવે, તેનું કોઈ પણ પ્રકારે શોષણ ન કરે, તેના પ્રત્યે દયાભાવ, પ્રેમ, કરુણા, મદદની ભાવના રાખે, તેને પોતાના સમાન ગણી તેનાં સુખ, શાંતિ, કલ્યાણ અને વિકાસના કાર્યમાં હરહંમેશ તત્પર રહે. તેની તમામ પ્રકારની સ્વતંત્રતાઓ જેવી કે વિચાર, વાણી, વ્યવહાર, ધંધો-વ્યવસાય, હરવા-ફરવા, સ્થાયી થવા વગેરેની ખેવના કરે, તેને કોઈ પણ રીતે ખલીલ ન પહોંચાડે.*

*ભારતની સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિશ્રી વી.આર. કૃષ્ણ ઐયરે માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યને અવિભાજ્ય ગણાવ્યા છે. નાગરિક, રાજકીય તેમજ સાંસ્કૃતિક અધિકારોને પૂરેપૂરા આત્મસાત્ કર્યા વગર તે શક્ય બની શકે નહીં.*

*તદ્ઉપરાંત તેઓ કહે છે કે, માનવ અધિકારો આપણા ધર્મોમાં, વેદોમાં, બુદ્ધના ઉપદેશમાં, બાઈબલમાં, કુરાનમાં, પવિત્ર ગ્રંથોમાં છે. તેમજ માનવ ગૌરવને પ્રાધાન્ય આપતા અન્ય અધિકૃત ઉપદેશકો પાસેથી મળી શકે છે. દરેક માનવ દિવ્ય અંશ છે અને તેને પોતાનું ગૌરવ, સ્વતંત્રતા, સમાનતા અને અન્ય મૂળભૂત અધિકારો છે.*

## 1.2 માનવ અધિકારો અને માનવ મૂલ્યો

*દરેક માણસને પોતાનું ગૌરવ હોય છે અને માનવ ગૌરવ સચવાય તે માટે માનવીઓએ માનવ અધિકારો ઘડ્યા છે. માનવીની બુદ્ધિ, જ્ઞાન અને બીજા આત્મીય તેમજ નૈતિક ગુણોના વિકાસમાં અને તેની આધ્યાત્મિક તેમજ બીજી જરૂરિયાતો સંતોષવામાં આ માનવ અધિકારો ભાગ ભજવે છે. માણસને તેનું મૂલ્ય મહત્ત્વનું ગૌરવ પૂરું પાડે છે. એક માનવ અન્ય માનવનું મૂલ્ય સમજે, એમાં જ માનવ અધિકારોનું અસ્તિત્વ રહેલું છે. માનવીય ગૌરવ એ કોઈ એક માનવીની પોતાની અંગત કે આગવી બાબત નથી પણ માનવતાનું એક અગત્યનું પાસું છે. એટલે કહી શકાય કે મૂલ્યો અને સિદ્ધાંતો એ માનવીય જીવનનું હાર્દ છે તથા માનવ સંસ્કૃતિનું અમૂલ્ય આભૂષણ છે. મૂલ્ય વગરનું માનવજીવન એ પશુ સમાન છે. મૂલ્યો હોય ત્યારે જ જીવન મૂલ્યવાન બને છે.*

*માનવીય મૂલ્યોની વાત કરીએ તો તેમાં માનવીય ગૌરવ, સ્વતંત્રતા, સમન્યાય, નૈતિકતા, સહિષ્ણુતા વગેરેનો સમાવેશ થાય છે. સમાજમાં એકબીજા પ્રત્યેના સુસંવાદી સંબંધો, ભ્રાતૃભાવ, સંવેદના, પ્રેમ, દયા એ નૈતિકતાના આધારસ્થંભો છે. કાયદાના પરિપ્રેક્ષ્યમાં કાયદાનું મુખ્ય કાર્ય માનવ–માનવ વચ્ચેના બાહ્ય વર્તનનું નિયમન કરવાનું, સમાજમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવાનું છે અને તે દ્વારા માનવનો સર્વાંગી વિકાસ થાય તે જોવાનું છે. માનવ મૂલ્યો એ માનવોના વિવિધ હિતોની જાળવણી, સંવર્ધન અને વિકાસ માટેનું એક અગત્યનું પરિબળ છે. માનવ મૂલ્યો સમાજમાં સર્વ સમાન રીતે જોવા મળે તેવું આવશ્યક નથી. તે આત્મલક્ષી હોવાના કારણે દરેકના સમય અને સંજોગો, સંપતિ, સફળતા, દુ:ખ, દર્દ, વેદના, નિરાશા દ્વારા ચલાયમાન થઈ શકે છે. પરંતુ તેમ છતાં પણ થોડા અને સામાન્ય કહી શકાય તેવાં માનવ મૂલ્યોના સ્વીકાર અને અનુસરણથી લોકોનું કલ્યાણ અને સુખાકારી વધે છે. સમાજનો દરેક માનવી પ્રગતિનાં સોપાનો સર કરી શકે છે.*

## 1.3 માનવ મૂલ્યોને અસર કરતાં પરિબળો

*વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકારના જતન, સુરક્ષા અને સંવર્ધન માટે નીચેનાં પરિબળો ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માનવ મૂલ્યોને અસર કરતાં પરિબળો નીચે પ્રમાણે છે.*

### 1.3.1 લઘુતમ ભાવ

*માનવના લઘુતમ ભાવ માનવને સ્વતંત્ર વિચારો, ન્યાયિક નિર્ણયો અને ધ્યેયોની સિદ્ધિ માટે મદદરૂપ થાય છે. તેમજ પ્રેરણા અને ઉત્સાહ જીવનના પડકારોનો સામનો કરવા સમર્થ બનાવે છે.*

### 1.3.2 આત્મસંતોષ

*ઉચ્ચ માનવ મૂલ્યોથી માનવીના જીવનમાં આત્મસંતોષનું નિરૂપણ થાય છે. અને આ આત્મસંતોષથી જીવનમાં શાંતિ અને સુખ મળે છે. આત્મસંતોષ ધ્યેયપ્રાપ્તિ, સફળતા, વ્યક્તિગત સમર્થતા અને આત્મવિશ્વાસને ખીલવે છે.*

### 1.3.3 સામાજિક દરજ્જો અને સલામતી

*સત્તા માણસને એક સામાજિક દરજ્જો, સંસાધનો અપાવે છે તેમજ અન્યો પરનું નિયંત્રણ સરળ બનાવે છે. જીવનમાં સલામતી માનવને માનવ સાથેના સંબંધોમાં સુસંવાદિતા પ્રદાન કરે છે તેમજ સમાજમાં દરેક વ્યક્તિને પોતાના જીવનમાં સુખ, શાંતિ પરત્વેનું માર્ગદર્શન  પૂરું પાડે છે.*

### 1.3.4 સામાજિક મૂલ્યો

*સામાજિક મૂલ્યોનું અનુસરણ માનવીય વર્તનનું નિયમનકારી પરિબળ બને છે અને લોકોને શિસ્તબદ્ધ જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. સમાજમાં પર્વતતા રીતરિવાજોનું અનુસરણ સમાજજીવનના ધોરણો પરત્વેનો આદર વધારે છે. સમાજમાં પ્રવર્તતા વિવિધ ધર્મો સામાજિક મૂલ્યોને પોષે છે. તેનું પાલન કરવામાં પ્રેરણારૂપ બને છે અને માનવીઓના પોતાનાં અને અન્યનાં સુખો અને દુઃખો એકબીજા વચ્ચે વહેંચીને નીરાકુલ થવા માટે સમજાવે છે. ધાર્મિક જ્ઞાનથી જીવન સંતુષ્ટ બને છે અને જીવન પરત્વેનો સાચો અભિગમ સમજાય છે.*

*આમ, ઉપર જણાવેલાં પરિબળો માનવીય મૂલ્યોની જાળવણી અને વિકાસ થકી માનવ અધિકારોનું જતન કરીને તેને સુરક્ષા પ્રદાન કરે છે.*

## 1 . 4 માનવીય ફરજોનો અર્થ

*ફરજો અને જવાબદારીઓ ઘણી વખત એકબીજાના સમાનાર્થી શબ્દો તરીકે ઓળખાય છે, પરંતુ હકીકતે ફરજો અને જવાબદારીઓ એકબીજાથી મૂળભૂત રીતે અલગ અલગ છે. ફરજો ઘણી વખત વ્યક્તિના હોદ્દા, દરજ્જા, મોભા અને ભૂમિકા સાથે જોડાયેલી હોય છે. માનવીના હોદ્દા અનુસાર સમય, સ્થળ અને સ્થાનની સાથે તેની ફરજો જોડાયેલી હોય છે. માનવીના હોદ્દા દરેક સમયે, સ્થળે અને સંજોગોમાં સ્થિર હોતા નથી, તે સમય અને સંજોગો સાથે બદલાય છે. આમ, બદલાતા સમય અને સંજોગો સાથે ફરજોમાં બદલાવ આવે છે, પરંતુ વ્યક્તિની જવાબદારીમાં સમય કે સંજોગો અનુસાર દરવખતે ફેરફારો થતા નથી. કાયદાની દૃષ્ટિએ પણ તે એકબીજાથી અલગ છે. જવાબદારીઓનું પાલન કાયદા દ્વારા કરાવી શકાય છે. તેવું ફરજો સાથે બનતું નથી. એવી ઘણી બધી ફરજો છે, જેનું કાયદા કે કોર્ટ દ્વારા પાલન કરાવી શકાતું નથી. જેમકે, ભારતીય*

બંધારણમાં અનુચ્છેદ-51માં જે અગિયાર મૂળભૂત ફરજો આપવામાં આવી છે, તે નાગરિકોની એવી ફરજો છે, જેનું કોર્ટ દ્વારા પાલન કરી શકાતું નથી.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, "કોઈપણ જાતની ફરજ પ્રત્યે અનાદરની દષ્ટિએ જોવું નહીં. ફરજ કઈ જાતની છે, એ દષ્ટિએ નહિ,પરંતુ માણસ કઈ રીતે એ ફરજ બજાવે છે તેનો વિચાર કરી કિંમત આંકવી."

## 1.5 માનવીય ફરજોનું વર્ગીકરણ

વિદ્યાર્થીમિત્રો, માનવીય ફરજોનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય.

### 1.5.1 કુદરતી અને સંપાદિત ફરજો (Natural & Acquired Duties)

કુદરતી કે પ્રાકૃતિક ફરજોનું આપણે બધા જ કોઈપણ પ્રકારના સ્પષ્ટીકરણ વગર પાલન કરતા આવ્યા છીએ. જેમકે, કોઈને ઈજા પહોંચાડવી નહીં, લાગણીને ઠેસ પહોંચાડવી નહીં, ખોટું ન બોલવું, આપણી સ્વતંત્રતાનો ગેરલાભ ન ઉઠાવવો, સત્ય અને ન્યાયનો આગ્રહ રાખવો વગેરે.

જ્યારે સંપાદિત ફરજોને આમંત્રિત ફરજો તરીકે પણ ઓળખાવી શકાય. આવા પ્રકારની ફરજો કંઈક પ્રાપ્ત કરવાથી, હોદ્દો ગ્રહણ કરવાથી, વિશિષ્ટ સંબંધોના સર્જનથી ઉત્પન થાય છે. જેમકે, લગ્ન કરવાથી પતિ કે પત્ની તરીકેની ફરજોનું નિર્માણ થાય છે, દત્તક વિધાનથી માતા-પિતાની પુત્ર-પુત્રી તરફની ફરજો નિર્મિત થાય છે. તેમજ શિક્ષક બનવાથી, સાધુ કે સંન્યાસી બનવાથી, સરકારી અધિકારી વગેરે બનવાથી તેની સાથે સંકળાયેલી ફરજોની ઉત્પત્તિ થાય છે.

### 1.5.2 હકારાત્મક અને નકારાત્મક ફરજો (Positive and Negative Duties )

હકારાત્મક ફરજો આપણને કંઈક સારું કરવાની ફરજ પાડે છે. અને નકારાત્મક ફરજો આપણને ખોટું અથવા ખરાબ કરતાં અટકાવે છે. જેમ કે, ગરીબોને મદદ કરવી એ માનવીની હકારાત્મક ફરજ છે. જ્યારે નિર્દોષને ઈજા ન પહોંચાડવી કે ખોટું ન બોલવું એ માણસની નકારાત્મક ફરજ છે.

### 1.5.3 ચોક્કસ અને અચોક્કસ ફરજો (Perfect and Imperfect Duties )

આ પ્રકારની ફરજો લગભગ હકારાત્મક અને નકારાત્મક ફરજો જેવી છે. ચોક્કસ પ્રકારની ફરજોમાં એક વ્યક્તિએ ઉત્પન કરેલી ફરજોને ધ્યેયપ્રાપ્તિ માટેના નિર્ધારિત ધોરણો મુજબ દરેક સંજોગોમાં પૂર્ણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જેમાં કોઈપણ પ્રકારનો ભટકાવ કે ચલાયમાન સ્વીકારવામાં આવતું નથી.

*જ્યારે અચોક્કસ પ્રકારની ફરજો જડ સ્વરૂપની હોતી નથી. આવી ફરજો સમય અને સંજોગો પર આધારિત હોય છે. જેમકે, દરેક વ્યક્તિમાં એક સરખી નિપૂણતા વિકસાવી શકાતી નથી અને દરકે વ્યક્તિ એકસરખી ફરજો બજાવી શકતી નથી.*

### 1.5.4 પ્રથમદર્શી અને સમગ્રલક્ષી ફરજો (Prima facie and Allthings Considered Duties )

*સામાન્ય સંજોગોમાં દરેક વ્યક્તિ પોતાની પ્રતિષ્ઠાને નુકસાન ન થાય તે પ્રમાણે પ્રથમદર્શી પ્રકારની પોતાની ફરજોનું પાલન કરતો હોય છે, જ્યારે સમગ્રલક્ષી ફરજો બજાવતી વખતે તેમાં પોતાના લાભ-ગેરલાભ તત્ત્વ સમાયેલું હોય છે.*

*આમ, વિદ્યાર્થીમિત્રો ઉપરોક્ત વર્ગીકરણથી માનવ અધિકારોમાં માનવીની ફરજોના પાલનનો ખ્યાલ કે સમજણનો સમાવેશ થાય છે.*

## 1.6 માનવ અધિકારોનો અર્થ અને વ્યાખ્યા

*વિદ્યાર્થીમિત્રો, સૌ પ્રથમ આપણે માનવ અધિકાર એટલે શું થાય છે, એ જાણીને તેના અર્થ જાણીશું. ત્યારબાદ માનવ અધિકારોની વ્યાખ્યા સમજીશું.*

**માનવ અધિકારોનો અર્થ :**

*પૃથ્વી પર માનવીનો જન્મ થાય છે ત્યારથી જ તેને કેટલાક અધિકારો પ્રાપ્ત થાય છે. તેથી કહી શકાય કે માનવ અધિકારની બાબત માનવીની સંસ્કૃતિ જેટલી જ જૂની છે. માનવી સમાજ પાસેથી તમામ સ્તરે કેટલીક આશા કે અપેક્ષાઓ રાખે છે. આ અપેક્ષાઓ તે સમાજ, અન્ય માનવી કે સરકાર પાસે રાખતો હોય છે. માનવીને તેના અધિકારો પ્રાપ્ત ન થાય તેમજ અનેક સંઘર્ષોમાંથી પસાર થઈ રહ્યો હોય ત્યારે માનવ અધિકારોના પ્રશ્ન ઉપસ્થિત થતા હોય છે. આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતો અને ઘટનાઓ પણ માનવ અધિકારનો મુદ્દો ઉદ્ભવવાનું બીજું મહત્ત્વનું કારણ છે.*

*વ્યક્તિને કે માનવી પોતાના વિકાસ માટે જરૂરી સામાજિક પરિસ્થિતિ કે માળખાને કહેવાય છે જે માનવ અધિકાર માટે મહત્ત્વનું પરિબળ છે. જેના વડે માનવીનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. માનવ અધિકારો એ દરેક માનવીની ઈચ્છા, સપનાંઓ, હક્કો કે ફરજો વગેરે પૂરી કરવાનું કે મેળવવાનું માધ્યમ છે. વર્તમાનમાં વિશ્વમાં અનેક સમુદાયના માનવીઓ વસે છે, અનેક પ્રકારની સંસ્કૃતિઓ વિકસિત થયેલી જોવા મળે છે, પરંતુ આ વિવિધતાને એકસૂત્રે જો કોઈ બાંધતું હોય તો તે માનવ અધિકાર છે. જેમાં માનવી કે સંસ્કૃતિ ગમે તે હોય પરંતુ તેમાં વ્યક્તિને પોતાનો વિકાસ કરવાનો હોય છે.*

**અમેરિકી દાર્શનિક જોન રોલ્સે જણાવ્યું છે કે,** *સમાનતા અને એકતાના ખ્યાલ સાથે માનવ અધિકારોની મહત્તાની સમજ હોય અને પ્રત્યેક વ્યક્તિના દરજ્જાનું ધ્યાન રખાતું હોય તે સમાજને સુધારાવાદી કહી શકાય. જે સમાજ પોતાના નબળા અને વંચિત*

વર્ગને સંરક્ષણ પૂરું પાડતો હોય તેને ન્યાયિક સમાજ કહેવાય. જ્યાં જંગલરાજ કાયદા પ્રવર્તતા હોય, 'જેની લાઠી તેની ભેંસ' જેવી નીતિ પ્રવર્તતી હોય તેને સુસંસ્કૃત સમાજ ન કહી શકાય. સુસંસ્કૃત સમાજ તેના શક્તિશાળી સભ્યોની વધુ પડતી મહત્ત્વાકાંક્ષા અને બધું હસ્તગત કરવાની વૃત્તિ પર યોગ્યપણે લગામ લગાવીને નબળા અને વંચિત વર્ગને તેના હિતો માટે ખાસ સલામતી પૂરી પાડે છે.

વિદ્યાર્થીમિત્રો, સામાન્ય રીતે અધિકાર એટલે એમ કહી શકાય કે, નીતિ-ન્યાય કે કાયદાની દૃષ્ટિએ વ્યક્તિને કંઈક કરવાનો કે કંઈક પ્રાપ્ત કરવાનો અધિકાર, નીતિ કે ન્યાય દ્વારા પ્રાપ્ત થતા અધિકારો એ કુદરતી અધિકારો છે. આમ જોવા જઈએ તો માનવ અધિકારોના મૂળ કુદરતી કાયદામાં રહેલા છે. રોમનો અને ગ્રીકોએ તેમજ રોમન ધારાશાસ્ત્રીઓએ આ વિચારને વિકસાવ્યો છે. એટલે કહી શકાય કે, માનવ અધિકારો એટલે જિંદગી જીવવા માટે માણસને કુદરતે આપેલા મૂળભૂત આવશ્યક અધિકારોને માનવ અધિકારો ગણવામાં આવે છે.

ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં માનવ અધિકારનો ખ્યાલ અને અને સિદ્ધાંતોનો સ્વીકાર અને વિકાસ થયો. 10મી ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા થઈ. માનવીને ગૌરવપૂર્ણ જીવન કઈ રીતે જીવવા દેવું તેની નીતિમત્તા માનવ અધિકારો અંગેના આ ઘોષણાપત્રનું મુખ્ય હાર્દ છે, જે જગતના તમામ ધર્મોથી પર છે. વિશ્વમાં દરેક માનવી કે નાગરિક ગૌરવ અને અધિકારની બાબતમાં સમાન છે. દરેક માનવીની બૌદ્ધિક ક્ષમતા કે શારીરિક ક્ષમતા એક સરખી હોય, એવું જરૂરી નથી, ત્યારે માનવીઓએ પરસ્પર માન, સન્માન અને આદરની ભાવના કેળવવી જોઈએ. અને તે અનુસાર વ્યવહાર કરવો જોઈએ. આમ, વિદ્યાર્થીમિત્રો, 10 ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા માનવ અધિકારો અંગેનું જાહેરનામું મંજૂર થયું. ત્યાર પછી ભારતમાં અને વિશ્વમાં 10મી ડિસેમ્બરને **'માનવ અધિકાર દિન'** તરીકે ઊજવવામાં આવે છે.

માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાને નજર સમક્ષ રાખીને કહી શકાય કે આ ઘોષણામાં બે પ્રકારના અધિકારો સમાવિષ્ટ થયેલા છે:

(A) નાગરિક અને રાજકીય અધિકારો

(B) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો

ઉપરના બંને પ્રકારના અધિકારો માનવીને ભયથી મુક્ત,અર્થપૂર્ણ જીવન તેમજ જીવનમાં સંતોષ અને માણસ તરીકે જીવન જીવવા માટેના અધિકારો બક્ષે છે. દરેક માનવી આ અધિકારો પ્રાપ્ત કરવાનો પૂર્ણ અધિકાર ધરાવે છે. તદ્ઉપરાંત આ અધિકારો આંતરરાષ્ટ્રીય અધિકારો છે અને દરેક માનવી દુનિયાના કોઈ પણ સ્થળે જાય તોપણ તેને આ અધિકારો પ્રાપ્ત થાય છે.

વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકારો વિશેની વિસ્તૃત જાણકારી પછી ટૂંકમાં માનવ અધિકારનો અર્થ શું થાય છે, તે કહેવું હોય તો કહી શકાય કે;

- માનવ અધિકારો એટલે માણસના ગૌરવની જાહેરાત અને રક્ષણની વ્યવસ્થા જણાવતા અધિકારોનો સમૂહ.
- માનવના એક માનવ તરીકેના અધિકારો. નાગરિક અધિકારો રાજ્ય આપે છે પણ આ માનવ અધિકારો માણસના કુદરતી અધિકારો મનાયા છે. એમ કહીએ કે તે ઈશ્વરદત્ત છે.
- બે વિશ્વયુદ્ધ દરમિયાન માણસની બર્બરતા હિંસકવૃત્તિથી માણસને ઘણું વેઠવું પડ્યું હતું. માણસો પ્રત્યે પશુઓ કરતાં પણ બદતર વ્યવહાર કરાયો હતો. તેથી આવી વ્યવસ્થાની તાતી જરૂર જણાઈ હતી. 1948 પછી 90 દેશોના બંધારણમાં માનવ અધિકારોને સ્થાન અપાયું છે.
- આ માનવ અધિકારો સમસ્ત માનવજાત માટેના છે.
- જો આવા માનવ અધિકારો ભોગવી શકતા ન હોય તો તેમના વિના માનવજીવન અપૂર્ણ રહે છે. પૂર્ણ માનવજીવનના પ્રફુલ્લન માટે આ અધિકારો જરૂરી મનાયા છે.
- આ માનવ અધિકારો ભોગવી શકાતા હોય તો જ માનવજીવન જીવવાલાયક લાગે છે. એક સંસ્કૃત માનવ સમાજ રચવા માટે તે જરૂરી મનાયા છે.
- માનવ અધિકારો માણસના જન્મજાત અધિકારો ગણાયા હોવાથી કોઈ રાજ્ય તે છીનવી શકતું નથી.
- જો માણસને જુલમ અને અત્યાચાર સામે એક આખરી ઉપાય તરીકે, બળવાનો આશરો લેવાની ફરજ પડે તેમાંથી બચવું હોય તો; કાયદાના શાસન વડે માનવ અધિકારોનું રક્ષણ કરવું આવશ્યક છે.

### 1.6.2 માનવ અધિકારોની વ્યાખ્યાઃ

વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકારો એ મૂળભૂત અધિકારો ઉપરાંત કુદરતી અધિકારો પણ છે. અલગ અલગ વિદ્વાનોનાં મંતવ્યો અલગ અલગ હોવાથી તેમની વ્યાખ્યા પણ અલગ અલગ પ્રકારની હોય છે. આમ, માનવ અધિકારોની કોઈ ચોક્કસ વ્યાખ્યા આપી શકાતી નથી. પણ તેમની વિચારસરણીઓ દ્વારા માનવ અધિકારોનો ખ્યાલ આવે છે.

A. **માનવ અધિકાર સંરક્ષણ ધારો 1993ની કલમ-2(1)(ડી) મુજબ,**
‘માનવ અધિકારો’ એટલે બંધારણીય બાહેંધરી અપાયેલ અથવા આંતરરાષ્ટ્રીય સમજૂતીઓમાં સમાવિષ્ટ કરાયેલ અને ભારતની અદાલતોમાંથી અમલપાત્ર વ્યક્તિના જીવન સ્વાતંત્ર્ય, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો.

B. **ભૂતપૂર્વ ધારાશાસ્ત્રી ડૉ. દુર્ગાદાસ બાસુના મત મુજબ,**

*માનવ અધિકારો એ લઘુતમ અધિકારો છે, વ્યક્તિને રાજ્યે જાહેર સત્તા સામે માનવ કુટુંબના સભ્ય તરીકે કોઈપણ જાતના અવેજ વગર મળે છે.*

C. **સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ ડૉ. એ.એસ. આનંદના મત મુજબ,**

*માનવ અધિકાર એટલે દરેક વ્યક્તિ પાસે જે કુદરતી અધિકારોના ગુણ છે, તેનું નવું નામ એટલે માનવ અધિકાર.*

D. **રાજકીય શબ્દકોષ મુજબ,**

*માનવ અધિકારો એટલે સરકારોની મનસ્વી દખલગીરી કે નિયંત્રણ સામે સ્વતંત્રતા. આ અધિકારોના અર્થમાં નાગરિક સ્વાતંત્ર્ય કે નાગરિક અધિકારોનો સમાવેશ થતો હોવાનું જણાય છે. પરંતુ આ એવા અધિકારો અંગે પણ સૂચન કરે છે કે જે તેમાં માન્ય ન રખાયા હોય.*

## 1.7 માનવ અધિકાર શિક્ષણના હેતુઓ

*માનવ અધિકાર શિક્ષણના પ્રચાર અને પ્રસારની અસર આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળે છે. વિશ્વમાં વિવિધ દેશો પરત્વે મિત્રતા વધે છે. તેઓ એકબીજાની નજીક આવે છે. પારસ્પરિક સંબંધોમાં સુસંવાદિતતા આવે છે. લોકો વચ્ચેના ધાર્મિક, લૈંગિક, જાતિગત તેમજ ભાષાકીય ભેદભાવ સમાપ્ત થાય છે અને વૈશ્વિક શાંતિની સ્થાપના સંભવ બને છે.*

*વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકાર શિક્ષણના મુખ્ય હેતુઓ નીચે મુજબ છેઃ*

1.7.1 *આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ માનવ વચ્ચે સદ્ભાવનાનો વિકાસ કરે છે. ભારતીય ભાષામાં કહીએ તો વિશ્વબંધુત્વની ભાવના પ્રગટાવે છે.*

1.7.2 *એકબીજાની વચ્ચે સહિષ્ણુતા વધારે છે. સહકારની ભાવના પ્રગટાવે છે.*

1.7.3 *એકબીજા પ્રત્યેનો ભાષાકીય, પ્રાંતીય, લૈંગિક, જાતિગત વચ્ચેના ભેદભાવ દૂર કરવામાં મદદરૂપ થાય છે. અને તેમની વચ્ચે સમાનતા પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે.*

1.7.4 *દરેક રાષ્ટ્રને પોતાના નાગરિકોની મુશ્કેલીઓનું નિવારણ કરવામાં માર્ગદર્શક બને છે.*

1.7.5 *માનવોમાં જ્ઞાન, નિપૂણતા અને માનવીય મૂલ્યોનું સિંચન કરે છે.*

1.7.6 *માનવીય ગૌરવની જાળવણી રાખતા શીખવે છે. તેમજ એકબીજા વચ્ચે આદર અને સન્માનની ભાવના પ્રગટાવે છે.*

## 1.8 માનવ અધિકારો અને ફરજો વચ્ચેનો સંબંધ

*વિદ્યાર્થીમિત્રો, આપણે જાણીએ જ છીએ કે અધિકારો અને ફરજો એક સિક્કાની બે બાજુ જેવા છે. બંને એકબીજા સાથે અસ્તિત્વ ધરાવે છે. બંનેનો ઉદ્ભવ અને વિકાસ એક સાથે જ થાય છે. અધિકારો છે ત્યાં ફરજો છે. અધિકારોનું નિયમન કાયદા સાથે સાર્વભોમ આદેશો દ્વારા થઈ શકે છે. જ્યારે ફરજોનું પાલન કરવામાં વ્યક્તિની નૈતિકતા,*

*નીતિમત્તા અને મૂલ્યોની આવશ્કતા રહે છે. તેનું સંવર્ધન જરૂરી છે. મહદ્અંશે ફરજોનું પાલન  સ્વૈચ્છિક હોય છે. વ્યક્તિના સર્વાંગી વિકાસમાં અધિકારોનું અસ્તિત્વ જરૂરી છે. તો સમાજના વિકાસમાં ફરજોનું પાલન તેટલું જ આવશ્યક છે. એક વ્યક્તિનો અધિકાર એ અન્યની ફરજ છે. અધિકારોને માન્યતા આપવી એ દરેક વ્યક્તિની ફરજ છે. જોકે, એ યાદ રાખવું ઘટે કે પોતાના અધિકારોનો ઉપયોગ ફક્ત પોતાના લાભાર્થે જ નહીં પરંતુ સમાજના ભલા માટે કરવાનો થાય છે. જેમ દરેક રાજ્યે પોતાના નાગરિકોના અધિકારોની સુરક્ષા અને ખાતરી આપવાની થાય છે તેમ દરેક નાગરિકે પોતાના રાજ્યને સર્વ પ્રકારે સમર્થન આપવાનું થાય છે.*

*ભારતીય બંધારણમાં ભાગ-3માં મૂળભૂત અધિકારો અને ભાગ 4 – Aમાં નાગરિકોની ફરજો જણાવવામાં આવી છે. મૂળભૂત અધિકારોનું હનન થાય તો કાયદા દ્વારા તેનો ઉપચાર થાય છે. મતલબ કે કોર્ટ દ્વારા અમલ કરાવી શકાય છર, પરંતુ જો નાગરિકોની ફરજોનું હનન થાય તો તેનો કોર્ટ દ્વારા ઉપચાર મેળવી શકતો નથી.*

## 1.9 ઉપસંહાર

*આમ, વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણના અંતે એમ કહી શકાય કે માનવ અધિકારોનું જો અક્ષરશઃ પાલન કરવું હશે તો માનવોમાં જ માનવીય મૂલ્યો, નૈતિકતા, નીતિમત્તાનું સર્જન અને સંવર્ધન કરવું પડશે. માનવ અધિકારો સાથે માનવીય ફરજો જોડવી પડશે. તેટલું જ નહિ, પરંતુ તેનું શિક્ષણ અને કેળવણી પણ આપવી પડશે. અને આ શિક્ષણ ફક્ત કૉલજ કક્ષાએ કે યુનિવર્સિટી કક્ષાએ નહિ, પરંતુ વ્યક્તિ વ્યક્તિએ બુનિયાદી શાળા કક્ષાએ, ઘરે ઘરે, ચોરે અને ચૌટે આપવું પડશે અને માનવ અધિકારોને માનવીય ફરજોના સ્વરૂપમાં શીખવવું પડશે.*

*માનવ અધિકારો માનવજાત તરીકે મળેલા અધિકારોનો તેમજ કાનૂની હકુમત કે અન્ય કાનૂની પરિબળો જેવાંકે, વંશીય, રાષ્ટ્રીયતા, લિંગ વગેરેથી પર કુદરતી અધિકાર કે દરજ્જાનો ખ્યાલ રજૂ કરે છે. માનવ અધિકારો અંગેના વૈશ્વિક ઘોષણાપત્રમાં માનવ અધિકારોમાં માનવ ગૌરવના ખ્યાલને રજૂ કરે છે અને બીજા વિશ્વયુદ્ધ પછીના સમયની વાસ્તવિકતાનો ખ્યાલ નિર્દિષ્ટ કરે છે. આ અધિકારો વૈશ્વિક અને નાબૂદ ન કરી શકાય તેવી લાક્ષણિકતા ધરાવે છે.*

## 1.10 ચાવીરૂપ શબ્દો

1. *સંયુક્ત રાષ્ટ્ર : વિકાસશીલ દેશોએ ભેગા મળીને બનાવેલું સંગઠન*
2. *ઘોષણાપત્ર : જેમાં અમલમાં આવવાની બાબતો નોંધીને જાહેર કરવામાં આવે તે દસ્તાવેજ*
3. *સર્વોપરી : સૌથી ઉપર*

4. *વૈશ્વિક : સમગ્ર વિશ્વમાં*
5. *લઘુતમ : નીચામાં નીચો*

## 1.11 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો.**

**1.** **..................... એ કોઈ માનવીની અંગત કે આગવી બાબત નથી.** *પણ માનવતાનું એક અગત્યનું પાસુ છે.*
(A) *સિદ્ધાંત* (B) *મૂલ્યો* (C) *માનવીય ગૌરવ* (D) *ઉપરમાંથી એકેય નહીં.*

**2.** **માનવીય જીવનનું હાર્દ છે.**
(A) *મૂલ્યો અને સિદ્ધાંતો* (B) *ફરજો અને અધિકારો*
(C) *સત્તા અને જવાબદારી* (D) *વિકાસ અને કલ્યાણ*

**3.** **માનવમૂલ્યોને અસર કરતાં કુલ કેટલાં પરિબળો છે?**
(A) 2 (B) 4
(C) 5 (D) 3

**4.** **માનવ અધિકાર દિન ક્યારે ઊજવવામાં આવે છે?**
(A) 10*મી ડિસેમ્બર* **(**B) 9*મી ડિસેમ્બર*
(C) 11*મી ડિસેમ્બર* (D) 10*મી નવેમ્બર*

**5.** **.................................. અધિકારો સમસ્ત માનવ જાત માટેના** *છે.*
(A) *કુદરતી અધિકારો* (B) *માનવ અધિકારો*
(C) *મૂળભૂત અધિકારો* (D) *ધાર્મિક અધિકારો*

**6.** **ભારતીય બંધારણનાં ભાગ – 3 માં શું જણાવવામાં આવ્યું છે?**
(A) *ફરજો* (B) *મૂળભૂત અધિકારો*
(C) *રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો* (D) *આમુખ*

7. *મૂળભૂત ફરજો બંધારણમાં કયા ભાગમાં દર્શાવવામાં આવી છે?*
(A) *ભાગ*-4(A) (B) *ભાગ*-3
(C) *ભાગ*-4 (D) *ભાગ*-2

**8.** **........................... માં માનવીય ગૌરવ, સ્વતંત્રતા, સમન્યાય,** *નૈતિકતા, સહિષ્ણુતા વગેરેનો સમાવેશ થાય છે.*
(A) *માનવીય સિદ્ધાંતો* (B) *માનવીય ફરજ*
(C) *માનવીય અધિકારો* (D) *માનવીય મૂલ્યો*

**9.** **માનવ અધિકાર રક્ષણ ધારો 1993 ની કઈ કલમ હેઠળ માનવ અધિકારોની** *વ્યાખ્યા આપવામાં આવી છે.*

(A) *કલમ*-2 *(ડી)* (B) *કલમ*-2 (1) *(ડી)*

(C) *કલમ*-2 (1) *(બી)* (D) *કલમ*-2 *(ઈ)*

જવાબોઃ 1. C, 2. A, 3. B, 4. A, 5. B, 6. B, 7. A, 8. D, 9. B

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. *માનવીય મૂલ્યોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?*
2. *માનવ મૂલ્યોને અસર કરતાં કુલ કેટલાં પરિબળો છે?*
3. *ભારતીય બંધારણનાં અનુ* 51 *હેઠળ કુલ કેટલી ફરજો છે?*
4. *કઈ ફરજોને આમાંત્રિત ફરજો તરીકે પણ ઓળખાવી શકાય?*
5. *જોન રોલ્સ એ અમેરિકી દાર્શનિક છે કે રોમન દાર્શનિક છે?*
6. *માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા ક્યારે થઈ?*

**(ગ) નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

1. *માનવ મૂલ્યોને અસર કરતાં પરિબળો જણાવો.*
2. *માનવીય ફરજોનો અર્થ જણાવી તેના વર્ગીકરણ વિશે ચર્ચા કરો.*
3. *માનવ અધિકારોનો અર્થ અને વ્યાખ્યા જણાવો તેમજ માનવ અધિકારના શિક્ષણના હેતુઓ જણાવો.*

## 1. 12 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *અગ્રવાલ એચ ડી.,માનવ અધિકારો, સેન્ટ્રલ લૉ પબ્લિકેશન, અલ્હાબાદ*
2. *મોહંતી જી જે, હ્યુમન રાઈટ્સ એજ્યુકેશન, દીપ એન્ડ દીપ પબ્લિકેશન પ્રા.લિ. ન્યૂ દિલ્હી*
3. Rehman Kant, Human Rights: Concepts and Issue, Common Wealth Publishers, Ansari Road, New Delhi
4. *ભાવસાર પદ્મા, માનવ અધિકારો, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ*
5. *માનવ અધિકારો, પુસ્તિકા-*2*, યોગક્ષેમ માનવ સંસ્થાન, અમદાવાદ*

# એકમ-2 માનવ અધિકારોનો ઐતિહાસિક વિકાસ

**-: રૂપરેખા :-**


**2.0** અભ્યાસના ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** માનવ અધિકારોની ઉત્પત્તિ

**2.2.1** સાયરસ સિલિન્ડર **(539 BC)**

**2.3** માનવ અધિકારોનો ફેલાવો

**2.3.1** મેગ્નાકાર્ટા **(1215)**

**2.3.2** પિટિશન ઑફ રાઈટ્સ **(1628)**

**2.3.3** બિલ ઑફ રાઈટ્સ **(1689)**

**2.3.4** યુનાઈટેડ સ્ટેટ્સની સ્વતંત્રતા ઘોષણા **(1776)**

**2.3.5** યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનું બંધારણ **(1787)** અને બિલ ઑફ રાઈટ્સ **(1791)**

**2.3.6** ફ્રેંચ માનવી અને નાગરિકોના અધિકારોનું ઘોષણાપત્ર **(1789)**

**2.4** પ્રથમ વિશ્વયુદ્ધ પછીનો સમય **(1914થી 1919 )**

**2.5** બીજા વિશ્વયુદ્ધ પછીનો સમય **(1939થી 1945)**

**2.6** ઉપસંહાર

**2.7** ચાવીરૂપ શબ્દો

**2.8** તમારી પ્રગતિ ચકાસો

**2.9** ઉપયોગી પુસ્તકોની યાદી


## 2.0 અભ્યાસના ઉદ્દેશો

- *માનવ અધિકારના ખ્યાલના ઉદ્‌ભવ અને વૈશ્વિક વિકાસની વાત જાણવા માટે તેનો ઈતિહાસ જાણવો.*
- *વિશ્વને બંધુતાની વિભાવના ઐતિહાસિક સફર દરમિયાન મળી છે અને આથી જ પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ ચિંતન કરનાર એક વિશાળ વર્ગ થકી માનવ અધિકાર મુખ્ય વિચારધારામાં સામેલ થયો, તે ઘટનાક્રમને સમજવાનો ઉદ્દેશ*
- *યુદ્ધ દ્વારા માનવને અમાનવ સમજવાની અણી પર સમાજ આવી ગયો ત્યારે તેને પડકારરૂપે રક્ષણ આપવાનો ઉદ્દેશ*
- *પહેલાના અને અત્યારના સમાજને સમજવાનો ઉદ્દેશ*
- *વિદ્વાનો દ્વારા માનવ અધિકારનો એક વિદ્યાશાખા તરીકે વિકાસ થયો છે, તેને લગતા અભ્યાસનો ઉદ્દેશ*

## 2.1 પ્રસ્તાવના

*માનવ અધિકારનો વિકાસ ઈતિહાસના જુદા જુદા તબક્કામાં જોવા માળે છે. આ અધિકારો ઈતિહાસબોધની ઉપજ છે. અધિકારો પ્રથાઓ, પરંપરાઓ તથા રીતરિવાજો પર આધારિત હોય છે. માનવી માટે આવશ્યક સુવિધાને સમાજ દ્વારા માન્યતા પ્રાપ્ત થયા બાદ પ્રથા કે પરંપરા કહેવામાં આવે છે. આગળ જઈને આ જ પ્રથાઓને રાજ્યની સ્વીકૃતિ મળે, કાનૂની સંરક્ષણ પ્રાપ્ત થાય ત્યારે તે અધિકાર કહેવાય છે. હકીકત એવી છે કે અધિકાર રીતરિવાજોનું પરિષ્કૃત સ્વરૂપ છે. લાંબા સમયથી ચાલતી પરંપરા ધીમે ધીમે સમય જતાં અધિકારનું રૂપ ધારણ કરે છે અને આખરે એવો દાવો કરવામાં આવે છે કે જેને બહુ પુરાણી અને અતૂટ પરંપરાનું સમર્થન હોય છે. કેટલાક વિદ્વાનો ઐતિહાસિક ઘટનાઓનું કારણ માનવીની અધિકારોની ઈચ્છાને માને છે.*

*માનવ અધિકારોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો અભ્યાસ કરતાં સમજી શકાય છે કે તેમાં આધારભૂત તત્ત્વ મનુષ્યના પ્રાચીનતમ સાહિત્ય અને ધાર્મિક ગ્રંથો જેવાકે, વેદ, રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા જૈન, બૌદ્ધ, શીખ ધર્મગ્રંથો, કુરાન-એ-શરીફ, ઝંદ અવેસ્તા, ઓલ્ડ ટેસ્ટામેંટ્સ, ન્યૂ ટેસ્ટામેંટ્સ વગેરેમાં વિદ્યમાન છે. હેરાક્લિટસ જેણે કુદરતી કાયદાનું દર્શન આપ્યું, સોક્રેટિસ જેણે સમાજનું દર્શન આપ્યું, પ્લેટો, અરસ્તુ (એરીસ્ટૉટલ), કૌટિલ્ય, પૌડલસ જેવા વિચારકોની રચનાઓમાં માનવ અધિકારના ખ્યાલનાં બીજ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ બધામાં માનવ અધિકારની અભિધારણાઓ તેમજ આધારભૂત તત્ત્વ જ આ માનવ અધિકારોનો ખરો સ્રોત છે.*

*માનવ અધિકારોની પ્રથમ અને સૌથી ઐતિહાસિક સાબિતી સાયરસ ધ ગ્રેટ (ઈ.સ. પૂર્વે* 559 – 530) *દ્વારા બેબીલોનમાં પ્રથમ વખત માનવ અધિકારોની ઘોષણા કરતું સાયરસ સિલિન્ડર કોતરાવ્યું ત્યાંથી લઈને કિંગ જ્હોન ઑફ ઈંગ્લેન્ડે મેગ્નાકાર્ટા (ઈ.સ.* 1215)*ની ઘોષણા કરી હોય કે સંયુક્ત રાષ્ટ્રનું માનવ અધિકારનું ઘોષણાપત્ર (ચાર્ટર) હોય, માનવ અધિકારોએ ઘણી લાંબી મજલ કાપી છે. એવું નથી કે આ બધું નહોતું ત્યારે માનવ અધિકારો નહોતા, ત્યારે પણ હતા. વિશ્વમાં લગભગ દરેક મુખ્ય ધર્મ અને ધર્મગ્રંથોએ જે વાતો કરી છે એ માનવ અધિકારોની જ મૂળભૂત વાતો છે, પરંતુ એક વિદ્યાશાખા તરીકે અને કાયદામાં શબ્દબદ્ધ કરવાની શરૂઆત શા માટે થઈ, એવી શું જરૂરિયાત ઊભી થઈ કે માનવ અધિકારો માટે વિશ્વ જાગૃત બન્યું, એ વાત આ પ્રકરણમાં આપણે જોવાની છે.*

## 2.2 માનવ અધિકારોની ઉત્પત્તિ

*માનવ અધિકાર પાછળનો વિચાર પ્રાચીન માનવ સભ્યતાના ઈતિહાસ જેટલો જ પ્રાચીન છે, તેથી માનવ અધિકારોનાં મૂળિયાં ઐતિહાસિક ભૂમિમાં ખૂબ ઊંડે સુધી પ્રસરેલાં*

*છે. આ હકીકતના પુરાવા લગભગ માનવ સભ્યતાના દરેક તબક્કામાં જોવા મળે છે. માનવ અધિકારોના આ દસ્તાવેજો એક અથવા તો બીજા સ્વરૂપમાં આ અધિકારોના અસ્તિત્વને માન્યતા આપે છે. આમાંથી ઘણા પ્રાચીન દસ્તાવેજો અને ત્યારબાદ ધાર્મિક તથા દાર્શનિક વિચારધારાઓમાં માનવ અધિકારના ખ્યાલમાં વિવિધતાને ઉમેરી અને માનવ અધિકારો તરીકે ઘણા બીજા અધિકારોને વિચારણામાં લીધા.*

*આવા દસ્તાવેજોમાં પ્રમુખ રીતે ભારતના મહાન સમ્રાટ અશોક દ્વારા ફરમાન આપતા આદેશો કે જે શિલાલેખ સ્વરૂપે ઈ.સ. પૂર્વે 272-231માં આપવામાં આવ્યા હતા. હિંદુ વેદ, હમ્મુરાબીનો બેબીલોનિયન કોડ, બાઈબલ, કુરાન અને કન્ફયુશિયસ એનાલેક્ટ્સ એ પાંચ સૌથી પ્રાચીન લેખિત સ્રોત છે, જે લોકોની ફરજો, અધિકારો અને જવાબદારીઓના પ્રશ્નો અંગે પ્રકાશ પાડે છે.*

### 2.2.1.સાયરસ સિલિન્ડર (The Cyrus Cylinder (539BC )

*ઈ.સ. પૂર્વે 539માં પ્રાચીન પર્શિયાનાં પ્રથમ રાજા સાયરસ ધ ગ્રેટની સેનાએ બેબીલોન શહેર જીતી લીધું પરંતુ ત્યાર પછીની તેની જે પ્રવૃત્તિઓ હતી, તેણે મનુષ્ય માટે ઘણું સારું કર્યું. તેણે ગુલામોને મુક્ત કરી, ગુલામી પ્રથા નાબૂદ કરી. જાહેર કર્યું કે બધા લોકોને પોતાનો ધર્મ પસંદ કરવાનો અધિકાર છે અને વંશીય સમાનતા સ્થાપિત કરી આ અને અન્ય હુકમનામા (Akkadian) ભાષામાં ક્યુનીફોર્મ સ્ક્રીપ્ટ સાથે પકવેલી માટીના સિલિન્ડર પર અંકિત કરવામાં આવ્યા હતા. આજે સાયરસ સિલિન્ડર તરીકે જાણીતા આ પ્રાચીન રેકોર્ડને હવે વિશ્વના માનવ અધિકારના પ્રથમ ચાર્ટર તરીકે માન્યતા આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રની તમામ છ સત્તાવાર ભાષાઓમાં તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે. અને તેની જોગવાઈઓ માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણાનાં પ્રથમ ચાર લેખની સમાંતર છે.*

## 2.3 માનવ અધિકારોનો ફેલાવો

*એવું માનવામાં આવે છે કે બેબીલોનથી માનવ અધિકારનો ફેલાવો થયો. તેના વિચારો ઝડપથી ભારત, ગ્રીસ અને છેવટે રોમમાં ફેલાયા. વધુમાં 'મદિનાનું બંધારણ' ઈ.સ. 622માં મુસદ્દાકૃત કરાયું. જ્યારે બીજી તરફ બેબીલોનના રાજા 'હમ્મુરાબી'એ કાયદાનો એક સમૂહ બહાર પાડ્યો હતો, જે 'હમ્મુરાબી કોડ' તરીકે ઓળખવામાં આવતો હતો, જેમાં તેણે માનવીય અધિકારોને રક્ષણ આપવા કાયદાના નિયમો બનાવ્યા હતા.*

*કુદરતે માણસને બે સંલગ્ન લક્ષણોથી નવાજ્યો છે. એક તો વૈયક્તિક રીતે બીજી સામૂહિક રીતે, તેના માટે સમૂહમાં રહેવું તે કુદરતી બાબત છે. માનવ અધિકારને સમજવા માટે આપણે તેનો ઈતિહાસ જાણવો જરૂરી છે. આ ઈતિહાસ આપણને માણસ પહેલા જ્યારે સમૂહમાં રહેતા શીખ્યો તે સમયમાં લઈ જાય છે. પહેલા એ બાબત કુદરતી હતી કે સત્ય પર બળનું જોર વધારે હતું અને નિર્બળ પર બળવાનનું રાજ હતું. આખી દુનિયામાં*

સમયાંતરે આ હક્કો શાસક અને પ્રજા વચ્ચેના સંબંધો સમજાવવા માટેના રીતરિવાજો સ્થાપિત થયા. હિન્દુ વેદો અને ઉપનિષદો, હમ્મુરાબીની બેબીલોનિયમ સંહિતા, બાઈબલ, કુરાન અને કન્ફ્યુશિયસનો ધર્મગ્રંથ વગેરે તેમના સંદર્ભમાં શ્રેષ્ઠ આધારો છે. નેટિવ અમેરિકન સંસ્થા માટે 18મી સદી પહેલા ઈન્કા, એઝટેક સંહિતા અને ઈરોક્યુઅસનું સંવિધાન જેવા દસ્તાવેજોમાં વ્યક્તિ માટે હકો અને જવાબદારીઓના ધોરણોનો ઉલ્લેખ છે. આ પ્રકારે પ્રાચીન પરંપરા અને સભ્યતાઓમાં માનવીના વ્યક્તિગત વિકાસ અને ન્યાય માટે વિવિધ પદ્ધતિઓ જોવા મળતી.

15 જૂન, 1215માં ઈંગ્લેન્ડના રાજા જ્હોન દ્વારા મેગ્નાકાર્ટાનો ચાર્ટર જાહેર કરવામાં આવ્યો, જેમાં ન્યાયતંત્રની વ્યવસ્થાની શરૂઆત કરવામાં આવી તથા ન્યાયની, અધિકારની ખાત્રી આપવામાં આવી અને કાયદાના શાસનના સિદ્ધાંતોને સ્વીકારવામાં આવ્યા. 1689માં ઈંગ્લેન્ડ બિલ્સ ઑફ રાઈટ્સ જાહેર કરવામાં આવ્યા, જેમાં ગેરકાયદેસર અટકાયત સામે રક્ષણ આપવામાં આવ્યું. 1789માં ફ્રેંચ ડિક્લેરેશન ઑફ ધ રાઈટ્સ ઓફ મેન એન્ડ સિટિઝન જાહેર થયું. જેમાં કેટલાક વ્યક્તિ સ્વાતંત્ર્યોની જાહેરાત થઈ. 1791માં અમેરિકામાં બંધારણ અમલમાં આવ્યું. જેમાં બિલ ઑફ રાઈટ્સ દ્વારા કેટલાક વ્યક્તિ સ્વાતંત્ર્યો સુરક્ષિત કરવામાં આવ્યા તથા કાયદાની સમાનતા, વિચારનું સ્વાતંત્ર્ય, માનવીય ગૌરવ અને લોકતાંત્રિક સરકાર જેવી બાબતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### 2.3.1 મેગ્નાકાર્ટા (1215)

મેગ્નાકાર્ટા અથવા 'ગ્રેટ ચાર્ટર' પર ઈંગ્લેન્ડના રાજા જ્હોન દ્વારા 1215માં હસ્તાક્ષર કરવામાં આવ્યા, એ માનવ અધિકાર બાબતે એક મહત્ત્વપૂર્ણ વળાંક હતો. મેગ્નાકાર્ટા અથવા 'ગ્રેટ ચાર્ટર' એ વ્યાપક ઐતિહાસિક પ્રક્રિયા પર સૌથી નોંધપાત્ર પ્રારંભિક પ્રભાવ હતો, જે અંગ્રેજી ભાષી વિશ્વમાં આજે બંધારણીય કાયદાના શાસન તરફ દોરી ગયો. મેગ્નાકાર્ટા ચાર્ટર સિત્તેર પેટા-ખંડનો બનેલો હતો. જોકે, તેના દ્વારા નાગરિક અધિકારો અને જવાબદારીઓને સંપૂર્ણપણે વર્ગીકૃત કરવામાં આવી ન હતી.

વર્ષ 1119માં જ્હોન ઈંગ્લેન્ડની ગાદી પર બેઠો. જ્હોન ક્રૂર હતો. અયોગ્ય, દૂરંદેશીપણા વગરના અને અત્યાચારી જ્હોનથી સામંતો દુઃખી થયા અને આખરે રાજા વિરુદ્ધ સામંતોએ વિદ્રોહ કર્યો. 15મી જૂન 1215ના રોજ લોકોએ થેમ્સ નદી ઉપર આવેલ 'રેનીમેડ ટાપુ' ઉપર જ્હોનને ઘેરી લીધો અને મેગ્નાકાર્ટા કે જેને આપણે 'અધિકાર પત્ર' તરીકે પણ ઓળખીએ છીએ, તેના ઉપર સહી કરાવી લીધી. આ અધિકારપત્રએ જ બ્રિટનમાં લોકશાહીનો પાયો નાંખ્યો. આ અધિકારપત્રને બ્રિટનના વૈધાનિક ઈતિહાસમાં એક મહાન સીમાચિહ્ન માનવામાં આવ્યો. આ મેગ્નાકાર્ટાથી કેટલાક નવા અધિકારોનો જન્મ પણ થયો. વળી, તેણે એવા પરંપરાગત અધિકારોને માન્યતા આપી કે જેને રાજાએ બંધ કરી દીધા હતા.

*વધુમાં સામંત વર્ગને જે અધિકારો આપવામાં આવ્યા હતા તે ધીરે ધીરે સામાન્ય જનતાને પણ મળવા લાગ્યા. આ રીતે મેગ્નાકાર્ટાએ રાજાની નિરંકુશતાનો અંત કર્યો અને તેને મર્યાદિત કર્યા. જ્યારે બીજી તરફ, મર્યાદિત રાજતંત્ર અને કાયદાના શાસનની સ્થાપના કરવામાં આવી અને સામાન્ય જનતાની સ્વતંત્રતા અને અધિકાર માટેનો મહત્વનો આધાર 'અધિકાર પત્ર' ને બનાવવામાં આવ્યો. 'મેગ્નાકાર્ટા'માં સામાવિષ્ટ મુખ્ય જોગવાઈઓને આ પ્રમાણે વર્ણવી શકાય.*

- *મૈગ્નમ કાઉન્સિલિયમ એટલે કે મહાન પરિષદની સંમતિ વગર રાજા સામંતો ઉપર કર નાખી શકશે નહીં.*
- *કોઈ પણ નાગરિકને ત્યાં સુધી કેદી બનાવી ન શકાય અથવા તો દેશ નિકાલ આપી ન શકાય, જ્યાં સુધી તેનો દોષ સાબિત ન થાય.*
- *કોઈ પણ વ્યક્તિને તેના અપરાધની સ્થિતિને આધારે શિક્ષા આપવાની રહેશે. તેના અપરાધ કરતાં વધુ કડક શિક્ષા આપી શકાશે નહીં.*
- *કોર્ટ ઑફ ધી કૉમન પ્લેસ, કોર્ટ નિશ્ચિત સ્થાને બેસીને પોતાનું કામ કરશે, ન કે રાજા જ્યાં જ્યાં જાય ત્યાં તેની સાથે ફરીને કામ કરશે.*
- *રાજા ચર્ચની બાબતોમાં અને ચર્ચની નિયુક્તિઓમાં હસ્તક્ષેપ કરી શકશે નહીં.*
- *પ્રભાવશાળી એટલે કે વગદાર સામંતો અને પાદરીઓને મહાન પરિષદની બેઠકમાં અવશ્ય બોલાવવાના રહેશે.*
- *વિદેશી વ્યાપારીઓને માત્ર યુદ્ધના સમયે જ દેશમાં સ્વતંત્ર રીતે હરવા ફરવા ઉપર નિયંત્રણ મૂકવા, અન્યથા નહીં.*
- *સમગ્ર રાજ્યમાં માપતોલ માટેના એક સમાન માપદંડો હોય.*

*આમ છતાં મેગ્નાકાર્ટાએ નાગરિક સ્વતંત્રતાની પુષ્ટિકરણ માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી, પરંતુ લોકોને રાજાના નિયંત્રણમાંથી મુક્તિ અપાવી હતી. વધુમાં રાજા જો કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરે તો પ્રજાને એ મૂળભૂત અધિકાર હતો કે તે રાજાને કાયદો માનવા માટે બાધ્ય કરી શકતી. આધુનિક લોકશાહીના વિકાસમાં મેગ્નાકાર્ટાને એક સૌથી મહત્ત્વપૂર્ણ કાનૂની દસ્તાવેજો તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. સ્વતંત્રતા સ્થાપિત કરવાના સંઘર્ષમાં મેગ્નાકાર્ટા નિર્ણાયક વળાંક હતો.*

### 2.3.2 પિટિશન ઑફ રાઈટ્સ (1628)(અધિકારો માટેની અરજી)

*'મેગ્નાકાર્ટા ચાર્ટર' એ વર્ષ 1215માં આવ્યો હતો, પરંતુ વર્ષ વર્ષ 1216-17દરમિયાન જ્હોનનો દીકરો હેનરી ત્રીજો રાજગાદીએ આવ્યો અને મેગ્નાકાર્ટાને સંસદ દ્વારા માન્યતા–પુષ્ટિ આપવામાં આવી. વર્ષ 1297માં ચાર્લ્સ પહેલો રાજગાદીએ આવ્યો અને તેણે માન્યતા પામેલા મેગ્નાકાર્ટામાં ફેરફાર કર્યા અને તેને પુનઃ વર્ષ 1628માં*

*'અધિકારો માટેની અરજી' દ્વારા અમલી બનાવવામાં આવ્યો. સર એડવર્ડ કોક દ્વારા પ્રસ્તુત કરાયેલ પિટિશન ઑફ રાઈટ્સ અગાઉના કાયદાઓ અને સનદ પર આધારિત હતી અને ચાર સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો.*

- *સંસદની સંમતિ વિના કોઈ ટેક્સ લગાવી શકાશે નહીં.*
- *કોઈ પણ વ્યક્તિને બતાવ્યા વગર કેદ કરી શકાશે નહીં. બંદી પ્રત્યક્ષીકરણ અધિનિયમ (હેબીઅસ કોર્પસનો અધિકાર) પસાર કરવામાં આવ્યો કે જેણે દરેક વ્યક્તિની 'વ્યક્તિગત સ્વત્રંત્રતા'ને સ્વીકારી*
- *નાગરિકો ઉપર સૈનિક કોઈ પ્રકારનો જુલમ કરી શકશે નહીં.*
- *શાંતિ સમયે લશ્કરી કાયદાનો ઉપયોગ ન થઈ શકે.*

### 2.3.3 બિલ ઑફ રાઈટ્સ (1689)

*બિલ ઑફ રાઈટ્સ બ્રિટિશ સંસદ દ્વારા 10મી ડિસેમ્બર, 1689માં પસાર કરવામાં આવેલ અધિનિયમ છે. આના અનુસાર સાર્વભૌમ સત્તાઓને મર્યાદિત કરવાની જોગવાઈ કરવામાં આવી અને સંસદનાં અધિકારો અંગે 'કાયદાનો સમૂહ' ઘડવામાં આવ્યો. જ્યારે બીજી તરફ સંસદમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગેના નિયમો, સંસદની નિયમિત ચૂંટણીને આવશ્યક બનાવવા અંગેના નિયમો અને બદલાનો ભય રાખ્યા વગર રાજાને અરજી–દાવો કરવાના અધિકારનો સામાવેશ કરવામાં આવ્યો. વધુમાં વિરોધ કરનારને સ્વ બચાવ માટે હથિયાર રાખવાની છૂટને પુનઃ પ્રસ્થાપિત કરવામાં આવી, તેમજ તેને કાયદાના નિયમની મર્યાદામાં મંજૂરી આપવામાં આવી.*

### 2.3.4 યુનાઈટેડ સ્ટેટ્સની સ્વતંત્રતા ઘોષણા (1776)

*4 જુલાઈ, 1776ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ કૉંગ્રેસે અમેરિકન સ્વંતત્રતાની ઘોષણાને મંજૂરી આપી. તેના પ્રાથમિક લેખક થોમસ જેફરસન ઘોષણાને ઔપચારિક સમજૂતી તરીકે લાવ્યા હતા કે અમેરિકન ક્રાંતિકારી યુદ્ધ ફાટી નીકળ્યાના એક વર્ષ કરતાં પણ વધુ સમય પછી કૉંગ્રેસે 2 જુલાઈના રોજ ગ્રેટ બ્રિટનથી સ્વતત્રતા જાહેર કરવા માટે કેમ મત આપ્યો હતો. અમેરિકન કોલોનીઓ હવે બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ નહોતી. કૉંગ્રેસે સ્વતંત્રતાની ઘોષણા અનેક સ્વરૂપે જારી કરી હતી. શરૂઆતમાં તે મુદ્રિત બ્રોડશીટ તરીકે પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જે વ્યાપક રૂપે વિતરિત કરવામાં આવ્યું હતું. અને લોકોને વંચાવવામાં આવ્યું હતું. સૈદ્ધાંતિક રૂપે ઘોષણાપત્રમાં બે મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતોઃ વ્યક્તિગત અધિકાર અને ક્રાંતિનો અધિકાર. આ વિચારો અમેરિકનો દ્વારા વ્યાપકપણે ચર્ચાયા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ફેલાયા. ખાસ કરીને ફ્રેંચ ક્રાંતિને પ્રભાવિત કરી.*

## 2.3.5 યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનું બંધારણ (1787) અને બિલ ઑફ રાઈટ્સ (1791)

માનવીના મૂળભૂત અધિકારોનો ખ્યાલ સંસ્થાનવાદ હેઠળના ઘણા રાજ્યો દ્વારા કરવામાં આવેલા જાહેરનામાં અને બંધારણીય ઉપકરણમાં જોવા મળ્યો. જેમાં અમેરિકા સંસ્થાનનાં તેર રાજ્યોએ જ્યોર્જ વોશિંગ્ટનની આગેવાનીમાં જનતાના અધિકારોની માંગ બંધારણીય સુરક્ષા દ્વારા કરી અને બ્રિટન સાથે સંઘર્ષમાં ઊતર્યા. તે સમયે આ તેર રાજ્યોની માંગ હતી કે પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં, જેને બ્રિટને દબાવવાનો પ્રયાસ કર્યો. વળતા પ્રહાર તરીકે વર્જિનિયા રાજ્યે વર્ષ 1776માં 'વર્જિનિયા ઘોષણા પત્ર, 1776' જાહેર કર્યું. જેમાં કહેવામાં આવ્યું કે, "જન્મથી બધા મનુષ્ય એક સમાન છે અને કુદરતે માનવીઓને કેટલાક અધિકાર આપ્યા છે. અને આ અધિકારોની રક્ષા માટે સરકારોની સ્થાપના કરવામાં આવે છે. જો કોઈ શાસન નિરંકુશ બની જાય તો લોકોનેએ અધિકાર છે કે આવા શાસનને સમાપ્ત કરી દે."

વર્ષ 1776ના આ ઘોષણાપત્ર સિવાય પણ ધી કૉન્સ્ટિટ્યૂશન ઑફ યુનાઈટેડ સ્ટેટ ઑફ અમેરિકા, 1787કે જેમાં ચોક્કસ અધિકારો સંદર્ભે સુધારા લાવવામાં આવ્યા હતા. ફિલાડેલ્ફીયામાં 1787ના ઉનાળા દરમિયાન લખાયેલું યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકાનું બંધારણ એ યુ.એસ. સંઘીય સરકારનો મૂળભૂત કાયદો અને પશ્ચિમી વિશ્વનો સીમાચિહ્ન દસ્તાવેજ છે. તે સૌથી જૂનું લેખિત રાષ્ટ્રીય બંધારણ છે અને મુખ્ય અંગો અને સરકારનાં અધિકારક્ષેત્રો અને નાગરિકોના મૂળભૂત અધિકારોની વ્યાખ્યા આપે છે. – બંધારણીય અધિકારના બિલમાં પ્રથમ દસ સુધારા 15, ડિસેમ્બર, 1791ના રોજ અમલમાં આવ્યા હતા. જેમાં સત્તાનો વ્યાપ મર્યાદિત કરવામાં આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સની સંઘીય સરકાર અમેરિકન પ્રદેશના તમામ નાગરિકો, રહેવાસીઓ અને મુલાકાતીઓના હક્કોનું રક્ષણ કરે છે. આ ઉપરાંત અન્ય અધિકારપત્રોમાં અનુક્રમે સ્વીડનમાં 1809, સ્પેનમાં 1812, નોર્વેમાં 1814, બેલ્જિયમમાં 1831, ડેન્માર્કમાં 1849 અને સ્વીટ્ઝર્લેન્ડમાં 1874માં માનવીઓના મૂળભૂત અધિકારો માટેની જોગવાઈઓ કરવામાં આવી હતી. પરંતુ આ તમામમાં અમેરિકા વર્ષ 1791માં આવેલ 'બિલ ઑફ રાઈટ્સ'ની જોગવાઈ મહત્ત્વની છે. જેના અધિકારો અંગેની જોગવાઈઓ નીચે મુજબ હતી.

- ધર્મ, વાણી (અભિવ્યક્તિ) અને પ્રેસની સ્વતંત્રતાનો અધિકાર.
- શસ્ત્ર રાખવાનો અને તેને ધારણ કરવાનો અધિકાર.
- વ્યક્તિને સ્વયંના ઘર અને માલ-સામાનની અનુચિત જડતી ન આપવાનો અધિકાર.
- નિષ્પક્ષ ન્યાય અને સંપત્તિની વ્યવસ્થા કરવાનો અધિકાર.
- વ્યક્તિને વધુ પડતા નાણાકીય દંડ અને અત્યંત કઠોર શિક્ષાથી સુરક્ષા મેળવવાનો અધિકાર

- દાસત્વ (ગુલામી) પર પ્રતિબંધ અને રાજ્યોએ પણ જાતિ તથા રંગભેદના આધારે નાગરિકોને અધિકારોના ઉપયોગ કરવાથી વંચિત ન રાખી શકવાનો અધિકાર
- દરેક પુરૂષ નાગરિકોને મતદાન કરવાનો અધિકાર.

આમ, માનવ અધિકારોના રક્ષણ અને સંવર્ધનમાં આ ઘોષણાપત્રના અધિકારો ખૂબ મહત્ત્વના બની જાય છે.

### 2.3.6 ફ્રેંચ માનવી અને નાગરિકોના અધિકારોનું ઘોષણાપત્ર (1789)

આ ઘોષણાથી ફ્રાન્સના લોકોએ રાજાશાહીની સંપૂર્ણ નાબૂદી અને પ્રથમ ફ્રેંચ રિપબ્લિકની સ્થાપના માટે મંચ નક્કી કર્યો. બેસ્ટિલેના તોફાનનાં માત્ર છ અઠવાડિયા પછી અને સામંતવાદ નાબૂદ થયાના માંડ ત્રણ અઠવાડિયાં પછી રાઈટ્સ ઑફ મેન એન્ડ સિટિઝનને રાષ્ટ્રીય બંધારણ સભા દ્વારા લખવા તરફના પ્રથમ પગલા તરીકે અપનાવવામાં આવ્યું. ફ્રાન્સ રિપબ્લિક માટે બંધારણ ઘોષણા કરે છે કે બધા નાગરિકો 'સ્વતંત્રતા, સંપત્તિ, સલામતી અને દમન સામે પ્રતિકાર'ના અધિકારોની ખાતરી આપી શકાય. આ માત્ર અત્યાચાર વિરુદ્ધનો બળવો ન હતો, પરંતુ ફ્રાન્સમાં જે સ્વછંદી શાસનની પરંપરા ચાલતી હતી તેની વિરુદ્ધનો બળવો હતો. અહીંના શાસક લૂઈ ચૌદમો કહેતો કે, "હું સ્વયં જ રાજ્ય છું." અને તેથી મારી પાસે વ્યવહાર અને શાસનના અસીમિત અધિકારો છે. તેથી રાજાની ઈચ્છા એ જ કાયદો છે. જ્યારે લૂઈ સોળમો કહેતો કે "એવી તમામ વસ્તુઓ કાયદેસરની છે, જેની હું ઈચ્છા કરું છું." આવી તમામ અન્યાયી અને દમનકારી પ્રવૃત્તિઓથી કંટાળેલી પ્રજા કે જેની પાસે ન તો અભિવ્યક્તિની કે ધર્મની સ્વતંત્રતા હતી અને ન તો તેઓ પાસે વ્યક્તિગત અંગત સ્વતંત્રતા હતી. તેઓએ લૂઈ સોળમાના શાસન વિરુદ્ધ બળવો કર્યો અને પોતાના અધિકારો તથા મૂળભૂત સ્વતંત્રતા અંગેની ઘોષણા કરી. આ ક્રાંતિએ માનવી અને નાગરિકો માટે જે અધિકારોને ઘોષિત કર્યા હતા, તે નીચે જણાવ્યા મુજબ છે:

- સ્વતંત્રતા, સંપત્તિ, સુરક્ષા અને અત્યાચારનો વિરોધ કરવાનો જનતાને અધિકાર છે.
- લોકોની સત્તાને માન્યતા આપવામાં આવી.
- મનુષ્ય જન્મથી જ સ્વતંત્ર છે અને તેથી તેના અધિકારો પણ સમાન છે.
- સ્વતંત્રતાની વ્યવસ્થાએ રીતે કરવી કે જેથી બીજા મનુષ્યથી સ્વતંત્રમાં ખલેલ ન પહોંચે.
- કોઈ પણ વ્યક્તિની મન-મરજી અનુસાર કોઈની અટકાયત કરી શકાશે નહીં.
- કાયદા સમક્ષ તમામ એકસમાન છે.
- દરેક નાગરિકને બોલવાની, લખવાની અને પ્રકાશનની સ્વતંત્રતા મળે છે.

## 2.4 પ્રથમ વિશ્વયુદ્ધ પછીનો સમય (1914થી 1919 )

*માનવીય દૃષ્ટિએ દરેક વ્યક્તિને કેટલાક માનવ અધિકારો હોવા જોઈએ, તેવી માન્યતાનાં મૂળ વિશ્વની પ્રાચીન પરંપરા અને સભ્યાતાઓમાં જોવા મળે છે.*

*19મી સદી પહેલાંના ઘણા દસ્તાવેજોમાં અધિકારોની નીતિ વિષયક અમલવારીમાં લિંગ, ધર્મ, રંગ, જાતિ, રાજકીય મત,સામાજિક જૂથ જેવા કારણોસર ભેદભાવ રાખવામાં આવતો. કેટલાંક સ્થળોએ અધિકારોના સંદર્ભમાં સ્ત્રીઓની સદંતર ઉપેક્ષા જોવા મળતી. ગુલામોનો વેપાર એ માનવજાતની સૌથી ઘૃણાસ્પદ બાબત હતી.*

*1919મા કામદાર વર્ગની સલામતી, આરોગ્યની જાળવણી અને અધિકારો માટે આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાની સ્થાપના થઈ. કામદારોના અધિકારોના રક્ષણ અને કલ્યાણની દિશામાં આ એક અગત્યનું પરિબળ બન્યું. લીગ ઑફ નેશન્સ કાઉન્સિલ દ્વારા યુરોપમાં ગુલામી પ્રથાની કાયમી નાબૂદી માટે 1926માં સ્લેવરી કન્વેશન જાહેર કરવામાં આવ્યો.*

*પ્રથમ વિશ્વયુદ્ધ 1914થી 1919 સુધી ચાલ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં બદબાદ થયેલા દેશોએ એકત્રિત થઈને 1920માં લીગ ઑફ નેશન્સની રચના કરી. તેનું ધ્યેય વિશ્વશાંતિ થકી યુદ્ધની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે જોવાનું અને માનવી અને રાષ્ટ્રને યુદ્ધની પરિસ્થિતિમાં બચાવવાનું હતું. પરંતુ ચીનના જાપાન પરના હુમલા, 1931માં મંચુરિયાનું યુદ્ધ, 1935માં ઈથિયોપિયાનું યુદ્ધ વગેરે બાબતે લીગ ઑફ નેશન્સ કોઈ અસરકારક ભૂમિકા ભજવી શકી નહીં. પરિણામે 1939માં બીજા વિશ્વયુદ્ધ પહેલા તેનો અંત આવ્યો.*

## 2.5 બીજા વિશ્વયુદ્ધ પછીનો સમય (1939થી 1945)

*બીજું વિશ્વયુદ્ધ 1939થી 1945સુધી ચાલ્યું તેના અંત સુધીમાં એશિયા અને યુરોપનાં શહેરો બળીને ખંડેર થઈ ગયાં હતાં. લાખો લોકો મરી ગયા. લાખો લોકો બેઘર (ઘરવિહોણા) અને ભૂખમરામાં જીવતા હતા. જર્મનીની રાજધાની બર્લિનમાં બોમ્બ વિસ્ફોટો થઈ રહ્યા હતા અને રશિયન દળો અટકી ગયા હતા. પેસિફિકમાં યુ.એસ. મરીન હજી પણ ઓકિનાવા (Okinawa) જેવા ટાપુઓ પર ફસાયેલા જાપાની સૈન્ય સામે લડી રહ્યા હતા. જર્મનીનાં નાઝીઓએ 60 લાખ જેટલા યહુદીઓનો સંહાર કર્યો અને આ યુદ્ધની અસરથી નિરાધાર બનેલા લોકોમાં એક પ્રકારનો ખળભળાટ મચી જવા પામ્યો.*

*બીજા વિશ્વયુદ્ધનાં ભયાનક પરિણામોને કારણે વિશ્વની પ્રજાઓ, શાસકો, મુત્સદીઓ આ માનવ સંસ્કૃતિના વિનાશના ભયથી કંપી ઊઠ્યા. આ યુદ્ધે સાબિત કર્યું કે માનવી બધા ઘાતક પરિબળો સામે લાચાર છે. માનવીને જીવતો રહેવા દેવો હોય તો વિશ્વશાંતિ અને વૈશ્વિક મૈત્રી અનિવાર્ય છે.*

*વીસમી સદીના મધ્યમાં બનેલી બે મુખ્ય પ્રભાવક ઘટનાને લીધે વૈશ્વિક સ્તરે માનવ અધિકારોને બળ મળ્યું અને દુનિયાના લોકોમાં આના વિશે જાગૃતિ, ચેતના આવી. આમાંની પ્રથમ ઘટનાએ સંસ્થાનવાદમાં રહેલા લોકોએ કરેલી ચળવળ કે જેમાં તેઓએ પરદેશી સત્તાઓથી સ્વતંત્રતાની સાથે સાથે તેમાં તેઓએ માનવીય સમાનતા અને આત્મનિર્ણય કરવા માટેની માંગને તેજ કરી. જ્યારે બીજી મહત્ત્વની ઘટના એટલે બીજું વિશ્વયુદ્ધ. આવા ભયભીતવાળા વાતાવરણની વચ્ચે વૈશ્વિક રીતે માનવ અધિકારોને પ્રશસ્ત કરવાની ચોમેરથી માંગ ઊઠી. માનવ અધિકારો માટેના માપદંડ અને આંતરરાષ્ટ્રીય શાંતિ તથા નાગરિકોના દુરુપયોગ સામે રક્ષણ આપવા માટે સરકારો દ્વારા સમર્થન આપવામાં આવ્યું. વિશ્વયુદ્ધથી વિશ્વનો સમગ્ર માનવ સમાજ પ્રજ્વલિત અને જાગૃત થઈ ગયો અને તેના પરિણામે 1945માં સંયુક્ત રાષ્ટ્રસંઘની રચના થઈ અને સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવ જાતિના ઈતિહાસમાં પહેલીવાર માનવ અધિકારોનો ખ્યાલ અને ભાવના વિશ્વ સમક્ષ મૂક્યા. સંપૂર્ણ સન્માનપૂર્વક એ અધિકારોનું સ્થાપન આંતરરાષ્ટ્રીય કાયદામાં થયું. સંયુક્ત રાષ્ટ્રસંઘનું ધ્યેય વિશ્વશાંતિ અને સલામતી/સુરક્ષાનું છે. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા તથા માનવ સલામતીની ભાવનામાંથી માનવ અધિકારોનું સમૂર્ત સ્વરૂપ સંયુક્ત રાષ્ટ્રસંઘે આપ્યું. આ બધાં પરિબળો અને માંગણીઓએ વર્ષ 1945માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આ તમામ ઘટનાઓની દેખીતી અસર સંયુક્ત રાષ્ટ્રસંઘના દસ્તાવેજો અને યુ.એન. ચાર્ટરમાં જોવા મળી.*

### 2.5.1 સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરની ભૂમિકા :

*25મી જૂન , 1945માં સાન ફ્રાન્સિસ્કો, અમેરિકામાં મળેલી બેઠકમાં સૌ પ્રથમ વખત 'માનવ અધિકારો' શબ્દને અધિકૃત દસ્તાવેજોમાં સૌ પ્રથમ વખત સ્થાન પ્રાપ્ત થયું. સાન ફ્રાન્સિસ્કો ખાતે જ યુ.એન.ચાર્ટરને મુસદ્દાકૃત કરવામાં આવ્યો હતો. લેટિન અમેરિકન રાજ્યો 'ઈન્ટરનેશનલ બિલ ઑફ હ્યુમન રાઈટ્સ' ઉપર ચર્ચા કરવા માટે બેઠક કરવાની માંગ કરવા લાગ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ 'ઈન્ટરનેશનલ બિલ ઑફ હ્યુમન રાઈટ્સ' ની અમલી જોગવાઈઓમાં આર્થિક અને સામાજિક કાઉન્સિલને 29મી જાન્યુઆરી, 1946ના રોજ સામેલ કરવા અને માનવ અધિકારોના પંચ દ્વારા આના સંબંધી એક અભ્યાસ અહેવાલ આપવા જણાવવામાં આવ્યું.*

*માનવ અધિકાર પંચ દ્વારા નીચે જણાવેલા મુદ્દાઓને સમાવવા માટે અહેવાલમાં ભલામણ કરી હતી. જેમાં,*

1. *ઈન્ટરનેશનલ બિલ ઑફ રાઈટ્સ*
2. *આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર અને નાગરિક સ્વતંત્રતાની સમજૂતીઓ*
3. *જાતિ, લિંગ, ભાષા અથવા ધર્મના આધારે ભેદભાવ વિરુદ્ધ રક્ષણ*
4. *લઘુમતીઓને રક્ષણ અને*
5. *માનવ અધિકારોથી સંબંધિત અન્ય બાબતો.*

*યુનોના ચાર્ટરમાં જ માનવ અધિકારોનો ઉલ્લેખ કરાયો છે. આ રીતે જોઈએ તો સમગ્ર વિશ્વનો માનવ અધિકારોનો પ્રથમ દસ્તાવેજ યુનો ચાર્ટરથી અસ્તિત્વમાં આવ્યો હતો. 25 જૂન, 1945ના રોજ સાન ફ્રાન્સિસ્કો શહેરમાં યુનોના ચાર્ટર (હક્કપત્રક) પર સભ્ય રાષ્ટ્રોએ સહી–સિક્કા કર્યા. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં થયેલી તારાજીનું પુનરાવર્તન ન થાય તે માટે આ ચાર્ટરના આમુખમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.*

*માનવ અધિકાર પંચ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા અહેવાલના ભાગરૂપે આ પંચે જાન્યુઆરી 1947માં ફ્રેન્કલીન રુઝવેલ્ટની અધ્યક્ષતામાં કામ કરવાનું શરૂ કર્યું. આ પંચે લઘુમતીઓના રક્ષણ અને ભેદભાવ નિવારણ માટેનો અહેવાલ તૈયાર કરવા માટે બીજા એક પેટા પંચની નિમણૂક કરી. વધુમાં પંચે એક ડ્રાફ્ટિંગ કમિટીની રચના કરી કે જેણે 'માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણાપત્ર'ને મુસદ્દાકૃત કર્યું. આ ઘોષણાપત્રને સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાએ 10મી ડિસેમ્બર, 1948માં અપનાવ્યું.*

*માનવ અધિકારોનું ઘોષણાપત્ર 1948 એ માનવ અધિકારોના ઇતિહાસમાં પથદર્શક દસ્તાવેજ છે. આ ઘોષણાપત્રને મુસદ્દાકૃત કરવાનું કામ વિશ્વના તમામ દેશોમાંથી આવેલા કાયદાના અને સંસ્કૃતિના જાણકારોના પ્રતિનિધિઓએ એક સાથે મળીને કર્યું. અને આની જાહેરાત સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ 10મી ડિસેમ્બર, 1948ના રોજ પેરિસમાં સામાન્ય સભાના ઠરાવ નંબર 217-Aથી કરી હતી. આમાં દરેક રાષ્ટ્રના લોકો માટે એકસમાન માપદંડોની પ્રાપ્તિનું લક્ષ્ય સેવવામાં આવ્યું હતું. આ ઘોષણાપત્રમાં સૌપ્રથમ વખત 'મૂળભૂત માનવ અધિકારો' ને સાર્વત્રિક રીતે રક્ષવાનું જણાવવામાં આવ્યું. આ ઘોષણાપત્રને લગભગ દુનિયાની 500 ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવ્યું છે.*

## 2.6 ઉપસંહાર

*આમ, સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ તે પહેલા માનવ અધિકારો માટેની ચળવળે ધીમેધીમે શરૂઆત કરી દીધી હતી. ઓગણીસમી સદી સુધી અને વીસમી સદીની શરૂઆતમાં માનવ અધિકારો માટે જે પ્રયાસો કરવામાં આવ્યા તેની પાછળ સરકારની આપખુદ સત્તાને પડકારવાના ખ્યાલ સાથે કરવામાં આવ્યો કે જેમાં ગુલામી પ્રથાને નાબૂદ કરવા માટેનું વર્ષ 1926નું સંમેલન અથવા તો લીગ ઑફ નેશનની સ્થાપના બાદ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની સ્થાપના કરવી વગેરે લઈ શકાય. પરંતુ વાસ્તવિક રીતે માનવની કિંમતનો અહેસાસ બીજા વિશ્વયુદ્ધ બાદ કરવામાં આવેલ ઘોષણાપત્રો, સંમેલનો અને સમજૂતી પત્રો કરાવે છે. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધમાં થયેલી તારાજીનું પુનરાવર્તન ન થાય તે માટે આ ચાર્ટરના આમુખમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ચાર્ટરમાં માનવ અધિકારો તરફ વિશ્વાસ વ્યક્ત કરાયો છે. તેમાં માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ તરફ કોઈ પણ પ્રકારના લિંગ, જાતિ, ભાષા કે ધર્મના કારણસર ભેદભાવથી દૂર રહેવાનો નિશ્ચય વ્યક્ત કરાયો છે. આમ, 10 ડિસેમ્બર, 1948ના રોજ યુનો*

*મહાસભાએ અહેવાલ સ્વીકારી માનવ અધિકારો જાહેર કર્યા. ત્યારથી દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ માનવ અધિકાર દિન ઊજવવામાં આવે છે. યુનોએ જે માનવ અધિકારો જાહેર કર્યા તે મુખ્ય 30 અનુચ્છેદમાં રજૂ કરવામાં આવ્યા છે.*

## 2.7 ચાવીરૂપ શબ્દો

1. *માનવ અધિકારો – બંધારણ દ્વારા વ્યક્તિને બક્ષવામાં આવેલી જિંદગી, સ્વતંત્રતા, સમાનતા અને મોભાને લગતા અધિકાર*
2. *ઘોષણાપત્ર – હેતુઓ અને નીતિઓ પ્રકાશિત કરતું નિવેદન પત્ર. જેમાં અમલમાં લાવવાની બાબતો નોંધીને જાહેર કરવામાં આવે તે દસ્તાવેજ*
3. *મેગ્નાકાર્ટા કે ગ્રેટ ચાર્ટર – કિંગ જ્હોન દ્વારા 1215માં બળવાખોર બ્રિટિશ ઉમરાવને આપવામાં આવેલા રાજકીય હક્કનું શાહી ચાર્ટર*
4. *યુનાઈટેડ નેશન્સ – સભ્ય દેશોના રાજકીય અને આર્થિક સહયોગ વધારવા માટે 1945માં રચાયેલી આંતરરાષ્ટ્રીય બિન નફાકારક સંસ્થા*
5. *હક્કપત્રક – જાળવેલ અધિકારોની નોંધની પ્રમાણિત નકલ*

## 2.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.**

**1. વિશ્વ માનવ અધિકાર દિવસ કઈ તારીખે ઊજવાય છે?**

A. 10 *નવેમ્બર*

B. 10 *ડિસેમ્બર*

C. 10 *જૂન*

D. 10 *માર્ચ*

**2. બિલ ઑફ રાઈટ્સ એ .................. ની સંસદનો અધિનિયમ છે.**

A. *ઈંગ્લેન્ડ*

B. *જાપાન*

C. *ચીન*

D. *આયરલેન્ડ*

**3. રાજા સાયરસ કયા દેશનો રાજા હતો ?**

A *ઈંગ્લેન્ડ*

B *પર્શિયા*

D *આયરલેન્ડ*

E *બેબીલોન*

**4.** **માનવ અધિકારના પ્રથમ ચાર્ટર તરીકે ................ માન્યતા મળી ?**

A *બિલ ઑફ રાઈટ્સ*

B *સાયરસ સિલિન્ડર*

C *અધિકારો માટેની અરજી*

D *ફ્રેંચ ઘોષણાપત્ર*

**5.** **મેગ્નાકાર્ટા પર સમજૂતી સહી ક્યારે થઇ હતી?**

A *જૂન*-1215

B *મે*-1215

C *માર્ચ*-1215

D *જુલાઈ*-1215

**6.** **......................... ના રોજ સાન ફ્રાન્સિસ્કો શહેરમાં યુનોના હક્કપત્રક પર સભ્ય રાષ્ટ્રોએ સહી-સિક્કા કર્યા.**

A 25 *જૂન*, 1945

B 25 *જૂન*, 1948

C 10 *ડિસેમ્બર*, 1948

D 10 *ડિસેમ્બર*, 1945

**7.** **માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા કઈ તારીખે થઈ?**

A. 10 *ડિસેમ્બર*, 1948

B. 25 *જૂન*, 1948

C. 10 *ડિસેમ્બર*, 1945

D. 25 *જૂન*, 1945

**8.** **લીગ ઑફ નેશન્સની રચના કયા વર્ષમાં થઈ?**

A 1919

B 1920

C 1914

D 1925

**જવાબઃ**

**1. B, 2. A, 3. B, 4. B, 5. A, 6. A, 7. A, 8. B**

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :-**

1. *સાયરસ સિલિન્ડર કઈ ભાષામાં રેકોર્ડ કરવામાં આવેલ છે?*
2. *'હમ્મુરાબી કોડ' કોણે બહાર પાડ્યો હતો?*
3. *'ગ્રેટ ચાર્ટર' બીજા કયા નામથી પ્રખ્યાત છે?*

4. *આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાની સ્થાપના શા માટે અને ક્યારે કરવામાં આવી?*
5. *'માનવ અધિકારો' શબ્દને દસ્તાવેજીકરણમાં ક્યારે અને ક્યાં ઉપયોગમાં લેવામાં આવ્યો?*

**(ગ) ટૂંકનોંધ લખો :-**

1. *મેગ્નાકાર્ટા*
2. *માનવ અધિકારોની ઉત્પત્તિ*
3. *ફ્રેંચ ઘોષણાપત્ર*
4. *સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરની ભૂમિકા*

**(ઘ) નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

1. *માનવ અધિકારોની ઐતિહાસિક વિકાસની રૂપરેખા વિસ્તૃત સમજાવો.*
2. *માનવ અધિકારના ફેલાવામાં ભાગ ભજવતાં પરિબળોની વિસ્તૃત નોંધ લખો.*

## 2.9 ઉપયોગી પુસ્તકોની યાદી :-


1. *અગ્રવાલ એચ.ઓ; માનવ અધિકાર, સેન્ટ્રલ લો પબ્લીકેશન*
2. *કારીઆ એ.એન.; માનવ અધિકારો, સી જમનાદાસની કંપની.*
3. *સાધુ જ્યોતિ જી.; માનવ અધિકાર અને તેનો વ્યવહાર, નીરવ પ્રકાશન*
4. Sharma Rachna ; History and Law Relating to Human Rights, Satyam Law International

# એકમ-3 માનવ અધિકારોનું વર્ગીકરણ

**-: રૂપરેખા :-**


**3.0** અભ્યાસના ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** માનવ અધિકારોના વર્ગીકરણ પહેલાંની સ્થિતિ

**3.2.1** માનવ અધિકારોનું વૈશ્વિકરણ

**3.2.2** સંયુક્ત રાષ્ટ્ર (યુએન) અને માનવ અધિકારો

**3.2.3** માનવ અધિકારોની ઘોષણા

**3.3** માનવ અધિકારોનું વર્ગીકરણ

**3.3.1** દીવાની અને રાજકીય અધિકારો

**3.3.2** આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો

**3.3.3** સામૂહિક વિકાસના અધિકારો

**3.4** ઉપસંહાર

**3.5** ચાવીરૂપ શબ્દો

**3.6** તમારી પ્રગતિ ચકાસો

**3.7** ઉપયોગી પુસ્તકોની યાદી


## 3.0 અભ્યાસના ઉદ્દેશો

- *વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં માનવ અધિકારોના વર્ગીકરણ પહેલાં શું સ્થિતિ હતી, તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.*
- *તદ્ઉપરાંત અંતમાં માનવ અધિકારોના વર્ગીકરણની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.*

## 3.1 પ્રસ્તાવના

*માનવ દ્વારા માનવોનું શોષણ માનવજાતની અત્યંત આઘાતજનક અને શરમજનક બાબત છે. તેને દૂર કરી માનવ અધિકારો દ્વારા માનવોનો સાંસ્કૃતિક અને સામાજિક ઉત્થાન થાય તે જ અધિકારોની પાયાની બાબત છે. આથી કહી શકાય કે માનવ અધિકારો માનવજાતની એક મહાન સિદ્ધિ છે. માનવ અધિકારોનું રક્ષણ કરવું એ માનવજાતની વૈશ્વિક જવાબદારી છે. તે રાષ્ટ્રીય અને બંધારણીય જવાબદારી પણ છે. આ વિશ્વમાં સાર્વત્રિક માનવ અધિકાર ઘોષણા કરીને માનવીઓને શોષણ-દમનમાંથી બહાર કાઢવાનો પ્રયાસ છે. 1948માં થયેલી માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણામાં મહદ્અંશે બે*

*પ્રકારના અધિકારો ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પહેલા પ્રકારનો અધિકાર દીવાની અને રાજકીય અધિકાર અને બીજા પ્રકારનો અધિકાર આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર છે. વિદ્યાર્થીમિત્રો, આ રીતે માનવ અધિકારોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, તેનો આપણે આ એકમમાં અભ્યાસ કરીશું.*

## 3.2 માનવ અધિકારોના વર્ગીકરણ પહેલાંની સ્થિતિ

*ઈંગ્લેન્ડ માનવ અધિકારોનો સ્વીકાર કરવામાં અગ્રેસર હતું. માનવ અધિકારોના ઈતિહાસમાં સૌપ્રથમ ઉપલબ્ધ દસ્તાવેજ મેગ્નાકાર્ટા* (**ઈ.સ.1215**) *છે, જેમાં ઈંગ્લેન્ડના લોર્ડ્સને અધિકારો આપવામાં આવ્યા હતા. એવી જ રીતે ઈ.સ.* **1628 માં પિટિશન ઑફ રાઈટ્સ અને ઈ.સ. 1689માં બિલ ઑફ રાઈટ્સ** *તરીકે લોકોને અધિકારો આપવામાં આવ્યા હતા. એ દાયકાઓમાં વસાહતી સંસ્કૃતિનો વિકાસ થયો હતો. કુદરતી અધિકારોના ખ્યાલોને વિકસાવવામાં ઘણા બધા પરિબળો એ ફાળો આપ્યો હતો. માનવ અધિકારોની પ્રાથમિક આવૃત્તિ હતી, અમેરિકન સ્વતંત્રતાનો ખ્યાલ. આપખુદ સત્તા અને જુલમી સરકારોને ઉખેડીને ફેંકી દેવામાં આ ખ્યાલે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી, જે* **4 જુલાઈ, 1776માં અમેરિકામાં સ્વતંત્રતાની ઘોષણામાં પરિણમી હતી.** *અમેરિકા સ્વાતંત્ર્યની ઘોષણાના દસ્તાવેજના ઘડવૈયા થોમસ જેફરસને સત્તા ચલાવવા માટેના રાજાઓના અમર્યાદિત અધિકારોને ધરમૂળથી નાબૂદ કરી દીધા હતા. દેશના નાગરિકોના કુદરતી અધિકારો સામે સત્તાધીશોના અધિકારો સર્વોચ્ચ સત્તા તરીકે ગણાતા હતા, જેને નાબૂદ કરાયા.*

*અમેરિકાની સ્વતંત્રતાની ચળવળમાં કુદરતી અધિકારોના વિકાસનો મોટો આધાર છે. તેમાં માણસના નાબૂદ ન કરી શકાય તેવા અધિકારો અને સાર્વભોમ સત્તાનાં તત્ત્વો રહેલાં છે.* **ઈ.સ. 1787માં ઘડાયેલા મૂળ બંધારણમાં ઈ.સ. 1791ના વર્ષમાં સુધારો કરવામાં આવ્યો હતો.** *આ સુધારાઓને બિલ ઑફ રાઈટ્સ* (Bill of Rights) *તરીકે ઓળખવામાં આવે છે. જેમાં નાગરિકોને નાગરિક અધિકારો અને સ્વતંત્રતાઓ આપવામાં આવી હતી.*

*અમેરિકાની ક્રાંતિની જેમ ઈ.સ.* **1789** *માં ફ્રાંસમાં પણ પ્રજાએ ક્રાંતિ સર્જી, જેણે માત્ર ફ્રાંસમાં જ નહિ, પરંતુ સમગ્ર યુરોપના દેશોમાં નાગરિક અધિકારોનો વિસ્તાર કર્યો. ફ્રેંચની ક્રાંતિનાં મૂળ પણ અમેરિકા અને ઈંગ્લેન્ડની જેમ જ આર્થિક, સામાજિક અસમાનતાઓ અને અત્યાચારોમાં રહેલાં હતાં. અને લોકોએ તેને પડકાર્યા હતા. આ અસમાનતાઓ માત્ર નિમ્ન વર્ગોમાં (થર્ડ કલાસ) જ નહિ, પરંતુ પહેલા વર્ગો એવા કલર્જિ* (Cleargy) *(ધર્મ ગુરુઓ) અને બીજા વર્ગ એવા નોબેલોમાં* (Nobility) *પણ હતા. આ વર્ગભેદનો વિસ્ફોટ ક્રાંતિમાં પરિણમ્યો હતો. આ નવા યુગમાં માનવજાતને પ્રકૃત્તિદત્ત અધિકારો તથા જીવન જીવવાના અધિકારો પ્રાપ્ત થયા તેમજ સ્વતંત્રતા અને સુખાકારીના ખ્યાલનો સૂર્યોદય થયો.*

તેઓના મતે સરકારે આ અધિકારોનું જતન અને રક્ષણ કરવું ફરજીયાત હતું. અને જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓને સત્તા પર રહેવાનો કોઈ અધિકાર ન હતો. સ્વતંત્ર નાગરિકોના નાબૂદ ન કરી શકાય તેવા અધિકારોની યાદી તૈયાર કરીને તેની ઘોષણા – ડેકલેરેશન ઑફ રાઈટ્સ ઑફ મેન એન્ડ ધ સિટિઝન તરીકે કરવામાં આવી હતી. એક અભ્યાસની દૃષ્ટિએ આ દસ્તાવેજનું મહત્ત્વ પણ ઈંગ્લિશ મેગ્નાકાર્ટા અને અમેરિકાના બિલ ઑફ રાઈટ્સની જેટલું જ હતું. નાગરિકોએ ગુમાવેલા પોતાના જન્મસિદ્ધ અધિકારોનું પુનઃસ્થાપન થયું. નાગરિક સંગઠનોનો ઉદ્દેશ માણસની સ્વતંત્રતા, મિલકત, સલામતી અને દમન સામે પ્રતિકાર સહિતના કુદરત તરફથી પ્રાપ્ત થયેલા અને ચિરંજીવ અધિકારોનું જતન કરવાનો હતો.

### 3.2.1 માનવ અધિકારોનું વૈશ્વિકરણ

નાગરિક સભ્યતાના ધીમે ધીમે અને ક્રમશઃ વિકાસ સાથે માણસ સભ્યતા અને સંસ્કૃતિ પણ વિકાસ પામી. તેની સાથે માનવ અધિકારોનો ખ્યાલ વિવિધ સમજૂતીઓ અને કાયદા સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યો. આમ છતાં, પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધની ઘટનાઓએ માનવજાતને માનવ અધિકારોનો વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવા પ્રેરી.

માનવસંહાર, અમાનવીય પ્રવૃત્તિઓ અને યુદ્ધકેદીઓ ઉપર અત્યાચારો અને વંશીય હત્યાઓએ માણસજાતને માનવ અધિકારોનો સ્વીકાર કરવા ફરજ પાડી. ઈ.સ. 1945 પછી વિવિધ દેશોને તે સમયે અસ્તિત્વ ધરાવવા વિવિધ સ્વરૂપના, વિવિધ છત્રછાયા હેઠળના કરારો, સંધિઓના વૈશ્વીકરણની જરૂરત જણાઈ. અર્થાત્ વ્યક્તિગત અધિકારોને વૈશ્વિક માન્યતા આપી પોતાનાં જ રાજ્યો દ્વારા તેમજ વિશ્વભરમાં અન્ય રાજ્યો દ્વારા રક્ષણ કરવાનું જરૂરી લાગ્યું. આમ, માનવ અધિકારોને સર્વબંધક અધિકારો તરીકે સૈદ્ધાંતિક રીતે અને વ્યવહારમાં સ્વીકારાયા. કુદરતી કાયદાની સંસ્થાએ માનવ અધિકારોની જોગવાઈઓનો વિસ્તૃત અભ્યાસ હાથ ધરીને તેઓ વિશ્વભરમાં અમલ કરવાની યોજના બનાવાઈ.

### 3.2.2 સંયુક્ત રાષ્ટ્ર (United Nations) અને માનવ અધિકારો

ઈ.સ.1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું એ સાથે માનવજાતે ઘણીબધી રીતે આઘાતો અનુભવ્યા. નાઝી શાસનકર્તાઓએ અપનાવેલી દમનકારી અને ક્રૂર-ઘાતકી રીતરસમોને કારણે અન્ય રાષ્ટ્રોએ માનવ અધિકારો અને માનવ ગૌરવનું પુનઃસ્થાપન કર્યું. જેણે પણ ધર્મ કે જાતિના આધારે લોકોની હત્યાઓ કરી હતી, અત્યાચાર અને આપખુદશાહી દાખવી હતી, તે તમામની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી. લાખો લોકોને નાગરિક અને રાજકીય અધિકારોથી વંચિત રખાયા હતા. એટલું જ નહિ, પરંતુ જિંદગીના અધિકાર અને શાંતિથી જીવન જીવવવાના અધિકારો છીનવી લેવાયા હતા. માનવ અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે બીજા વિશ્વયુદ્ધના સમાપન પછી આંતરરાષ્ટ્રીય સ્તરે ગહન ચિંતન અને ચર્ચા કરીને માનવ અધિકારો અને માનવ ગૌરવ

*માટે વિશ્વ સંગઠનની સ્થાપના કરવામાં આવી. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે માનવ અધિકારોની નિશ્ચિતતા સમયની માંગ બની હતી. માનવીને સ્વતંત્રતાઓ માટેના ચાર પ્રકારનાં સ્વાતંત્ર્ય અમેરિકાના તત્કાલીન પ્રમુખ ફ્રેન્કલીન રૂઝવેલ્ટે* 6 **જાન્યુઆરી, 1941** *ના રોજ જાહેર કર્યા.*

1. *વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય*
2. *દરેકને પોતાની રીતે ઈશ્વરની અર્ચના કરવાનો અધિકાર એટલે કે ધાર્મિક સ્વાતંત્ર્ય,*
3. *અભાવ સામે સ્વાતંત્ર્ય*
4. *ભય સામે સ્વાતંત્ર્ય*

*આ સ્વાતંત્ર્યો જાહેર કરતી વખતે રૂઝવેલ્ટે જાહેર કર્યું કે 'સ્વાતંત્ર્ય એટલે દરેક જગ્યાએ માનવ અધિકારોની સર્વોચ્ચતા.'*

*બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન ચર્ચિલે પણ રૂઝવેલ્ટના વિચારોને હાર્દિક સમર્થન આપ્યું. ત્યારબાદ 1944માં ચીન, અમેરિકા, બ્રિટન અને રશિયા વચ્ચે થયેલી સમજૂતીથી 24 ઑક્ટોબર, 1945માં યુનાઈટેડ નેશન્સનો જન્મ થયો. તે વખતની સમજૂતીમાં એમ નક્કી કરાયું હતું કે આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનો મુખ્ય હેતુ માનવ અધિકારોના રક્ષણનો હોવો જોઈએ. બીજા વિશ્વયુદ્ધ બાદ સાન ફ્રાંસિસ્કો પરિષદ દરમ્યાન યુએન ચાર્ટરનો સ્વીકાર થયો હતો. ચાર્ટરના આમુખમાં મૂળભૂત માનવ અધિકારો અને માનવ ગૌરવ પ્રત્યે આદર વ્યક્ત કરાયો છે. 1946માં શ્રીમતી રૂઝવેલ્ટના અધ્યક્ષપદે માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી હતી. આ પંચે સપ્ટેમ્બર 1946માં યુએન મહાસત્તાને પોતાનો મુસદ્દો સુપરત કર્યો. થોડા સુધારા વધારા સાથે સંયુક્ત રાષ્ટ્રે (યુએને) 10મી ડિસેમ્બર, 1948ના રોજ આ મુસદ્દો સર્વાનુમતે સ્વીકાર્યો હતો. આ દિવસે માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા કરવામાં આવી. આ ઘોષણામાં 30 માનવ અધિકારોને જાહેર કરવામાં આવ્યા હતા.*

### 3.2.3 માનવ અધિકારોની ઘોષણા

*માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા જે 1948માં કરવામાં આવી, તે ત્રણ વિભાગોમાં અને 30 કલમમાં વહેંચાયેલી છે.*

(A) *એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે*
(B) *વ્યક્તિઓના એક જૂથને અન્ય જૂથ કે વ્યક્તિ સાથે*
(C) *માનવીઓ દ્વારા સ્થપાયેલા સંગઠન દ્વારા બીજા સંગઠનો કે વ્યક્તિ સાથે કઈ રીતે વ્યવહાર કરવો તે જણાવે છે.*

*વિદ્યાર્થીમિત્રો, અહીં માનવ અધિકારોની ઘોષણાને લગતા મહત્ત્વના અધિકારોને નીચે મુજબ ટૂંકમાં જણાવવામાં આવ્યા છે:*

- માનવીઓને ભેદભાવપૂર્ણ નીતિમાંથી મુક્તિ, જેમાં લીંગ (સ્ત્રી-પુરુષ), ધર્મ, જાતિ કે રાષ્ટ્રીયતા વગેરે ભેદભાવનો સમાવેશ થાય છે.
- વિશ્વમાં દરેક માનવીને સારું જીવનધોરણ મળવું જોઈએ.
- દરેક માનવીની વ્યક્તિગત સલામતી તથા ભય, ત્રાસ, ખોટી ધરપકડ કે અન્ય હિંસક બાબતોનાં ભયમાંથી મુક્તિ.
- માનવીને પોતાની સુષુપ્ત શક્તિઓ વિકસાવીને તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા.
- માનવીને પોતાના વિચારો અને વાણીની સ્વતંત્રતા
- મંડળો રચવાનું તથા નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થવાની સ્વતંત્રતા
- માનવીને પોતાના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તથા ધાર્મિક અધિકારો.
- માનવીને શિક્ષણ મેળવાનો, કામ કરવાનો, કલાઓ માણવાનો, વૈજ્ઞાનિક શોધખોળ તથા પ્રગતિમાં ભાગ લઈ તેને મેળવવાનો અધિકાર.
- કાયદાકીય રાહે સમાનતા અને જીવનની અંગતતાનો અધિકાર.
- અન્યાયનો વિરોધ કરવો તેમજ ન્યાય મેળવવાનો અધિકાર.
- રાજ્યની પ્રવૃત્તિઓમાં સહભાગી થવાનો અધિકાર
- ગુલામી અને વેઠપ્રથામાંથી મુક્તિ પામવાનો અધિકાર.
- દરેક વ્યક્તિને મુક્ત રીતે હરવા-ફરવાનો અને વસવાટ કરવાનો અધિકાર
- તંદુરસ્ત જીવન જીવવાનો અને આનંદ પ્રાપ્તિનો અધિકાર.

આમ, માનવ અધિકારો અંગેના ઘોષણાપત્રમાં ઉપરોક્ત જણાવેલ મુખ્ય અને મહત્ત્વના અધિકારોના આધારે વિશ્વમાં 160 દેશોએ પોતાના દેશના નાગરિકોને આ અધિકારો આપ્યા છે. ભારત પણ તેમાંથી બાકાત નથી.

## 3.3 માનવ અધિકારોનું વર્ગીકરણ

કારેલ વાસક **(Karel Vasak)** નામના ફ્રેંચ ન્યાયશાસ્ત્રીએ માનવ અધિકારોનું નીચે મુજબ વર્ગીકરણ કરેલ છેઃ

(A) દીવાની અને રાજકીય અધિકારો
(B) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો
(C) સામૂહિક વિકાસના અધિકારો

વિદ્યાર્થીમિત્રો, આપણે આ ત્રણેય અધિકારોનો અભ્યાસ કરીશું. યુનોએ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોની સુનિશ્ચિતતા અને તેને ઉત્તેજન આપવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સમજૂતીઓ કરી હતી. તેમાં નીચેની બે મહત્ત્વની સમજૂતીઓ છેઃ

1. દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966
2. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

*માનવ અધિકારોના અમલમાં આંતરરાષ્ટ્રીય સહકાર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. યુનોના મતે બધા માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો અવિભાજ્ય અને પરસ્પરાવલંબી છે. નાગરિક, રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોને રક્ષણ અને ઉત્તેજન આપવા માટે સમાન રીતે કાળજી લેવાવી જોઈએ અને તેનો અમલ સત્વરે કરવો જોઈએ.*

### 3.3.1 નાગરિક અને રાજકીય અધિકારો

*યુનો એટલે કે સંયુક્ત રાષ્ટ્રસંઘે (*United Nations Organization – UNO*એ) જાહેર કરેલા માનવ અધિકારોના અનુચ્છેદ* 2*થી* 21*માં દીવાની અને રાજકીય અધિકારો વિશે જોગવાઈ કરવામાં આવી છે. આ અધિકારો અનુસાર તમામ માનવ કાયદાની સમક્ષ સમાન છે. કોઈને પણ કાનૂન વિના સજા કરી શકાતી નથી. કાનૂની ઉકેલ માટે કોઈ ભેદભાવ વિના સુનાવણીનો અધિકાર છે. આ ઘોષણાપત્ર અભિવ્યક્તિ કે વાણી સ્વતંત્રતાને માન્યતા પણ આપે છે. આ ઘોષણાપત્રમાં સંપત્તિ ધારણ કરવાનો અધિકાર અને સરકારમાં ભાગીદાર બનવાના અધિકારને માનવ અધિકારમાં સામેલ કરવામાં આવ્યા છે. વસવાટ, સામાજિક મોકળાશ અને સ્વાસ્થ્યપ્રદ જીવન, માતૃત્વ કે શૈશવને વિશેષ સહાય, સ્વતંત્ર શિક્ષણ અને સાંસ્કૃતિક-સામુદાયિક ભાગીદારી વગેરે આ ઘોષણાપત્રમાં વર્ણન કરેલ માનવ અધિકારો છે. તેને પાલન કરવાનું કર્તવ્ય પણ રાષ્ટ્ર માટે નિયત કરવામાં આવ્યું છે. ટૂંકમાં નાગરિક અને રાજકીય અધિકારોમાં માનવ-નાગરિકના નીચેના માનવ અધિકારોનો સમાવેશ થાય છે:*

(i) *જીવનનો અધિકાર*
(ii) *ચારિત્ર્ય* (Intergrity) *નો અધિકાર*
(iii) *સ્વાતંત્ર્યનો અધિકાર*
(iv) *સમાનતાનો અધિકાર*
(v) *ન્યાયી વહીવટનો અધિકાર*
(vi) *ગુપ્તતા જાળવવાનો અધિકાર*
(vii) *ધર્મનું સ્વાતંત્ર્ય*
(viii) *વિચાર અને વાણીનું સ્વાતંત્ર્ય*
(ix) *સ્થળાંતર* (Movement)*નો અધિકાર*
(x) *સભા ભરવાનો અને સંગઠન રચવાનો અધિકાર*
(xi) *રાજકીય ભાગીદારીનો અધિકાર*

*ઉપર જણાવેલ અધિકારોનો આપણા બંધારણમાં પણ સમાવેશ કરાયો છે. ભારતીય બંધારણનાં અનુચ્છેદ* 19 (1) *માં વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, સ્થળાંતર સ્વાતંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય, અનુચ્છેદ* 21*માં જીવન સ્વાતંત્ર્ય, અનુચ્છેદ* 25*માં ધર્મ*

*સ્વાતંત્ર્યની જોગવાઈ કરવામાં આવી છે. મિલકત સ્વાતંત્ર્ય અંગે અનુચ્છેદ 300-Aમાં જોગવાઈ કરાયેલી છે.*

### 3.3.2 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો

*યુનોએ 1948માં જાહેર કરેલા માનવ અધિકારોના અનુચ્છેદ 22થી 27માં આ પ્રકારના અધિકારોનો સમાવેશ કરાયો છે. આ અધિકારોમાં દરેક વ્યક્તિ પોતાના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક તથા નાગરિક અને રાજકીય અધિકારો ભોગવી શકે, તેવી પરિસ્થિતિ જો રચી શકાય તો જ; કોઈપણ જાતના ભય અને અભાવમાંથી મુક્તિ ભોગવી રહેલા માનવીનો આદર્શ સિદ્ધ કરી શકાય. આ અધિકારોમાં સામાજિક સુરક્ષા, કામ કરવાનો અધિકાર, બેકારી સામે રક્ષણ, ગુલામી અને શોષણ સામે રક્ષણ, સારા જીવનધોરણનો અધિકાર, શિક્ષણ અને આરોગ્યના અધિકારોનો સમાવેશ થાય છે. આ પ્રકારના માનવ અધિકારોમાં નીચે મુજબના અધિકારોનો સમાવેશ થાય છે.*

(i) *કામ* (Work) *નો અધિકાર*

(ii) *ટ્રેડ યુનિયન અંગે સ્વાતંત્ર્ય*

(iii) *ખોરાક, પોશાક અને રહેઠાણ સહિત જીવન જીવવાનો અધિકાર.*

(iv) *આરોગ્ય સંભાળનો અધિકાર*

(v) *શિક્ષણનો અધિકાર*

(vi) *સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ભાગ લેવાનો અધિકાર*

*ભારતીય બંધારણમાં અનુચ્છેદ 21માં જીવન સ્વાતંત્ર્યના અધિકાર હેઠળ સારા જીવનધોરણ, સ્વચ્છ હવા-પાણી અને આરોગ્યના અધિકારનો સમાવેશ થાય છે. અનુચ્છેદ 21-Aમાં બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, અનુચ્છેદ 23 અને 24માં શોષણ સામેના અધિકાર, અનુચ્છેદ 25થી 28માં ધાર્મિક સ્વાતંત્ર્ય તેમજ અનુચ્છેદ 29થી 30માં સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો વિશે જોગવાઈ કરાયેલી છે.*

### 3.3.3 સામૂહિક વિકાસના અધિકારો

*આ એકમમાં અગાઉ ચર્ચેલા બંને અધિકારોમાં વ્યક્તિગત હિત સમાયેલું છે, જ્યારે આ અધિકારોમાં લોકો અને સમૂહનું સામૂહિક હિત જળવાયેલું છે. યુનોએ જાહેર કરેલા માનવ અધિકારોનો અનુચ્છેદ-28 જણાવે છે કે "દરેક વ્યક્તિ એવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે હક્કદાર છે કે જેમાં આ ઘોષણાપત્રમાં નિર્દેશ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યો પૂર્ણતઃ પ્રાપ્ત કરી શકાય."*

*આ અધિકારોમાં સત્તા, સંપતિની વૈશ્વિક ધોરણે પુનઃ વહેંચણી, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આત્મનિર્ણયનો અધિકાર, આર્થિક અને સામાજિક વિકાસ, માનવજાતે કરેલ વિકાસમાં હિસ્સેદારીનો અધિકાર, શાંતિ અને સ્વચ્છ પર્યાવરણ અને દુર્ઘટના સમયે*

*માનવીય રાહતના અધિકારોનો સમાવેશ થાય છે. ટૂંકમાં આ પ્રકારના માનવ અધિકારોમાં નીચેનાં જૂથોના અધિકારોનો સમાવેશ થાય છે.*

(i) *બાળકોના અધિકારો*
(ii) *બાળ અપરાધીઓના અધિકારો*
(iii) *સ્ત્રીઓના અધિકારો*
(iv) *કામદારોના અધિકારો*
(v) *કેદીઓના અધિકારો*

*આપણા બંધારણમાં અનુચ્છેદ 15(3)માં બાળકો અને સ્ત્રીઓને લગતા ખાસ કાયદા બનાવવાની જોગવાઈ છે, તેમજ અનુચ્છેદ – 20માં આરોપીઓને મળતા અધિકારો વિશે પણ જોગવાઈ કરવામાં આવી છે.*

## 3.4 ઉપસંહાર

*આમ, વિદ્યાર્થીમિત્રો, સંયુક્ત રાષ્ટ્રે 1948માં માનવ અધિકાર અંગેના વૈશ્વિક ઘોષણાપત્રની જાહેરાત કરી. આ ઘોષણાપત્રમાં નાગરિક અને રાજકીય અધિકારો તેમજ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો સમાવી લેવાયા હતા. એ બાબતોની પણ સમજણ પાકી થઈ કે નાગરિક અને રાજકીય અધિકારો તેમજ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો વચ્ચેની ભેદરેખા કૃત્રિમ છે. અધિકારોનો ભંગ થતો અટકાવીને તેનું રક્ષણ કરવાની કામગીરીમાં કોઈ સંસાધનની આવશ્યકતા નથી જ પરંતુ બચાવ કે રક્ષણના ઢાંચાને ટકાઉ બનાવવો હોય તો આવા અધિકારોના રક્ષણ માટે તંત્રરચના કરવી પડે. આમ, માનવ અધિકારોનું વર્ગીકરણ કર્યા બાદ એમ કહી શકાય કે,*

**'માનવ અધિકાર એટલે માનવીય મોભાનું જતન'**

## 3.5 ચાવીરૂપ શબ્દો

1. *સંયુક્ત રાષ્ટ્ર – દ્વિતીય વિશ્વયુદ્ધ પછી આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ દેશોએ ભેગા મળીને બનાવેલું સંગઠન*
2. *ઘોષણાપત્ર –અમલમાં લાવવાની બાબતો નોંધીને જાહેર કરવામાં આવેલ દસ્તાવેજ*
3. *વૈશ્વિક – સમગ્ર વિશ્વમાં*
4. *માનવીય અધિકારો – બંધારણ દ્વારા વ્યક્તિને બક્ષવામાં આવેલા જિંદગી, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો. (દરેક માનવીને મળતા અધિકારો)*

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો.**

**1.** **અમેરિકા સ્વાતંત્ર્ય ઘોષણાના દસ્તાવેજના ઘડવૈયા કોણ હતા?**

(A) *થોમસ જેફરસન*

(B) *થોમસ ફિલિપ્સ*

(C) *થોમસ એન્ડરસન*

(D) *થોમસ વિલિયમ્સ*

**2.** **બિલ ઑફ રાઈટ્સ (Biil of Rights) ક્યારે અસ્તિત્વમાં આવ્યા?**

(A) 1628

(B) 1670

(C) 1689

(D) 1679

**3.** **બીજું વિશ્વયુદ્ધ ક્યારે પૂરું થયું?**

(A) 1948

(B) 1945

(C) 1947

(D) 1939

**4.** **અમેરિકન પ્રમુખ ફ્રેન્કલીન રૂઝવેલ્ટે કેટલાં સ્વાતંત્ર્યો જાહેર કર્યાં હતાં?**

(A) 3

(B) 5

(C) 4

(D) 6

**5.** **સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે થઈ?**

(A) 10 *ડિસેમ્બર*, 1945

(B) 20 *નવેમ્બર*, 1940

(C) 2 *જાન્યુઆરી*, 1948

(D) 24 *ઓક્ટોબર*, 1945

**6.** **માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણામાં કેટલા માનવ અધિકારોની યાદી જાહેર કરવામાં આવી?**

(A) 28

(B) 22

(C) 30

(D) 27

**7.** **1946માં કોના અધ્યક્ષપદે માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી હતી?**

(A) *શ્રીમતી રૂઝવેલ્ટ*

(B) *શ્રીમાન રૂઝવેલ્ટ*

(C) *શ્રીમતી થોમસ*

(D) *શ્રીમાન થોમસ*

**8.** **Karel Vasak નામના ફ્રેંચ ન્યાયશાસ્ત્રીએ કેટલા પ્રકારના માનવ અધિકારોનું વર્ગીકરણ કર્યું છે?**

(A) 2
(B) 4
(C) 5
(D) 3

**9.** **દીવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી કયા વર્ષમાં કરવામાં આવી?**

(A) 1948
(B) 1966
(C) 1960
(D) 1947

**10.** **સંયુક્ત રાષ્ટ્રસંઘે 1948માં જાહેર કરેલા માનવ અધિકારોના અનુચ્છેદ 22થી 27માં કયા પ્રકારના અધિકારનો સમાવેશ કરાયો છે?**

(A) *દીવાની અને રાજકીય અધિકારો*

(B) *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો*

(C) *સામાજિક વિકાસનો અધિકાર*

(D) *ઉપરોક્ત એકપણ નહીં*

**જવાબોઃ**

**1. (A), 2. (C), 3. (B), 4. (C), 5. (D), 6. (C), 7. (A), 8. (D), 9. (B), 10. (B)**

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *માનવ અધિકારોના ઈતિહાસમાં સૌ પ્રથમ ઉપલબ્ધ દસ્તાવેજ કયો છે?*
2. *અમેરિકા સ્વાતંત્ર્યની ઘોષણા ક્યારે કરવામાં આવી?*
3. *"સ્વાતંત્ર્ય એટલે દરેક જગ્યાએ માનવ અધિકારોની સર્વોચ્ચતા" આ કોણે કહ્યું હતું?*
4. *કયા ફ્રેંચ ન્યાયશાસ્ત્રીએ માનવ અધિકારોનું વર્ગીકરણ કર્યું?*
5. *સંયુક્ત રાષ્ટ્રસંઘે જાહેર કરેલા માનવ અધિકારોના કયા અનુચ્છેદમાં દીવાની અને રાજકીય અધિકારો વિશે જોગવાઈ કરાયેલી છે?*

**(ગ) ટૂંકનોંધ લખોઃ**

1. *સંયુક્ત રાષ્ટ્રસંઘ અને માનવ અધિકારો*
2. *માનવ અધિકારોની ઘોષણા*

**(ઘ) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ લખોઃ**

1. *માનવ અધિકારોનું વર્ગીકરણ જણાવો.*

## 3.7 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *પ્રસાદ અનિરુધ્ધ, 'હ્યુમન રાઈટ્સ એન્ડ સોશિયો–ઈકોનોમિક જસ્ટિસ – અ સ્ટડી વિથ સ્પેશયલ રેફરન્સ ટુ ઈન્ડિયા' સિવિલ એન્ડ મિલિટરી લૉ જસ્ટિસ, વોલ્યુમ –* 122
2. *સુબ્રમણ્યમ એસ., હ્યુમન રાઈટ્સ : ઈન્ટરનેશનલ ચેલેન્જીસ, વોલ્યુમ* –I (1997)
3. *મહેતા પી.એલ. અને વર્મા નીના, હ્યુમન રાઈટ્સ એન્ડ ધ ઈન્ડિયન કોન્સ્ટિટ્યૂશન, પ્રવીણ, પ્રકાશન, ન્યૂ દિલ્હી*
4. *શેઠી. આર. આર. અને નિસર્ગ કે એસ., અ હિસ્ટરી ઑફ ભારત, એટલાન્ટિક પબ્લિશર્સ, ન્યૂ દિલ્હી.*
5. *બાસુ ડી.ડી., હ્યુમન રાઈટ્સ ઈન કોન્સ્ટિટ્યૂશન લૉ*
6. *ત્રિપાઠી પ્રદીપ, 'માનવ અધિકાર ઔર ભારતીય સંવિધાન', જયપુર, રાજસ્થાન*

**એકમ-4** | **માનવ અધિકારની વિચારસરણીઓ**

**-: રૂપરેખા :-**


**4.0** અભ્યાસના ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** માનવ અધિકારની વિચારસરણીઓ

**4.2.1** કુદરતી કાયદાની વિચારસરણી

**4.2.1.1** ગ્રીક યુગમાં કુદરતી કાયદાની વિચારસરણી

**4.2.1.2** રોમન યુગમાં કુદરતી કાયદાની વિચારસરણી

**4.2.1.3** મધ્યયુગમાં કુદરતી કાયદાની વિચારસરણી

**4.2.1.4** કુદરતી કાયદાની નવજાગૃતિ વિચારસરણી

**4.2.1.5** કુદરતી કાયદાની આધુનિક વિચારસરણી

**4.2.2** આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી

**4.2.2.1** કાયદો રાજ્યના આદેશ તરીકે

**4.2.2.2** સાર્વભૌમ સત્તા

**4.2.2.3** કાનૂની પીઠબળ

**4.2.3** કાનૂની વાસ્તવવાદની વિચારસરણી

**4.2.4** માર્ક્સવાદની વિચારસરણી

**4.3** ઉપસંહાર

**4.4** ચાવીરૂપ શબ્દો

**4.5** તમારી પ્રગતિ ચકાસો

**4.6** ઉપયોગી પુસ્તકોની યાદી


## 4.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ માનવ અધિકારોની વિચારસરણીઓ કઈ કઈ છે, તે જાણી શકશો.*
- *વિદ્યાર્થીમિત્રો કુદરતી કાયદાની વિચારસરણીના તત્ત્વજ્ઞાનીઓના મતે આ વિચારસરણીઓ શું છે, તે સમજી શકશે.*
- *આજ્ઞાત્મક વિચારસરણી દ્વારા શું કાયદો રાજ્ય તરફથી અપાયેલી આજ્ઞા છે, તેના વિશે જાણી શકશો.*
- *કાનૂની વાસ્તવવાદની વિચારસરણીમાં ન્યાયાધીશના ચુકાદાને કેટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે, તે જાણીશું.*

- *વિદ્યાર્થીમિત્રો, શું માર્ક્સવાદની વિચારસરણીનો ઉદ્દેશ ગરીબ અને કામદાર વર્ગની સ્થિતિ સુધારવાનો હતો, આ બાબતનો અભ્યાસ કરીશું.*
- *અંતમાં મૂળભૂત અધિકારોની વિચારસરણીમાં મૂળભૂત અધિકારો માનવ અધિકારો છે કે કેમ, તે વિશે જાણીશું.*

## 4.1 પ્રસ્તાવના:

*વિદ્યાર્થીમિત્રો, અત્યાર સુધી આપણે માનવ અધિકારનો અર્થ અને તેની વ્યાખ્યા, માનવ અધિકારનો ખ્યાલ અને તેના ઐતિહાસિક વિકાસ તેમજ તેનું સ્વરૂપ અને મહત્ત્વનો અભ્યાસ કર્યો. આ એકમમાં આપણે માનવ અધિકારોને લગતી જુદી જુદી વિચારસરણીઓનો અભ્યાસ કરીશું.*

## 4.2 માનવ અધિકારની વિચારસરણીઓ:

*કાયદાશાસ્ત્રીઓની પોતપોતાની વિચારધારા પ્રમાણે અલગ અલગ વિચારસરણીઓ અસ્તિત્વમાં આવી. આ વિચારસરણીઓ તેમણે કાયદા પ્રત્યે અપનાવેલા તેમના પોતાના આગવા અભિગમને આધારે વર્ગીકૃત કરવામાં આવી છે. આમ, માનવ અધિકાર તરફના અલગ અલગ અભિગમના કારણે નીચે જણાવેલી વિચારસરણીઓ અસ્તિત્વમાં આવી, જેનો આપણે વિગતવાર અભ્યાસ કરીશું.*

### 4.2.1 કુદરતી કાયદાની વિચારસરણી

*કુદરતી કાયદો એ માનવીય નહિ, પરંતુ ઈશ્વરીય કાનૂન છે, એટલે કે કુદરતી કાયદાના નિયમો ઈશ્વરદત્ત છે. આથી કહી શકાય છે કે કુદરતી કાયદો રાજ્યના આજ્ઞાત્મક કાયદા કરતાં ચડિયાતો છે. (રાજ્યનો આજ્ઞાત્મક કાયદો એટલે રાજ્યનો પોતાનો કાયદો અને આ કાયદાનું પાલન કરવું ફરજિયાત છે. જો કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે તો તે માટે શિક્ષા અને દંડની જોગવાઈ હોય છે.)*

*માનવ ઈતિહાસમાં કુદરતી કાયદાના સિદ્ધાંતની ઘણી ઊંડી અસર પડી છે. પ્રાચીન રોમન કાયદો કુદરતી કાયદાથી અત્યંત પ્રભાવિત થયો હતો. કુદરતી કાયદાના સિદ્ધાંતને અપનાવી રોમન કાયદા સમગ્ર સામ્રાજ્યમાં એકસરખી રીતે લાગુ પાડવામાં આવ્યો.*

*કુદરતી કાયદાના સિદ્ધાંતમાં અનેક સ્વરૂપો પ્રચલિત થયાં છે, પરંતુ તે બધા પૈકી બે પ્રકારો મુખ્ય છે:*

1. *એક પ્રકાર એ છે કે કુદરતી કાયદો રાજ્યના કાયદા કરતાં ચઢિયાતો છે, અને રાજ્યના કાયદા અને કુદરતી કાયદામાં વિરોધ હોય તો કુદરતી કાયદાનું અનુસરણ કરવું જોઈએ.*

2. *બીજો પ્રકાર એ છે કે રાજ્યનો કાયદો સર્વથા માન્ય છે, પરંતુ રાજ્યનો કાયદો કુદરતી કાયદાને અનુકૂળ હોવો જોઈએ.*

*પ્રાચીન અને મધ્યકાલીન યુગમાં પહેલા પ્રકારનો સિદ્ધાંત પ્રચલિત હતો અને આધુનિક સમયમાં બીજા પ્રકારનો સિદ્ધાંત પ્રચલિત થયો છે.*

### 4.2.1.1 ગ્રીક યુગમાં કુદરતી કાયદાની વિચારસરણી

*કુદરતી કાયદાના સિદ્ધાંતમાં મૌલિક તત્ત્વો અંગે આ યુગમાં ઘણી સૂક્ષ્મ અને સર્વગ્રાહી ચર્ચા કરવામાં આવી છે. ગ્રીક તત્ત્વચિંતકોએ સમાજ અને તેની સંસ્થાઓનું ઘણું જ તલસ્પર્શી અને મૌલિક વિશ્લેષણ કર્યું છે. તત્ત્વજ્ઞાનના લગભગ બધા જ મુખ્ય સિદ્ધાંતોની ચર્ચા ગ્રીક તત્ત્વચિંતકોએ કરી છે.*

*પ્રાચીન ગ્રીક સમયમાં કાયદો અને ધર્મ વચ્ચે કોઈ ભેદ હતો નહીં. ધર્મગુરુઓ દ્વારા ન્યાય તોળાતો હતો. ધર્મના નિયમો રાજ્યના નિયમો કરતાં ચઢિયાતા ગણાતા અને કોઈ પણ મનુષ્ય ધર્મના સનાતન નિયમો વિરુદ્ધના રાજ્યના નિયમોનું પાલન કરવા બંધાયેલો નહોતો.*

*ત્યાર બાદ ઈ.સ. પૂર્વે પાંચમા સૈકાથી ધર્મ અને કાયદા વચ્ચેનો સંબંધવિચ્છેદ થવા લાગ્યો. આ સમયમાં* **સોફિસ્ટ** *તરીકે ઓળખાતા તત્ત્વજ્ઞાનીઓએ કાયદાના સ્વરૂપ અંગે નવી કલ્પના રજૂ કરી. આ તત્ત્વજ્ઞાનીઓએ એવા સિદ્ધાંતનો પ્રચાર કર્યો કે કાયદો ઈશ્વરનો આદેશ નથી, પરંતુ મનુષ્ય દ્વારા નિર્મિત છે.*

**પ્રોટાગોરસ** *નામનો સોફિસ્ટ તત્ત્વજ્ઞાની દૈવીતત્ત્વમાં માનતો ન હતો. તેના માટે જગતમાં મનુષ્ય જ સર્વશ્રેષ્ઠ છે.* **એન્ટીફોન** *નામના સોફિસ્ટે પ્રકૃતિ (કુદરત) અને કાયદા વચ્ચેનો ભેદ દર્શાવ્યો. પ્રકૃતિના નિયમો આવશ્યક અને અફર છે, પરંતુ કાયદાના નિયમો મનુષ્યોની ઈચ્છાનુસાર સમય અને પરિસ્થિતિને અનુલક્ષીને પરિવર્તનશીલ હોય છે. એક બીજા* **સોફિસ્ટ કેલિક્લિસ***ના મતે કુદરતમાં જોવામાં આવે છે તેમ બળવાન વ્યક્તિ નિર્બળને દબાવે છે. મનુષ્યો પ્રકૃતિથી અસમાન છે.પરંતુ કાયદો તેમને સમાન ગણવાનો પ્રયત્ન કરે છે. આમ, સોફિસ્ટ તત્ત્વજ્ઞાનીઓ માનતા કે સત્ય સાપેક્ષ છે અને કોઈ પણ વસ્તુના અસ્તિત્વ અંગે નિર્ણય કરી શકાય નહીં.*

**સોક્રેટિસે** (*ઈ.સ. પૂર્વે* 470-399) *સોફિસ્ટ તત્ત્વજ્ઞાનીઓની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે, આ સોફિસ્ટોએ ન્યાયના વિચારને ઊંધા માથે લટકાવ્યો હતો! સોક્રેટિસે જણાવ્યું કે માણસમાત્ર પોતાના સ્વાર્થ અનુસાર વર્તતો હોતો નથી. તેની પાસે અંતર્દૃષ્ટિ હોય છે. તે સારા-નરસાનું ભાન ધરાવે છે. તે અમુક કુદરતી નિતિમત્તા ધરાવે છે.*

**પ્લેટો** *(ઈ.સ. પૂર્વે 428/7 –348/7) સોક્રેટિસનો શિષ્ય હતો. તેણે પણ સોફિસ્ટોની ટીકા કરી હતી. પ્લેટોના મતે ન્યાયાધીશો કાયદા વગર જ ન્યાય કરે. તેઓ એવું માનતા કે ન્યાયાધીશો કાયદાના જડ નિયમોથી બંધાયા વગર તેમની વિવેકબુદ્ધિ અનુસાર ન્યાય કરે. તે કાયદારહિત રાજ્યમાં માનતો હતો.*

*આમ, સોક્રેટિસ અને પ્લેટોએ જણાવ્યું કે માનવ વર્તનને માણસની અંતદૃષ્ટિ અને સારા-નરસાપણાના જ્ઞાનથી સમજવાનું છે. તેમણે ખરેખર કાયદાને કુદરતી કાયદાથી અલગ પાડી બતાવ્યો હતો.*

**એરિસ્ટૉટલ** *(ઈ.સ.પૂર્વે 384–322) પ્લેટોનો શિષ્ય હતો. એરિસ્ટૉટલના વિચારોમાં કુદરતી કાયદાનું વધુ સારું અને તાર્કિક નિરૂપણ જોવા મળે છે. એરીસ્ટૉટલે પ્લેટો કરતાં વધુ વ્યાવહારિક દૃષ્ટિકોણ અપનાવ્યો હતો. તેમણે શ્રેષ્ઠ કે બીજા શ્રેષ્ઠ રાજ્યની વાત કરી ન હતી. તેમણે કાયદાના પાયા પર રચાયેલા રાજ્યની હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે માનવ જ્યારે પૂર્ણ બને ત્યારે બહુ બહુ તો તે બધાં પ્રાણીઓમાં એક શ્રેષ્ઠ પ્રાણી બની શકે છે; પણ જો તે કાયદા અને ન્યાયથી અળગો રહે તો તે સૌથી હલકું પ્રાણી બની શકે છે.*

**એરિસ્ટૉટલ** *કુદરતી કાયદા વિશે લખે છે કે આવો કાયદો પરિપૂર્ણ શોધી શકાય તેવો અને અપરિવર્તનશીલ હોય છે. તે માણસના વિકાસ માટે તેની પ્રકૃતિમાં જ રહેલો છે. જેમ જેમ માણસની શક્તિઓનો વિકાસ થતો રહે છે તેમ તેમ તેનો પણ વિકાસ થતો રહે છે. આમ, એરિસ્ટૉટલ આટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા પછી એક વિચિત્ર વાત કરે છે કે કુદરતી કાયદો માત્ર નાગરિકોને જ લાગુ પડે છે, ગુલામોને નહીં. નાગરિકો ગુલામોથી કુદરતી રીતે જ ચઢિયાતા હોય છે. આમ, એરિસ્ટૉટલ ક્યાંક માનવ અધિકારો વિરુદ્ધ વિચારસરણી ક્યાંય ધરાવતા હતા.*

### 4.2.1.2 રોમન યુગમાં કુદરતી કાયદાની વિચારસરણી :

*ગ્રીક ચિંતકો નગરરાજ્યોના નાગરિકો હતા, જ્યારે રોમનોએ સામ્રાજ્ય સ્થાપ્યું હતું. જો ગ્રીક સિકંદરનું સામ્રાજ્ય લાંબો સમય ટક્યું હોત તો કુદરતી કાયદામાંથી પૂર્વ અને પશ્ચિમ બન્ને માટેનો એક સર્વસામાન્ય કાયદો ઉદ્ભવ્યો હોત. પણ આ કામ સદીઓ પછી રોમનો વડે થયું હતું. રોમના તત્ત્વજ્ઞાનીઓ વ્યાવહારિક હતા. કુદરતી કાયદાનો આ યુગ અતિ સર્જનાત્મક અને રચનાત્મક રહ્યો હતો. તેમાં વ્યક્તિઓ, વસ્તુઓ અને ફરજને લગતા કાયદાનાં વિસ્તૃત નિયમો રચાયા હતા.*

*શું રોમનોએ વિકસાવેલા કુદરતી કાયદો રાજ્યના કાયદાથી ચઢિયાતો હતો? આના જવાબમાં* **સિસરો** *(ઈ.સ. પૂર્વ 106 – 43) તેને ચઢિયાતો ગણાવીને લખે છે કે કોઈને કુદરતી કાયદાને બદલાવાની છૂટ હોતી નથી. કોઈ તેનાથી ચલિત થઇ શકે નહીં કે કોઈ તેને રદ કરી શકે નહીં.*

*આ યુગમાં કુદરતી કાયદાના મોટાભાગના સિદ્ધાંતો રાજ્યના કાયદાના ભાગરૂપે હતા. તેથી તે બન્ને વચ્ચે ખાસ કોઈ સંદર્ભ ન હતો, પરિણામે તે બેમાંથી કયો કાયદો ચઢિયાતો છે, તે પ્રશ્ન રોમન ચિંતકોને ખાસ મૂંઝવતો ન હતો.*

**સિસરો** *ત્રણ પ્રકારના શાસનતંત્રની વાત કરે છે; રાજાશાહી, ઉમરાવશાહી અને લોકશાહી. તેમનું એક અદ્ભુત વિધાન ખાસ યાદ રાખવા જેવું છેઃ "આપણે મુક્ત રહી શકીએ તે માટે આપણે કાયદાના ગુલામો છીએ." આમ તેમણે સત્તાના એક સાધન તરીકે કાયદાના ઉપયોગ ઉપર ભાર મૂક્યો હતો.*

*મોટાભાગના રોમન વિચારકો ગ્રીક ચિંતનથી પ્રભાવિત હતા. ગ્રીક ચિંતકોએ સમાનતાના સિદ્ધાંત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે લિંગ, વર્ગ, જાતિ અને રાષ્ટ્રીયતાના આધાર ઉપર કરાતા ભેદભાવને અન્યાયી, કુદરતી કાયદાથી વિપરીત ગણાવ્યા હતા. રોમન સમ્રાટો અને ચિંતકો પણ આ સમાનતાના ખ્યાલથી પ્રભાવિત થયા હતા. તેમણે રાજ્યના કાયદામાં બને તેટલું આ સમાનતાનું તત્ત્વ દાખલ કર્યું હતું.*

### 4.2.1.3 મધ્યયુગમાં કુદરતી કાયદાની વિચારસરણી

*ઈ.સ. 476માં રોમનું પતન થયું હતું. ઈ.સ. 800માં ખ્રિસ્તી ધર્મના સામ્રાજ્ય – હોલી રોમન એમ્પાયરની સ્થાપના થઈ હતી. આ પ્રાચીન સંસ્કૃતિઓના પતન અને નૂતન યુગના ઉદયની વચ્ચેનો સમયગાળો હતો. તે દરમિયાન ખ્રિસ્તી ધર્મપુરુષોએ કુદરતી કાયદાના ખ્યાલને નવો જ ઓપ આપ્યો હતો.*

**સંત ઓગસ્ટાઈન** *(ઈ.સ. 354–438) ખ્રિસ્તી ધર્મચિંતકોમાં સૌથી અગત્યના સૌથી પ્રભાવક ચિંતક હતા. તેઓ જણાવે છે કે, શરૂઆતમાં માણસ પવિત્રતા, નિર્દોષતા અને ન્યાયયુક્ત અવસ્થામાં જીવતો હતો. બધા જ માણસો મુક્ત હતા. બધા માણસો સમાન હતા. માનવજીવનમાં ગુલામી ન હતી. બધા જ માણસો દુનિયાની બધી જ વસ્તુઓનો સહિયારો ઉપભોગ કરતા હતા. માનવીનો આ સુવર્ણકાળ હતો. માનવ એક આદર્શ કુદરતી (નૈસર્ગિક) સ્થિતિમાં રહેતો હતો. તેમાં પરિપૂર્ણ કુદરતી કાયદો પ્રવર્તતો હતો. પણ પછી માણસના મૂળ પાપને કારણે તેનું પતન થયું. તેથી તેની પ્રકૃતિમાં પણ વિકૃતિ આવી ગઈ. પરસ્પરના પ્રેમભર્યા વ્યવહારને બદલે તેનામાં લોભ, આવેગો, સત્તાની લાલચ જેવાં દૂષણો ઉદ્ભવ્યાં.*

**સંત થોમસ એક્વાઈનસ** *(ઈ.સ. 1226–1274) મધ્યયુગમાં કેથલિક સંપ્રદાયનાં મહાન ધર્મવિચારક અને દાર્શનિક હતા. તે ધર્મ પુરુષ હોવા છતાં તેમણે દર્શનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે કાયદાના ચાર પ્રકારો પાડ્યા હતા.*

(i) *ઈશ્વરીય કાયદો*

(ii) *કુદરતી કાયદો*

(iii) *દૈવી કાયદો*

(iv) *માનવીય કાયદો*

*તેમણે જણાવ્યું હતું કે આજ્ઞાત્મક કાયદો કુદરતી કાયદાને અનુરૂપ હોવો જોઈએ. તેમજ માનવીય કાયદો જેટલા અંશે કુદરતી કાયદાને અનુરૂપ હોય તેટલા અંશે જ તે કાયદો છે.*

### 4.2.1.4 કુદરતી કાયદાની નવજાગૃતિ વિચારસરણી ( Renaissance Theory )

*મધ્યયુગ પછીની સદીઓમાં* **રેનેસાં એટલે કે નવજાગૃતિ** *અને સુધારણાને કારણે સમગ્ર સમાજમાં ભારે ઊથલપાથલ થઈ હતી. આ યુગની જરૂરિયાતો મધ્યયુગના સમાજની જરૂરિયાતોથી જુદી હતી. કુદરતી કાયદાની વિચારધારા આ યુગમાં વધુ ધર્મનિરપેક્ષ બની હતી. નવા યુગની નવી જરૂરિયાતો અનુસાર તેને ઘાટ આપવામાં આવ્યો હતો.*

*આ યુગમાં વ્યક્તિવાદનો ઉદય થયો હતો. તે દરમ્યાન કુદરતી કાયદાનાં વિચારનો જુદા જુદા હેતુઓ માટે ઉપયોગ થતો હોવાનું જોવા મળે છે. આ વ્યક્તિવાદના ઉદયનો આરંભ 1688ની ઈંગ્લેન્ડની ક્રાંતિમાં, 1789ની ફ્રાન્સની ક્રાંતિમાં અને 1776ની અમેરિકા સ્વાતંત્ર્યની ઘોષણામાં થયો હતો. આ યુગમાં વેપાર-વાણિજ્યના વિકાસના કારણે એક નવો જ મધ્યમવર્ગ ઉદ્ભવ્યો હતો. તે આર્થિક રીતે સાધન-સંપન્ન હતો. તે વધુમાં વધુ સ્વાતંત્ર્ય ઝંખતો હતો. સાથે સાથે રાજકીય ક્ષેત્રે શાસનતંત્રો અમર્યાદિત સત્તાની માંગણી કરતા હતા. આ વિવાદના બન્ને પક્ષોએ પોત પોતાના મતના સમર્થનમાં સામાજિક કરાર* (Social Contract)*ના ખ્યાલનો ઉપયોગ કર્યા હતો.*

**હ્યુગો ગ્રોટિયસ** *(ઈ.સ. 1583 – 1645) હોલેન્ડનો વતની હતો. તે મહાન ચિંતક અને કાયદાશાસ્ત્રી હતો. તે આંતરરાષ્ટ્રીય કાયદાનો પિતા કહેવાય છે. તેને કાયદાના વિજ્ઞાનને ધર્મશાસ્ત્રથી અલગ પાડ્યું હતું. ગ્રોટિયસના મતે કુદરતી કાયદો એટલો બધો અપરિવર્તનશીલ છે કે તે ખુદ ઈશ્વરથી પણ બદલી શકાતો નથી.*

*ગ્રોટિયસે સામાજિક કરારના ખ્યાલનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બન્ને ક્ષેત્રે ઉપયોગ કર્યો હતો. આમ તો સામાજિક કરારનો ખ્યાલ પ્લેટોના* **રિપબ્લિક (Republic)** *પુસ્તકમાં પણ જોવા મળે છે. તેને લખ્યું હતું કે, જ્યારે માણસો અન્યાયી રીતે વર્તે છે ત્યારે તેમણે સહન કરવું પડે છે. તે વખતે તેઓ અન્યાય નહીં કરવાની તેમજ અન્યાય સહન નહીં કરવાની પરસ્પર સમજૂતી કરે છે. તે માટે તેઓ કાયદા અને સમજૂતી ઘડે છે.*

**ટોમ્સ હોબ્સે** *(ઈ.સ. 1588 – 1670) દોરેલું માણસનું ચિત્ર ગ્રોટિયસે દોરેલા માણસના ચિત્રથી જુદું હતું. ગ્રોટિયસે માણસને સમાજલક્ષી અને સમાજપ્રેમી માન્યો હતો, જ્યારે હોબ્સે તેને સ્વભાવગત રીતે જ સ્વાર્થી, દુર્ભાવનાપૂર્ણ, પાશવી અને આક્રમક માન્યો હતો. હોબ્સના મતે દરેક વ્યક્તિને બધી જ વસ્તુઓ મેળવવાનો સમાન અધિકાર હતો. દરેક*

*માણસ પોતાની તમામ તાકાતથી પોતાના જીવન અને શરીરનું રક્ષણ કરવાનો કુદરતી કાયદો ધરાવતો હતો.*

**જ્હોન લોક** *(ઈ.સ. 1632–1704) પોતાના યુગની પરિસ્થિતિથી હતાશ થયો હતો. ગ્રોટિયસે જે કાર્ય આંતરરાષ્ટ્રીય કાયદાના ક્ષેત્રે કર્યું હતું, તે જ કાર્ય જ્હોન લોકે રાષ્ટ્રીય કાયદાના ક્ષેત્રે કર્યું હતું. લોક વ્યક્તિ સ્વાતંત્ર્યનો હિમાયતી હતો. લોકના મત મુજબ સરકાર અને કાયદાનો હેતુ માનવીના કુદરતી અધિકારોનું રક્ષણ કરવાનો છે.*

*લોક પછી* **જીન જેક્સ રૂસો** *(ઈ.સ. 1712-1778) એ પણ આ વિચારસરણીનું નવા સંદર્ભમાં અવલોકન કર્યું. તે જણાવે છે કે સામાજિક કરારની જોગવાઈ પહેલાં માનવ સુખી હતો.*

### 4.2.1.5 આધુનિક કુદરતી કાયદાની આધુનિક વિચારસરણીઃ-

*19મી સદી દરમિયાન કુદરતી કાયદાની વિચારસરણીનો વિકાસ રૂંધાઈ ગયો. આ સમય દરમિયાન અનેક નવા રાજકીય, સામાજિક અને આર્થિક પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. તેના ઉકેલ માટે વ્યવહારુ અભિગમની જરૂર હતી, ગૂઢ સિદ્ધાંતોની જરૂર ન હતી. આમ છતાં 19મી સદીના અંત ભાગમાં આ વિચારસરણી પુનર્જીવિત થઈ હતી. 20મી સદીમાં આ વિચારસરણીને આધુનિક ઓપ આપનારોમાં* **સ્ટેમલર અને કોહલર** *મુખ્ય છે.*

**સ્ટેમલરના મત મુજબ** *આજ્ઞાત્મક કાનૂનો કુદરતી કાનૂનના નિયમોનું સુધારેલું સ્વરૂપ છે. ન્યાય માટે સામાજિક જીવનની મર્યાદામાં ઈચ્છાઓ અને હેતુઓની જાણકારી મેળવવા માટે દરેક વ્યક્તિએ સમાજના સંપર્કમાં આવવું જોઈએ.*

*કુદરતી કાયદાની વિચારસરણી હવે લગભગ તમામ વિકસિત દેશોમાં સ્વીકાર્ય બની છે. અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણામાં પણ લોક અને રૂસો જેવા વિચારકોનો પ્રભાવ જોવા મળે છે. અમેરિકાના બંધારણમાં જિંદગી સ્વતંત્રતા અને સુખ જેવા અધિકારોને મૂળભૂત અને માનવ અધિકારો ગણવામાં આવે છે.*

*ભારતમાં પણ કુદરતી ન્યાયના સિદ્ધાંતો બંધારણમાં સ્થાન પામ્યા છે. ભારતીય બંધારણનાં વિભાગ-૩માં સમાવેશ કરાયેલા મૂળભૂત અધિકારો કુદરતી કાયદાની વિચારસરણી જ પ્રગટ કરે છે.*

### 4.2.2 આજ્ઞાત્મક કાયદાની વિચારસરણીઃ-

*કાયદાનો આજ્ઞાત્મક સિદ્ધાંત કુદરતી કાયદાની વિચારસરણીના પ્રતિભાવ સ્વરૂપે છે. આ સિદ્ધાંત અગાઉ* **હોબ્સ** *અને* **બેન્થામે** *રજૂ કરેલો, પરંતુ* **ઓસ્ટિને** *(ઈ.સ. 1790–1859) તેને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું.* **જ્હોન ઓસ્ટિનને** *ઈંગ્લિશ વિધિશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે.*

*ઓસ્ટિને ત્રણ બાબતો ઉપર ખાસ ભાર મૂક્યો છે:*

- *કાયદો રાજ્યનો આદેશ છે.*
- *આવો આદેશ રાજ્યની સાર્વભૌમ સત્તાએ આપેલો હોય છે.*
- *તેને રાજ્યનું કાનૂની પીઠબળ પ્રાપ્ત હોય છે.*

*ઓસ્ટિનના મતે કાયદાનું પાલન ફરજિયાત છે. ફરજિયાત એટલા માટે કે તે રાજ્યનો આદેશ છે. રાજ્ય દ્વારા કાયદા ઘડવામાં આવ્યા હોય છે. તેનું પાલન ફરજિયાતપણે કરવું જોઈએ અને આવા કાયદાનું જો ઉલ્લંઘન કરવામાં આવે તો શિક્ષા તેમજ દંડની જોગવાઈ કરવામાં આવે છે. ઉપરનાં ત્રણ જે તત્ત્વો ઉપર ઓસ્ટિને ભાર મૂક્યો છે.તેનો વિગતવાર અભ્યાસ કરીશું.*

### 4.2.2.1 કાયદો રાજ્યના આદેશ તરીકે:

**ઓસ્ટિન** *કહે છે કે આદેશ એટલે ઉચ્ચ વ્યક્તિ તરફથી નીચેની વ્યક્તિને અપાયેલ ઈચ્છાની અભિવ્યક્તિ એટલે કે ઉચ્ચ વ્યક્તિને નીચેની વ્યક્તિ પર સત્તા અથવા આધિપત્ય હોય છે. એટલે ઉપરની વ્યક્તિનો આદેશ નીચેની વ્યક્તિએ આ આદેશનું પાલન કરવું ફરજિયાત હોય છે. નીચેની વ્યક્તિ આ આદેશનું પાલન ન કરે તો તે કાયદાના ભંગ બદલ સજા કે દંડ માટે જવાબદાર બને છે.*

### 4.2.2.2 સાર્વભૌમ સત્તા :

*ઓસ્ટીનના મતે જે આદેશ સાર્વભૌમ સત્તાએ આપેલ હોય તે આદેશ જ કાયદો છે. સાર્વભૌમ સત્તા નીચેનાં લક્ષણો ધરાવે છે:*

- *સમાજ અમુક ઉચ્ચ સત્તાધીશના હુકમનું પાલન કરવાને ટેવાયેલો હોવો જોઈએ.*
- *તે ઉચ્ચ સત્તાધીશે અન્ય સત્તાધીશના હુકમનું પાલન કરવાનું હોતું નથી.*

*આમ, કાયદો અસરકારક હોવો જોઈએ. કાયદો અસરકારક બને તે માટે રાજ્ય અથવા સાર્વભૌમ સત્તાએ જાહેર કરેલો હોવો જોઈએ.*

### 4.2.2.3 કાનૂની પીઠબળ:

*જો સાર્વભૌમ સત્તાને કાયદાનો અમલ કરવવાનાં સાધનો ન હોય તો તેનો કાયદો અર્થહીન છે. આથી કાયદાને કાનૂની પીઠબળની જરૂર પડે છે. અને કાયદો ભંગ કરનારને શિક્ષા કે દંડ જોગવાઈ કરવામાં આવે છે.*

*ટૂંકમાં, વિદ્યાર્થીમિત્રો એમ કહી શકાય કે, આ વિચારસરણી મુજબ કાયદો રાજ્ય તરફથી અપાયેલી આજ્ઞા કે આદેશ છે. રાજ્યની દરેક આજ્ઞા પ્રજાની દરેક વ્યક્તિને અમુક રીતે વર્તવાની ફરજ પાડે છે.*

*આ વિચારસરણી સામેની એક ટીકા એ છે કે તેમાં સમાજનાં નૈતિક મૂલ્યોનો વિચાર કરાયો નથી. તેમજ આ વિચારસરણી મુજબ માનવ અધિકારનું મૂળ કુદરતી કાયદાની વિચારસરણીમાં રહેલું નથી.*

### 4.2.3 કાનૂની વાસ્તવવાદની વિચારસરણી

*કાનૂની વાસ્તવવાદની વિચારસરણી કાયદા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. અહીં કોર્ટો અમુક રીતે જ કેમ ચુકાદો આપે છે, તે બાબતનું વિશ્લેષણ કરવામાં આવે છે. કાનૂની વાસ્તવવાદની એક વિચારસરણી સામંડે રજૂ કરી છે. અને બીજી વિચારસરણી ન્યાયમૂર્તિ હોમ્સે રજૂ કરી છે.*

*સામંડ કહે છે કે કાયદાનું સાચું સ્વરૂપ જાણવા માટે આપણે સંસદ પાસે નહિ, પરંતુ અદાલતો પાસે જવું જોઈએ. એટલે કે તમામ કાયદાઓ સંસદે ઘડેલા હોતા નથી. ઈંગ્લેન્ડમાં તો મોટાભાગના કાયદાઓ ન્યાયની અદાલતે ઘડેલા હોય છે.*

*કાનૂની વાસ્તવવાદની વિચારસરણી અમેરિકામાં સારી પ્રચલિત છે. ન્યાયમૂર્તિ* **હોમ્સને***કાનૂની વાસ્તવવાદના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે કાયદો એટલે વાસ્તવમાં અદાલત શું કરશે તેની આગાહીથી વિશેષ કંઈ જ નથી.*

*ઈંગ્લેન્ડમાં એક સમયે એવી વિચારસરણી પ્રવર્તતી હતી કે ન્યાયાધીશો કાયદાનું સર્જન કરતા નથી, પરંતુ ખરેખર જે કાયદો હોય તેની જાહેરાત જ કરે છે. જ્યારે અમેરિકન વાસ્તવવાદીઓ એમ માને છે કે કાયદાના પ્રશ્નોનો જવાબ ફક્ત તાર્કિક અનુમાનોથી આપી શકતો નથી. તેનો જવાબ સામાજિક, રાજકીય, નૈતિક અને અન્ય પરિબળોના સંદર્ભમાં આપી શકાય. કારણ કે, કાયદાનું જીવન માત્ર તર્ક નથી તે અનુભવ પણ છે.*

*યેલ સ્કૂલ ઑફ ઈન્ટરનેશનલ લૉ તરફથી એવી વિચારસરણી રજૂ કરાઈ હતી કે, માનવ અધિકારો માનવ ગૌરવના રક્ષણના મૂલ્ય ઉપર આધારિત છે. માનવ અધિકારો આંતરરાષ્ટ્રીય મૂલ્યોમાથી ઉત્પન્ન થયો છે. સામાજિક હિત, આરોગ્ય, કૌશલ્ય, સંતોષ, આદર, સદાચાર, પ્રામાણિકતા વગેરે તત્ત્વોને ધ્યાનમાં રાખીને માનવ અધિકારોની રચના થયેલી છે. આ તમામ તત્ત્વોમાં માનવગૌરવનું મૂલ્ય મુખ્ય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ તમામ મૂલ્યો તરફ આદરની નજરે જોવામાં આવે છે અને તેની માનવ અધિકારોનો જન્મ થયો છે.*

### 4.2.4 માર્ક્સવાદની વિચારસરણી:-

*માર્ક્સવાદની વિચારસરણીને આર્થિક વિચારસરણી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વિચારસરણી સાથે દેખીતી રીતે કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એન્જલ્સનું નામ જોડાય છે.*

*કાર્લ માર્ક્સની માન્યતા એવી હતી કે કાયદો શાસક વર્ગને મદદ કરવા માટેનો જ હોય છે.તેમના મતે ચોક્કસ પ્રકારના અધિકારોની મદદથી સમાજને વિકાસશીલ બનાવી શકાય. મુઠ્ઠીભર મૂડીવાદી માણસો બહુમતી ધરાવતી ગરીબ જનતા પર નિયંત્રણ રાખે છે. આના પરિણામે એક દિવસ બળવો ફાટી નીકળશે અને મૂડીવાદી લઘુમતીનો નાશ થશે.* **કાર્લ માર્ક્સના મતે** *કાયદો મૂડીવાદીઓનું હથિયાર છે. ગરીબ અને કામદાર વર્ગને કાબૂમાં રાખવા માટે કાયદાનો હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.*

*માનવશક્તિનો વિકાસ થવાની શક્યતા ત્યારે જ રહે છે કે જ્યારે દરેક માનવને સમાજના એક અંગ તરીકે ગણવામાં આવે અને ઉત્પાદનમાં તમામ સાધનોથી માલિકી કોઈ એક વર્ગના હાથમાં નહિ, પરંતુ સહિયારી હોય અને વર્ગસંઘર્ષનો અભાવ હોય. આ સામ્યવાદી વિચારસરણી છે. માર્ક્સના મતે આવા સમયે રાજ્યે કાયદાનો ઉપયોગ સમાજના પરિવર્તન માટે કરવાનો હોય છે. સમાજના પરિવર્તન માટે રાજ્યે કેટલાક અધિકારો માન્ય કરવા પડે છે. આ તમામ અધિકારો કાનૂની અધિકારો હોય છે. આ કાનૂની અધિકારો સામાજિક કે આર્થિક હોઈ શકે છે. કારણ કે ઉત્પાદનનાં સાધનોની માલિકી સહિયારી બનાવવાની હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી દરેક વ્યક્તિ મુક્ત બને છે અને કોઈ અધિકારોની જરૂર રહેતી નથી. કારણ કે અધિકારો સામાજિક પરિવર્તનનું ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનું હથિયાર છે.*

*અત્યારના મોટાભાગના દેશોએ માર્ક્સવાદનો ત્યાગ કર્યો છે. ચીન, રશિયા અને ઉત્તર કોરિયા જેવા દેશો આ વિચારસરણીને થોડા પ્રમાણમાં વળગી રહ્યા છે. આમ છતાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં માર્ક્સવાદની અસર રહી છે, તે આપણે ભૂલવું ન જોઈએ.*

### 4.2.5 મૂળભૂત અધિકારોની વિચારસણી :

*આ વિચારસરણી મુજબ ભારતીય બંધારણના ભાગ-3માં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો એ માનવ અધિકારો છે. રાષ્ટ્રની સ્થિરતા, વ્યક્તિ સ્વાતંત્ર્યના રક્ષણ તથા રાજ્યની આપખુદશાહી સામેના રક્ષણ માટે મૂળભૂત અધિકારો જરૂરી છે. માનવ અધિકારો માનવતાની દૃષ્ટિએ મનુષ્યનું મનુષ્ય તરીકે ગૌરવ જાળવવાના હેતુથી જાહેર કરાયા છે. માનવ અધિકારો પાછળનું દૃષ્ટિબિંદુ એવું રહ્યું છે કે માણસની મૂળભૂત જરૂરિયાતો (રોટી, કપડા, મકાન ) તેને ગૌરવપૂર્વક અને સન્માનપૂર્વક મળી શકે, તે જાતનું રાજકીય અને સામાજિક વાતાવરણ હોવું જોઈએ. બીજા વિશ્વયુદ્ધ બાદ યુનોની મહાસભાએ 10મી ડિસેમ્બર, 1948ના દિવસે માનવ અધિકારો જાહેર કર્યા છે. આવા માનવ અધિકારોની સંખ્યા 30 છે. આપણા બંધારણમાં કેટલાક માનવ અધિકારો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.*

*માનવ અધિકારોનો અનુચ્છેદ-7 અને આપણા બંધારણનો અનુચ્છેદ-14 મળતા આવે છે. બંનેમાં કાયદા સમક્ષની સમાનતા અને કાયદાના સમાન રક્ષણની કોઈ પણ જાતના ભેદભાવ વગર ખાતરી આપવામાં આવી છે. માનવ અધિકારોના અનુચ્છેદ-8 અને આપણા બંધારણના અનુચ્છેદ-32 અને 226 મળતા આવે છે. આ બન્ને અધિકારોના ભંગ બદલ મળતા અસરકારક ઉપચારો વિશે વાત કરવામાં આવી છે. માનવ અધિકારોના અનુચ્છેદ- 9 અને આપણા બંધારણના અનુચ્છેદ-21 મળતા આવે છે. બંનેમાં ગેરકાયદે અટકાયત સામે રક્ષણની વાત કરવામાં આવી છે. માનવ અધિકારોનો અનુચ્છેદ 13 (1)માં તેમજ આપણા બંધારણના અનુચ્છેદ 19માં મુક્ત હરવાફરવા અને નિવાસસ્થાનના મૂળભૂત અધિકાર વિશે જણાવવામાં આવેલ છે. માનવ અધિકારોના અનુચ્છેદ-18 અને ભારતીય બંધારણનાં અનુચ્છેદ 25 મળતા આવે છે. બન્નેમાં ધાર્મિક સ્વાતંત્ર્ય અધિકારની વાત કરવામાં આવી છે. માનવ અધિકારોની જેમ જ ભારતીય બંધારણમાં સાંસ્કૃતિક અધિકારો મૂળભૂત અધિકારો છે.*

*આમ, વિદ્યાર્થીમિત્રો માનવ અધિકારોનું મહત્ત્વ દિવસે દિવસે આપણા દેશમાં વધવા લાગ્યું છે. તેમજ યુરોપ, અમેરિકા અને આફ્રિકાના માનવ અધિકારો અંગેના કેટલાક દસ્તાવેજોમાં સ્પષ્ટપણે જાહેર કરાયું છે કે યુદ્ધ અને રાષ્ટ્રીય કટોકટીના સમયે પણ કેટલાક અધિકારોનો ભંગ કે તેમાં ફેરફાર કરી શકાય નહીં. આવા અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય અત્યાચાર સામે રક્ષણ, ગુલામીમાંથી મુક્તિ, વિચાર અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.*

## 4.3. ઉપસંહાર

*આમ, વિદ્યાર્થીમિત્રો, જુદી જુદી માનવ અધિકારોની વિચારસરણીનો અભ્યાસ કર્યા બાદ એટલું કહી શકાય કે વિશ્વમાં માનવ અધિકારો સ્થળ, કાળ કે સમાજના બંધનોથી મુક્ત છે અને એકબીજા પર અવલંબિત છે. તથા સર્વવ્યાપી અને દરેક માનવી માટે છે. વિશ્વમાં સમાજ અને સભ્યતાના વિકાસમાં માનવ અધિકારો પાયાની બાબત છે. જેમાં દરેક માનવીનો અબાધિત અધિકાર છે, જે અવિભાજ્ય છે.*

## 4.4 ચાવીરૂપ શબ્દો

1. *આજ્ઞાત્મક – જેની આજ્ઞા આપવામાં આવી હોય તે*
2. *કાયદાશાસ્ત્રી – કાયદાના નિષ્ણાતો કે વિદ્વાનો*
3. *સાર્વભૌમત્વ – દરેક બાબત અંગેનો સર્વોપરિ અધિકાર*
4. *મહાસભા – ચર્ચા વિચારણા માટે પ્રતિનિધિઓની બેઠક*

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપોઃ**

**1.માનવ અધિકારોની કુલ કેટલી વિચારસરણીઓ છે?**

A. 4
B. 6
C. 5
D. 7

**2. કુદરતી કાયદાઓની કુલ કેટલી વિચારસરણીઓ છે?**

A. 5
B. 3
C. 4
D. 6

**3.સોક્રેટિસનો શિષ્ય કોણ હતો?**

A. *પ્લેટો*
B. *સામંડ*
C. *એરિસ્ટૉટલ*
D. *હોમ્સ*

4.*પ્લેટો કોનો ગુરુ હતો?*

A. *સોક્રેટિસ*
B. *એરિસ્ટૉટલ*
C. *સિસરો*
D. *જ્હોન લોક*

**5. ''આપણે મુક્ત રહી શકીએ તે માટે આપણે કાયદાના ગુલામ છીએ.'' આ વિધાન કોણે** *કહ્યું હતું?*

A. *પ્લેટો*
B. *રૂસો*
C. *જ્હોન લોક*
D. *સિસરો*

**6. કયા તત્ત્વચિંતકે ધર્મપુરુષ હોવા છતાં દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો?**

A. *સંત થોમસ એકવાઈનસ*
B. *સંત ઓગસ્ટાઈન*
C. *સિસરો*
D. *ટોમ્સ હોબ્સ*

**7.સંત થોમસ એકવાઈનસે કાયદાના કુલ કેટલા પ્રકાર પાડ્યા છે?**

A. 3

B. 4

C. 5

D. 6

**8. અમેરિકન સ્વાતંત્ર્ય ઘોષણા કઈ સાલમાં થઈ?**

A. 1789

B. 1770

C. 1688

D. 1776

**9. હ્યુગો ગ્રોટિયસ ક્યા દેશનો વતની હતો?**

A. *અમેરિકા*

B. *હંગેરી*

C. *હોલેન્ડ*

D. *ફ્રાન્સ*

**10. આંતરરાષ્ટ્રીય કાયદાના પિતા તરીકે ........... ઓળખાય છે.**

A. *જહોન લોક*

B. *હ્યુગો ગ્રોટિયસ*

C. *ટોમ્સ હોબ્સ*

D. *જીન જેક્સ રૂસો*

**11. ઇંગ્લિશ વિધિશાસ્ત્રનાં પિતા તરીકે ........... જાણીતા છે.**

A. *બેન્યામ*

B. *સામંડ*

C. *જહોન ઓસ્ટિન*

D. *હોમ્સ*

**12.કાનૂની વાસ્તવવાદના પિતા તરીકે ..... જાણીતા છે.**

A. *હોમ્સ*

B. *ઓસ્ટિન*

C. *સિસરો*

D. *રૂસો*

**13. કોના માટે મૂઠ્ઠીભર મૂડીવાદી માણસો બહુમતી ધરાવતી ગરીબ જનતા પર નિયંત્રણ રાખે છે?**

A. *સિસરો*

B. *સામંડ*

C. *ગ્રોટિયસ*

D. *કાર્લ માર્ક્સ*

**14.ભારતીય બંધારણનાં કયા ભાગમાં મૂળભૂત અધિકારો જણાવવામાં આવ્યા છે?**

A. *ભાગ-5*

B. *ભાગ-3*

C. *ભાગ-2*

D. *ભાગ-4*

**15.રિપબ્લિક (Republic) નામના પુસ્તકનાં લેખક કોણ છે?**

A. *એરિસ્ટૉટલ*

B. *સોક્રેટિસ*

C. *પ્લેટો*

D. *ઉપરમાંથી એકય નહી.*

જવાબોઃ 1. **C,** 2. **A,** 3. **A,** 4. **B,** 5. **D,** 6. **A,** 7. **B,** 8. **D,** 9. **C, 10. B, 11. C, 12. A, 13. D, 14.** B, 15. **C**

**(ખ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. *સોક્રેટિસ નામના દાર્શનિક કયા યુગમાં થઈ ગયા?*
2. *પ્લેટો કોનો શિષ્ય હતો?*
3. *એરિસ્ટૉટલનો ગુરુ કોણ હતો?*
4. *વ્યક્તિવાદનો ઉદય કઈ વિચારસરણીમાં થયો હતો?*
5. *કોણે સામાજિક કરારના ખ્યાલનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બન્ને ક્ષેત્રે ઉપયોગ કર્યો હતો?*
6. *કાયદો એ રાજ્યનો આદેશ છે. આવું કોણે કહ્યું હતું?*
7. *યુનોની મહાસત્તાએ માનવ અધિકારો ક્યારે જાહેર કર્યા?*

**(ગ) ટૂંકનોંધ લખો :**

1. *અજ્ઞાત્મક કાયદાની વિચારસરણી*
2. *કાનૂની વાસ્તવવાદની વિચારસરણી*
3. *માર્ક્સવાદની વિચારસરણી*
4. *મૂળભૂત અધિકારોની વિચારસરણી*

**(ઘ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. *માનવ અધિકારોની વિચારસરણી જણાવો.*
2. *કુદરતી કાયદાની વિચારસરણીઓ જણાવો*

## 4.6. ઉપયોગી પુસ્તકોની યાદી :


1. *જોહરી જે.સી., કન્ટેમ્પરરી પોલિટિકલ થિયરી*
2. *દેશટા સુનીલ અને ડૉ. સિંહ પ્રતાપ, હ્યુમન રાઈટ્સ ઈન ઈન્ડિયા, અલ્હાબાદ લૉ એજન્સી, ફરીદાબાદ*
3. *સિંહ બી.પી. એન્ડ સેહગલ, હ્યુમન રાઈટ્સ ઈન ઈન્ડિયા, દીપ એન્ડ દીપ પબ્લિકેશન, ન્યૂ દિલ્હી*
4. *શર્મા જી. હ્યુમન રાઈટ્સ એન્ડ સોશિયલ જસ્ટિસ, દીપ એન્ડ દીપ પબ્લિકેશન, ન્યૂ દિલ્હી*

## એકમ-5 માનવ અધિકારોનું મહત્ત્વ, સ્વરૂપ અને તેને અવરોધતાં પરિબળો

### -: રૂપરેખા :-

**5.0** અભ્યાસના ઉદ્દેશો
**5.1** પ્રસ્તાવના
**5.2** માનવ અધિકારોનું મહત્ત્વ
- **5.2.1** સમાજમાં પ્રગતિ
- **5.2.2** નબળા વર્ગોની દરકાર અને કાળજી
- **5.2.3** ભાઈચારો અને સંવાદિતા
- **5.2.4** ભેદભાવ તથા શોષણ સામે રક્ષણ

**5.3** માનવ અધિકારોનું સ્વરૂપ
- **5.3.1** રાજ્યસત્તા પર નિયંત્રણ
- **5.3.2** કાનૂની તેમજ નૈતિક અધિકારો
- **5.3.3** સર્વવ્યાપી સ્વરૂપ
- **5.3.4** આંતરસંબંધ
- **5.3.5** જીવનવિકાસ

**5.4** માનવ અધિકારોને અવરોધતાં પરિબળો
- **5.4.1** માનવ અધિકારો અંગેની જાગૃતિનો અભાવ
- **5.4.3** સત્તાધીશો અને વહીવટકર્તાઓનું નકારાત્મક વલણ
- **5.4.3** રાજકીય પ્રશ્નો અને સ્થાપિત હિતો દ્વારા માનવ અધિકારોનો દુરુપયોગ
- **5.4.4** માનવ અધિકારોના નામે પીડિતોને નુકસાન
- **5.4.5** માનવ અધિકારોનો વ્યાવસાયિકો દ્વારા થતો દુરુપયોગ
- **5.4.6** માનવ અધિકારો - એક વિકસતો ખ્યાલ
- **5.4.7** સામાજિક રૂઢિઓ
- **5.4.8** ગરીબી
- **5.4.9** નિરક્ષરતા
- **5.4.10** જટિલ અને ભારેખમ કાનૂની પ્રક્રિયા
- **5.4.11** ઝડપી વિકાસની ઝંખના
- **5.4.12** વિકાસનાં પગલાં
- **5.4.13** ઉપભોગતાવાદ
- **5.4.14** ગેરમૂલ્યો

**5.5** ઉપસંહાર
**5.6** ચાવીરૂપ શબ્દો
**5.7** તમારી પ્રગતિ ચકાસો
**5.8** ઉપયોગી પુસ્તકોની યાદી

## 5.0 અભ્યાસના ઉદ્દેશો

- *વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં માનવ અધિકારો સમસ્ત માનવજાત માટે હોવાથી તેનું મહત્ત્વ પણ ઘણું હોય છે, તે અંગે અભ્યાસ કરીશું.*
- *માનવ અધિકારોના સ્વરૂપ અંગે કયાં ધોરણો સ્વીકૃત પામ્યાં છે, તે આ એકમ દ્વારા જાણીશું.*
- *વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકારોની જાગૃતિ સાથે સાથે એને અવરોધતાં અનેક પરિબળોએ પણ ભાગ ભજવ્યો છે, તેનો પણ આ એકમમાં અભ્યાસ કરીશું.*

## 5.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થીમિત્રો, અગાઉનાં એકમોમાં આપણે જોયું કે, માનવ અધિકારોનો મૂળ હેતુ રાજ્યની આપખુદી સત્તા સામે રક્ષણ મેળવવાનો અને વ્યક્તિના વ્યક્તિત્વનો વિવિધલક્ષી વિકાસ સાધવાનો છે. આ એકમમાં આપણે માનવ અધિકારોનું મહત્ત્વ, સ્વરૂપ અને તેને અવરોધતાં પરિબળો તેમજ પડકારો વિશેનો અભ્યાસ કરીશું.*

*માનવ અધિકારનાં મૂળ અમેરિકન અને ફ્રેંચ ક્રાંતિમાં જોવા મળે છે. માનવ અધિકારો સ્વયંભૂ સાર્વત્રિક અને અપરિવર્તનીય છે. આ અધિકારો દરેક વ્યક્તિ એક માનવ છે, એટલા માટે તેને મળે છે. આ માનવ અધિકારો કોઈને એટલા માટે પ્રાપ્ત થયા નથી કે અમુક રાજ્યનો નાગરિક છે. બીજી એક બાબત નોંધપાત્ર એ છે કે લોકશાહી રાજ્યવ્યવસ્થામાં જ માનવ અધિકારોનું ચલણ અને રક્ષણ થઈ શકે છે. માનવ અધિકારોનો ખ્યાલ દરેક રાજ્ય સત્તાને કાયદા મુજબ વર્તવાની ફરજ પાડે છે. આમ જોઈએ તો માનવ અધિકારોનું મહત્ત્વ અને સ્વરૂપ ઘણું જ મહત્ત્વનું હોવાથી આ એકમમાં આપણે તેનો અભ્યાસ કરીશું.*

## 5.2 માનવ અધિકારોનું મહત્ત્વઃ

*માનવ અધિકારો માનવ જીવન સાથે અભિન્નપણે જોડાયેલા છે. બધા માનવ અધિકારો પરસ્પર સંબંધિત છે. આ અધિકારો એ કોઈ આદર્શો નથી કે કોઈ કાનૂની આદેશો નથી. આમ છતાં એ વ્યક્તિઓના ગૌરવપૂર્ણ અસ્તિત્વ માટે પાયાની બાબત છે. આથી તેની પ્રત્યક્ષ અસર વ્યક્તિ અને સમાજના જીવનની ગુણવત્તા પર પડે છે. માનવ વ્યક્તિઓને તેમના વ્યક્તિત્વના વિકાસ માટે મળવી જોઈતી તકને અધિકાર કહેવાય. તેમના વ્યક્તિત્વના વિકાસ માટે જે અધિકારો પાયાના કે મૂળભૂત છે, તેવા અધિકારોને મૂળભૂત અધિકારો કહેવાયા, જેમાં માનવ અધિકારોનું મહત્ત્વ ઘણું જ છે.*

*વિદ્યાર્થીમિત્રો, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકારો અંગેની જાગૃતિ બીજા વિશ્વયુદ્ધ પછી જોવા મળે છે. માનવ અધિકારની વાત આખરે તો માનવીય અભિગમ અથવા માનવતાવાદી વિચારસરણી રજૂ કરે છે. એટલે કે માનવ અધિકારની વાત કોઈ*

નવી નથી. કારણ કે માનવ અધિકારમાં માનવવાદી અભિગમ, માનવની પ્રગતિ, સુખ અને શાંતિ માટેની ચળવળ છે. માનવવાદ દરેક માનવીનો ગૌરવપૂર્ણ રીતે, મુક્ત રીતે જીવન જીવવાનો અધિકાર સ્વીકારે છે.

માનવ અધિકારોની સ્વીકૃતિ અને તેનો અમલ સમાજને સ્થિરતા તરફ દોરી જાય છે અને સમાજના નબળા વર્ગોને પણ વિકાસની તક પૂરી પાડે છે. જે રાજ્યવ્યવસ્થામાં માનવ અધિકારો સ્વીકારાયા ન હોય ત્યાં સરમુખત્યારશાહી અથવા આપખુદી શાસન વ્યવસ્થા પ્રવર્તતી હોય છે. તેમાં વિચાર સ્વાતંત્ર્ય, અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, અખબારી સ્વાતંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય કે ધાર્મિક સ્વાતંત્ર્યને સ્થાન હોતું નથી. ત્યાં માનવસુખ, શાંતિ, સલામતી કે પ્રગતિ માટે તેમાં કોઈ જોગવાઈ હોતી નથી. આવી વ્યવસ્થામાં માનવાનું કોઈ મૂલ્ય કે ગૌરવ હોતું નથી. આ શાસન વ્યવસ્થા અસ્થિર અને પ્રગતિને હંમેશાં અવરોધક હોય છે. કોઈ પણ માનવસુખ માટે આ વ્યવસ્થા આવકાર્ય નથી.

જે વ્યવસ્થામાં માનવનો વિકાસ શક્ય હોય તે વ્યવસ્થા ઘણી પ્રગતિ કરી શકે છે. જ્યાં માનવ અધિકારોની જોગવાઈ હોય ત્યાં આવી વ્યવસ્થા શક્ય બને છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈન્ડોનેશિયા અને પોર્ટુગલ જેવા દેશોમાં માનવ અધિકારો ઘણા ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેથી આ શાસન વ્યવસ્થામાં વિકાસ મંદ પડી જાય છે. અને થોડા થોડા સમયે અંધાધૂંધી જોવા મળે છે. આમ, માનવ અધિકારોનું કાર્યાત્મક મહત્ત્વ ઘણું છે, જે નીચે પ્રમાણે છેઃ

### 5.2.1 સમાજમાં પ્રગતિ :

માનવ અધિકારોનો સંતોષ સમાજમાં સમૃદ્ધિની ખાતરી આપે છે. તેમજ આર્થિક તકો અને સમાનતા નાગરિકોમાં વધુ ઉપાર્જન માટેને ઝંખના જગાડે છે. અને તેઓ વધુ ઉત્પાદક બને છે. આનું સીધું પરિણામ સમાજની પ્રગતિમાં વૃદ્ધિ કરે છે.

### 5.2.2 નબળા વર્ગોની દરકાર અને કાળજી :

સમાજના સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોને શિક્ષણ, રોજગારી અને ગતિશીલતા પૂરી પાડે છે. અને તેમની દરકાર કરે છે તેમજ જાહેર સેવાઓના ભોગવટામાં સમાનતા અને જાહેર નોકરીઓમાં પ્રવેશ બાબતે નબળાવર્ગોને ગતિશીલતા માટે શક્તિમાન બનાવે છે.

### 5.2.3 ભાઈચારો અને સંવાદિતા :

અંતરાત્માનું સ્વાતંત્ર્ય અને ધર્મનું સ્વાતંત્ર્ય લઘુમતીઓને તેમની શિક્ષણ સંસ્થા સ્થાપવાનો અને વહીવટ કરવાનો અધિકાર તેમજ અન્ય અધિકારો લઘુમતીઓને બહુમતી લોકો સાથે સુમેળથી રહેવામાં તેમજ સુખચેનથી જીવવામાં સહાયક બને છે. આમ, માનવ અધિકારો કોમી સદ્‌ભાવ, ભાઈચારો અને સંવાદિતા સર્જવામાં મદદરૂપ બને છે.

### 5.2.4 ભેદભાવ તથા શોષણ સામે રક્ષણ

*આર્થિક સમાનતા સમાજમાં ઉચિત અને અનૂકુળ સંબંધો પ્રસ્થાપિત કરે છે. આર્થિક અસમાનતા અને ભેદભાવ તથા શોષણ એ અસંતોષનું મૂળભૂત કારણ બને છે અને તે હિસાનું પણ કારણ બને છે. પરિણામે સમાજની શાંતિમાં વિક્ષેપ ઊભો થાય છે અને તે આર્થિક પ્રગતિને મંદ પાડે છે. અલબત્ત, માનવ અધિકારો દ્વારા વંચિતો અને લઘુમતીઓની સંભાળ લેવાય છે. જ્યાં સુધી સમાજમાં શાંતિ જળવાય છે, ત્યાં સુધી લોકોની પ્રવૃત્તિઓમાં હસ્તક્ષેપ કરવાનો રાજ્ય માટે કોઈ અવકાશ રહેતો નથી. શાંતિમય પરિસ્થિતમાં લોકો તેમના મૂળભૂત સ્વાતંત્ર્યો ભોગવે છે. આ રીતે માનવ અધિકારો સમાજમાં શાંતિ અને સંવાદિતા જાળવવામાં મહત્ત્વનું કાર્ય કરે છે.*

## 5.3 માનવ અધિકારોનું સ્વરૂપ

*માનવ અધિકારોનો સ્વીકાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણે થયો છે. કેટલાક તત્ત્વચિંતકોએ માનવ અધિકારોને દૈવી, તો કેટલાક નૈતિક તો કેટલાક ચિંતકોએ તેને કાનૂની સ્વરૂપનાં ગણે છે. તેની સ્વીકૃતિ અંગે પણ જુદાં જુદાં મંતવ્યો પ્રવર્તે છે. જેમકે, કેટલાકના મતે માનવ અધિકારોનો સ્વીકાર રિવાજથી તો કેટલાકના મતે તેનો સ્વીકાર સામાજિક કરારથી અથવા ન્યાયના ધોરણેથી કરાયેલ છે. આવી કેટલીક બાબતો હોવા છતાં માનવ અધિકારોના સ્વરૂપ બાબતે નીચેનાં ધોરણો સર્વસ્વીકૃત થયેલાં છે.*

### 5.3.1 રાજ્ય સત્તા પર નિયંત્રણ

*માનવ અધિકારો રાજ્યસત્તા પર નિયંત્રણ મૂકે છે. સામૂહિક વિકાસની પ્રક્રિયા માટેનાં તે સ્વીકૃત ધોરણો છે. પરસ્પર સન્માન અને સહિષ્ણુતા તેના પાયામાં છે.*

### 5.3.2 કાનૂની તેમજ નૈતિક અધિકારો

*માનવ અધિકારો કેટલીક ન્યાયી અને કેટલીક અપેક્ષિત બાબતોને સ્વીકારે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેનું સ્વરૂપ કેટલાક અંશે કાનૂની તો કેટલાક અંશે નૈતિક છે. એટલે કે તેમાં કાનૂની તેમજ નૈતિક અધિકારોનો સમાવેશ થાય છે. એટલે કે કાનૂની રીતે જે સ્વીકારાયેલા ન હોય તેવા કેટલાક નૈતિક અધિકારો માનવ અધિકારોમાં સમાવિષ્ટ છે.*

### 5.3.3 સર્વવ્યાપી સ્વરૂપ

*માનવ અધિકારોનું સ્વરૂપ સર્વવ્યાપી  છે, કારણ કે દરેકે દરેક માનવને આ અધિકારો પ્રાપ્ય છે. કેટલાક વર્ગને વિશેષાધિકારો મળતા હોવા છતાં દરેક માનવને આ અધિકારો મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો પૃથ્વી પર વસતા દરેક માનવને કોઈ પણ જાતના ભેદભાવ કે ગુણદોષ વગર આ માનવ અધિકારો મળે છે.*

## 5.3.4 આંતરસંબંધ

*માનવ અધિકારોને આંતરસંબંધ છે, એટલે કે કોઈ પણ વ્યક્તિ કે વર્ગને મળતા માનવ અધિકારોથી બીજી વ્યક્તિ કે વર્ગના કેટલાક અધિકારો પર નિયંત્રણ મુકાય છે. કારણ કે માનવ અધિકારોનો ઉદ્દેશ સમાન હિત સાધવાનો છે. તેથી આવો આંતરસંબંધ સ્વાભાવિક છે.*

## 5.3.5. જીવનવિકાસ

*માનવ અધિકારો મૂળભૂત છે. કેટલાક વિદ્વાનો માનવ અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય અને સમાનતાના અધિકારોનો જ સમાવેશ કરે છે. એટલે કે આ અધિકારો માત્ર જરૂરિયાતો પૂરી કરવા માટેના નથી, પરંતુ જીવન વિકાસ માટેનાં મહત્ત્વનાં કાર્ય માટે છે.*

## 5.4 માનવ અધિકારોને અવરોધતાં પરિબળો

*વિદ્યાર્થીમિત્રો, માનવ અધિકારો માનવના જન્મ લેતાંની સાથે જ મળેલા મૂળભૂત શાશ્વત અને આવશ્યક લઘુતમ અને પૂર્ણ અધિકારો છે અને જેને આંતરરાષ્ટ્રીય ધોરણે સ્વીકૃતિ મળેલી છે. દેશના સર્વોચ્ચ કાનૂન એટલે કે બંધારણમાં પણ સ્વીકારાયેલા છે. જેના બંધારણીય ઉપચારો પ્રાપ્ત છે. આટલું પણ ઓછું હોય તેમ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, માનવ અધિકાર પંચો અસ્તિત્વ ધરાવે છે. વળી, વિશેષ જૂથો જેવાંકે, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, દલિતો, શરણાર્થીઓ વગેરે માટે એક નિરંતર પ્રક્રિયાની જેમ ઉચ્ચત્તર ન્યાયાલયો તેના ચુકાદાઓ તથા સંસદમાં મુકાતા નવા ખરડાઓની હારમાળા ચાલું રહે છે. તેમ છતાં સમગ્ર પ્રક્રિયાઓની વચ્ચે માનવ અધિકારોને અવરોધતાં પરિબળો પણ ભાગ ભજવે છે. જે નીચે પ્રમાણે છેઃ*

## 5.4.1 માનવ અધિકારો અંગે કાનૂની જાગૃતિનો અભાવ

*માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા આંતરરાષ્ટ્રીય ધોરણે 1948માં થઈ. ભારતના બંધારણની સ્વીકૃતિ બાબતે જોતા મૂળભૂત અધિકારોની પ્રાપ્તિ થઈ તથા માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993માં અમલમાં આવ્યો. આ પરિસ્થિતિ હોવા છતાં તદ્દન નિરક્ષક નાગરિકોને બાદ કરતાં તથા કાનૂની શાખાના જ્ઞાતાઓ, જેવા કે ન્યાયાધીશો, વકીલો તથા કાયદો ભણાવતા પ્રાધ્યાપકોને બાદ કરતાં તમામ શિક્ષિતો, જેમાં ડોક્ટર્સ, એન્જિનિયર્સ, વૈજ્ઞાનિકો, ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ, આર્કિટેક્ચર, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ વગેરે પોતે માનવ હોવા છતાં પોતાના અધિકારો અંગે તેમની પાસે માહિતી હોતી નથી. તથા પોતે જેઓના માનવ અધિકારોનું સંરક્ષણ કરવાનું છે, તેવા તેમના આશ્રિતો એવાં બાળકો, વૃદ્ધ માતા-પિતા, સહકર્મચારીઓ વગેરેના અધિકારોથી પ્રાથમિક રીતે પણ વાકેફ હોતા નથી. બીજી બાજુ નિરક્ષર માનવીતો સદંતર*

અંધકારમાં અટવાય છે. માનવ અધિકારોનો જાણકાર વર્ગ તેનો અર્થોપાર્જનમાં ઉપયોગ કરવામાં વ્યસ્ત છે.

ઘણી ગંભીર અને ગહન બાબત એ છે કે, માનવ અધિકારો જે અમલ કરનાર અને અમલ કરાવનાર જેવાકે, પોલીસ કર્મચારીઓ, ન્યાયતંત્રના વડાઓ, વકીલો વગેરે જોઈએ તેટલા પ્રમાણમાં જાણકાર, સભાન કે જાગૃત નથી. આ કાનૂની પ્રાથમિક જ્ઞાનનો અભાવ નિરંતરપણે માનવ અધિકારોના હનનનું કારણ બન્યા કરે છે. આ જ અજ્ઞાનતા અને ઉદાસીનતા માનવ અધિકારોને અવરોધતું મુખ્ય પરિબળ છે.

### 5.4.2 સત્તાધીશો અને વહીવટકર્તાઓનું નકારાત્મક વલણ :

ઈ.સ. 1215માં **મેગ્નાકાર્ટાની** વાત હોય, **ઈ.સ. 1689માં** બિલ ઑફ રાઈટ્સની વાત હોય, **ઈ.સ. 1776**માં અમેરિકાની **સ્વાતંત્ર્ય ઘોષણાની વાત હોય, ઈ.સ. 1789માં ફ્રાન્સની ક્રાંતિની વાત હોય,** પવિત્ર કુરાનમાં જણાવેલા મજૂરોના વેતનની વાત હોય, મનુસ્મૃતિમાં લખાયેલ રાજાઓ અને સૈનિકોની ફરજની વાત હોય, ચાણક્યના અર્થશાસ્ત્રમાં લખાયેલા કેદખાનાના નિયમોની વાતો હોય, મહાભારતમાં શાસકોની ફરજો નક્કી કરવાની વાત હોય અથવા પવિત્ર બાઈબલમાં ન્યાયાધીશોની નક્કી કરાયેલી ફરજોની વાત હોય અથવા પ્રભુ ઈસુએ સૈનિકની સત્તાની મર્યાદાની વાત કરી હોય તેવી તમામ વાતો સીધી, આડકતરી રીતે સત્તાધીશો અને વહીવટકર્તાઓની એકહથ્થું, મનસ્વી, પ્રસ્થાપિત કાર્ય તથા ન્યાય પ્રણાલીના ભંગની બાબતોને પ્રતિબંધિત કરે છે. સત્તાધીશો અને વહીવટકર્તાઓને માનવ અધિકારોની બાબતો એક યા બીજી રીતે તેમના કામમાં દખલગીરી કરતી હોય, તેમણે રોકતી હોય તથા પ્રતિરોધ કરતી હોય તેવું સતત લાગ્યા કરે છે અને તેથી તેઓ માનવ અધિકારોના વિરુદ્ધનું નકારાત્મક વલણ ધરાવે છે. તેઓ મોટા ભાગે માનવ અધિકારોના સતત વિરોધ કરતા રહે છે. અલબત્ત, આવા સત્તાધીશો અને વહીવટકર્તાઓ પોતાના અંગત અધિકારોના વિરોધી તરીકે જ કામગીરી કરે છે. જે માનવ અધિકારોને અવરોધતો મોટો પડકાર છે.

### 5.4.3 રાજકીય પ્રશ્નો દ્વારા માનવ અધિકારોનો દુરુપયોગ :

દરેક રાજ્યમાં કે શહેરમાં શાસક પક્ષની ટીકા કરવા માટે વિરોધપક્ષ દ્વારા નીતિ વિષયક બાબતે કાયદાકીય બાબતે, વહીવટી બાબતે જાણી જોઈ, સમજીવિચારી સુયોજિત રીતે માનવ અધિકારો બાબતે રાજકારણ ઊભું કરવામાં આવે છે અને શાસક પક્ષને બદનામ કરવા માટે માનવ અધિકારોના નામે ધરણાં, સૂત્રોચ્ચાર, નિવેદનબાજી, આક્ષેપબાજી કરીને પ્રજાનું ધ્યાન ખેંચવાનું અથવા સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઘણા ખરા કિસ્સામાં અજ્ઞાત પ્રજાજનો છેતરાય છે. અથવા માનવ અધિકારોને વગોવે છે. ધાર્મિક બાબતો, પ્રાંતવાદની બાબતો, પોલીસ અત્યાચાર અને એનકાઉન્ટરની બાબતો હોય ત્યારે 'માનવ અધિકારો' ને ટેનિસ કોર્ટમાં રેકેટ વડે ફંગોળાતા દડાની જેમ

*ઉછાળવામાં આવે છે, અને પછાડવામાં આવે છે. આવી બાબતોનો લાભ મેળવીને ખુરશી મેળવનારા અને ગુમાવનારા  કામ પત્યા પછી પણ માનવ અધિકારોને વગોવતા જ રહે છે.*

*રાજકીય પક્ષોની જેમ સ્થાપિત હિતો, ઉદ્યોગપતિઓ, યુનિયનોના વડાઓ, પત્રકારો, કહેવાતા રાજકીય કાર્યકરો, સમાજના ઉદ્ધારકો પોતાનું ધાર્યું ન થાય તે સમયે માનવ અધિકારોની બાબતોનો દુરુપયોગ કરે છે. જેથી માનવ અધિકાર શબ્દ વગોવાયા કરે છે.*

### 5.4.4 માનવ અધિકારોના નામે પીડિતોને થતાં નુકસાન

*માનવ અધિકારોના કાયદાઓ, સંરક્ષણના નિયમો, અધિનિયમો, ઉચ્ચત્તમ ન્યાયાલયો અને તેના ચુકાદાઓ વગેરે તમામ પ્રાવધાનોમાં અને પરિણામોમાં તહોમતદારો, કેદીઓ, અટકાયતીઓના માનવ અધિકારોનું ઘંટારવ ગુંજ્યા કરે છે. જેના ઘોંઘાટમાં પીડિતોના અધિકારો સંભળાતા નથી અને વિસરાઈ જાય છે. પીડિત પક્ષકારોને કારણે જ સમગ્ર પોલીસતંત્ર, ન્યાયતંત્ર, જેલતંત્ર ગતિશીલ બને છે. કાર્યશીલ થાય છે, તેમ છતાં સમગ્ર પ્રણાલી અને કાર્યપદ્ધતિના કારણે વહીવટીતંત્ર તહોમતદારના લાભમાં વર્તતા હોય તેવું પીડિતજન તથા પ્રજાજનને જણાય છે. ન્યાય માંગનાર ભૂલી જાય છે, તેની ન્યાયની માંગણી તેની રજૂઆતો માત્ર સરકારી વકીલ જ કરી શકે છે. ઘણા કિસ્સાઓમાં અંગત વકીલ રોકવાનું પણ પીડિતને પોષાતું નથી. ખૂબ ગૌરવપૂર્વક જણાવાય છે કે* 99 *ગુનેગારો છૂટી જાય તો ચાલે પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. આ બધી બાબતોના લીધે પીડિતો ન્યાયથી વંચિત રહે છે.*

*બળાત્કારના કેસો હોય કે દલિત પરના અત્યાચારના કેસો હોય નામદાર સુપ્રીમ કોર્ટ વારંવાર ચિંતા વ્યક્ત કરે છે કે ગુનેગાર ઠરાવવા અને સજા કરવાનો દર* (Conviction Rate) *ઘણો ઓછો એટલે કે* 4*થી* 5 *ટકા જ હોય છે. જે તપાસ કરનાર પોલીસતંત્ર સામે, ટ્રાયલ ચલાવનાર ન્યાયતંત્ર સામે અને છેલ્લે ફરિયાદ કરનાર પીડિત પક્ષકાર સામે શંકાની સોય ચિંધાય છે. એટલે કે બીજા શબ્દોમા કહીએ તો માનવ અધિકારોના નામે કામ કરનારા તમામ લોકોનું લક્ષ્યબિંદુ એક યા બીજી રીતે ગુનેગારો અને તહોમતદારો હોય છે. જેના કારણે પીડિતો અને માનવ અધિકારોના ભંગનો ભોગ બનનારાઓને ઝડપી, સાચો, ખરો, પૂરતો ન્યાય મળતો નથી અને તેથી આવા પીડિતો તેમજ પ્રજાનો પણ માનવ અધિકારો તથા કાયદા ઉપરથી વિશ્વાસ ઊઠી જાય છે.*

### 5.4.5 માનવ અધિકારોના વ્યાવસાયિકો દ્વારા થતો દુરુપયોગ :

*માનવ અધિકારોની બાબતોને પૂર્ણ સમયનો ધંધો-રોજગાર બનાવી દેનારા અને માનવ અધિકારોમાંથી પેટિયું રળીને આજીવિકા કમાનારા લોકો પણ આપણા સમાજમાં છે. આવા માનવ અધિકારોની હાટડી ચલાવનારા વ્યાવસાયિકો માનવ અધિકારોના ભંગની બાબતો અથવા જાળવણી બાબતોને ઘણી વાર અંગત સ્વાર્થ માટે ‘કાગનો વાઘ’*

*કરતા રહે છે તથા નિમ્ન કક્ષાએ જઈને કાર્યવાહી કરે છે. આવા લોકોને કારણે માનવ અધિકારોને બદનામ કરવામાં આવે છે. આવા માનવ અધિકારોની વાતોના વેપારમાં પડેલા કહેવાતા કર્મશીલો મોટા ગુનેગારો, સંગઠિત અપરાધીઓ, રાજકીય પક્ષો, મલ્ટિનેશનલ કંપનીઓ, સંસ્થાનવાદીઓ, ધાર્મિક સંગઠનો, વિદેશી સત્તાધીશો વગેરે દ્વારા સાધનો તરીકે ઉપયોગમાં લેવાય છે. વાતાનુકૂલિત પંચતારક હોટલોમાં પારકા પૈસે પરમાનંદ કરી સમાજના નીચલા વર્ગના અને પીડિતો, દલિતોના ઉદ્ધારક હોવાનો દેખાવ કરનારા માનવ અધિકારોના પ્રચંડ અને પ્રખર દુશ્મનો છે. જે માનવ અધિકારો માટે મોટો પડકાર છે. વળી, જેઓને માનવ અધિકારો પ્રાથમિક સંદર્ભ જેવી કે વ્યાખ્યા, સ્વરૂપ, સંદર્ભ પ્રકારો, નિયમો, વહીવટી તંત્ર, વિશે સામાન્ય જ્ઞાન સુધ્ધાં હોતું નથી. તેમ છતાં નિષ્ણાંતની જેમ સમાજમાં વર્તતા હોય છે. માનવ અધિકારોની બાબતનું પોતાને અનૂકુળ એવું અર્થઘટન કરાતું હોય છે, જે હાનિકારક સાબિત થાય છે. આવાં તત્ત્વો માનવ અધિકાર સામે પ્રચંડ પડકાર છે.*

### 5.4.6 માનવ અધિકારો- એક વિકસતો ખ્યાલ

*માનવ અધિકારોની ચર્ચા અને તેના સંદર્ભો અને તેના ખ્યાલો વૈદિકકાળથી, પવિત્ર બાઈબલના સમયથી, પવિત્ર કુરાનના સમયથી એક યા બીજા સ્વરૂપે ધર્મશાસ્ત્રના આદેશોના સ્વરૂપમાં, નીતિશાસ્ત્રના નિયમોનાં સ્વરૂપમાં, શાસકો અને ન્યાયાધીશોની ફરજોના સ્વરૂપમાં વારંવાર મનુષ્ય જાતિઓ પર લાદવામાં આવેલા છે. વર્તમાન યુગમાં તેને માનવ અધિકારોની આંતરરાષ્ટ્રીય ઘોષણા દ્વારા, વિવિધ સંધિઓ દ્વારા, બંધારણની જોગવાઈઓ દ્વારા, માનવ સંરક્ષણ અધિનિયમ જેવા કાનૂનો દ્વારા વારંવાર ઘોષિત કરવામાં આવે છે. તેમ છતાં માનવ અધિકારો અંગેની વ્યાખ્યા, તેના સ્વરૂપ, તેના અમલીકરણ માટેની જોગવાઈઓ તેમજ તેના અર્થઘટન બાબતે મતમતાંતરો પ્રવર્તે છે. સમગ્ર હાથીને નહિ જોઈ શકનારા પ્રજ્ઞાચક્ષુઓ જેમ હાથીના અંગ-ઉપાંગોનું અલગ અલગ વર્ણન કરે છે, તેવું માનવ અધિકારોની બાબતમાં પણ થતું જોવા મળે છે.*

*ઈંગ્લેન્ડની લોકશાહી આશરે ચારસો પચાસ વર્ષોથી વધુ જૂની હોઈ ત્યાંના નાગરિકોનાં લોહીમાં વંશપરંપરાગત રીતે આનુવંશિક ગુણ તરીકે તે પ્રવર્તે છે. અમેરિકન નાગરિકોએ કદાચ અઢીસો વર્ષોથી લોકશાહી અમલમાં મૂકી છે. જ્યારે ભારતમાં આશરે સિત્તેર વર્ષ જૂની લોકશાહી નાગરિકો પચાવીને સમજી શક્યા નથી. અને તેની ઘણી મર્યાદાઓ ગેરફાયદાઓથી પીડિત છે. આમ લોકશાહીના ઉદાહરણને માનવ અધિકારોની બાબતના ઉદાહરણમાં તબદિલ કરીએ તો માનવ અધિકારોની બાબતો એક વિકસતો ખ્યાલ અને સંદર્ભ છે, જે પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં અમીબા જેમ જુદાં જુદાં સ્વરૂપો બદલે તેમ લોકો પોતાના ફાવતા આકારોમાં પરિવર્તિત કરે છે. જ્યારે લાભ લેવો હોય ત્યારે તેનું અર્થઘટન જુદું અને જ્યારે લાભ આપવાનો હોય ત્યારે તેનું અર્થઘટન જુદું કરવામાં આવે છે. સેમિનારોમાં અને કાનૂની જાગૃતિ શિબિરોમાં આંતકવાદીઓને માણસો*

*ગણવા કે ન ગણવા તેને માનવ અધિકારો આપવા કે ન આપવા, ગુનેગારોના એનકાઉન્ટરોને સાચા ઠેરવવા કે ન ઠેરવવા તેવા અત્યંત સંવેદનશીલ પ્રશ્નો, ઊંડું જ્ઞાન અને તજજ્ઞતા માગી લે તેવા હોવા છતાં તે પ્રશ્નોની ચર્ચા માનવ અધિકારોનું પ્રાથમિક જ્ઞાન ન ધરાવતા માણસો તજજ્ઞની કક્ષાએ પહોંચીને કરતા હોય છે. આ સમગ્ર બાબત સામાન્ય પ્રજાને માનવ અધિકારોના ખ્યાલો અંગે વિમાસણમાં મૂકી દે છે, જે માનવ અધિકારો સામે મોટો પડકાર છે.*

### 5.4.7 સામાજિક રૂઢિઓ

*માનવ અધિકારોના ભંગમાં સામાજિક રૂઢિઓ સહાયક પરિબળ બને છે. ભારતીય સમાજમાં પરંપરાથી ચાલી આવતી સામાજિક રૂઢિઓનો હજું ઘણો પ્રભાવ છે. સદીઓ જૂના જ્ઞાતિ પૂર્વગ્રહો અને લૈંગિક પૂર્વગ્રહોનાં મૂળ ઘણાં ઊંડાં છે. જ્ઞાતિ ભેદભાવ અને લૈંગિક ભેદભાવ હજી ટકી રહ્યા છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અને આર્થિક રીતે પછાત લોકો જ્યારે તેમના અધિકારોનો દાવો કરે છે ત્યારે તેઓને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ અને સમૃદ્ધ લોકોના રોષનો ભોગ બનવું પડે છે. અમુક જ્ઞાતિઓને સમૃદ્ધ લોકોના રોષનો ભોગ બનવું પડે છે. અમુક જ્ઞાતિઓ પરના અત્યાચારો, આદિવાસીઓ પરના અત્યાચારો માનવ અધિકારોના ભંગના કિસ્સા છે. કુટુંબમાં સ્ત્રીઓ સમાનતા અને સ્વતંત્રતાનો દાવો કરે છે ત્યારે ક્યાંક અત્યાચારનો પણ ભોગ બને છે. કૌટુંબિક હિંસાના કિસ્સામાં પણ સામાજિક રૂઢિઓ અગત્યનું કારણ હોય છે. દહેજ, સ્ત્રીભૃણ હત્યા, છોકરા-છોકરીના ભેદભાવ, બાળલગ્ન, સ્ત્રીના મિલકત અધિકારોની અવગણના, સ્ત્રીની કમાણી પર પુરુષનો અધિકાર, સ્ત્રી-પુરુષના વેતનમાં ભેદભાવ, પરદાપ્રથા વગેરે પરંપરાઓ ટકી રહી છે. આથી સામાજિક રૂઢિઓના આચરણથી માનવ અધિકાર ભંગના અસંખ્ય કિસ્સા બને છે.*

### 5.4.8 ગરીબી

*ભારતમાં વ્યાપક ગરીબી છે. અસ્તિત્વ માટેના સંઘર્ષમાં જીવતા ગરીબ લોકોની દૃષ્ટિએ માનવ અધિકારોના ઘણા સિદ્ધાંતો અવ્યવહારુ અને નિરર્થક બની રહે છે. રોજગારીની જ્યાં તંગી હોય ત્યાં લઘુતમ વેતનો, બાળમજૂરીની નાબૂદી, બંધવા મજૂરીની નાબૂદી વગેરેનો આગ્રહ રાખવો તે ગરીબ અને બેરોજગાર લોકો માટે અવરોધરૂપ બને છે. ગરીબ માણસ માટે તેનું બાળક થોડી કમાણી કરી કુટુંબના ભરણપોષણમા સહાયક બનતું હોય ત્યાં બાળમજૂરી અટકાયત કે નાબૂદી ગરીબોની મુશ્કેલીમાં ઉમેરો કરે છે. ગરીબ માણસ સાર્વત્રિક શિક્ષણ અને બાળમજૂરીની નાબૂદી કે અટકાયતમાં માનવમૂલ્ય જોઈ શકવા શક્તિમાન નથી. આમ, ગરીબી માનવ અધિકારોના ભંગમાં સહાય કરે છે. અને શોષકોને સહયોગ આપીને પોતે શોષણનો ભોગ બને છે. બીજી રીતે કહીએ તો ગરીબી ગુનેગાર અને ગુનાખોરીને ઉત્તેજન આપે છે. આથી આવા લોકોનું આર્થિક સશક્તિકરણ જ તેઓને માનવ અધિકારો ભોગવવા સમર્થ બનાવી શકે.*

### 5.4.9 નિરક્ષરતા :-

*નિરક્ષરતા માનવ અધિકારોમાં રહેલી માનવતાવાદી અને સમાજવાદી સિદ્ધાંતોની યોગ્ય કદર કરતાં અટકાવે છે. નિરક્ષરતા અધિકારો પ્રત્યે જાગૃત બનાવવામાં અવરોધક બને છે. સામાજિક જાગૃતિનો અભાવ લોકોને તેમના અધિકારો ભોગવતા અટકાવે છે. વ્યાપક નિરક્ષરતા મીડિયા દ્વારા થતા જાગૃતિ સર્જવાના પ્રયત્નોને બહુ ફળદાયી બનવા દેતા નથી. માનવ અધિકારોનો ભંગ કરવો સહેલું બને છે. આમ, નિરક્ષરતા અને તેની સાથે સંકળાયેલી અધિકારો અંગેની અજ્ઞાનતા માનવ અધિકારોનાં ભંગમાં સહાયક પરિબળ બની રહે છે.*

### 5.4.10 જટિલ અને ભારેખમ કાનૂની પ્રક્રિયા

*ન્યાય મેળવવા માટેની કાનૂની પ્રક્રિયા અતિ જટિલ અને ભારેખમ હોવાનો નિષ્ણાંતોનો મત છે. માનવ અધિકારોના ભંગનો ભોગ બનેલ ઝડપી ન્યાય મેળવવા અશક્ત હોય છે. તેઓ કાયદો અને કાયદાતંત્ર, ન્યાયતંત્ર અને માનવ અધિકારોમાથી શ્રદ્ધા ગુમાવી બેસે તેવી સ્થિતિ હોય છે. વિલંબિત ન્યાય, ન્યાયનો ઈનકાર કરવા સમાન છે. સ્થાપિત હિતો કાનૂની પ્રક્રિયામાં વિલંબ પેદા કરવા પ્રયત્ન કરે છે. આથી કાનૂની પ્રક્રિયાઓનો મૂળ હેતુ માર્યા જાય છે.*

### 5.4.11 ઝડપી વિકાસની ઝંખનાઃ

*છેવાડાના લોકોના અધિકારોની વર્ષો સુધી અવગણના થતી રહી છે. હવે વિકાસ પ્રક્રિયામાં તેઓમાં ઝડપી વિકાસ સાધવાની ઝંખના જાગી છે. તેઓમાં ધૈર્ય ખૂટી ગયું છે અથવા તો તેઓમાં અધીરાઈ આવી છે. આવી માનસિકતા હિંસક ચળવળના ઉદ્ભવ માટે અનુકૂળ પરિસ્થિતિ પેદા કરે છે. વિકાસ પ્રક્રિયામાં ઘણા પછાત સમુદાયોની ઓળખ ધારદાર બની છે. સ્થાપિત હિતો તેનો ઉપયોગ લાભ મેળવવા માટે અને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે કરે છે. આવા સંજોગોમાં હિંસક ચળવળ થાય છે ત્યારે તેને બળપૂર્વક દાબી દેવાના પ્રયાસો પણ થાય છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણીનો આવો પ્રયાસ કેટલીકવાર માનવ અધિકારોના ભંગમા પરિણમે છે.*

### 5.4.12 વિકાસનાં પગલાં :

*ભારત વિકસતો દેશ છે.વિકસતા દેશ તરીકે મોટા ઉદ્યોગો સ્થપાય છે. વિદ્યુત મથકો સ્થપાય છે, સિંચાઈ અને વિદ્યુત માટે બંધો બંધાય છે. નવાં નગરોનું નિર્માણ થાય છે. આવા નિર્માણકાર્યના સ્થળે વસવાટ કરતાં લોકોનું વિસ્થાપન અનિવાર્ય બની જાય છે. વિસ્થાપિતોનું પુનર્વસન ન થાય ત્યાં સુધી તેમના માનવ અધિકારો વાસ્તવમાં સ્થગિત થઈ જવા પામે છે અથવા તેનો ભંગ થવા પામે છે. વિસ્થાપિતોનાં રહેઠાણ, આજીવિકા,*

*બાળકોનું શિક્ષણ, સામુદાયિક જીવન એમ સમગ્ર જીવન ઉપર વિપરીત અસરો થવા પામે છે. તેમાં એક યા બીજી રીતે માનવ અધિકારોનો ભંગ થવા પામે છે.*

### 5.4.13 ઉપભોગતાવાદ :-

*વિકાસ પ્રક્રિયામાં કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રો દ્વારા ભૌતિક સંપત્તિનું સર્જન, વિપુલતા અને સમૃદ્ધિ વધતી જાય છે. આ સંપતિ અને સમૃદ્ધિનું વિતરણ અસમાન રીતે થાય છે. એ જ રીતે રાજકીય સત્તાની વહેંચણી અસમાન રીતે થાય છે. આર્થિક અને રાજકીય અસમાનતા અસંતોષનું કારણ બને છે. ગરીબ અને અમીર, શોષક અને શોષિત જેવા ભેદ વધતાં જાય છે. અને વિકાસ પ્રક્રિયામાં માણસ ઉપભોક્તાવાદી અને સ્વકેન્દ્રી બને છે. બીજાના ભોગે સત્તા અને સંપત્તિ મેળવવી આ લોકોના જીવનની એક રીત બની જાય છે. પરિણામે માનવ અધિકારોના ભંગની ઘટમાળ ચાલ્યા કરે છે. રાજકીય ખૂન, રાજકીય હિંસા, ઊંચા દહેજની માંગણી, દહેજ મૃત્યુ, બળાત્કાર, ખૂન, અપહરણ, આર્થિક શોષણ, ભ્રષ્ટાચાર વગેરેમાં ઉપભોક્તાવાદ એક મહત્ત્વના પરિબળ તરીકે ભાગ ભજવે છે.*

### 5.4.14 ગેરમૂલ્યો

*વર્તમાન સમયમાં વિકાસની પ્રક્રિયામાં ઉપભોક્તાવાદી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ ગેરમૂલ્યોનું પ્રમાણ વધ્યું છે. અને તે આધુનિક ગણાતી જીવનશૈલીનું એક અંગ બન્યું છે. ભ્રષ્ટાચાર, અપ્રામાણિકતા, છેતરપિંડી, વિશ્વાસઘાત, બીજાના અધિકારનો અનાદર, શોષણ, અન્યાય, બેવફાઈ, અસહિષ્ણુતા અધીરાઈ વગેરે ગેરમૂલ્યો છે. સમાજમાં આવાં ગેરમૂલ્યોનો પ્રભાવ વધતો જાય છે. ગેરમૂલ્યોના પ્રભાવ હેઠળ સમાજમાં ઘણા લોકોના માનવ અધિકારોનો ભંગ થવા પામે છે. દહેજ મૃત્યુ, દહેજ માટે સતામણી, અત્યાચાર, ખૂન, બળાત્કાર, ઘરેલું હિંસા, ક્રૂરતા, ભેળસેળ, શોષણ, અપહરણ વગેરે સ્વરૂપના માનવ અધિકારોના ભંગના બનાવો પાછળ ગેરમૂલ્યો મહત્ત્વનો ભાગ ભજવે છે.*

## 5.5 ઉપસંહાર

*માનવ અધિકારનો પ્રશ્ન માત્ર માનવ સુખ કે પ્રગતિની દૃષ્ટિથી માપવાનો નથી, પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રની સ્થિરતા અને પ્રગતિ તેમાં સમાયેલી છે. જે વ્યવસ્થામાં માનવ અધિકારો માન્ય કરાયા ન હોય તે વ્યવસ્થા આપખુદી અને માત્ર કાયદા વિરુદ્ધની જ નથી, પરંતુ જે તે સમાજ કે રાષ્ટ્ર માટે પણ આત્મઘાતક છે.*

*ભારતે બતાવી આપ્યું છે કે એક વિક્સતો દેશ તેના નાગરિકોના માનવ અધિકારો માટે ઘણો રસ દાખવી શકે છે. માનવ અધિકાર સંરક્ષણ ધારો અને તેના અમલ માટે સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ, રાજ્ય માનવ અધિકાર પંચો તેમજ સ્વૈચ્છિક સંગઠનો માનવ અધિકારોને વાસ્તવિક બનાવવામાં સક્રિય ભૂમિકા ભજવે છે. એક બાજુ આવી સક્રિય ભૂમિકાઓ અને બીજી બાજુ માનવ અધિકારોના ભંગ તરફ દોરી જતાં અવરોધક પરિબળો જેમ જેમ હળવાં બનતાં જશે, નિયંત્રિત થતાં જશે તેમ તેમ*

*ભારતમા બધા લોકો તેમના માનવ અધિકારો ભોગવતા થશે, તેવી આશા રાખી શકાય તેમ છે.*

## 5.6 ચાવીરૂપ શબ્દો

1. *પંચ – કમિશન, આયોગ*
2. *હકુમત – અધિકાર ક્ષેત્રે, એ ક્ષેત્ર કે જેના પર કાનૂની અધિકાર / સત્તા પ્રાપ્ત થાય છે.*
3. *માનવ અધિકારો – બંધારણ દ્વારા વ્યક્તિને બક્ષવામાં આવેલા જિંદગી, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવને લગતા અધિકારો.*
4. *સંરક્ષણ – રક્ષણ પૂરું પાડતો.*

## 5.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો.**

**1. માનવ અધિકારના મહત્ત્વના કુલ કેટલા પ્રકારો છે?**

(A) 4
(B) 3
(C) 2
(D) 1

**2. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકારોની જાગૃતિ .................. વિશ્વયુદ્ધ પછી જોવા મળે છે ?**

(A) *પહેલા વિશ્વયુદ્ધ પછી*
(B) *બીજા વિશ્વયુદ્ધ પછી*
(C) *પહેલા વિશ્વયુદ્ધ પહેલાં*
(D) *બીજા વિશ્વયુદ્ધ પહેલાં*

**3.નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

(A) *માનવ અધિકારોનો સ્વીકાર ગ્રામ્ય કક્ષાના ધોરણે થયો છે.*
(B) *માનવ અધિકારો સ્વીકાર રાષ્ટ્રીય ધોરણે થયો છે.*
(C) *માનવ અધિકારોનો સ્વીકાર આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ધોરણે થયો છે.*
(D) *ઉપરોક્તમાંથી એક પણ નહિ.*

**4.માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા કઈ સાલમાં કરવામાં આવી ?**

(A)1947
(B) 1946
(C) 1950
(D) 1948

**5.માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો?**

(A) 1994
(B) 1947
(C) 1993
(D) 1995

**6.મેગ્નાકાર્ટા કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યા?**

(A) 1216
(B) 1215
(C) 1225
(D) 1240

**7.અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા કયા વર્ષમાં કરવામાં આવી?**

(A) 1889
(B) 1215
(C) 1776
(D) 1670

**8.માનવ અધિકારોને અવરોધતાં કુલ કેટલાં પરિબળો છે?**

(A) 14
(B) 16
(C) 15
(D) 13

જવાબો : 1. **A, 2. B, 3. C, 4. D, 5. C, 6. B, 7. C, 8. A**

**(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપોઃ**

1. *માનવ અધિકારોનું મહત્ત્વ જણાવો.*
2. *માનવ અધિકારોનું સ્વરૂપ સમજાવો.*
3. *માનવ અધિકારોને અવરોધતાં પરિબળો સવિસ્તાર સમજાવો.*

## 5.8 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *આનંદ વી. કે., માનવ અધિકારો, અલ્હાબાદ એજન્સી, ન્યૂ દિલ્હી*
2. *અગ્રવાલ પ્રમોદકુમાર, ન્યાયતંત્ર અને માનવ અધિકાર, પ્રવીણ પ્રકાશન, ન્યૂ દિલ્હી.*
3. *બાજવા, જી.એસ., હ્યુમન રાઈટ્સ ઈન ઈન્ડિયા, ઈમ્પ્લિમેન્ટેશન એન્ડ વાયોલન્સ, દીપ એન્ડ દીપ પબ્લિકેશન, ન્યૂ દિલ્હી*
4. *દીવાન પારસ અને દીવાન પીયૂષી, હ્યુમન રાઈટ્સ એન્ડ ધ લૉ.*
5. *કશ્યપ સુભાષ સી., હ્યુમન રાઈટ્સ એન્ડ પાર્લામેન્ટ, સેન્ટ્રલ લૉ પબ્લિકેશન, અલ્હાબાદ*

# NOTES

# Human Rights and International Standards


**નિદર્શન:**

પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદક:**

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્ના ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. સ્વાતિ શાહ એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. દીપ્તિબા ગોહિલ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય-સમિતિ:**

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્ના ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. દિપાલી પુરોહિત આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લો કૉલેજ, નડિયાદ

**લેખન:**

ડૉ. દિપાલી પુરોહિત આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લો કૉલેજ, નડિયાદ

**પરામર્શન (વિષય):**

ડૉ. જે. યુ. નાણાવટી નિવૃત્ત આચાર્ય, શેઠ એમ.એન. લો કૉલેજ, પાટણ.

**પરામર્શન (ભાષા):**

ડૉ. દિવ્યેશ વ્યાસ આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ.



પ્રકાશક: કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : પુનઃ મુદ્રણ – 2025

ISBN NO: 9 789355 983206



: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથીદૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

ડિપ્લોમા ઇન હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યૂટીઝ

પેપર-2

**DHRD-2**

# માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય ધોરણો

# HRD - MDC - 202


**એકમ-1** **01**

માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા -1948

**એકમ-2** **18**

દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી-1966

**એકમ-3** **43**

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી -1966

**એકમ-4** **66**

જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી -1966

**એકમ-5** **83**

અમાનવીય કૃત્યો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી

# એકમ-1 માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા-1948

## -: રૂપરેખા :-


**1.0** અભ્યાસના ઉદ્દેશો

**1.1** પ્રસ્તાવના

**1.2** માનવ અધિકારોનો ઈતિહાસ

**1.2.1** ધ સાયરસ સિલિન્ડર

**1.2.2** માનવ અધિકારોનો ફેલોવો

**1.2.3** ધ મેગ્ના કાર્ટા (1215)

**1.2.4** પિટિશન ઑફ રાઈટ્સ (1628)

**1.2.5** અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા (1776)

**1.2.6** યુ.એસ. બંધારણ (1787) અને બિલ ઑફ રાઈટ્સ (1791)

**1.2.7** માનવ અને નાગરિકના અધિકારોની ઘોષણા (1789)

**1.2.8** પ્રથમ જિનીવા સંમેલન (1864)

**1.2.9** ધ સંયુક્ત રાષ્ટ્ર (1945)

**1.2.10** માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા (1948)

**1.3** માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા અંતર્ગત માનવ અધિકારો

**1.4** ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા હેઠળ માનવ અધિકારોની સરખામણી

**1.5** માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનું મહત્ત્વ

**1.6** ઉપસંહાર

**1.7** ચાવીરૂપ શબ્દો

**1.8** તમારી પ્રગતિ ચકાસો

**1.9** ઉપયોગી પુસ્તકોની યાદી


## 1.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીમિત્રો તમે માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાને સરળતાથી સમજી શકશો.*
- *આ એકમમાં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાની પ્રસ્તાવના, ઈતિહાસ, માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા હેઠળ માનવ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે જાણી શકશે.*

- *આ એકમમાં ભારતીય બંધારણ હેઠળ મૂળભૂત અધિકારો અને માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાની સરખામણી કરવામાં આવી છે, જેની વિગતવાર માહિતી મેળવી શકાશે.*
- *આ એકમમાં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનું મહત્ત્વ પણ વિગતવાર સમજાવવામાં આવ્યું છે.*
- *અંતે, મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ સૌને UDHRના વિષયનું સંપૂર્ણ જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થશે.*

## 1.1. પ્રસ્તાવના

*આમ તો માનવને કાયદાથી જ અધિકારો આપવામાં આવતા હોય છે. યુનોએ માનવ અધિકારોનો ખ્યાલ જાહેર કર્યા બાદ તે ઝડપથી અલગ અલગ દેશોમાં પ્રસરવા લાગ્યો છે. તેમ છતાં ઘણી વાર માનવ અધિકારો વિશે મનમાં ગૂંચવણો પ્રવર્તતી હોય છે. જેથી અહીં માનવ અધિકારોની આંતરરાષ્ટ્રીય રીતે સમજણ આપવામાં આવી છે.*

*માનવ અધિકારો એવા અધિકારો છે કે જેને દરેક મનુષ્ય જન્મથી પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે અને તેમના રક્ષણનો પણ અધિકાર ધરાવે છે. આ અધિકારનો મૂળ ખ્યાલ એ છે કે તમામ સ્ત્રીઓ, પુરુષો અને બાળકોને આ અધિકાર કોઈ પણ પ્રકારના જાતિ, જાતીય, ધર્મ, રંગના ભેદભાવ વગર એક યા બીજા સ્વરૂપે મેળવે છે.*

*ઈ.સ. 1948ના ડિસેમ્બર મહિનાની 10મી તારીખે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનો સ્વીકાર કરીને તેની જાહેરાત કરી છે. ઐતિહાસિક પહેલના અનુસંધાનમાં સભાએ સભ્ય દેશોને આ ઘોષણાની યાદી પ્રસિદ્ધ કરવાની અને દેશો અથવા પ્રદેશોની રાજકીય સ્થિતિને આધારે કોઈ પણ જાતના ભેદભાવ રાખ્યા વિના પ્રચાર કરવાની અને તેનું શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રદર્શન યોજવાની, વંચાવવાની અને તેનું અર્થઘટન કરીને સમજાવવાની વિનંતી કરવામાં આવી હતી.*

*માનવ કુટુંબના દરેક સભ્યની પરંપરાપ્રાપ્ત પ્રતિષ્ઠાને અને સમાન અધિકારોને માન્યતા આપવી એ જગતની સ્વતંત્રતા, ન્યાય અને શાંતિનો પાયો છે.*

*માનવ અધિકારોની ઉપેક્ષા અને અપમાન કરવાથી એવાં જંગલી કૃત્યો પરિણમ્યાં છે કે જેણે માનવજાતના અંતઃકરણમાં બળવો જગાવ્યો છે અને સામાન્ય લોકોની ઊંચામાં ઊંચી મહત્ત્વાકાંક્ષા તરીકે એવી દુનિયાના આગમનની જાહેરાત કરવામાં આવી છે, જેમાં માનવી વાણી અને વિચારની સ્વતંત્રતા ભોગવશે અને ભય તથા અછતમાંથી મુક્તિ મેળવશે. જો માણસને જુલમ અને અત્યાચાર સામે આખરી ઉપાય તરીકે બળવો પોકારવાની ફરજ ન પાડવી હોય તો કાયદાની સત્તા દ્વારા માનવ અધિકારોને રક્ષણ આપવું જોઈએ, તેમજ રાષ્ટ્રો વચ્ચે મૈત્રીસંબંધોનો વિકાસ કરવો જરૂરી છે.*

*સંયુક્ત રાષ્ટ્રે ઘોષણાપત્ર થકી મૂળભૂત માનવ અધિકારોમાં, માનવીની ગરિમા અને મૂલ્યમાં, સ્ત્રી-પુરુષોના સમાન અધિકારોમાં તેમની શ્રદ્ધા પુનઃસ્થાપિત કરી છે. સર્વવ્યાપી સ્વાતંત્ર્યમાં સામાજિક પ્રગતિ અને ઉચ્ચ જીવનધોરણ વધારવાનો નિશ્ચય કર્યો છે. સભ્ય દેશોએ સંયુક્ત રાષ્ટ્રના સહકારમાં માનવ અધિકારોના અને મૂળભૂત સ્વતંત્રતાઓની વિશ્વવ્યાપી સ્વીકૃતિમાં વૃદ્ધિ કરવાની અને તેનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી છે. આ પ્રતિજ્ઞાને સંપૂર્ણ સાકાર કરવા માટે આવા અધિકારો અને સ્વતંત્રતાઓની સામાન્ય સમજણ હોવી ખૂબ જ જરૂરી છે.*

*સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા, સમગ્ર માનવ સમાજ તથા તમામ દેશો દ્વારા આ વિશ્વવ્યાપી ઘોષણાના અમલીકરણ માટે એવી જાહેરાત કરવામાં આવી કે દરેક વ્યક્તિ અને સમાજનું દરેક અંગ, આ ઘોષણાને સતત ધ્યાનમાં રાખીને ઉપદેશ અને શિક્ષણ દ્વારા આ અધિકારો અને સ્વતંત્રતાઓ માટે માનની લાગણી પ્રગટાવવા અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રગતિશીલ ઉપાયો દ્વારા, સભ્ય દેશોના લોકોમાં તેમજ તેમના શાસન હેઠળના પ્રદેશોમાંના લોકોમાં તેનો સર્વસામાન્ય અને અસરકારક સ્વીકાર અને પાલન કરાવવા માટે પ્રયત્ન કરશે.*

## 1.2 માનવ અધિકારનો ઈતિહાસ

*વિધાર્થી મિત્રો, માનવ અધિકારોનો ઈતિહાસ અગાઉ ભણી ચૂક્યા છીએ, છતાં અહીં તેનો સંક્ષિપ્તમાં અભ્યાસ કરીશું:*

### 1.2.1 ધ સાયરસ સિલિન્ડર



*ઈ.સ.પૂર્વે 539માં સાયરસ ધી ગ્રેટે બેબીલોન શહેર પર વિજય મેળવ્યા પછી ત્યાં રહેતા બધા ગુલામોને ગુલામીમાંથી આઝાદ કરીને પોતાના સ્વદેશ પાછા જવાની મંજૂરી આપી હતી તથા તેમને પોતાનો ધર્મ પસંદ કરવાનો અધિકાર આપ્યો હતો. તેણે સૌપ્રથમ વખત માનવ અધિકારોને લેખિતમાં જાહેર કર્યા હતા. ધી સાયરસ સિલિન્ડરના નિવેદનોવાળી તખ્તીને ઈતિહાસની સૌપ્રથમ માનવ અધિકારની ઘોષણા કહેવામાં આવે છે. આ પ્રાચીન રેકોર્ડ માનવ અધિકારના પ્રથમ ચાર્ટર તરીકે* **સાયરસ સિલિન્ડર***ના નામથી ઓળખાય છે. જેનો સંયુક્ત રાષ્ટ્રની છ સત્તાવાર ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે તથા તેની જોગવાઈઓનો માનવ અધિકાર વિશ્વવ્યાપી ઘોષણાના પ્રથમ ચાર લેખમાં સમાવેશ કરવામાં આવ્યો છે.*

## 1.2.2 માનવ અધિકારોનો ફેલાવો

*બેબીલોનથી માનવ અધિકારોનો ખ્યાલ ઝડપથી ભારત, ગ્રીસ અને રોમમાં ફેલાયો. નવજાગૃતિ દરમિયાન સામંતશાહીની પડતીની શરૂઆત થઈ હતી. જૂની માન્યતાઓના સ્થાને કેટલીક નવી વિચારસરણીઓએ જન્મ લીધો હતો. સ્વાતંત્ર્ય, સમાનતા, મિલકતની માલિકીની વિચારસરણીઓનું અસ્તિત્વ સ્વીકારાયું હતું. નવજાગૃતિના કારણે કુદરતી કાયદાની ફરજની વિચારસરણીમાંથી હવે વ્યક્તિગત સ્વાતંત્ર્યની વિચારસરણીનો જન્મ થયો હતો. જેને કારણે આજના દેવદૂત સમાન ગણાતા લેખિતમાં મેગ્ના કાર્ટા* (1215), *ધ પિટિશન ઑફ રાઈટ્સ* (1628), *અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા* (1776), *યુ. એસ. બંધારણ* (1787), *રાઈટ્સ ઑફ મેન એન્ડ સિટિઝન* (1789) *અને યુ. એસ. બિલ ઑફ રાઈટ્સ* (1791) *જેવા માનવ અધિકારોના દસ્તાવેજો તૈયાર થયા હતા.*

## 1.2.3 ધ મેગ્ના કાર્ટા (1215):

1215*માં ઈંગ્લેન્ડના રાજા દ્વારા હસ્તાક્ષર કરાયેલા મેગ્ના કાર્ટા અથવા 'ગ્રેટ ચાર્ટર' માનવ અધિકારોનો એક મહત્ત્વનો વળાંક હતો. મેગ્ના કાર્ટાની વ્યાપક ઐતિહાસિક પ્રક્રિયાના પ્રારંભ પર પ્રભાવક અસર પડી હતી, જે અંગ્રેજી ભાષી વિશ્વને બંધારણીય કાયદાના શાસન તરફ દોરી ગયું હતું.* 1215*માં ઈંગ્લેન્ડના રાજા જ્હોને ઈંગ્લેન્ડનું શાસન ધરાવતા અનેક પ્રાચીન નિયમો અને રિવાજોનું ઉલ્લંઘન કર્યું હતું, ત્યાર બાદ તેની પ્રજાએ તેને મેગ્ના કાર્ટા પર હસ્તાક્ષર કરવાની ફરજ પાડી હતી, જેને માનવ અધિકારોનો ઐતિહાસિક દસ્તાવેજ ગણવામાં આવે છે. તેમાં ચર્ચને સરકારી હસ્તક્ષેપથી મુક્ત કરવાનો અધિકાર, તમામ મુક્ત નાગરિકોને મિલકતના માલિક અને વારસામાં મળેલા અધિકારો અને વધુ પડતા કરથી રક્ષણ આપવાનો અધિકાર હતો. તેણે મિલકતની માલિકી ધરાવતી વિધવાઓના અધિકારની સ્થાપના કરી હતી, વિધવાના પુનઃલગ્ન કરવાનો અધિકાર અને કાયદાની સામે યોગ્ય પ્રક્રિયા અને સમાનતાના સિદ્ધાંતો સ્થાપિત કરવામાં આવ્યા હતા. તેમાં લાંચ અને સત્તાવાર ગેરવર્તણૂક પર પ્રતિબંધની જોગવાઈઓ પણ હતી. તે આધુનિક લોકશાહીના વિકાસમાં સૌથી મહત્ત્વના કાયદાકીય દસ્તાવેજોમાંના એક તરીકે ઓળખાય છે. વ્યાપકપણે જોવામાં આવે તો મેગ્ના કાર્ટા સ્વતંત્રતાની સ્થાપના માટેની લડતમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક હતો.*

## 1.2.4. પિટિશન ઑફ રાઈટ્સ(1628)



*માનવ અધિકારના વિકાસમાં હવે પછીનો નોંધાયેલ મહત્ત્વપૂર્ણ તબક્કો પિટિશન ઑફ રાઈટ્સ હતો, જેનું નિર્માણ ઈંગ્લીશ સંસદ દ્વારા* 1628*માં કરવામાં આવ્યું હતું અને નાગરિક સ્વતંત્રતાના નિવેદનમાં ચાર્લ્સ* – I *(પ્રથમ)ને*

*મોકલવામાં આવ્યું. રાજાની અપ્રિય વિદેશ ધિરાણ નીતિ, જેમાં તેમની સરકારને ચોક્કસ લોન આપવાની ફરજ પડી હતી, તેને સ્વીકૃતિ આપવાનો સંસદ દ્વારા ઈનકાર કરવામાં આવ્યો હતો. આ નીતિઓનો વિરોધ કરવા બદલ મનસ્વી રીતે ધરપકડ અને જેલની સજાએ સંસદમાં ચાર્લ્સ અને ડ્યુક ઑફ બકિંગહામના જ્યોર્જ વિલિયર્સ સામે હિંસક શત્રુતા પેદા કરી હતી. સર એડવર્ડ કોક દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પિટિશન ઑફ રાઈટ્સ, અગાઉના કાયદા અને ચાર્ટર પર આધારિત હતી અને જેમાં ચાર સિદ્ધાંતો ભારપૂર્વક જણાવાયા હતાઃ*

1. *સંસદની સંમતિ વિના કોઈ કર લગાવી શકાશે નહીં.*
2. *કોઈ પણ વ્યક્તિને કારણ બતાવ્યા વગર કેદ કરી શકાશે નહીં.*
3. *કોઈ પણ સૈનિક નાગરિકતા બાબતે તકરાર કરી શકે નહીં.*
4. *શાંતિ સમયે લશ્કરી કાયદો અમલમાં લેવામાં આવશે નહીં.*

### 1.2.5. અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા (1776)

*અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણામાં સ્પષ્ટપણે જાહેર કરાયું છે કે, તમામ માનવો સમાન છે. તેઓને કુદરત તરફથી જીવન, સ્વાતંત્ર્ય અને સુખના અધિકારો પ્રાપ્ત થયા છે. આ અધિકારો પ્રાપ્ત કરવા માટે પ્રજાની સંમતિથી સરકારની રચના કરવામાં આવે છે. જે સરકાર આ અધિકારોને નાબૂદ કરવાનો પ્રયત્ન કરે છે, તેને બદલવાનો પ્રજાને અધિકાર છે. અમેરિકન સ્વાતંત્ર્યની આ ઘોષણામાં જાહેર કરેલા આ ત્રણ અધિકારો માનવીના અબાધિત અધિકારો છે, પરંતુ તે પૂરતા ન હતા, આથી વર્જિનિયા અધિકારો ઘોષણામાં અખબારી સ્વાતંત્ર્ય તેમજ ધાર્મિક સ્વાતંત્ર્યનો સમાવેશ કરાયો. અમેરિકન ક્રાંતિથી ફ્રેન્ચ ક્રાંતિને વેગ મળ્યો હતો.*

### 1.2.6 યુ. એસ.બંધારણ (1787) અને બિલ ઑફ રાઈટ્સ (1791)

*ફિલાડેલ્ફીયામાં 1787ના ઉનાળા દરમિયાન યુ.એસ.નું બંધારણ લખવામાં આવ્યું હતું. આ યુએસએ સરકારનો મૂળભૂત કાયદો છે. આ ઉપયોગમાં લેવામાં આવતું સૌથી જૂનું લેખિત રાષ્ટ્રીય બંધારણ છે અને જેમાં સરકારનાં મુખ્ય અંગો, તેમના અધિકારક્ષેત્રો અને નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવવામાં આવ્યા છે.*

*ત્યારબાદ બંધારણમાં પ્રથમ દસ સુધારા - બિલ ઑફ રાઈટ્સ- 15 ડિસેમ્બર, 1791ના રોજ અમલમાં આવ્યું. આ હક્કપત્રમાં અન્ય કેટલાક અધિકારોની ખાતરી આપવામાં આવી હતી. આ અધિકારોમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, સંગઠન સ્વાતંત્ર્ય, ગેરવાજબી ધરપકડ સામે રક્ષણ વગેરે અધિકારોનો સમાવેશ કરાયો.*

### 1.2.7. માનવ અને નાગરિકના અધિકારોની ઘોષણા (1789)

*ફ્રેન્ચની ક્રાંતિમાં પ્રજાએ આપખુદ રાજ્યતંત્રની સામે પ્રજાકીય તંત્રની સ્થાપના કરી હતી. આ ક્રાંતિમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું હતું કે સરકાર લોકો માટેની અને લોકોની હોવી જોઈએ. જે સરકાર લોકોની સંવેદના પ્રત્યે અસંવેદનશીલ હોય, તે સરકાર બદલી નાખવાનો પ્રજાને અધિકાર છે. ફ્રેન્ચ ક્રાંતિ પછી જે વ્યવસ્થા ફ્રાન્સમાં સ્થપાઈ તેમાં મોન્ટેસ્ક્યુ અને રૂસોની કુદરતી અધિકારો અને સામાજિક કરાર વિચારસરણીનો પડઘો ઝીલાયો હતો.* 1789*માં પ્રગટ કરાયેલા માનવ અને નાગરિક અધિકારોની ઘોષણામાં જાહેર કરાયું કે સરકાર એક અનિવાર્ય અનિષ્ટ છે. માનવના કુદરતી અને અપરિવર્તનીય પવિત્ર અધિકારોના સ્વાતંત્ર્યમાં સાચું સુખ રહેલું છે. આ ઘોષણામાં નિર્દોષિતાનું અનુમાન અને ધાર્મિક માન્યતાઓનો અધિકાર, વિચારસ્વાતંત્ર્ય વગેરે અધિકારોનું રક્ષણ આપવામાં આવેલ છે. આ ઘોષણામાં મુખ્યત્વે સ્વાતંત્ર્ય, મિલકત, સલામતી અને અન્યાય પ્રતિકાર વગેરેનો સમાવેશ થાય છે.*

### 1.2.8 પ્રથમ જિનીવા સંમેલન(1864)

1864*માં જિનીવા સમિતિના ઉપક્રમે, સ્વિસ ફેડરલ પરિષદના આમંત્રણ પર* 16 *યુરોપિયન દેશો અને ઘણા અમેરિકન રાજ્યોએ જિનીવા પરિષદમાં જોડાયા હતા. લડાઈમાં ઘાયલ થયેલા સૈનિકોના સારવાર આપવાના હેતુથી પરિષદ યોજવામાં આવી હતી. જેનો મુખ્ય સિદ્ધાંત કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૈનિકોને તબીબી સેવા, તબીબી પરિવહન રેડ ક્રોસના પ્રતીક સાથે પૂરું પડવાનું હતું.*

### 1.2.9 ધ સંયુક્ત રાષ્ટ્ર (1945)

*બીજા વિશ્વ યુદ્ધમાં લાખો લોકો માર્યા ગયા અને ઘરવિહોણા થઈ ગયા હતા.* 1945*માં સાન ફ્રાન્સિસ્કોમાં પચાસ દેશોના પ્રતિનિધિઓ એક આશાવાદ સાથે મળ્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર સંમેલનનું લક્ષ્ય શાંતિને પ્રોત્સાહન આપવાનું અને ભાવી યુદ્ધોને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાની રચના કરવાનું હતું. પ્રસ્તાવનામાં જણાવાયું: "અમે સંયુક્ત રાષ્ટ્રો યુદ્ધની હાલાકીથી આગામી પેઢીને બચાવવા માટે કટિબદ્ધ છીએ, જેને આપણા જીવનકાળમાં બે વાર માનવજાત માટે અકાળે દુ:ખ લાવ્યું છે."*

24 *ઑક્ટોબર,* 194*ના રોજ નવી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ચાર્ટરનો અમલ થયો હતો. આ તારીખને દર વર્ષે સંયુકત રાષ્ટ્ર દિવસ તરીકે ઊજવવામાં આવે છે.*

## 1.2.10 માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા (1948)




*1948થી સંયુક્ત રાષ્ટ્રના નવા માનવ અધિકાર પંચે વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. એલીનોર રુઝવેલ્ટ – રાષ્ટ્રપતિ ફ્રેન્કલિન રુઝવેલ્ટની વિધવાની અધ્યક્ષતા હેઠળ કમિશને યુ. એન.નો દસ્તાવેજ તૈયાર કર્યો કે જે માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા બન્યો. આ ઘોષણાને સમગ્ર માનવજાત માટે આંતરરાષ્ટ્રીય મેગ્ના કાર્ટા તરીકે ઓળખવામાં આવે છે, જેનો શ્રેય રુઝવેલ્ટ પોતાની અંતઃપ્રેરણાને આપે છે. આ ઘોષણાપત્ર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 10 ડિસેમ્બર, 1948ના રોજ અપનાવવામાં આવ્યું હતું. જેની પ્રસ્તાવના અને અનુચ્છેદ 1 પ્રમાણેઃ બધા જ માનવોને જન્મજાત અધિકારોની પુષ્ટિ કરવામાં આવી છે. કેમકે, માનવ અધિકારોની ઉપેક્ષા અને અપમાન કરવાથી એવાં જંગલી કૃત્યો પરિણમ્યાં છે કે જેણે માનવજાતના અંતઃકરણમાં આગ પેટાવી છે અને સામાન્ય લોકોની ઊંચામાં ઊંચી મહત્ત્વાકાંક્ષા તરીકે એવી દુનિયાના આગમનની જાહેરાત કરવામાં આવી છે, જેમાં માનવો વાણી અને વિચારની સ્વતંત્રતા ભોગવશે અને ભય તથા અભાવમાંથી મુક્તિ મેળવશે.*

## 1.3 માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા અંતર્ગત માનવ અધિકારા

*વિદ્યાર્થીમિત્રો, યુએન મહાસભાએ 1948માં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા કરી અને આ ઘોષણામાં મોટાભાગના સભ્યો જોડાયા અને સમજૂતી પર હસ્તાક્ષર કર્યા. આ ઘોષણામાં કુલ ૩૦ અનુચ્છેદો છે. હવે તેની જોગવાઈઓનો વિગતવાર અભ્યાસ કરીશું.*

**અનુચ્છેદ 1: સમાનતાનો અધિકાર:**

*પ્રતિષ્ઠા અને અધિકારોની દૃષ્ટિએ સર્વ માનવો જન્મથી સ્વતંત્ર અને સમાન હોય છે. તેમનામાં વિચારશક્તિ અને અંતઃકરણ હોય છે અને તેમણે પરસ્પર બંધુત્વની ભાવનાથી વર્તવું જોઈએ.*

**અનુચ્છેદ 2: ભેદભાવથી સ્વતંત્રતા:**

*દરેક વ્યક્તિને જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય અથવા બીજા અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્‌ભવસ્થાન, મિલકત, જન્મ અથવા મોભા જેવા*

*કોઈ પણ જાતના ભેદભાવ વગર આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા તમામ અધિકારો અને સ્વતંત્રતા ભોગવવાનો હક્ક છે.*

*વધુમાં કોઈ પણ વ્યક્તિ તે સ્વતંત્ર, ટ્રસ્ટ હેઠળના સ્વશાસન હેઠળ ન હોય તેવા અથવા સાર્વભૌમત્વની બીજી કોઈ પણ મર્યાદા હેઠળ આવેલા દેશ અથવા પ્રદેશની હોય તોપણ રાજકીય, શાસન વિષયક અથવા આંતરરાષ્ટ્રીય મોભાના ધોરણે તેની સાથે કોઈ પણ ભેદભાવ રાખવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ 3: જીવનનો અધિકાર, સ્વાતંત્ર્ય, વ્યક્તિગત સુરક્ષા:**

*દરેક વ્યક્તિને જીવવાનો, સ્વતંત્રતાનો અને સ્વરક્ષણનો અધિકાર છે.*

**અનુચ્છેદ 4: ગુલામીમાંથી સ્વતંત્રતા:**

*કોઈને પણ ગુલામી અથવા પરાધીન દશામાં રાખવામાં આવશે નહીં; દરેક પ્રકારની ગુલામી અને ગુલામોના વેપાર પર પ્રતિબંધ મૂકવામાં આવશે.*

**અનુચ્છેદ 5: અત્યાચાર અને અપમાનજનક વર્તનમાંથી સ્વતંત્રતા:**

*કોઈ પણ વ્યક્તિ પર જુલમ ગુજારવામાં આવશે નહીં અથવા તેની સાથે ઘાતકી, અમાનુષી અથવા નિમ્ન સ્તરનો વર્તાવ રાખવામાં આવશે નહીં અથવા તેવા પ્રકારની શિક્ષા કરવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ 6: કાયદા સમક્ષ માનવ તરીકે માન્યતાનો અધિકાર:**

*દરેક વ્યક્તિને દરેક ઠેકાણે કાયદાની સમક્ષ માનવ તરીકે સ્વીકૃત બનવાનો અધિકાર છે.*

**અનુચ્છેદ 7: કાયદા સામે સમાનતાનો અધિકાર:**

*કાયદા સમક્ષ સર્વ માણસો સમાન છે અને કોઈ પણ જાતના ભેદભાવ વગર કાયદાનું રક્ષણ સમાન ધોરણે મેળવવાને હક્કદાર છે. આ ઘોષણાનો ભંગ કરીને કોઈ પણ જાતના ભેદભાવ સામે અને આવા ભેદભાવ જગાવવામાં, કોઈ પણ જાતની ઉશ્કેરણી કરવા સામે સમાન રક્ષણ મેળવવાનો સર્વને હક્ક છે.*

**અનુચ્છેદ 8: સક્ષમ ન્યાયતંત્ર દ્વારા ઉપાયોનો અધિકાર:**

*દરેક વ્યક્તિને બંધારણ કે કાયદા દ્વારા મળેલા મૂળભૂત અધિકારોનો ભંગ કરતાં કૃત્યો વિરુદ્ધ સક્ષમ રાષ્ટ્રીય ન્યાયતંત્ર દ્વારા અસરકારક ઉપાયો મેળવવાનો હક્ક છે.*

**અનુચ્છેદ 9: આપખુદ રીતે ગિરફતાર અને દેશનિકાલમાંથી સ્વતંત્રતા:**

*કોઈ પણ વ્યક્તિને આપખુદ રીતે ગિરફતાર કરવામાં, અટકાયતમાં રાખવામાં અથવા દેશનિકાલ કરવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ 10: નિષ્પક્ષ જાહેર સુનાવણીનો અધિકાર:**

*દરેક વ્યક્તિને પોતાના અધિકારો અને ફરજોના અને તેની વિરુદ્ધ કોઈ પણ ફોજદારી આરોપના નિર્ણયમાં કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયાધિકરણ દ્વારા વાજબી અને જાહેર સુનાવણી કરાવવાનો સંપૂર્ણ સમાન ધોરણે અધિકાર છે.*

**અનુચ્છેદ 11: કૃત્ય સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવાનો અધિકાર:**

(1) *જેની પર ફોજદારી ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી દરેક વ્યક્તિને ગુનાની જાહેર તપાસણી વખતે તેના બચાવ માટે સઘળી જરૂરી બાંયધરીઓ આપવામાં આવતી હોય છે. કાયદા પ્રમાણે ગુનેગાર સાબિત થાય ત્યાં સુધી પોતાને નિર્દોષ માનવાનો અધિકાર છે.*

(2) *કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ કૃત્ય અથવા કસૂર જે વખતે કર્યું હોય અથવા થયું હોય તે વખતે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તે કૃત્ય અથવા કસૂર ફોજદારી ગુનો ગણાતો ન હોય તો તે કારણે કોઈ પણ ફોજદારી ગુના માટે તે ગુનેગાર ગણાશે નહીં તેમજ તેને તે ફોજદારી ગુનો થયો હોય તે વખતે લાગુ પડતી હોય તેવી શિક્ષા કરતાં વધુ ભારે શિક્ષા પણ કરવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ 12: એકાન્ત, કુટુંબ, ઘર અને પત્રવ્યવહારમાં દખલથી સ્વતંત્રતા:**

*કોઈ પણ વ્યક્તિના એકાન્ત, કુટુંબ, ઘર અથવા પત્રવ્યવહારમાં આપખુદીપણે દખલગીરી કરવામાં આવશે નહીં તેમજ તેના માન અને પ્રતિષ્ઠા પર આક્રમણ કરવા દેવામાં આવશે નહીં. આવી દખલગીરી અથવા આક્રમણ સામે કાયદાનું રક્ષણ માગવાનો દરેકને અધિકાર છે.*

**અનુચ્છેદ 13: રાજ્યમાં અને રાજ્યની બહાર સ્વતંત્ર રીતે હરવાફરવાનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને દરેક રાજ્યની હદની અંદર સ્વતંત્ર રીતે હરવાફરવા અને વસવાનો અધિકાર છે.*

(2) *દરેક વ્યક્તિને પોતાનો તેમજ બીજો કોઈ પણ દેશ છોડી જવાનો અને પોતાના દેશમાં પાછા ફરવાનો અધિકાર છે.*

**અનુચ્છેદ 14: જુલમથી બચવા બીજા દેશોમાં આશ્રય મેળવવાનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને જુલમમાંથી બચીને બીજા દેશોમાં આશ્રય લેવાનો, ભોગવવાનો અધિકાર છે.*

(2) પરંતુ બિનરાજકીય ગુનાઓમાંથી અથવા સંયુક્ત રાષ્ટ્રના હેતુઓ અને સિદ્ધાન્તોની વિરુદ્ધ હોય તેવાં કૃત્યોમાંથી ખરેખર ઉપસ્થિત થતા દાવાઓના કિસ્સામાં આવા અધિકારની માગણી કરવી નહીં.

**અનુચ્છેદ 15: રાષ્ટ્રીયતાનો અધિકાર:**

(1) દરેક વ્યક્તિને રાષ્ટ્રીયતાનો અધિકાર છે.

(2) કોઈ પણ વ્યક્તિ પાસેથી આપખુદી રીતે તેની રાષ્ટ્રીયતાનો હક્ક ઝૂંટવી લેવામાં આવશે નહીં અથવા તેની રાષ્ટ્રીયતામાં ફેરફાર કરવાના હક્કથી તેને વંચિત રાખવામાં આવશે નહીં.

**અનુચ્છેદ 16: લગ્ન અને પરિવારનો અધિકાર:**

(1) જાતિ, રાષ્ટ્રીયતા કે ધર્મને લગતી કોઈ પણ મર્યાદા વિના પુખ્ત વયના સ્ત્રીપુરુષોને લગ્ન કરવાનો અને કુટુંબ રચવાનો અધિકાર છે. લગ્ન વિશે, લગ્ન દરમિયાન અને જુદા પડતી વખતે તેઓ સમાન હક્કના અધિકારી છે.

(2) લગ્ન કરવાની ઈચ્છા રાખતા વરવધૂની સ્વતંત્ર અને સંપૂર્ણ સંમતિથી જ લગ્ન કરવામાં આવશે.

(3) કુટુંબ એ સમાજનું સ્વાભાવિક અને મૂળભૂત સમૂહ એકમ છે અને સમાજ તેમજ રાજ્ય દ્વારા રક્ષણનું અધિકારી છે.

**અનુચ્છેદ 17: પોતાની સંપત્તિનો અધિકાર:**

(1) દરેક વ્યક્તિને એકલા તેમજ બીજાની સાથે મિલકત રાખવાનો અધિકાર છે.

(2) કોઈ પણ વ્યક્તિ પાસેથી તેની મિલકત આપખુદી રીતે ઝૂંટવી લેવામાં આવશે નહીં.

**અનુચ્છેદ 18: માન્યતા અને ધર્મની સ્વતંત્રતા:**

દરેક વ્યક્તિને વિચાર, અંતઃકરણ અને ધર્મની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં તેના ધર્મ અથવા માન્યતામાં ફેરફાર કરવાની સ્વતંત્રતા અને પોતાના ધર્મ અથવા માન્યતાને શિક્ષણ, વ્યવહાર, ભક્તિ અને પાલન દ્વારા એકલા અથવા બીજાઓની સાથે અને જાહેરમાં અથવા ખાનગીમાં પ્રગટ કરવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે.

**અનુચ્છેદ 19: અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર:**

દરેક વ્યક્તિને અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં દખલગીરી વિના અભિપ્રાયો ધરાવવાની સ્વતંત્રતા અને કોઈ પણ માધ્યમ અને સરહદોથી પર માહિતી અને વિચારોની શોધ કરવાની, તેને પ્રાપ્ત કરવાની અને ગ્રહણ કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

**અનુચ્છેદ 20: શાંત સભા અને મંડળી રચવાની સ્વતંત્રતાનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને શાંત સભા અને મંડળી રચવાની સ્વતંત્રતાનો અધિકાર છે.*

(2) *કોઈ પણ વ્યક્તિ પર અમુક મંડળીના સભ્ય થવાની ફરજ પાડી શકાય નહીં.*

**અનુચ્છેદ 21: સરકારમાં અને નિષ્પક્ષ ચૂંટણીમાં ભાગ લેવાનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને સીધી રીતે અથવા તો સ્વતંત્ર રીતે ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા પોતાના દેશની સરકારમાં ભાગ લેવાનો અધિકાર છે.*

(2) *દરેક વ્યક્તિને પોતાના દેશની જાહેર નોકરીઓમાં સમાન પ્રવેશનો અધિકાર છે.*

(3) *જનતાની ઈચ્છા એ સરકારની સત્તાની ભૂમિકા રહેશે. આ ઈચ્છા સર્વમાન્ય અને સમાન મતાધિકાર અને ગુપ્ત મતદાન અથવા એવી સમાન સ્વતંત્ર મતદાન પદ્ધતિઓ વડે કરવામાં આવતી નિયતકાલિન અને નિષ્પક્ષ ચૂંટણીઓ દ્વારા વ્યકત થશે.*

**અનુચ્છેદ 22: સામાજિક સલામતીનો અધિકાર:**

*સમાજના સભ્ય તરીકે દરેક વ્યક્તિને સામાજિક સલામતીનો અધિકાર છે અને પોતાની પ્રતિષ્ઠા અને પોતાના વ્યક્તિત્વના સ્વતંત્ર વિકાસને માટે અનિવાર્ય એવા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો, રાષ્ટ્રીય પરિશ્રમ અને આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા અને દરેક રાજ્યના સંચાલન અને સમૃદ્ધિ અનુસાર પ્રાપ્ત કરવાનો તે અધિકારી છે.*

**અનુચ્છેદ 23: પસંદગીનું કામ અને ટ્રેડ યુનિયનમાં જોડાવાનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને કામ કરવાનો, નોકરીની સ્વતંત્ર પસંદગીનો, કામની ન્યાયી અને ફાયદાકારક શરતો અને બેકારીની સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.*

(2) *દરેક વ્યક્તિને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સમાન કાર્ય માટે સમાન પગાર મેળવવાનો અધિકાર છે.*

(3) *કામ કરનાર દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના કુટુંબના માનવ પ્રતિષ્ઠાને લાયક અસ્તિત્વની ખાતરી આપતો ન્યાયી અને ફાયદાકારક બદલો મેળવવાનો અને જરૂર જણાય તો સામાજિક રક્ષણનાં બીજાં સાધનો મેળવવાનો અધિકાર છે.*

(4) *દરેક વ્યક્તિને પોતાનાં હિતોના રક્ષણને માટે ટ્રેડ યુનિયનો રચવાનો કે તેમાં જોડાવાનો અધિકાર છે.*

**અનુચ્છેદ 24: આરામ અને ફુરસદનો અધિકાર:**

*દરેક વ્યક્તિને કામના કલાકોની વાજબી મર્યાદા અને પગાર સાથેની સામયિક રજાઓ સહિત આરામ અને ફુરસદનો અધિકાર છે.*

**અનુચ્છેદ 25: જરૂરી જીવનધોરણનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના પરિવારની તંદુરસ્તી અને સુખને માટે આવશ્યક ખોરાક, કપડાંલત્તા, મકાન અને દાક્તરી સંભાળ અને જરૂરી સામાજિક સેવાઓ સહિત જીવનધોરણનો અધિકાર છે અને બેકારી, માંદગી, અશક્તિ, વિધવાવસ્થા, વૃદ્ધાવસ્થા અથવા તેના કાબૂ બહારના સંજોગોમાં આજીવિકાના અભાવ પ્રસંગે તેને સલામતી મેળવવાનો અધિકાર છે.*

(2) *માતૃત્વ અને બાળપણ ખાસ સંભાળ અને મદદના અધિકારી છે. લગ્ન કે લગ્નની બહાર જન્મેલાં બધાં બાળકો એક જ પ્રકારનું સામાજિક રક્ષણ ભોગવશે.*

**અનુચ્છેદ 26: શિક્ષણનો અધિકાર:**

(1) *દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર છે. ઓછામાં ઓછું પ્રાથમિક અને પાયાના તબક્કાઓમાં શિક્ષણ મફત રહેશે. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત રહેશે. વિશેષ વિદ્યાવિષયક અને વ્યવસાયી શિક્ષણ સામાન્યતઃ ઉપલબ્ધ રહેશે અને યોગ્યતાના ધોરણ પર ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનો સર્વને સમાન અધિકાર રહેશે.*

(2) *માનવ વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ અને માનવહક્કો અને મૂળભૂત સ્વતંત્રતાઓ પ્રત્યેના માનને દૃઢીભૂત કરવા તરફ શિક્ષણનું લક્ષ રાખવામાં આવશે. બધાં રાષ્ટ્રો, જાતિ અથવા ધાર્મિક સમૂહો વચ્ચે તે સમજ, સહિષ્ણુતા અને મૈત્રી વધારશે અને શાંતિની જાળવણી માટેની સંયુકત રાષ્ટ્રની પ્રવૃત્તિઓને આગળ ધપાવશે.*

(3) *પોતાનાં બાળકોને કયા પ્રકારનું શિક્ષણ આપવું તે પસંદ કરવાનો પ્રથમ અધિકાર માતા-પિતાને રહેશે.*

**અનુચ્છેદ 27: કોમના સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો અધિકાર:**

(1) *કોમના સાંસ્કૃતિક જીવનમાં છૂટથી ભાગ લેવાનો, કલાઓનો આનંદ માણવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોમાં ભાગીદાર થવાનો દરેક વ્યક્તિને અધિકાર છે.*

(2) *વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મકસર્જન જેના તે પોતે કર્તા હોય તેમાંથી ઊભાં થતાં નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણ માટેનો દરેક વ્યક્તિનો અધિકાર છે.*

**અનુચ્છેદ 28: સામાજિક નિર્દેશના દસ્તાવેજને સ્પષ્ટ રીતે રજૂ કરવાનો અધિકાર:**

*આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા અધિકારો અને સ્વતંત્રતાઓ જેમાં સંપૂર્ણ રીતે સિદ્ધ થઈ શકે તેવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે દરેક વ્યક્તિ અધિકારી છે.*

**અનુચ્છેદ 29: મફત અને સંપૂર્ણ વિકાસ માટે આવશ્યક કોમની ફરજોઃ**

(1) *જે કોમમાં જ તેના વ્યક્તિનો સ્વતંત્ર અને સંપૂર્ણ વિકાસ શક્ય છે તે કોમ પ્રત્યે દરેક વ્યક્તિને ફરજો બજાવવાની હોય છે.*

(2) *દરેક વ્યક્તિ પોતાના અધિકારો અને સ્વતંત્રતાઓના અમલની બાબતમાં તે માત્ર બીજાઓના અધિકારો અને સ્વતંત્રતાઓના યોગ્ય સ્વીકાર અને સન્માનની સલામતીના હેતુ માટે અને લોકશાહી સમાજમાં નીતિ, જાહેર વ્યવસ્થા અને સામાન્ય સુખ માટેની વાજબી જરૂરિયાતો પૂરી પાડવાના હેતુ માટે કાયદાએ નક્કી કરેલી એવી મર્યાદાઓને આધીન રહેશે.*

(3) *કોઈ પણ પ્રસંગે આ અધિકારો અને સ્વતંત્રતાઓ સંયુક્ત રાષ્ટ્રના હેતુઓ અને સિદ્ધાંતોની વિરુદ્ધ અમલમાં મૂકી શકાશે નહીં.*

**અનુચ્છેદ 30: ઉપરોક્ત અધિકારોમાં રાજ્ય અથવા વ્યક્તિગત દખલથી સ્વતંત્રતાઃ**

*આ ઘોષણામાં રજૂ થયેલા કોઈ પણ અધિકારો અને સ્વતંત્રતાઓનો નાશ કરવા માટેની કોઈ પ્રવૃત્તિમાં રોકાવાનો અથવા કોઈ કાર્ય કરવાનો કોઈ રાજ્ય, સમૂહ કે વ્યક્તિને અધિકાર પ્રાપ્ત થાય છે, એવો કોઈ પણ અર્થ આ ઘોષણાનો કરવાનો નથી.*

## 1.4 ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા હેઠળ માનવ અધિકારોની સરખામણી

*વિદ્યાર્થીમિત્રો, ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા હેઠળના માનવ અધિકારોની સરખામણી નીચેના કોષ્ટકમાં સમજાવવામાં આવી છે.*

| **ભારતીય બંધારણ** | **માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા (UDHR)** |
|---|---|
| *અનુચ્છેદ 14: કાયદા સમક્ષ સમાનતા અને કાયદાની સમાનતા* | *અનુચ્છેદ 7: કાયદા સામે સમાનતાનો અધિકાર* |
| *અનુચ્છેદ 15: ધર્મ, જાતિ-જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનના કારણે ભેદભાવ પર પ્રતિબંધ* | *અનુચ્છેદ 7: કાયદા સામે સમાનતાનો અધિકાર* |
| *અનુચ્છેદ 16: જાહેર રોજગારીમાં તકની સમાનતા* | *અનુચ્છેદ 21: સરકારમાં, જાહેર રોજગારીમાં અને નિષ્પક્ષ ચૂંટણીમાં ભાગ લેવાનો અધિકાર* |

| | |
|---|---|
| અનુચ્છેદ 19: વાણી, અભિવ્યક્તિ, સભા, સરઘસ, હરવા-ફરવા, ધંધા વેપારનું સ્વાતંત્ર્ય | અનુચ્છેદ 19: અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર<br>અનુચ્છેદ 21:સરકારમાં, જાહેર રોજગારીમાં અને નિષ્પક્ષ ચૂંટણી ભાગ લેવાનો અધિકાર |
| અનુચ્છેદ 20: ગુના બાબતે દોષસિદ્ધિ સામે અધિકાર | અનુચ્છેદ 11: કૃત્ય સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવાનો અધિકાર |
| અનુચ્છેદ 21: જીવન અને વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ | અનુચ્છેદ 2:ભેદભાવથી સ્વતંત્રતા<br>અનુચ્છેદ 3: જીવનનો અધિકાર, સ્વાતંત્ર્ય, વ્યક્તિગત સુરક્ષા |
| અનુચ્છેદ 23: ગુલામોના વેપાર અને વેઠપ્રથા પર પ્રતિબંધ | અનુચ્છેદ 4: ગુલામીમાંથી સ્વતંત્રતા |
| અનુચ્છેદ 25: ધર્મના પ્રચાર અને માન્યતાનું સ્વાતંત્ર્ય | અનુચ્છેદ 18:માન્યતા અને ધર્મની સ્વતંત્રતા |
| અનુચ્છેદ 26: ધર્મ બાબતમાં વહીવટનું સ્વાતંત્ર્ય | |

માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાને અપનાવ્યા પછી તેની જોગવાઈઓએ અનેક દેશોના બંધારણને અસર કરી છે. ભારતના બંધારણના ઘડવૈયાઓ UDHRથી ઘણા પ્રભાવિત થયા અને જેનો પ્રભાવ બંધારણના ત્રીજા ભાગમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોમાં સ્પષ્ટરૂપે જોવા મળે છે. ભારત યુનોનો શરૂઆતથી સભ્ય છે અને તેણે UDHRમાં પણ સહી કરી છે. ભારતીય બંધારણમાં UDHRની જોગવાઈઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે સૌથી અસરકારક ન્યાયિક ઉપાય માટે બંધનકારક છે. ભારતીય ન્યાયતંત્ર દ્વારા બંધારણનું અર્થઘટન કરવામાં UDHRની જોગવાઈઓની પણ નોંધ લેવામાં આવે છે.

કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ રાજ્ય (એઆઈઆર 1973 એસસી 1461), સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશે અવલોકન કર્યું કે "UDHR ભારતને કાનૂની રીતે બંધનકર્તા નથી પણ જ્યારે ભારતે બંધારણનો સ્વીકાર કર્યો હતો ત્યારે માનવ અધિકારના સ્વરૂપને સમજ્યું હતું."

## 1.5 માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનું મહત્ત્વ

વહાલા વિદ્યાર્થીમિત્રો, આ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનું માનવ અધિકારોના વિકાસમાં ખૂબ જ મહત્ત્વ રહ્યું છે, જે આપણે હવે જોઈશું.

માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનો દસ્તાવેજ આપણા યુગનો શ્રેષ્ઠ

દસ્તાવેજ છે. ફક્ત યુનોની સમિતિમાં જ નહીં પણ જુદા જુદા દેશોના બંધારણોના સ્વીકાર કરતી વખતે કે તેનાં સંગઠનોમાં તેની જોગવાઈઓનો ઉલ્લેખ અચૂક કરવામાં આવે છે. આજના આધુનિક યુગની તમામ જરૂરિયાતોને સમજીને તેને સાનુકૂળ જણાય તે રીતે માનવ અધિકારોનું ઘડતર કરવામાં આવ્યું હતું. આ માનવ અધિકારોમાં બધા જ માનવોનો સમવેશ કરવામાં આવ્યો. જો કોઈ માનવને સારું જીવન જીવવું હોય તો આ માનવ અધિકારો માનવના જીવનનો અગત્યનો ભાગ છે. જો બધા દેશો ઘોષણાપત્રમાં જાહેર થયેલા તમામ માનવ અધિકારોનું પાલન કરશે તો સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુરક્ષાની સ્થાપના થશે. આ ઘોષણામાં માનવ જીવનના મહત્ત્વના મૂળભૂત અધિકારો, સમાનતા અને ગૌરવનો સમાવેશ થયો છે. સમાજના સૌથી સંવેદનશીલ વર્ગો જેવાકે, બાળકો, સ્ત્રીઓ, મજૂર વગેરે વર્ગોનો સમાવેશ થયો છે, જેથી તેમને ભણવાના હક્કો, ભેદભાવ વગર મુક્ત રીતે જીવન જીવવાના હક્કો, કામ કરવાના હક્કો, શોષણમાંથી મુક્ત થવાના હક્કોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ પણ સ્વતંત્ર રીતે જીવી શકે છે. આ માનવ અધિકારોથી લોકો સમાજમાં ચાલતા દૂષણ સામે લડી શકે છે. માનવ અધિકારો ડર વિના બોલવા માટે માનવને સક્ષમ બનાવે છે. માનવ અધિકારોની ચળવળમાં UDHRએ એક અગત્યનો ભાગ ભજવ્યો છે. UDHRમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, અધિકારોના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનમાં જોડાવાના હક્કોની જોગવાઈ કરવામાં આવી છે. માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાને અપનાવ્યા પછી તેની જોગવાઈઓએ વિવિધ રાષ્ટ્રીય બંધારણોને અસર કરી છે. અનેક દેશોએ UDHRની જોગવાઈ જણાવ્યા પ્રમાણે પોતાના બંધારણમાં સુધારા-વધારા કર્યા છે અને તે મુજબ પોતાના દેશમાં નવા કાયદાનું ઘડતર કર્યું, જેનાથી માનવ અધિકારોને રક્ષણ પૂરું પાડી શકાય.

## 1.6 ઉપસંહાર

માનવ અધિકારોને બીજા વિશ્વયુદ્ધ પછી નવું રૂપ આપવા અને જાનહાનિ રોકવા માટે શ્રીમતી એલીનોર રુઝવેલ્ટના અધ્યક્ષપદે સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિના અહેવાલમાં થોડા ફેરફાર કરીને 10 ડિસેમ્બર, 1948ના રોજ યુએન મહાસભાએ તેનો સ્વીકાર કરી જાહેર કર્યું હતું. તે દિવસથી 10 ડિસેમ્બરને માનવ અધિકાર દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આપણે જોયું કે UDHRમાં 30 માનવ અધિકારો છે. જીવનનો અને સ્વતંત્રતાનો અધિકાર, વ્યક્તિના તેમજ તેના કુટુંબના આરોગ્ય અને કલ્યાણ માટે પર્યાપ્ત જીવનધોરણ મેળવવાનો અધિકાર, જરૂરિયાતના સમયે સામાજિક રક્ષણનો અધિકાર, શારીરિક અને માનસિક આરોગ્યના ઉચ્ચતમ ધોરણે પહોંચવાનો અધિકાર, કામનો અધિકાર અને કામની ન્યાયી તથા સાનુકૂળ પરિસ્થિતિ મેળવવાનો અધિકાર, અંગત અને કૌટુંબિક જીવનનો અધિકાર, શિક્ષણનો અધિકાર, ધર્મ, મત, વાણી, અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, સંગઠનનું સ્વાતંત્ર્ય, રાજકીય પ્રક્રિયામાં સહભાગી થવાનો અધિકાર, સાંસ્કૃતિક જીવનમાં સહભાગી થવાનો અધિકાર, ગુલામીથી

*મુક્તિનો અધિકાર, વ્યક્તિની સલામતીનો અધિકાર, આપખુદી ધરપકડ કે કેદમાંથી મુક્તિનો અધિકાર, સતામણીથી સ્વતંત્રતા મેળવવાનો અધિકાર-નો સમાવેશ UDHRમાં કરવામાં આવ્યો છે.*

## 1.7 ચાવીરૂપ શબ્દો

- ❖ *સંયુક્ત રાષ્ટ્ર : વિકાસશીલ દેશોએ ભેગા મળીને બનાવેલું સંગઠન*
- ❖ *યુનો : સંયુક્ત રાષ્ટ્રનું સંગઠન.*
- ❖ *માનવ અધિકારો : માનવોને જન્મથી મળતા અધિકારો.*
- ❖ *સાયરસ સિલિન્ડર: પ્રથમ માનવ અધિકારોની લખાણવાળી તક્તી*

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચેના વૈકલ્પિક પ્રશ્નોનો જવાબ આપો.**

**1. યુનો દ્વારા કરવામાં આવેલી પ્રથમ માનવ અધિકારની ઘોષણા શું છે?**

A. *માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણા,* 1948 C. *ધ સાયરસ સિલિન્ડર*
B. *બિલ ઑફ રાઈટ્સ* D. *ધ પિટિશન ઑફ રાઈટ્સ*

**2. માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણા ક્યારે અમલમાં આવી?**

A. 10 *ડિસેમ્બર,* 1950 C. 10 *ડિસેમ્બર,* 1947
B. 10 *ડિસેમ્બર,* 1944 D. 10 *ડિસેમ્બર,* 1948

**3. માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણામાં કેટલા અધિકારો છે?**

A. 32 C. 30
B. 28 D.35

**4. માનવ અધિકાર દિવસ ક્યારે ઊજવવામાં આવે છે?**

A. 10 *ડિસેમ્બર,* 1948 C. 10 *ડિસેમ્બર,* 1947
B. 10 *ડિસેમ્બર,* 1944 D. 10 *ડિસેમ્બર,* 1950

**5. સંયુક્ત રાષ્ટ્ર દિવસ કયારે ઊજવવામાં આવે છે?**

A. 25 *ઓક્ટોબર,* 1945 C. 27 *ઓક્ટોબર,* 1945
B. 26 *ઓક્ટોબર,* 1945 D. 24 *ઓક્ટોબર,* 1945

**6.અમેરિકા સ્વતંત્રની ઘોષણા કયા વર્ષે થઈ?**

A. 1975 C. 1988
B. 1976 D. 1978

**7. ______________________ ના નિવેદનોવાળી તખ્તી ઈતિહાસની સૌપ્રથમ** *માનવ અધિકારની ઘોષણા છે.*

A. *ધી જોહન પોપ* C. *ધી સેન પોપ*

B. *ધી સાયરસ સિલિન્ડર* D. *ધી રોમન જોહન*

**8. પ્રથમ જિનીવા સંમેલન ક્યારે થયું હતું?**

A. 1864 C. 1866

B. 1877 D. 1855

**જવાબોઃ**

1. A, 2. D, 3. C, 4 A, 5. D, 6. B, 7. B, 8. A

**(બ) નીચેના પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો.**

1. *મેગ્ના કાર્ટા કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું?*
2. *સર એડવર્ડ કોક દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પિટિશન ઑફ રાઈટ્સમાં ક્યા ચાર સિદ્ધાંતો ભારપૂર્વક જણાવ્યા હતા?*
3. *અમેરિકાની સ્વાતંત્ર્ય ઘોષણા(1776)માં ક્યાં અધિકારો પ્રાપ્ત થયા છે?*
4. *ભારતીય બંધારણના ક્યાં ભાગમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ થાય છે?*

**(ક) ટૂંક નોધ લખોઃ**

1. *માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનું મહત્ત્વ*
2. *મેગ્ના કાર્ટા*
3. *ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો*

**(ડ) નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

1. *માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા, 1948નો ઈતિહાસ લખો.*
2. *માનવઅધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા અંતર્ગત આવરી લેવાયેલા માનવ અધિકારો સવિસ્તાર સમજાવો.*
3. *ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને UDHR હેઠળના માનવ અધિકારોનો તફાવત જણાવો.*

## 1.9 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *કરિઆ એ. એન., માનવ અધિકાર, સી. જમનાદાસ કંપની*
2. *રાવલ કૌશિક સી., માનવ અધિકારો અને કાયદો, સંકેત લૉ બુક સેલર, અમદાવાદ*
3. *કપૂર એસ. કે., હ્યુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ લૉ, સેન્ટ્રલ લૉ એન્જસી*
4. *અગ્રવાલ એચ. ઓ., હ્યુમન રાઈટ્સ, સેન્ટ્રલ લૉ એન્જસી*
5. *પંડ્યા જે. એન., ધ કોન્સ્ટિટ્યૂશનલ લૉ ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ લૉ એન્જસી*

# એકમ-2 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

-: રૂપરેખા :-

**2.0** અભ્યાસના ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીનો ઈતિહાસ

**2.3** દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારો

**2.4** ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો તથા દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોની સરખામણી

**2.5** દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળ અમલીકરણ પ્રક્રિયા

- **2.5.1** અહેવાલ પ્રક્રિયા
- **2.5.2** આંતર-રાષ્ટ્રીય સંચાર વ્યવસ્થા
- **2.5.3** સમાધાન પ્રક્રિયા
- **2.5.4** વ્યક્તિની સંચાર વ્યવસ્થા

**2.6** દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલ્સ

- **2.6.1** દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો વૈકલ્પિક પ્રોટોકોલ
- **2.6.2** દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો બીજો વૈકલ્પિક પ્રોટોકોલ, જેનો ઉદ્દેશ મૃત્યુદંડને નાબૂદ કરવાનો છે **1989**

**2.7** ઉપસંહાર

**2.8** ચાવીરૂપ શબ્દો

**2.9** તમારી પ્રગતિ ચકાસો

**2.10** ઉપયોગી પુસ્તકોની યાદી

## 2.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ મિત્રો તમે દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *ને વિગતથી સમજી શકશો.*

- *આ એકમમાં દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની પ્રસ્તાવના, ઈતિહાસ, દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારો સમાવેશ કરવામાં આવ્યો છે.*
- *આ એકમમાં ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને* ICCPR *હેઠળના માનવ અધિકારોને વિગતવાર સમજાવામાં આવ્યા છે.*
- *આ એકમમાં દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય મજૂતીની અમલીકરણની પ્રક્રિયાનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે, જે તમે જાણી શકશો.*
- *આ એકમમાં બે વૈકલ્પિક પ્રોટોકોલ્સને તેની જરૂરિયાત અને તેની જોગવાઈઓ સહિત વિગતવાર રીતે આવરી લેવામાં આવ્યા છે.*

## 2.1 પ્રસ્તાવના

*યુનોએ સામાન્ય સભાના ઠરાવ* 2200*એ* (XXI)*થી* 16 *ડિસેમ્બર,* 1966*ના રોજ દીવાની અને રાજકીય અધિકારો પરની સમજૂતી* (International Covenant on Civil and Political Rights, 1966- ICCPR)*નો સ્વીકાર કર્યો હતો અને જેનો અમલ સમજૂતીની અનુચ્છેદ* 49*હેઠળ* 23 *માર્ચ,* 1976*ના રોજથી થયો હતો.* ICCPR*માં જીવનનો અધિકાર, સમાનતાનો અધિકાર, વાણી સ્વતંત્રતા, યોગ્ય ન્યાયિક પ્રક્રિયા અને વાજબી સુનાવણીના અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.* ICCPR*એ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *અને તેના બે વૈકલ્પિક પ્રોટોકોલ્સ સાથે જોડાયેલ 'આંતરરાષ્ટ્રીય બિલ ઑફ રાઈટ્સ'નો ભાગ છે. શરૂઆતમાં* 74 *દેશોએ હસ્તાક્ષર કર્યા હતા અને હાલમાં સપ્ટેમ્બર* 2019 *સુધીમાં* 173 *દેશો આ સમજૂતીમાં પક્ષો તરીકે જોડાયા છે.*

## 2.2 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીનો ઈતિહાસ

*વિદ્યાર્થીમિત્રો, હવે આપણે આ સમજૂતીના ઈતિહાસનો અભ્યાસ કરીશું.*

*બીજા વિશ્વયુદ્ધ પછી માનવ સંરક્ષણની વિશ્વભરમાં માંગણી થઈ હતી. સ્થાનિક સરકારો લોકોના જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહી હતી અને આ ઉપરાંત કેટલાંક ચોક્કસ જૂથો પર અત્યાચારો થઈ રહ્યા હતા. તેમના વર્ગ, જાતિ, ધર્મ, રંગ, ધર્મ અને લિંગને કારણે જ સતત સતામણી થઈ રહી હતી. ઘરેલુ સ્તરે રક્ષણાત્મક વ્યવસ્થા પર્યાપ્ત સુરક્ષા પૂરી પાડવા માટે એટલી અસરકારક નહોતી, તેથી માનવ અધિકારોની સુરક્ષા માટે સાર્વત્રિક બાંયધરી આપનારની જરૂર હતી. પ્રથમ પરિષદનું આયોજન* 1945*માં સાન ફ્રાન્સિસ્કો ખાતે કરવામાં આવ્યું હતું. કેટલાક લેટિન અમેરિકન દેશોએ માનવ અધિકારો પર સંપૂર્ણ સંહિતા રચવાની વિનંતી કરી હતી અને તેને સંયુક્ત*

રાષ્ટ્રના ચાર્ટરમાં સામેલ કરી શકાય તેવી રજૂઆત કરી હતી. પરંતુ પહેલો પ્રયાસ સફળ થયો નહોતો, કારણ કે આ પ્રકારની પહેલને કાળજીપૂર્વક તૈયારીની જરૂર હતી. સતત પ્રયાસો બાદ માનવ અધિકાર પરના નવા પંચે તેમની કામગીરી શરૂ કરી દીધી હતી અને 10 ડિસેમ્બર, 1948ના રોજ માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણાને અપનાવવામાં આવી હતી.

આ ઘોષણા વ્યક્તિગત તેમજ રાષ્ટ્રીય જીવનને નવેસરથી આકાર આપવાનું એક અસરકારક સાધન હતું. આ માત્ર રાજકીય જાહેરાત બનીને ન રહી જાય, એ માટે ખૂબ જ શરૂઆતથી સામાન્ય કરાર થયો હતો કે સાર્વત્રિક ઘોષણાની સમજૂતીનો આંતરરાષ્ટ્રીય સંધિના સખત-કાનૂની સ્વરૂપમાં સ્વીકાર થવો જોઈએ. સામાન્ય સભાએ સાર્વત્રિક ઘોષણાપત્રમાં પહેલા પણ આવી આવશ્યકતાની પુષ્ટિ કરી હતી, જેમ કે, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો સાથે પરંપરાગત દીવાની અને રાજકીય અધિકારો, કારણ કે બંને અધિકારો 'એકબીજા સાથે જોડાયેલા અને પરસ્પરઆધારિત' હતા. (જુઓ ઠરાવ 421(V) ના વિભાગ E ના 4 ડિસેમ્બર, 1950)

પરંતુ, પ્રશ્ન એ ઊભો થાય છે કે આ આંતરરાષ્ટ્રીય અધિકારો તમામ રાષ્ટ્રો માટે અથવા તેમની વિવિધ વિશિષ્ટતાઓ અનુસાર હોવા જોઈએ. પશ્ચિમના દેશોએ દાવો કર્યો હતો કે અમલીકરણ પ્રક્રિયા સમાન નથી, કારણ કે આર્થિક અને સાંસ્કૃતિક અધિકારો, દેશના કલ્યાણ રાજ્યના ધ્યેયોમાં યોગદાન આપે છે, જ્યારે કોઈ પણ પૂર્વગ્રહ વિના દીવાની અને રાજકીય અધિકારોનો ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સામાન્ય સભાએ, માનવ અધિકાર પંચે 4 ફેબ્રુઆરી 1952ના ઠરાવ 543 (VI) પર બે મુસદ્દાની રચના કરવા માટે નિર્દેશ આપ્યો હતો:

- દીવાની અને રાજકીય અધિકારો પરની સમજૂતી
- આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની સમજૂતી

અને 16 ડિસેમ્બર, 1966ના રોજ સામાન્ય સભાએ આ બે સમજૂતીઓ કરી હતી.

## 2.3 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારો

દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 અંતર્ગત દીવાની અને રાજકીય અધિકારોનો સમાવિષ્ટ કરવામાં આવ્યો છે, જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

**અનુચ્છેદ 1: આત્મનિર્ણયનો અધિકાર**

1. *બધા જ માનવોને આત્મનિર્ણયનો અધિકાર રહેશે. તે અધિકારની હેઠળ તેઓ મુક્ત રીતે પોતાનો રાજકીય દરજ્જો પ્રાપ્ત કરી શકે છે અને પોતાનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ મુક્ત રીતે નક્કી કરી શકે છે.*
2. *તમામ માનવો, પરસ્પર લાભ અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંત પર આધારિત આંતરરાષ્ટ્રીય આર્થિક સંસ્કારમાંથી ઉત્પન્ન થતી જવાબદારીઓમાં બાધ લાવ્યા સિવાય, પોતાના હેતુ માટે, મુક્ત રીતે પોતાની સંપત્તિ અને સંસાધનોનો નિકાલ કરી શકે. કોઈ પણ પ્રસંગે, માનવોને પોતાનાં ભરણપોષણનાં સાધનોથી વંચિત કરી શકાય નહીં.*
3. *બિન સરકારી અને ટ્રસ્ટ વગેરેના વહીવટ માટેની જવાબદારી ધરાવતાં રાજ્યો સહિત આ સમજૂતીના રાજ્ય પક્ષકારો સ્વનિર્ણયના અધિકાર પ્રાપ્તિ માટે ઉત્તેજન આપશે અને યુનોના ખતપત્રની જોગવાઈઓ અનુસાર તે અધિકારનું સન્માન કરશે.*

**અનુચ્છેદ 2: અધિકારોનું સન્માન અને પાલનની ખાતરી**

1. *આ સમજૂતીનો દરેક રાજ્ય પક્ષકાર, જાતિ, રંગ, લિંગ, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાય કે રાષ્ટ્રીય કે સામાજિક ઉદ્‌ભવસ્થાન, મિલકત, જન્મ કે અન્ય દરજ્જા જેવા કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય, દરેક રાજ્ય પક્ષકાર, પોતાના આદેશોને આધીન અને પોતાના વિસ્તારમાં આ સમજૂતીથી માન્ય કરાયેલા તમામ અધિકારોનું સન્માન અને પાલન કરાવવાની ખાતરી આપે છે.*
2. *જ્યારે વર્તમાન કાયદા કે અન્ય પગલાંથી અગાઉ જોગવાઈ કરાવેલ હોય, ત્યારે દરેક રાજ્ય પક્ષકાર, વર્તમાન સમજૂતીમાં માન્ય કરાયેલા અધિકારોને જરૂરી અસર આપવા માટે બંધારણીય પ્રક્રિયાઓ અને અન્ય ધારાકીય કે અન્ય પગલાંઓ મુજબ બંધારણીય પ્રક્રિયાઓ તેમજ વર્તમાન સમજૂતીની જોગવાઈઓને અનુરૂપ, જરૂરી પગલાં લેવાની બાંયધરી આપે છે.*
3. *દરેક રાજ્ય પક્ષકાર, ખાતરી આપે છે કે;*
   a) *અહીં માન્ય કરાયેલા અધિકારો અને સ્વતંત્રતા, સત્તાવાર રીતે ઉચ્ચપદ પર કાર્યરત હોય તેવી વ્યક્તિઓ તરફથી ભંગ કરાયા હોય, તોપણ જે વ્યક્તિના અધિકારો અને સ્વાતંત્ર્યનો ભંગ કરાયેલ હોય તેને અસરકારક ઉપચાર મળે તે જોશે.*
   b) *આવા ઉપચારનો હક્કદાવો કરનાર કોઈપણ વ્યક્તિને, રાજ્યની કાનૂની પ્રથાથી જોગવાઈ કરાયેલ, સક્ષમ ન્યાયિક, વહીવટી અથવા ધારાકીય સત્તાધિકારીઓ કે અન્ય કોઈપણ સક્ષમ સત્તાધિકારી તરફથી ન્યાયિક ઉપચારની બાંયધરી આપવાનો અધિકાર રહેશે.*
   c) *સત્તાધિકારીઓ જ્યારે ઉપચારો મંજૂર કરે અને તેનો અમલ કરશે તે જોશે.*

**અનુચ્છેદ 3: પુરુષો અને સ્ત્રીઓને સમાન અધિકાર**

*રાજ્ય પક્ષકારો, વર્તમાન સમજૂતીમાં નિર્દિષ્ટ કરાયેલ તમામ દીવાની અને રાજકીય અધિકારોના ઉપભોગ માટે પુરુષો અને સ્ત્રીઓને સમાન અધિકાર મળે તે જોવાની ખાતરી આપે છે.*

**અનુચ્છેદ 4: જાહેર કટોકટીના સમયના અધિકારો**

1. *જેનાથી રાષ્ટ્રને ખતરો હોય તેવી જાહેર કટોકટીના સમયે, રાજ્ય પક્ષકારો સમજૂતીની જવાબદારીઓથી, પરિસ્થિતિની ગંભીરતાની જરૂરિયાત મુજબ દૂર રહીને પગલાં લઈ શકે, પરંતુ આવાં પગલાં આંતરરાષ્ટ્રીય કાયદાની અન્ય જવાબદારીઓ સાથે અસંગત હોવા જોઈએ નહીં અને તેનાથી જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે અન્ય સામાજિક બાબતના કારણે ભેદભાવ થવો જોઈએ નહીં.*
2. *અનુચ્છેદ 6, 7, 8 (ફકરો 1 અને 2) 11, 15, 16 અને 18થી આ જોગવાઈ હેઠળ બાદ કરી શકાય નહીં.*
3. *જે કોઈ રાજ્ય પક્ષકાર આ રીતે વર્તમાન સમજૂતીની કોઈ જોગવાઈનો અમલ કરેલ ની હોય, તે તરત જ યુનોના મહામંત્રીના માધ્યમથી, આ સમજૂતીના અન્ય રાજ્ય પક્ષકારોને, પોતે જેનાથી દૂર રહેલ હોય તે જોગવાઈઓ અને કારણોની જાણ કરશે. આ રીતે દૂર રહેવાનું બંધ કરેલ હોય, ત્યારે આ જ માધ્યમથી ફરી જાણ કરવામાં આવશે.*

**અનુચ્છેદ 5 : માન્ય કરાયેલ અધિકારો કે સ્વાતંત્ર્યો**

1. *વર્તમાન સમજૂતીમાં એવું કાંઈ અર્થઘટન કરવામાં આવશે નહિ કે જેનાથી કોઈ રાજ્ય, જૂથ અથવા વ્યક્તિને, આ સમજૂતીમાં જોગવાઈ કરાયેલ હોય તે સિવાય વધારે પ્રમાણમાં અહીં માન્ય કરાયેલ અધિકારો કે સ્વાતંત્ર્યોની નાબૂદીનું ધ્યેય રખાયેલ કોઈ પ્રવૃત્તિ કે કૃત્ય કરવાનો અધિકાર ધરાવે છે.*
2. *જ્યારે કોઈ રાજ્ય પક્ષકારના રાજ્યમાં કોઈ કાયદો, સમજૂતીઓ, નિયમનો કે રિવાજથી માન્ય કરાયેલ કે અસ્તિત્વ ધરાવતા મૂળભૂત માનવ અધિકારો હોય, ત્યારે રાજ્ય એવાં સ્વ-કારણસર તેના પર નિયંત્રણ મૂકશે નહીં કે તેમાં ઘટાડો કરશે નહીં કે વર્તમાન સમજૂતી આવા અધિકારો માન્ય કરતી નથી અથવા તેને ઓછા પ્રમાણમાં માન્ય રાખે છે.*

**અનુચ્છેદ 6: જીવનનો અધિકાર**

1. *દરેક માનવને જીવનનો અધિકાર છે. આ અધિકારનું કાયદાથી રક્ષણ કરવામાં આવશે. કોઈ પણ વ્યક્તિને તેના જીવનથી મનસ્વી રીતે વંચિત કરવામાં આવશે નહીં.*

2. જે દેશોમાં મૃત્યુદંડની સજાની જોગવાઈ નાબૂદ કરાયેલ નથી, તે દેશોમાં ગુનો થયાના સમયે પ્રવર્તમાન કાયદા મુજબ સૌથી ભયંકર ગુનાઓ માટે જ અને નહીં કે વર્તમાન સમજૂતીની જોગવાઈઓ અનુસાર. ગુના નિવારણ અને શિક્ષાની સમજૂતીની જોગવાઈ વિરુદ્ધ કાર્યવાહી કરી શકાય નહીં.
3. જ્યારે સામુદાયિક નરસંહારના ગુના બદલ મૃત્યુદંડની સજા કરવાની હોય, ત્યારે સામુદાયિક નરસંહારના ગુના નિવારણ અને શિક્ષાની સમજૂતીની જોગવાઈઓ હેઠળ ધારણ કરેલ જવાબદારીમાંથી કોઈ રાજ્ય પક્ષકારને દૂર રહેવાની સત્તા મળતી હોવાનું માન્યામાં આવશે નહીં.
4. મૃત્યુદંડની સજાનું ફરમાન કરાયેલ કોઈ પણ વ્યક્તિને સજાની માફી કે ઘટાડો મેળવવાનો અધિકાર રહેશે.
5. 18 વર્ષથી નીચેની વ્યકિતનોએ કરેલ ગુના બદલ મૃત્યુદંડની સજા આપી શકાશે નહીં કે સગર્ભા સ્ત્રીઓ પર તેનો અમલ કરવામાં આવશે નહીં,
6. આ અનુચ્છેદથી આ સમજૂતી રાજ્ય પક્ષકારને મૃત્યુદંડની સજામાં વિલંબ કે તેની નાબૂદી કરતાં અટકાવતી હોવાનું સમજવામાં આવશે નહીં.

**અનુચ્છેદ 7 : અમાનવીય કે અપમાનજનક વ્યવહારની નાબૂદી**

કોઈ પણ વ્યક્તિને ત્રાસદાયક, ક્રૂરતાપૂર્વક, અમાનવીય કે અપમાનજનક વ્યવહાર કે શિક્ષા કરવામાં આવશે નહીં. કોઈ પણ વ્યકિતને તેની મુક્ત સંમતિ સિવાય તબીબી કે વૈજ્ઞાનિક પ્રયોગને આધીન બનાવવામાં આવશે નહીં.

**અનુચ્છેદ 8: ગુલામી અને દાસત્વમાંથી મુક્તિ**

1. કોઈ પણ વ્યક્તિને ગુલામ બનાવાશે નહીં. કોઈ પણ સ્વરૂપમાં ગુલામી અને તેના વેપાર પર પ્રતિબંધ રહેશે.
2. કોઈ પણ વ્યક્તિને દાસ બનાવવામાં આવશે નહીં.
   a) કોઈપણ વ્યક્તિને ફરજિયાત મજૂરી કે વેઠ માટે ફરજ પાડી શકાશે નહીં;
   b) જે દેશોમાં સખત મજૂરી સાથે ગુના બદલ સજા કરવામાં આવતી હોય, તે દેશોમાં સક્ષમ અદાલત તરફથી સખત મજૂરી સાથે કેદની શિક્ષા કરતાં ફકરો (એ) અટકાવતું નથી.
   c) આ ફકરા માટે ફરજિયાત મજૂરી કે વેઠમાં નીચેનાનો સમાવેશ થતો નથી કે

I. અદાલતના કાયદેસર હુકમના પરિણામે અટકાયત હેઠળ રહેલ કોઈ વ્યક્તિએ અથવા આવી અટકાયતમાંથી શરતી મુક્તિ દરમિયાન કોઈ વ્યક્તિએ સામાન્ય રીતે, પેટા ફકરા (બી)માં ઉલ્લેખિત કરવું પડતું કોઈ કામ અથવા સેવા;

II. લશ્કરી સ્વરૂપની કોઈ પણ સેવા અને જે દેશોમાં જ્યાં પ્રામાણિક વાંધો માન્ય રખાતો હોય, ત્યાં કાયદાથી આવા પ્રામાણિક વાંધો રજૂ કરનારની કોઈપણ રાષ્ટ્રીય સેવા;

III. સમાજના જીવન કે આરોગ્યને ખતરારૂપ કટોકટી કે દુર્ઘટનાના પ્રસંગોમાં લેવાયેલ કોઈ પણ સેવા;

IV. સામાન્ય નાગરિક જવાબદારીનો ભાગ બને તેવું કોઈ પણ કામ કે સેવા.

**અનુચ્છેદ 9 :સ્વાતંત્ર્ય અને સુરક્ષાનો અધિકાર**

1. દરેકને વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સુરક્ષાનો અધિકાર છે. કોઈ પણ વ્યક્તિને મનસ્વી ધરપકડ કે અટકાયત કરી આધીન બનાવાશે નહીં. કોઈપણ વ્યક્તિને કાયદા મુજબનાં કારણો અને કાયદા સ્થપિત કાર્યવાહી સિવાય તેના મુક્તજીવનથી વંચિત કરવામાં આવશે નહીં.
2. જેની ધરપકડ કરવામાં આવે તેને ધરપકડ વખતે જ તેની ધરપકડનાં કારણો જણાવવામાં આવશે અને તરત જ તેની સામેના આરોપોની જાણ કરવામાં આવશે.
3. ફોજદારી ગુનાસર ધરપકડ કે અટકાયત કરાયેલ વ્યક્તિને ન્યાયાધીશ કે કાયદાથી અધિકૃત કરાયેલ અન્ય અધિકારી સમક્ષ તેની ન્યાયિક સત્તા વાપરવા માટે રજૂ કરાશે અને વાજબી સમયમાં સુનાવણી કે મુક્તિ માટે હક્કદાર બનશે. સુનાવણીની રાહ જોઈ રહેલ વ્યક્તિઓને હવાલાતમાં અટકાયતમાં રાખવાનો સામાન્ય નિયમ ગણાશે નહીં, પરંતુ ન્યાયિક કાર્યવાહીના કોઈપણ તબક્કે સુનાવણી માટે હાજર રહેવાની પ્રત્યાભૂતિને આધીન મુક્ત કરી શકાય અને પ્રસંગે ઉપસ્થિત થાય ત્યારે ચુકાદાનો અમલ કરી શકાય.
4. જે વ્યક્તિ ગેરકાયદે ધરપકડ કે અટકાયતનો ભોગ બનેલ હોય તેને વળતરનો અમલપાત્ર અધિકાર રહેશે.

**અનુચ્છેદ 10 : કેદીઓના અધિકારો**

1. પોતાના સ્વાતંત્ર્યથી વંચિત કરાયેલ તમામ વ્યક્તિઓ સાથે માનવતાપૂર્વકનો અને વ્યક્તિના અંગત ગૌરવના સન્માન સાથે વ્યવહાર કરવામાં આવશે.
   a. અપવાદરૂપ સંજોગો સિવાય આરોપીઓને સજા પામેલી વ્યક્તિઓ કરતાં અલગ રાખવામાં આવશે.
   b. બાળ ગુનેગારોને પુખ્તવયના ગુનેગારો કરતાં અલગ રાખવામાં આવશે અને તેમને શક્ય તેટલી ઝડપથી સુનાવણી માટે રજૂ કરવામાં આવશે.
2. જેલનો મહત્ત્વનો હેતુ કેદીઓની સુધારણા અને સામાજિક પુનર્વસવાટ હશે. બાળ ગુનેગારોને પુખ્તવયના ગુનેગારો કરતાં અલગ રાખવામાં આવશે અને તેમના વય અને કાનૂની દરજ્જાને અનુરૂપ તેમની સાથે વ્યવહાર કરવામાં આવશે.

### અનુચ્છેદ 11 : કરારજન્ય જવાબદારી પૂર્ણ ન કરી શકવાના કારણે જેલમાં ન રહેવાનો અધિકાર

*કોઈ પણ વ્યક્તિની કરારજન્ય જવાબદારી પૂર્ણ કરવાની અસમર્થતાના જ કારણસર તેના પર દંડ લાદવામાં આવશે નહીં.*

### અનુચ્છેદ 12: કાયદેસર નિવાસીઓ માટે રહેઠાણની સ્વતંત્રતા અને રહેઠાણની પસંદગીનો અધિકાર

1. *રાજ્યના વિસ્તારમાં કાયદેસર રહેતી દરેક વ્યક્તિને, તે પ્રદેશમાં હરવાફરવાના સ્વાતંત્ર્ય અને પોતાનું નિવાસસ્થાન પસંદ કરવાના સ્વાતંત્ર્યનો અધિકાર રહેશે.*
2. *દરેક વ્યક્તિને પોતાના દેશ સહિત, કોઈ પણ દેશ છોડવાનું સ્વાતંત્ર્ય રહેશે.*
3. *ઉપર નિર્દિષ્ટ કરાયેલ અધિકારો, કાયદાથી જોગવાઈ કરાયેલ અને રાષ્ટ્રીય સુરક્ષા, જાહેર વ્યવસ્થા, જાહેર આરોગ્ય કે નૈતિકતા અથવા અન્ય વ્યક્તિઓના અધિકારો કે સ્વાતંત્ર્યના રક્ષણ માટે જરૂરી હોય તે સિવાય, કોઈ નિયંત્રણોને આધીન બનશે નહીં, અને આવાં નિયંત્રણો વર્તમાન સમજૂતીથી માન્ય કરાયેલ અન્ય અધિકારો સાથે સુસંગત હોવા જોઈએ.*
4. *કોઈ પણ વ્યક્તિને તેના પોતાના દેશમાં પ્રવેશ કરવાના અધિકારથી મનસ્વી રીતે વંચિત કરવામાં આવશે નહીં.*

### અનુચ્છેદ 13 : પરદેશીના અધિકાર

*આ સમજૂતીના રાજ્ય પક્ષકારના વિસ્તારમાં કાયદેસર રીતે રહેતા કોઈ પરદેશીને કાયદા અનુસાર લેવાયેલ નિર્ણય પ્રમાણે જ તગેડી શકાય. રાષ્ટ્રીય સુરક્ષાનાં ફરજિયાત કારણો હોય તે સિવાય એને પોતાની હકાલપટ્ટી સામે કારણો રજૂ કરવાની છૂટ આપવામાં આવશે અને તેને સક્ષમ સત્તાધિકારી દ્વારા રિવ્યૂ કરાવવાનો અધિકાર રહેશે અને તે હેતુ માટે રજૂઆત કરવાનો તેને અધિકાર રહેશે.*

### અનુચ્છેદ 14 : અદાલતો અને ન્યાયપંચો સમક્ષ વ્યક્તિઓ સમાન તથા યોગ્ય અને જાહેર સુનાવણીનો અધિકાર

1. *અદાલતો અને ન્યાયપંચો સમક્ષ તમામ વ્યક્તિઓ સમાન છે. પોતાની સામેના ફોજદારી ગુનાના આરોપમાં, અથવા કાયદામાં થયેલ દાવામાં તેના અધિકારો અને જવાબદારીઓના નિર્ણયમાં દરેકને કાયદા સ્થાપિત સક્ષમ, સ્વતંત્ર અને તટસ્થ ન્યાયપંચ સમક્ષ યોગ્ય અને જાહેર સુનાવણીનો અધિકાર રહેશે. નૈતિકતા, જાહેર વ્યવસ્થા અથવા લોકશાહી સમાજમાં રાષ્ટ્રીય સુરક્ષાનાં કારણોસર અથવા પક્ષકારોના ખાનગી જીવનનાં હિત માટે જરૂરી હોય અથવા અદાલતના મતે ખાસ સંજોગોમાં જાહેરાત કરવાથી ન્યાયના હિતમાં અવરોધ થાય તેમ હોય, તો અખબારો અને જાહેર જનતાને ન્યાયિક કાર્યવાહી કે તેના ભાગથી દૂર રાખી શકાય, પરંતુ*

ફોજદારી કેસ અથવા કાયદાના દાવામાં અપાયેલ ચુકાદો જાહેર બનશે, સિવાય કે બાકી ગુનેગારોનાં હિતમાં અન્યથા જરૂર હોય અથવા કાર્યવાહી લગ્નવિષયક તકરારો કે બાળકોના વાલીપણાની હોય.

2. ફોજદારી ગુનાનો આરોપ મુકાયેલ દરેક વ્યક્તિ, કાયદા મુજબ ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી નિર્દોષ હોવાના અનુમાન માટે હક્કદાર છે.
3. પોતાની સામેના ફોજદારી ગુનાના નિર્ણયમાં, દરેક નીચેની ખાતરીઓ પૂર્ણપણે મેળવવા હક્કદાર બનશે.
   A. પોતે જે ભાષા સમજતો હોય તે ભાષામાં તેની સામેના ફોજદારી ગુનાના સ્વરૂપ અને કારણની તરત જ અને વિગતવાર જાણકારી મળવાની;
   B. પોતાના બચાવની તૈયારી માટે પૂરતો સમય અને વ્યવસ્થા તેમજ પોતાની પસંદગીના વકીલ સાથે મસલત કરવાની વ્યવસ્થા,
   C. વિલંબ વગર ન્યાયિક કાર્યવાહી હાથ ધરવાની;
   D. પોતાની હાજરીમાં ન્યાયિક કાર્યવાહી થવાથી અને જાતે અથવા પોતાની પસંદગીના કાનૂની સહાયક દ્વારા બચાવ કરવાની; અને જો તેને કાનૂની સહાય ન હોય, તો તેના આવા અધિકારની જાણ થવાની અને ન્યાયના હિતમાં જરૂરી હોય; તો પોતાને કાનૂની સહાય મળવાની અને આવા પ્રસંગે તેની પાસે ચૂકવણી માટે પૂરતાં સાધનો ન હોય, તો ચૂકવણી વિના કાનૂની સહાય મેળવાની;
   E. પોતાની વિરુદ્ધના સાક્ષીઓની તપાસ કરવા અને પોતાની સામેના સાક્ષીઓની જેમ તે જ શરતો, પોતાના વતી સાક્ષીઓની હાજરી અને તપાસ માટે;
   F. જો અદાલતમાં વપરાતી ભાષા તે બોલી કે સમજી શકે તેમ ન હોય, તો દુભાષિયાની નિઃશુલ્ક સેવા માટે;
   G. પોતાની વિરુદ્ધ પુરાવો આપવા કે ગુનો કબૂલ કરવાની તેને ફરજ પાડી શકાશે નહીં.
4. બાળગુનેગારોની બાબતમાં, તેમની વય અને તેમને પુનર્વસવાટ માટે ઉત્તેજન આપવાની ઈચ્છનીયતાને ધ્યાનમાં રાખીને કાર્યવાહી થવી જોઈએ.
5. ગુનામાં દોષિત પુરવાર થયેલી દરેક વ્યક્તિને કાયદા મુજબની ઉચ્ચ ન્યાયપંચ દ્વારા પોતાની દોષસિદ્ધિ અને સજાના રિવ્યૂ માટેનો અધિકાર રહેશે.
6. જ્યારે કોઈ વ્યક્તિ ફોજદારી ગુનામાં આખરી નિર્ણયથી દોષિત પુરવાર થયેલ હોય અને પાછળથી તેની દોષસિદ્ધિ ઊલટાવાયેલ હોય અથવા એવાં કારણસર તેને માફી અપાયેલ હોય કે કોઈ નવી હકીકતથી નિર્ણાયકપણે છે એમ જણાયું છે કે ન્યાય નિષ્ફળ ગયેલ છે. તો આવી દોષસિદ્ધિનાં કારણે જેણે શિક્ષા સહન કરેલ હોય તે વ્યક્તિને કાયદા મુજબ વળતર અપાશે, સિવાય કે

*છુપાયેલી હકીકત સમયસર, સંપૂર્ણપણે કે અંશતઃ તેના કારણસર પ્રગટ કરાયેલ ન હતી તેમ પુરવાર થાય.*

7. *જે કોઈ વ્યક્તિને આખરી દોષસિદ્ધિ કે છુટકારો થયેલ હોય, તે ફરી વખત ન્યાયિક કાર્યવાહી કે શિક્ષા માટે જવાબદાર બનશે નહીં.*

### અનુચ્છેદ 15: જ્યાં સુધી ફોજદારી ગુનો ન બને ત્યાં સુધી કોઈ પણ વ્યક્તિને ગુનેગાર માનવાનો નહીં

1. *જે કોઈ કૃત્ય, તે થવાના સમયે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ અપરાધ બનતું ન હોય, તેવા ફોજદારી ગુના બદલ તેને અપરાધી ઠરાવવામાં આવશે નહીં. જ્યારે ફોજદારી ગુનો બનેલ હોય તે સમયે લાગુ પડતો હોય તેનાથી વધારે દંડ કરી શકાશે નહીં. જો ગુનો બન્યા બાદ, કાયદાથી ઓછા દંડની સજા ઠરાવવામાં આવે, તો ગુનેગારને તેનો લાભ આપવામાં આવશે.*
2. *રાષ્ટ્રોના સમૂહે માન્ય કરેલ સામાન્ય સિદ્ધાંતો મુજબ, જે કૃત્ય કે કાર્યલોપ બનવાના સમયે ફોજદારી ગુનો હોય, તો આ અનુચ્છેદથી કોઈ વ્યક્તિની ન્યાયિક કાર્યવાહી અથવા શિક્ષાને બાધ નડતો નથી.*

### અનુચ્છેદ 16: કાયદા મુજબ વ્યક્તિ તરીકે માન્યતાનો અધિકાર

*દરેક વ્યક્તિને, દરેક જગ્યાએ, કાયદા મુજબ વ્યક્તિ તરીકે માન્યતાનો અધિકાર રાજ્ય પક્ષકાર દ્વારા અપાશે.*

### અનુચ્છેદ 17: મનસ્વી કે ગેરકાયદેસર દખલગીરીમાંથી સ્વતંત્રતા

1. *કોઈ પણ વ્યક્તિ, પોતાની ગુપ્તતા, કુટુંબ, ઘર કે નિવાસ્થાન સાથે મનસ્વી કે ગેરકાયદેસર દખલગીરી અથવા તેના માન અને પ્રતિષ્ઠા પર ગેરકાયદેસર હુમલાઓને આધીન બનશે નહીં.*
2. *દરેક વ્યક્તિને આવી દખલગીરી અથવા હુમલાઓ સામે રક્ષણનો અધિકાર છે.*

### અનુચ્છેદ 18: વિચાર, અંતરાત્મા અને ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર

1. *દરેકને વિચાર, અંતરાત્મા અને ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર રહેશે. આ અધિકારમાં પોતાની પસંદગીના ધર્મ કે માન્યતા ધરાવતા કે સ્વીકારવાના સ્વાતંત્ર્ય અને વ્યક્તિગત રીતે કે સમૂહમાં સાથે રહીને, જાહેરમાં કે ખાનગી રીતે પૂજા, નિરીક્ષણ, વ્યવહાર કે શિક્ષણમાં પોતાનો ધર્મ કે માન્યતા પ્રદર્શિત કરવાનાં સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે,*
2. *કોઈ પણ વ્યક્તિને એવાં દબાણને આધીન કરવામાં આવશે નહીં કે જેનાથી પોતાની પસંદગીના ધર્મ કે માન્યતા ધરાવવા કે સ્વીકારવાના તેના સ્વાતંત્ર્યમાં ઘટાડો થાય.*

3. પોતાનો ધર્મ કે માન્યતા પ્રદર્શિત કરવાનું સ્વાતંત્ર્ય માત્ર કાયદાએ નિયત કરેલ અને જાહેર સુરક્ષા વ્યવસ્થા, આરોગ્ય અથવા નૈતિકતા અથવા અન્યના મૂળભૂત અધિકારો કે સ્વાતંત્ર્યના રક્ષણ માટે જરૂરી હોય તેવા નિયંત્રણોને જ આધીન બનાવી શકાય.
4. આ સમજૂતીના રાજ્ય પક્ષકારો માતા-પિતા અને લાગુ પડતું હોય ત્યાં કાનૂની વાલીઓના પોતાની માન્યતાઓ અનુસાર નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવાનાં સ્વાતંત્ર્ય તરફ સન્માન રાખવાની ખાતરી આપે છે.

### અનુચ્છેદ 19: દખલગીરી વિના પોતાના અભિપ્રાયો ધરાવવાનો અધિકાર

1. દરેકને કોઈ પણ જાતની દખલગીરી વિના પોતાના અભિપ્રાયો ધરાવવાનો અધિકાર રહેશે.
2. દરેકને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર રહેશે. આ અધિકારમાં સરહદોને ધ્યાનમાં લીધા સિવાય તમામ પ્રકારની માહિતી અને વિચારો, મૌખિક કે લેખિત અથવા છાપેલા, કલાના સ્વરૂપમાં કે પોતાની પસંદગીનાં અન્ય કોઈ પણ માધ્યમથી શોધવા, મેળવવા કે આપવાના અધિકારનો સમાવેશ થાય છે.
3. ફકરા 2 માં જોગવાઈ કરાયેલ અધિકારનો ઉપયોગ પોતાની સાથે ખાસ ફરજો અને જવાબદારીઓ ધરાવે છે. તે ચોક્કસ નિયંત્રણોને આધીન હોઈ શકે, પરંતુ તે કાયદા મુજબના અને
   A. બીજાના અધિકારો અથવા પ્રતિષ્ઠાના સન્માન માટે,
   B. રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર વ્યવસ્થા અથવા જાહેર આરોગ્ય અથવા નૈતિકતાના રક્ષણ માટે જરૂરી હોવા જોઈએ.

### અનુચ્છેદ 20: યુદ્ધ માટેના પ્રચાર પર પ્રતિબંધ

1. યુદ્ધ માટેના કોઈ પણ પ્રચાર પર પ્રતિબંધ રહેશે.
2. રાષ્ટ્રીય, જાતિ-જ્ઞાતિગત કે ધાર્મિક નફરતનો પ્રચાર કે જેનાથી પક્ષપાત, દુશ્મનાવટ કે હિંસાની ઉશ્કેરણી થતી હોય, તેના પર પ્રતિબંધ રહેશે.

### અનુચ્છેદ 21: શાંતિપૂર્વક સભાનો અધિકાર

શાંતિપૂર્વક સભાનો અધિકાર માન્ય રહેશે. કાયદા અનુસાર અને જે લોકશાહી સમાજમાં રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી, જાહેર વ્યવસ્થા, જાહેર આરોગ્ય કે નૈતિકતાના રક્ષણ અથવા અન્યના અધિકારો અને સ્વાતંત્ર્યોના રક્ષણ માટે જરૂરી હોય તે સિવાયનાં કોઈ નિયંત્રણો આ અધિકારના ઉપભોગ પર લાદવામાં આવશે નહીં.

### અનુચ્છેદ 22: મજૂર સંઘો સ્થાપવાના અને તેમાં જોડાવાના અધિકાર

1. *દરેકને પોતાનાં હિતોના રક્ષણ માટે મજૂર સંઘો સ્થાપવાના અને તેમાં જોડાવાના અધિકાર સહિત અન્યની સાથે સંગઠન સ્વાતંત્ર્યનો અધિકાર રહેશે.*
2. *કાયદા અનુસાર અને લોકશાહી સમાજમાં રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી, જાહેર વ્યવસ્થા, જાહેર આરોગ્ય કે નૈતિકતાના રક્ષણ અથવા અન્યના અધિકારો અને સ્વાતંત્ર્યના રક્ષણ માટે જરૂરી હોય તે સિવાયનાં કોઈ નિયંત્રણો આ અધિકારના ઉપભોગ પર લાદવામાં આવશે નહીં. આ અનુચ્છેદ લશ્કરી દળો અને પોલીસ દળના સભ્યો પર તેમના અધિકારના ઉપભોગ પર કાયદેસર નિયંત્રણો મૂકતાં અટકાવતો નથી.*
3. *સંગઠન સ્વાતંત્ર્ય અને સંગઠન રચવાના અધિકારના રક્ષણ સંબંધી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન સમજૂતી, 1948ના પક્ષકાર રાજ્યોને, આ અનુચ્છેદથી એવાં વૈધાનિક પગલાં લેવાની સત્તા મળતી નથી કે જેનાથી તે સમજૂતીમાં જોગવાઈ કરાયેલ પ્રત્યાભૂતિમાં બાધ ઉત્પન્ન થાય, અથવા કાયદો એવી રીતે લાગુ પાડવામાં આવે કે જેનાથી બાધ ઉત્પન્ન થાય.*

### અનુચ્છેદ 23: લગ્નનો અધિકાર

1. *કુટુંબ, સમાજનું સ્વાભાવિક અને મૂળભૂત જૂથ એકમ છે અને તે સમાજ તેમજ રાજ્યના રક્ષણ માટે હકદાર છે.*
2. *લગ્નવય ધરાવતા પુરુષો અને સ્ત્રીઓનો લગ્ન કરવાનો અને કુટુંબ રચવાનો અધિકાર માન્ય કરવામાં આવશે.*
3. *ભાવિજીવનસાથીઓની મુક્ત અને પૂર્ણ સંમતિ સિવાય કોઈ લગ્ન કરી શકાશે નહીં.*
4. *આ સમજૂતીના રાજ્ય પક્ષકારો જીવનસાથીઓના લગ્ન સંબંધમાં, લગ્નજીવન દરમિયાન અને તેના વિચ્છેદ વખતે, અધિકારો અને જવાબદારીઓની સમાનતા રહે તે જોવા માટે ઉચિત પગલાંઓ લેશે. લગ્નવિચ્છેદના પ્રસંગે, બાળકોના જરૂરી રક્ષણ માટે જોગવાઈ કરવામાં આવશે.*

### અનુચ્છેદ 24 : બાળકોના અધિકારો

1. *દરેક બાળક, જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાષ્ટ્રીય કે સામાજિક કુળ, મિલકત, જન્મ અંગેના કોઈ પણ ભેદભાવ વિના સગીર તરીકેના દરજ્જા મુજબ, પોતાનાં કુટુંબ, સમાજ અને રાજ્ય તરફથી જરૂરી એવાં રક્ષણનાં પગલાં માટે હક્કદાર છે.*
2. *જન્મ બાદ દરેક બાળકની તરત જ નોંધણી કરાવવામાં આવશે અને તેને નામ ધારણ કરવાનો અધિકાર રહેશે.*
3. *દરેક બાળકને રાષ્ટ્રીયતા ધારણ કરવાનો અધિકાર છે.*

**અનુચ્છેદ 25 : રાજકીય બાબતોમાં ભાગ લેવાનો અધિકાર**

*દરેક નાગરિકને, અનુછેદ-2માં નિર્દિષ્ટ કરાયેલ જોગવાઈઓ સિવાય અને ગેરવાજબી નિયંત્રણો સિવાય,*

A. *પ્રત્યક્ષ કે મુકત રીતે પસંદ કરાયેલ પ્રતિનિધિઓ મારફત, જાહેર બાબતોના સંચાલનમાં ભાગ લેવાનો;*

B. *સાર્વત્રિક અને સમાન મતાધિકાર અને મતદારોની ઈચ્છાની મુક્ત અભિવ્યક્તિ કરતી ગુપ્ત મતદાન પદ્ધતિથી સમયાંતરે યોજાનાર કાયદેસર ચૂંટણીઓમાં મત આપવાનો અને ચૂંટાવાનો.*

C. *પોતાના દેશમાં જાહેર સેવાઓમાં, સમાનતાના ધોરણે, પ્રવેશનો અધિકાર અને તક*

**અનુચ્છેદ 26:કાયદા સમક્ષ સમાન**

*કાયદા સમક્ષ તમામ વ્યક્તિઓ સમાન છે અને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના કાયદાના સમાન રક્ષણ માટે હક્કદાર છે. આ બાબતમાં કાયદો કોઈ પણ ભેદભાવ પર પ્રતિબંધ મૂકશે અને જાતિ, રંગ, લિંગ, ભાષા, રાજકીય કે અન્ય વિચારધારા, રાષ્ટ્રીય કે સામાજિક કુળ, મિલકત, જન્મ કે અન્ય કોઈ દરજ્જા જેવાં કારણોસર ભેદભાવ સામે કે અન્ય અભિપ્રાય ધરાવતી તમામ વ્યક્તિઓને સમાન અને અસરકારક રક્ષણની ખાતરી આપશે.*

**અનુચ્છેદ 27 : લઘુમતીઓના રક્ષણ**

*જે રાજ્યોમાં જાતિગત, ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતીઓ હોય ત્યારે આવી લઘુમતીમાં આવતી વ્યક્તિઓને તેમના જૂથના અન્ય સભ્યો સાથે, તેમની સંસ્કૃતિ ભોગવવાના અથવા પોતાના ધર્મનું આચરણ અને રિવાજો કરવાના કે તેમની ભાષા વાપરવાના અધિકારનો ઈનકાર કરવામાં આવશે નહીં.*

## 2.4 ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો તથા દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોની સરખામણી

*ભારતે 27 માર્ચ, 1979ના રોજ દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીને મંજૂરી આપી છે. આ મંજૂરી દ્વારા ભારતે આંતરરાષ્ટ્રીય સંમેલનની જોગવાઈઓથી બંધાયેલું હોવાની પુષ્ટિ કરી હતી. બંધારણે ભાગ-3માં વ્યક્તિઓને સંખ્યાબંધ અધિકારો પ્રદાન કર્યા છે, જે મૂળભૂત અધિકારો તરીકે ઓળખાય છે. ભારતની સર્વોચ્ચ અદાલતે મોતીલાલ વિ. સ્ટેટ ઑફ યુ. પી. (આઈ.એલ.આર.(1951) અલ્હાબાદ પી. 369 પી.પી. 387-388) કેસમાં મૂળભૂત અધિકારોને 'કુદરતી અધિકારો' અથવા માનવ અધિકારો તરીકે માન્યતા આપી છે. આ નૈતિક અધિકારો સભ્ય સમાજનાં મૂળભૂત મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. આ*

*અધિકારો ગૌરવપૂર્ણ જીવવા માગતા લોકો માટે આવશ્યક છે. નીચે જણાવેલા ચાર્ટમાં ભારતીય બંધારણ અને ICCPR વચ્ચે સમાનતાનો ખુલાસો થાય છે. વધુ સારી સમજ માટે, આ મૂળભૂત અધિકારોને બે શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છેઃ નિર્દિષ્ટ મૂળભૂત અધિકારો અને અન્ય મૂળભૂત અધિકારો. ICCPRમાં જે અધિકારોને વિશેષ રીતે માન્યતા આપવામાં આવી છે, તેને ભારતીય બંધારણમાં વિશિષ્ટ મૂળભૂત અધિકારો કહેવામાં આવે છે અને ભારતીય બંધારણમાં ખાસ માન્યતા પ્રાપ્ત નથી તેને અન્ય મૂળભૂત અધિકારો કહેવામાં આવે છે.*

| **અધિકારોનું નામ** | **દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી(ICCPR)** | **ભારતીય બંધારણ** |
|---|---|---|
| *ફરજિયાત મજૂરી પર પ્રતિબંધ* | *અનુચ્છેદ* 8(3) | *અનુચ્છેદ* 23 |
| *કાયદા સમક્ષ સમાનતા* | *અનુચ્છેદ* 14(1) | *અનુચ્છેદ* 14 |
| *ભેદભાવ પર પ્રતિબંધ* | *અનુચ્છેદ* 26 | *અનુચ્છેદ* 15 |
| *જાહેર સેવા માટેની તકોની સમાનતા* | *અનુચ્છેદ* 25 *(એ)* | *અનુચ્છેદ* 16(1) |
| *વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા* | *અનુચ્છેદ* 19(1) *અને* (2) | *અનુચ્છેદ*-19 (1)(*એ*) |
| *શાંતિપૂર્ણ સભા માટે અધિકાર* | *અનુચ્છેદ* 21 | *અનુચ્છેદ* 19(1)(*બી*) |
| *જોડાણની સ્વતંત્રતાનો અધિકાર* | *અનુચ્છેદ* 22(1) | *અનુચ્છેદ* 19(1)(*ડી*) |
| *પ્રદેશમાં મુક્તપણે હરવાફરવાનો અધિકાર* | *અનુચ્છેદ* 12(1) | *અનુચ્છેદ*-19 (1)(*ડી*) |
| *ગુનાઓ માટે સજાના સંબંધમાં રક્ષણ* | *અનુચ્છેદ* 15(1) | *અનુચ્છેદ* 20(1) |
| *અભિયોજન અને સજાથી રક્ષણ* | *અનુચ્છેદ* 14(7) | *અનુચ્છેદ* 20(2) |
| *પોતાની જાત સામે જુબાની આપવાની ફરજ ન પાડવી* | *અનુચ્છેદ* 14(3)(*જી*) | *અનુચ્છેદ* 20(3) |
| *જીવન અને સ્વતંત્રતાનો અધિકાર* | *અનુચ્છેદ*6(1) *અને* 9(1) | *અનુચ્છેદ* 21 |
| *અમુક કિસ્સાઓમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ* | *અનુચ્છેદ* 9(2)(3) *અને* (4) | *અનુચ્છેદ* 22 |
| *અંતરાત્મા અને ધર્મની સ્વતંત્રતા* | *અનુચ્છેદ* 18(1) | *અનુચ્છેદ* 25 |

*ઉપરનું કોષ્ટક સૂચવે છે કે,* 1979*માં ભારત દ્વારા સમજૂતીને મંજૂરી મળે તે પહેલાં તમામ અધિકારો ભારતના નાગરિકને મૂળભૂત અધિકારોની રૂએ મળેલા જ હતા. અલબત્ત, ભારતના કેટલાક અધિકારો ભારતના નાગરિકોને જ મળે છે અને બીજા કેટલાક અધિકારો ભારતના નાગરિક અને બિન-નાગરિક બંનેને ઉપલબ્ધ છે. અનુચ્છેદ* 14 *કાયદાની સમક્ષ સુરક્ષા અને દરેક નાગરિકને કાયદાના સમાન રક્ષણનો અધિકાર ભારતના*

*નાગરિક અને બિન-નાગરિક બંનેને મળે છે. આ ઉપરાંત ભારતીય બંધારણની અનુચ્છેદ 21 જીવન અને અંગત સ્વતંત્રતાના અધિકાર અને ભારતીય બંધારણની અનુચ્છેદ 22 જે મનસ્વી રીતે ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો અધિકાર તે ભારતના નાગરિકો અને બિન-નાગરિકો, બન્નેને લાગુ પડે છે. જ્યારે ભારતીય બંધારણની અનુચ્છેદ 15 ખાસ કરીને ભારતના નાગરિકોને ઉપલબ્ધ છે, જોકે, ધર્મ, લિંગ, જાતિ, જન્મસ્થળ અથવા અન્ય કોઈ પણ પ્રકારના ભેદભાવ નહી થાય. આ જ રીતે ભારતીય બંધારણની અનુચ્છેદ 16 જે જાહેર રોજગારીમાં સમાન તકની ખાતરી આપે છે, તે ભારતના નાગરિકને જ ઉપલબ્ધ છે. ભારતીય બંધારણની અનુચ્છેદ 19, 29 અને 30 પણ ભારતના નાગરિકોને ઉપલબ્ધ છે.*

## 2.5 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળ અમલીકરણ પ્રક્રિયા

*વિદ્યાર્થીમિત્રો, હવે આપણે આ આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણની પ્રક્રિયા જોઈશું. આ પ્રક્રિયા ચાર ભાગમાં વહેંચવામાં આવી છે તથા મહિલાઓ વિરુદ્ધ થતી હિંસાને રોકવા માટે વિશેષ પ્રતિનિધિની નિમણૂક કરવામાં આવે છે જે નીચે મુજબ છે.*

*દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી અને વૈકલ્પિક પ્રોટોકોલના અમલીકરણની પ્રક્રિયા અનુચ્છેદ 30 અનુસાર માનવ અધિકાર સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી છે, જેમાં 18 લોકોનો સમવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ સમજૂતીમાં નિર્ધારિત માનવ અધિકારોનો ચાર તબક્કા અનુસાર અમલ કરે છે, જે નીચે મુજબ છે:*

2.5.1 *અહેવાલ પ્રક્રિયા*
2.5.2 *આંતર-રાષ્ટ્રીય સંચાર વ્યવસ્થા*
2.5.3 *સમાધાન પ્રક્રિયા*
2.5.4 *વ્યક્તિની સંચાર વ્યવસ્થા*

### 2.5.1 અહેવાલ પ્રક્રિયાઃ

*રાજ્યપક્ષોએ સમજૂતીમાં માન્ય અધિકારોને અસરકારક બનાવવા અને તે અધિકારોના ઉપભોગમાં થયેલી પ્રગતિ માટે લીધેલાં પગલાં પરનો અહેવાલ બનાવી સમિતિને રજૂ કરવાનો હોય છે. આમાં પ્રથમ અહેવાલ રાજ્યપક્ષોએ સમજૂતીમાં જોડાયાના એક વર્ષમાં જમા કરવાનો હોય છે અને ત્યાર પછી જ્યારે પણ સમિતિ વિનંતી કરે ત્યારે અહેવાલ રજૂ કરવો પડે છે. અહેવાલ પ્રણાલિનો હેતુ સભ્ય દેશોમાં સમજૂતીની જોગવાઈઓના અમલીકરણ અંગે જરૂરી માહિતી મેળવવાનો છે.*

### 2.5.2 આંતરરાષ્ટ્રીય સંચાર વ્યવસ્થાઃ

*એક રાષ્ટ્ર દ્વારા માનવ અધિકારની જોગવાઈઓનું ઉલ્લંઘન સમગ્ર વિશ્વની ચિંતા છે. જો કરારની જોગવાઈઓને રાષ્ટ્ર દ્વારા અસર ન થાય તો અન્ય રાજ્યપક્ષો માનવ અધિકાર સમિતિ સમક્ષ ઉલ્લંઘન અંગે ફરિયાદો કરી શકે છે. સમજૂતીમાં ફરિયાદને બદલે સંચાર શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે લેખિતમાં થવો જોઈએ. સંચાર વિભાગ ફરિયાદ પ્રાપ્ત થયા પછી સંબંધિત દેશને ફરિયાદ મોકલી આપે છે. સંબંધિત દેશે ત્રણ મહિનાની અંદર આ બાબતની સ્પષ્ટતા અથવા અન્ય કોઈ પણ નિવેદન થકી માહિતી આપવાની થાય છે. આ વ્યવસ્થા સફળ રહી નથી, કારણ કે ક્યારેક તે દેશોના મૈત્રીપૂર્ણ સંબંધોને પ્રતિકૂળ અસર કરે છે.*

### 2.5.3 સમાધાન પ્રક્રિયા :

*આંતરરાષ્ટ્રીય સંચારના કિસ્સાઓમાં સમાધાનની પ્રક્રિયા માનવ અધિકાર સમિતિ દ્વારા સ્વીકારવામાં આવે છે. જેમાં ફરિયાદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય અને તેનું સમાધાન થતું નથી, આવા કિસ્સાઓમાં સંબંધિત રાજ્યપક્ષોને સંતોષ મળે તે માટે અને સમજૂતીના માટે આદરના આધારે આ ફરિયાદોનું સૌહાર્દપૂર્ણ સમાધાન કરવાના હેતુથી રાજ્યપક્ષોની પૂર્વ સંમતિ સાથે પાંચ સભ્યોની એડ-હોક સમાધાન સમિતિની રચના કરવામાં આવે છે.*

### 2.5.4 વ્યક્તિગત સંચાર વ્યવસ્થાઃ

*વ્યક્તિગત સંચાર વ્યવસ્થામાં વ્યક્તિઓને સમજૂતીમાં આપવામાં આવેલા કોઈ પણ અધિકારનું ઉલ્લંઘન કરતા દેશ સામે માનવ અધિકાર સમિતિ સમક્ષ અરજી કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. જોકે, આ અધિકારને સમજૂતીમાં જ સ્થાન મળતું નથી. જેથી દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલમાં તેને આવરી લેવામાં આવ્યું છે. પરતું તે પહેલા રાજ્યમાં આપવામાં આવેલ બધાં જ ઘરેલું કાનૂની ઉપાયોનો ઉપયોગ કરી લેવામાં આવ્યો હોવો જોઈએ.*

*મહિલાઓ વિરુદ્ધ હિંસાને રોકવા માટે આ સમજૂતીમાં 1994માં નવી વિશેષ પ્રતિનિધિની નિમણૂક કરવામાં આવી છે. જેની વિગત નીચે મુજબ છે.*

### મહિલાઓ વિરુદ્ધ હિંસા પર વિશેષ પ્રતિનિધિઃ

*કથિત હિંસાના ચોક્કસ કેસના હેતુ માટે માનવ અધિકાર પંચના 1994માં ઠરાવ દ્વારા વિશેષ પ્રતિનિધિની નિમણૂક કરવામાં આવી હતી. પંચના ઠરાવ 1977/44 દ્વારા તેમનો આદેશ નવેસરથી રજૂ કરવામાં આવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ સામેની હિંસાનો મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે.*

## 2.6 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલ્સ

*હવે આપણે આ સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલ્સ જોઈશું. જેની વિગત નીચે મુજબ છે.* ICCPR*ના બે વૈકલ્પિક પ્રોટોકોલ્સ છે,*

(1) *દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો વૈકલ્પિક પ્રોટોકોલ,* 1976

(2) *દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો બીજો વૈકલ્પિક પ્રોટોકોલ, જેનો ઉદ્દેશ મૃત્યુદંડને નાબૂદ કરવાનો છે,*1989.

### 2.6.1 દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો વૈકલ્પિક પ્રોટોકોલ, 1976

*દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીનો વૈકલ્પિક પ્રોટોકોલ,* 16 *ડિસેમ્બર,* 1966*ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ સ્વીકાર્યો હતો અને તે* 23 *માર્ચ,* 1976*ના રોજ અમલમાં આવ્યો હતો. અત્યારે તેની પાસે* 35 *હસ્તાક્ષરો અને* 116 *રાજ્યપક્ષો છે.*

*આ પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલ વ્યક્તિને* ICCPR *હેઠળ, જેમનો દેશ* ICCPR*માં સભ્ય છે તેમના માનવ અધિકારોનો દાવો કરવાની મંજૂરી આપે છે. તેમને યુએન માનવ અધિકાર સમિતિ સમક્ષ લેખિતમાં સંવાદની મંજૂરી આપવામાં આવી છે, જેમાં તેમણે તમામ કાયદાકીય ઘરેલુ ઉપચારો અજમાવ્યા હતા અને પોતાના જ રાષ્ટ્રના અધિકારોમાંથી ન્યાય મળ્યો ન હતો.*

**વર્તમાન પ્રોટોકોલનાં રાષ્ટ્રો, જેઓ નીચે મુજબ સંમત થયા છે :**

*દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતી (અહીંથી સમજૂતી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) અને તેની જોગવાઈઓના અમલ માટે કરારના ચોથા ભાગ અંતર્ગત સ્થાપિત માનવ અધિકાર સમિતિએ (અહીંથી સમિતિ તરીકે ઉલ્લેખિત કરવામાં આવશે), સમજૂતીમાં નક્કી કરવામાં આવેલા કોઈ પણ અધિકારોના ભંગનો ભોગ બનનાર વ્યક્તિઓ સાથે સંદેશાવ્યવહાર કરવાનો છે.*

**અનુચ્છેદ 1**

*સમજૂતીનો એક રાજ્યપક્ષ જે વર્તમાન પ્રોટોકોલનો પક્ષ બને છે, તેણે સમજૂતીમાં નક્કી કરેલા કોઈ પણ અધિકારનો તે રાજ્યપક્ષ દ્વારા ઉલ્લંઘનનો ભોગ હોવાનો દાવો તે સમિતિની સત્તાને તેના અધિકારક્ષેત્રને આધિન વ્યક્તિઓ પાસેથી સંદેશાવ્યવહાર*

*મેળવવાની અને વિચારવાની ક્ષમતાને માન્યતા આપે છે. જો તે વર્તમાન પ્રોટોકોલનો રાજ્યપક્ષ નથી તો સમિતિ દ્વારા કોઈ પણ સંચાર પ્રાપ્ત થશે નહીં.*

**અનુચ્છેદ 2**

*અનુચ્છેદ 1ની જોગવાઈઓને આધિન, જે વ્યક્તિઓ એવો દાવો કરે છે કે સમજૂતીમાં તેમના કોઈપણ અધિકારોનું ઉલ્લંઘન થયું છે અને જેમણે ઉપલબ્ધ તમામ ઘરેલુ ઉપચારોનો ઉપયોગ કરી દીધેલ છે તેઓ વિચારણા માટે સમિતિને લેખિત સંદેશાવ્યવહાર સુપરત કરી શકે છે.*

**અનુચ્છેદ 3**

*સમિતિ વર્તમાન પ્રોટોકોલ હેઠળ કોઈ પણ સંદેશાવ્યવહારને અસ્વીકાર્ય ગણશે, જે અનામી છે અથવા તે આ પ્રકારની સંચારની રજૂઆતના અધિકારનો દુરુપયોગ ગણે છે અથવા સમજૂતીની જોગવાઈઓ સાથે સુસંગત નથી.*

**અનુચ્છેદ 4**

1. *અનુચ્છેદ 3 ની જોગવાઈઓને આધિન, સમિતિ સમજૂતીની કોઈ પણ જોગવાઈનું ઉલ્લંઘન કરવાના આરોપ હેઠળ રાજ્યપક્ષના ધ્યાન પર પ્રોટોકોલ હેઠળ રજૂ કરવામાં આવેલા કોઈ પણ સંદેશાવ્યવહારને વર્તમાન પ્રોટોકોલમાં લાવશે.*
2. *છ મહિનાની અંદર, મેળવનાર રાજ્યે આ બાબત અને ઉપાય સ્પષ્ટ કરતા લેખિત ખુલાસા અથવા નિવેદનો સમિતિને સુપરત કરવાના રહેશે.*

**અનુચ્છેદ 5**

1. *સમિતિ વ્યક્તિ અને સંબંધિત રાજ્ય પક્ષ દ્વારા ઉપલબ્ધ તમામ લેખિત માહિતીને ધ્યાનમાં રાખીને વર્તમાન પ્રોટોકોલ હેઠળ પ્રાપ્ત થયેલ સંદેશાવ્યવહાર પર વિચાર કરશે.*
2. *સમિતિ જ્યાં સુધી ખાતરી ન કરે ત્યાં સુધી કોઈ વ્યક્તિ તરફથી કોઈ પણ પ્રકારની વાતચીત અંગે વિચાર કરશે નહીં:*

*(ક)* *આંતરરાષ્ટ્રીય તપાસ કે સમાધાનની બીજી કોઈ પ્રક્રિયા દ્વારા તપાસ કરવામાં આવતી ન હોવી જોઈએ.*

*(ખ)* *વ્યક્તિએ ઉપલબ્ધ તમામ ઘરેલુ ઉપચારોનો ઉપયોગ કર્યો છે. આ નિયમ એવો નહીં હોય જ્યાં ઉપચારોનો ઉપયોગ અયોગ્ય રીતે લાંબો હોય.*

3. *વર્તમાન પ્રોટોકોલ હેઠળ સંચારની તપાસ કરતી વખતે સમિતિની બંધ બેઠકો યોજશે.*
4. *સમિતિ સંબંધિત રાજ્યપક્ષ અને વ્યક્તિ પોતાના વિચારો રજૂ કરશે.*

**અનુચ્છેદ 6**

*સમિતિ સમજૂતીના અનુચ્છેદ 45 હેઠળ તેના વાર્ષિક અહેવાલમાં વર્તમાન પ્રોટોકોલ હેઠળ તેની પ્રવૃત્તિઓનો સારાંશ રજૂ કરશે.*

**અનુચ્છેદ 7**

14 *ડિસેમ્બર,* 1960*ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ અપનાવેલા ઠરાવ* 1514(XV)*ના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા સુધી, સંસ્થાનવાદી દેશો અને લોકોને સ્વતંત્રતા આપવાની ઘોષણા અંગે, વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓ કોઈ પણ રીતે મર્યાદિત નહીં હોય.*

**અનુચ્છેદ 8**

1. *સમજૂતી પર હસ્તાક્ષર કરવા માટે દરેક દેશ માટે વર્તમાન પ્રોટોકોલ ખુલ્લો છે.*
2. *વર્તમાન પ્રોટોકોલ કોઈ પણ દેશ દ્વારા મંજૂરીને આધિન છે, જેણે સમજૂતીને મંજૂરી આપેલ છે અથવા સ્વીકાર કરેલ છે.*
3. *સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ તમામ દેશોને જાણ કરશે કે જેમણે વર્તમાન પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા છે અથવા તો તેને મંજૂરી અથવા પ્રવેશની સ્વીકૃતિ આપી છે.*

**અનુચ્છેદ 9**

*સમજૂતીના અમલને આધિન વર્તમાન પ્રોટોકોલ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને જમા કરાવવાની તારીખના ત્રણ મહિના પછી અમલમાં આવશે.*

**અનુચ્છેદ 10**

*વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓ કોઈ પણ મર્યાદા કે અપવાદો વિના સંઘીય રાજ્યોના તમામ ભાગો સુધી વિસ્તારશે.*

**અનુચ્છેદ 11**

1. *વર્તમાન પ્રોટોકોલમાં કોઈ પણ રાજ્યપક્ષ સુધારાની દરખાસ્ત કરી શકે છે અને તેને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ સમક્ષ રજૂ કરી શકે છે.*
2. *મહાસચિવ આ પ્રસ્તાવ પર વિચાર કરવા અને મતદાનના ઉદ્દેશથી રાજ્ય પક્ષકારો સંમેલનના પક્ષમાં છે કે નહિ તે વર્તમાન પ્રોટોકોલના પ્રસ્તાવિત સંમેલનને સૂચિત કરશે. જો ઓછામાં ઓછા એક તૃતિયાંશ રાજ્યો આવી પરિષદની તરફેણ કરે તો મહાસચિવ સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ આ પરિષદનું આયોજન કરશે. સંમેલનમાં હાજર બહુમતી રાજ્યો દ્વારા પસાર કરવામાં આવેલા કોઈ પણ સુધારાને મંજૂરી માટે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે.*

3. બે તૃતિયાંશ રાજ્યોની બહુમતી મેળવ્યા બાદ જ તેને સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા મંજૂર કરવામાં આવશે અને મંજૂરી મેળવ્યા બાદ વર્તમાન પ્રોટોકોલને સ્વીકારી લેવામાં આવશે.
4. જ્યારે સુધારા અમલમાં આવશે, ત્યારે તે એ રાજ્યોને બંધનકર્તા રહેશે.

**અનુચ્છેદ 12**

1. કોઈ પણ રાજ્યપક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને લેખિત સૂચના દ્વારા વર્તમાન પ્રોટોકોલને કોઈ પણ સમયે પડકારી શકે છે. મહાસચિવ દ્વારા આ જાહેરનામાની અસર જાહેરનામાની તારીખના ત્રણ મહિના પછી થશે.
2. પડકારના અમલની તારીખ પહેલાં અનુચ્છેદ 2 હેઠળ રજૂ કરવામાં આવેલા કોઈ પણ સંદેશાવ્યવહારમાં વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓના ચાલુ અમલ માટે કોઈ પૂર્વગ્રહ વિનાનો રહેશે.

**અનુચ્છેદ 13**

વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 8, ફકરા 5 હેઠળ કરવામાં આવેલી સૂચનાઓને ધ્યાનમાં લીધા વિના, સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે નીચેની માહિતી, સમજૂતીના અનુચ્છેદ 48, ફકરા 1માં ઉલ્લેખ કરેલા તમામ દેશોને જાણ કરવી પડશે:

(ક) અનુચ્છેદ 8 અંતર્ગત હસ્તાક્ષર, બહાલી અને પ્રવેશ
(ખ) અનુચ્છેદ 9 અંતર્ગત વર્તમાન પ્રોટોકોલની અમલની પ્રવેશ તારીખ અને અનુચ્છેદ 11 અંતર્ગત કોઈ પણ સુધારાના અમલની તારીખ
(ગ) અનુચ્છેદ 12 હેઠળ આક્ષેપો

### 2.6.2 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર બીજો વૈકલ્પિક પ્રોટોકોલ્સ, મૃત્યુદંડ નાબૂદ કરવાનો લક્ષ્યાંક, 1989

આ પ્રોટોકોલ 15 ડિસેમ્બર, 1989ના રોજ યુએનની મહાસભાના ઠરાવ નં. 44/128 દ્વારા અપનાવવામાં આવ્યો અને તેની ઘોષણા કરવામાં આવી હતી. 11 જુલાઈ, 1991ના રોજથી આ પ્રોટોકોલનો અમલ કરવામાં આવ્યો હતો. આ પ્રોટોકોલમાં ઓક્ટોબર 2019માં 88 રાજ્યપક્ષો હતા.

બીજો વૈકલ્પિક પ્રોટોકોલ એ વિશ્વની ફક્ત એક જ આંતરરાષ્ટ્રીય સમજૂતી છે, જે મૃત્યુદંડની સજાને અમલમાં મૂકવા અને મૃત્યુદંડને સંપૂર્ણ નાબૂદકરવા પ્રતિબંધિત કરે છે. રાજ્યપક્ષો નીચે મુજબ સંમત છે.

**અનુચ્છેદ 1**

દરેક રાજ્યપક્ષ પોતાના અધિકારક્ષેત્રમાં મૃત્યુદંડને નાબૂદ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

**અનુચ્છેદ 2**

1. *વર્તમાન પ્રોટોકોલને કોઈ અનામત માન્ય નથી, સિવાય કે યુદ્ધ સમયે કરવામાં આવેલા લશ્કરી પ્રકારના સૌથી ગંભીર અપરાધ માટે સજાને અનુસરીને યુદ્ધના સમયે મૃત્યુદંડની સજાનો અમલ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી હોય.*
2. *આ અનામત આપતા રાજ્યપક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને યુદ્ધ સમયે લાગુ પડતા તેના રાષ્ટ્રીય કાયદાની સંબંધિત જોગવાઈઓની માહિતી આપશે.*
3. *આ અનામત આપ્યા બાદ રાજ્યપક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને તેના પ્રદેશને લાગુ પડતા યુદ્ધની કોઈ પણ શરૂઆત કે અંતની જાણ કરશે.*

**અનુચ્છેદ 3**

*વર્તમાન પ્રોટોકોલમાં રાજ્યપક્ષોએ સમજૂતીના અનુચ્છેદ 40 અનુસાર વર્તમાન પ્રોટોકોલને અમલમાં મૂકવા માટે અપનાવેલાં પગલાં અંગેની માહિતી માનવ અધિકાર સમિતિને રજૂ કરવાની રહે છે.*

**અનુચ્છેદ 4**

*અનુચ્છેદ 41 હેઠળ જાહેરાત કરનાર રાજ્યપક્ષોની બાબતમાં, જ્યારે કોઈ રાજ્યપક્ષ પોતાની ફરજો પૂરી ન કરી રહ્યો હોય ત્યારે માનવ અધિકાર સમિતિ સંદેશાવ્યવહાર મેળવવાની અને વિચારણા કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત રાજ્યપક્ષ સંબંધિત મંજૂરી અથવા મંજૂરીના સમયે આની વિરુદ્ધ કોઈ નિવેદન આપશે નહીં.*

**અનુચ્છેદ 5**

*16 ડિસેમ્બર, 1966ના રોજ સ્વીકારવામાં આવેલા દીવાની અને રાજકીય અધિકારો પરના આંતરરાષ્ટ્રીય સમજૂતીના પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલના સંબંધમાં, માનવ અધિકાર સમિતિની અધિકાર ક્ષેત્રને આધિન વ્યક્તિઓ પાસેથી સંદેશાવ્યવહાર મેળવવાની અને વિચારણા કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત રાજ્યપક્ષ સંબંધિત મંજૂરી અથવા મંજૂરીના સમયે આની વિરુદ્ધ કોઈ નિવેદન આપશે નહીં.*

**અનુચ્છેદ 6**

1. *વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓ સમજૂતીને વધારાની જોગવાઈઓ તરીકે લાગુ પડશે.*
2. *વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 2 હેઠળ અનામતની શક્યતાને પૂર્વગ્રહ વિના, વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 1, ફકરા 1માં ખાતરી આપવામાં આવેલા અધિકારને સમજૂતીના અનુચ્છેદ 4 હેઠળ કોઈ પણ પ્રકારની ઉવેખના કરવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ 7**

1. *કરાર પર હસ્તાક્ષર કરેલ કોઈ પણ દેશ દ્વારા હસ્તાક્ષર માટે વર્તમાન પ્રોટોકોલ ખુલ્લો છે.*
2. *વર્તમાન પ્રોટોકોલ કોઈ પણ દેશ દ્વારા મંજૂરીને આધિન છે, જેણે સમજૂતીને મંજૂરી આપી છે અથવા તેને સ્વીકારી છે. મંજૂરીના દસ્તાવેજો સંયુક્તરાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરવામાં આવશે.*
3. *વર્તમાન પ્રોટોકોલ કોઈ પણ દેશ દ્વારા પ્રવેશ માટે ખુલ્લો રહેશે, જેણે સમજૂતીને મંજૂરી આપી છે અથવા તેને સ્વીકારી છે.*
4. *સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ વર્તમાન પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા હોય અથવા તો તેને મંજૂરી અથવા પ્રવેશના દરેક દસ્તાવેજની જમા કરવાની સ્વીકૃતિ આપી હોય, એ તમામ દેશોને જાણ કરશે.*

**અનુચ્છેદ 8**

*વર્તમાન પ્રોટોકોલ મંજૂરી અથવા પ્રવેશના દસમા દસ્તાવેજના સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને જમા કરાવ્યાના ત્રણ મહિના પછી અમલમાં આવશે.*

**અનુચ્છેદ 9**

*વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓ કોઈ પણ મર્યાદા કે અપવાદો વિના સંઘીય રાજ્યોના તમામ ભાગો સુધી વિસ્તારશે.*

**અનુચ્છેદ 10**

*સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે નીચેના વિગતવાર સમજૂતીના અનુચ્છેદ 48, ફકરા 1 માં ઉલ્લેખ કરવામાં આવેલા તમામ દેશોને જાણ કરવી પડશેઃ*

*(ક)* *વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 2 અંતર્ગત અનામત, સંદેશાવ્યવહાર અને સૂચના*

*(ખ)* *વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 4 અથવા 5 હેઠળ કરવામાં આવેલાં નિવેદનો;*

*(ગ)* *વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 7 અંતર્ગત હસ્તાક્ષર, બહાલી અને પ્રવેશ*

*(ઘ)* *અનુચ્છેદ 8 હેઠળ વર્તમાન પ્રોટોકોલના અમલમાં પ્રવેશની તારીખ.*

## 2.7 ઉપસંહાર

*દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ દરેક વ્યક્તિની આંતરિક ગરિમાને જાળવવાનો છે અને દરેક વ્યક્તિને દીવાની અને રાજકીય અધિકારો પ્રાપ્ત કરવાની છૂટ આપે, એવા દેશોની આંતરિક સ્થિતિને પ્રોત્સાહન આપવાનો છે. દુનિયાના મોટા ભાગના દેશોએ આ સમજૂતીને સમર્થન આપ્યું છે. મૂળભૂત માનવ અધિકારોનું રક્ષણ અને સંરક્ષણ કરવા માટે સમજૂતીમાં નિર્ધારિત*

*અધિકારોની રક્ષા કરવા અને અસરકારક ઉપચાર કરવા માટે વહીવટી, ન્યાયિક અને કાયદાકીય પગલાં લેવા માટે ફરજ પાડવામાં આવી હતી. સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય સમજૂતી કોઈ રાજ્યપક્ષને કાયદાકીય રીતે અમલ કરવા માટે દબાણ આપી શકતી નથી. આ સમજૂતીના અમલીકરણ માટે માનવ અધિકાર સમિતિની રચના કરવામાં આવી છે, જેને ચાર ભાગમાં વહેંચવામાં આવી. છે. આ સાથે આ સમજૂતીના અમલીકરણને ચાર ભાગમાં વહેંચવામાં આવી, જેનાથી દરેક રાજ્યપક્ષ પરોક્ષ રીતે આ સમજૂતીમાં આપવામાં આવેલા માનવ અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે કામ કરે છે. પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલમાં વ્યક્તિગત સંચાર વ્યવસ્થાને આવરી લેવામાં આવ્યું છે. બીજો વૈકલ્પિક પ્રોટોકોલ ફાંસીની સજાને નાબૂદ કરવા માટે અમલમાં મૂકવામાં આવ્યો છે.*

## 2.8 ચાવીરૂપ શબ્દો

- *યુનોઃ સંયુક્ત રાષ્ટ્રોનો સંઘ*
- *વૈકલ્પિક પ્રોટોકોલઃ મુખ્ય સમજૂતીના અમલીકરણની પ્રક્રિયા માટે કે વધારે સારી રીતે મુખ્ય સમજૂતીમાં વધારો કરવા માટે કરવામાં આવતી સંધિને વૈકલ્પિક સંધિ કે પ્રોટોકોલ કહે છે.*
- *સંચારઃ સંદેશાવ્યવહાર*
- *આંતરરાષ્ટ્રીય સંચાર વ્યવસ્થા : બે રાજ્યો વચ્ચે સંદેશા વ્યવહાર*

## 2.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

**1. દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી ક્યારે અમલમાં આવી?**

**A**. 16 *ડિસેમ્બર*, 1966 **B**. 18 *ડિસેમ્બર*, 1966
**C**. 16 *ડિસેમ્બર*, 1967 **D**. 16 *ડિસેમ્બર*, 1968

**2. દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 ના પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલ કયારે અમલમાં આવ્યો છે?**

**A**. 24 *માર્ચ*. 1986 **B**. 23 *માર્ચ*, 1976
**C**. 22 *માર્ચ*, 1976 **D**. 23 *માર્ચ*, 1977

**3. દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 ના બીજા વૈકલ્પિક પ્રોટોકોલ જેનો ઉદ્દેશ મૃત્યુદંડને નાબૂદ કરવાનો છે ક્યારે અમલમાં આવ્યો છે?**

**A**. 11 *જુન*, 1991 **B**. 12 *જુલાઈ*, 1991
**C**. 11 *જુલાઈ*, 1991 **D**. 13 *જુલાઈ*, 1991

**4.** **દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966માં કેટલા અનુચ્છેદો છે?**

**A**. 53 **B**. 54

**C**. 51 **D**. 50

**5.** **દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966ના પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલ કેટલા અનુચ્છેદો છે?**

**A**. 14 **B**. 15

**C**. 22 **D**. 20

**6.** **દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966ના બીજા વૈકલ્પિક પ્રોટોકોલ જેનો ઉદ્દેશ મૃત્યુદંડને નાબૂદ કરવાનો છે કેટલા અનુચ્છેદો છે?**

**A**. 15 **B**. 11

**C**. 22 **D**. 20

**7.** **2019 સુધીમાં કેટલા દેશો દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજુતીમાં જોડાયા છે?**

**A**. 178 **B**. 174

**C**. 175 **D**. 173

**8.** **અનુચ્છેદ : 9 દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીએ કયો માનવ અધિકાર છે?**

**A**. *જીવન જીવવાનો અધિકાર* **B**. *સ્વાતંત્ર્ય અને સુરક્ષાનો અધિકાર*

**C**. *સુરક્ષાનો અધિકાર* **D**. *મજૂરીમાંથી મુક્તિનો અધિકાર*

**9.** **દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં કેટલા અનુચ્છેદો માનવ અધિકારના છે?**

**A**. 29 **B**. 40

**C**. 51 **D**. 22

**10.** **ભારતે ________________ ના રોજ દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીને મંજૂરી આપી છે.**

**A**. 28 *માર્ચ*, 1980 **B**. 29 *માર્ચ*, 1979

**C**. 26, *માર્ચ* 1980 **D**. 27 *માર્ચ*, 1979

જવાબ: **1. A, 2. B, 3. C, 4. A, 5. A, 6. B, 7. D, 8. B, 9. A, 10. D**

**(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. *ક્યાં મૂળભૂત અધિકારો ફક્ત ભારતના નાગરિકને જ મળે છે?*
2. *ક્યાં મૂળભૂત અધિકારો ભારતના નાગરિક અને બિન-નાગરિક બંનેને મળે છે?*
3. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી અને વૈકલ્પિક પ્રોટોકોલના અમલીકરણની પ્રક્રિયા અનુચ્છેદ આપવામાં આવેલી છે? ટૂંકમાં જણાવો.*
4. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં માનવ અધિકાર સમિતિમાં કેટલા સભ્યોનો સમાવેશ થાય છે?*
5. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણની પ્રક્રિયા કેટલા ભાગમાં વહેંચાયેલી છે?*

**(ક) ટૂંક નોધ લખોઃ**

1. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*નો ઈતિહાસ*
2. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *હેઠળના અધિકારો અને ભારતીય બંધારણ હેઠળના અધિકારોની સરખામણી*
3. *દીવાની અને રાજકીય અધિકારોપરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*નું મહત્ત્વ*

**(ડ) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપોઃ**

1. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *વિશેની જોગવાઈઓ સવિસ્તાર સમજાવો.*
2. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *ના પ્રથમ વૈકલ્પિક પ્રોટોકોલ વિશે સમીક્ષાત્મક સમજૂતી આપો.*
3. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *ના બીજા વૈકલ્પિક પ્રોટોકોલ જેનો ઉદ્દેશ મૃત્યુદંડને નાબૂદ કરવાનો છે,*1989 *તેના વિશે સમજૂતી આપો.*
4. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,*1966*ના અમલીકરણની કાયર્વાહી સમજાવો.*

## 2.10 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *કરિઆ એ. એન., માનવ અધિકાર, સી. જમનાદાસ કંપની*
2. *રાવલ કૌશિક સી., માનવ અધિકારો અને કાયદો, સંકેત લૉ બુક સેલર, અમદાવાદ*
3. *કપૂર એસ. કે., હ્યુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ લૉ, સેન્ટ્રલ લૉ એન્જસી*
4. *અગ્રવાલ એચ. ઓ., હ્યુમન રાઈટ્સ, સેન્ટ્રલ લૉ એન્જસી*
5. *પંડ્યા જે. એન., ધ કોન્સ્ટિટ્યૂશનલ લૉ ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ લૉ એન્જસી*

# એકમ-3 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

-: રૂપરેખા :-


**3.0** અભ્યાસના ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીનો ઈતિહાસ

**3.3** આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારો

**3.4** ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોની સરખામણી

**3.5** આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણની પ્રક્રિયા

**3.6** આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી - વૈકલ્પિક પ્રોટોકોલ

**3.7** ઉપસંહાર

**3.8** ચાવીરૂપ શબ્દો

**3.9** તમારી પ્રગતિ ચકાસો

**3.10** ઉપયોગી પુસ્તકોની યાદી


## 3.0 અભ્યાસના ઉદ્દેશો

- *એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966ને વિગતથી સમજી શકશે.*
- *આ એકમમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની પ્રસ્તાવના, ઈતિહાસ, ICESCR હેઠળના માનવ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.*
- *આ એકમમાં ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોને વિગતવાર સમજાવવામાં આવ્યા છે. જેનાથી તમે બન્ને વચ્ચેની સરખામણી સમજી શકશો.*
- *આ એકમમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની અમલીકરણની પ્રક્રિયાનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે અને તેના અમલીકરણના ચાર ભાગો પણ તમને સમજાશે.*

- *આ એકમમાં વૈકલ્પિક પ્રોટોકોલની વિગતવાર જરૂરિયાત અને તેની જોગવાઈઓને આવરી લેવામાં આવ્યા છે.*

## 3.1 પ્રસ્તાવના

*તમામ રાજ્યપક્ષો વર્તમાન સમજૂતીને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્રમાં જાહેર કરવામાં આવેલા સિદ્ધાંતો અનુસાર વિશ્વમાં સ્વતંત્રતા, ન્યાય અને શાંતિ પ્રવર્તે એ માટે માનવ પરિવારના તમામ સભ્યોના સમાન અને અવિભાજક અધિકારોનું જતન કરશે. આ અધિકારો દરેક માનવીની વ્યક્તિગત ગરિમાના સ્વીકાર થકી પ્રાપ્ત થાય છે. માનવ અધિકારોના સાર્વત્રિક ઘોષણાપત્ર અનુસાર દરેક માનવીને મુક્તિ તથા માનવ અધિકારો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. દરેક વ્યક્તિને પોતાના રાજકીય અધિકારો પ્રાપ્ત થાય, એવો માહોલ સર્જાય તો જ આ આદર્શ પ્રાપ્ત થઈ શકે.*

*સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર હેઠળ માનવ અધિકારો અને સ્વતંત્રતાઓ માટે જાહેર સન્માનને પ્રોત્સાહન આપવાની જવાબદારીને ધ્યાનમાં રાખવી રહી. કોઈ પણ વ્યક્તિ, અન્ય વ્યક્તિઓ અને તે જે સમુદાય સાથે છે, તે સમુદાયમાં વર્તમાન કરારમાં માન્યતાપ્રાપ્ત અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેનું પાલન કરવા માટે પ્રયાસ કરવાની જવાબદારી ધરાવે છે. આ સમજૂતીને યુનો દ્વારા સ્વીકારવામાં આવી છે.*

## 3.2 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીનો ઈતિહાસ

*બીજા વિશ્વયુદ્ધ પછી, માનવ સંરક્ષણની વિશ્વભરમાં માંગણી થઈ હતી. સ્થાનિક સરકારો લોકોના જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહી હતી. આ ઉપરાંત કેટલાંક ચોક્કસ જૂથો પર તેમના વર્ગ, જાતિ, ધર્મ, રંગ, ધર્મ અને લિંગને કારણે જ સતત અત્યાચારો થઈ રહ્યા હતા, ઘરેલું સ્તરે રક્ષણાત્મક વ્યવસ્થા પર્યાપ્ત સુરક્ષા પૂરી પાડવા માટે એટલી અસરકારક નહોતી, તેથી માનવ અધિકારોની સુરક્ષા માટે સાર્વત્રિક બાંયધરી આપનારની જરૂર હતી. પ્રથમ પરિષદનું આયોજન 1945માં સાન ફ્રાન્સિસ્કો ખાતે કરવામાં આવ્યું હતું. કેટલાક લેટિન અમેરિકન દેશોએ માનવ અધિકારો પર સંપૂર્ણ સંહિતા રચવાની વિનંતી કરી હતી, જેથી તેને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરમાં સામેલ કરી શકાય. પહેલો પ્રયાસ સફળ થયો નહોતો, કારણ કે આ પ્રકારની પહેલને કાળજીપૂર્વક તૈયારીની જરૂર હોય છે. સતત પ્રયાસો બાદ માનવ અધિકાર પરના નવા પંચે તેની કામગીરી શરૂ કરી અને 10 ડિસેમ્બર, 1948ના રોજ માનવ અધિકારની વિશ્વવ્યાપી ઘોષણાને અપનાવવામાં આવી.*

*આ ઘોષણપત્ર વ્યક્તિગત તેમજ રાષ્ટ્રજીવનને આકાર આપવાનું એક અસરકારક સાધન હતું. રાજકીય જાહેરાતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બહુ પહેલેથી જ સામાન્ય કરાર થયો હતો કે સાર્વત્રિક ઘોષણાની સમજૂતીનો આંતરરાષ્ટ્રીય સંધિના કડક કાનૂની*

*સ્વરૂપમાં સ્વીકાર થવો જોઈએ. સામાન્ય સભાએ સાર્વત્રિક ઘોષણાપત્રમાં અગાઉ પણ કરવામાં આવેલી જરૂરિયાતની પુષ્ટિ કરી હતી, જેમકે, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો સાથે પરંપરાગત દીવાની અને રાજકીય અધિકારો, કારણ કે, આ બંને પ્રકારના અધિકારો 'એકબીજા સાથે જોડાયેલા અને પરસ્પર આધારિત' હતા. (જુઓ ઠરાવ* 421(V)*ના વિભાગ* E*ના* 4 *ડિસેમ્બર* 1950)

*પરંતુ, પ્રશ્ન એ ઊભો થયો કે આ આંતરરાષ્ટ્રીય અધિકારો, તમામ રાષ્ટ્રો માટે કે તેમની વિવિધ વિશિષ્ટતાઓ અનુસાર કેવી રીતે ઢાળી શકાશે. પશ્ચિમના દેશોએ દાવો કર્યો હતો કે અમલીકરણ પ્રક્રિયા સમાન ન હોઈ શકે, આમ છતાં આર્થિક અને સાંસ્કૃતિક અધિકારો દેશના કલ્યાણ-રાજ્યના ધ્યેયોમાં યોગદાન આપે છે, જ્યારે કોઈ પણ અનામત વિના દીવાની અને રાજકીય અધિકારોનો ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સામાન્ય સભાએ માનવ અધિકાર પંચને* 4 *ફેબ્રુઆરી,* 1952*ના ઠરાવ* 543 (VI) *અન્વયે બે મુસદ્દાની રચના કરવા માટે નિર્દેશ આપ્યો હતો:*

- *દીવાની અને રાજકીય અધિકારો પરની સમજૂતી*
- *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની સમજૂતી અને* 16 *ડિસેમ્બર,* 1966*ના રોજ સામાન્ય સભાએ બે સમજૂતીઓ કરી હતી.*

## 3.3 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારો

*આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *હેઠળના માનવ અધિકારોનો અભ્યાસ કરીશું.*

**અનુચ્છેદ : 1 આત્મનિર્ણયનો અધિકાર**

(1) *તમામ લોકોને આત્મનિર્ણયનો અધિકાર છે. તે અધિકારની રૂએ, તેઓ મુક્ત રીતે પોતાનો રાજકીય મત નક્કી કરી શકે અને પોતાનો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ સાધી શકે,*

(2) *તમામ લોકો, પરસ્પર લાભ અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંત પર આધારિત આંતરરાષ્ટ્રીય આર્થિક સહકારમાંથી ઉત્પન થતી જવાબદારીઓને ચાતર્યા વિના પોતાના ઉદ્દેશ માટે મુક્ત રીતે પોતાની સંપત્તિ અને સંસાધનોનો વપરાશ કરી શકે. કોઈ પણ પ્રસંગે લોકોને પોતાના ભરણપોષણનાં સાધનથી વંચિત કરી શકાય નહીં,*

(3) *બિનસ્વાયત્ત અને ટ્રસ્ટોના વહીવટ માટેની જવાબદારી ધરાવતા દેશોએ પણ આત્મનિર્ણયના અધિકારનું સન્માન અને તેના અમલીકરણમાં યોગદાન આપવાનું થાય છે.*

**અનુચ્છેદ : 2 ભેદભાવમાંથી સ્વતંત્રતાનો અધિકાર**

(1) *આ સમજૂતીનો દરેક રાજ્ય પક્ષકાર, આ સમજૂતીમાં માન્ય કરાયેલ અધિકારોની ઉત્તરોત્તર રીતે પૂર્ણ પ્રાપ્તિ માટે, વ્યક્તિગત રીતે અને ખાસ કરીને આર્થિક અને ટેકનિકલ આંતરરાષ્ટ્રીય મદદ અને સહકાર થકી તેના સંસાધનોના મહત્તમ ઉપયોગ કરવા માટે જરૂર પડ્યે કાયદાકીય મદદ પણ પૂરી પાડવાની ખાતરી આપે છે.*

(2) *આ સમજૂતીના રાજ્ય પક્ષકારો એવી ખાતરી આપે છે કે આ સમજૂતીમાં નિર્દિષ્ટ કરાયેલા અધિકારો જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય કે સામાજિક કુળ, મિલકત, જન્મ અથવા અન્ય દરજ્જાના ભેદભાવ સિવાય પૂરા પાડવામાં આવશે.*

(3) *વિકાસશીલ દેશો, માનવ અધિકારો અને રાષ્ટ્રીય અર્થતંત્રનો યોગ્ય ખ્યાલ રાખીને, નક્કી કરી શકે કે સમજૂતીના અધિકારોમાંથી બિનદેશવાસીઓને કેટલા પ્રમાણમાં આર્થિક અધિકારો આપશે.*

**અનુચ્છેદ : 3 પુરુષો અને સ્ત્રીઓના સમાન અધિકાર**

*આ સમજૂતીના રાજ્ય પક્ષકારો, વર્તમાન સમજૂતીમાં નિર્દિષ્ટ કરાયેલા તમામ આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારોના ઉપભોગ માટે પુરુષો અને સ્ત્રીઓના સમાન અધિકારની ખાતરી આપે છે.*

**અનુચ્છેદ : 4 લોકશાહી સમાજમાં સામાન્ય કલ્યાણનો અધિકાર**

*વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો એમ માન્ય કરે છે કે આ અધિકારોના ઉપભોગમાં, રાજ્ય આવા અધિકારો માત્ર એવાં નિયંત્રણોને આધીન બનાવી શકે કે જે કાયદાથી નક્કી થયેલ હોય અને જે આ અધિકારોને અનુરૂપ હોય અને જે લોકશાહી સમાજમાં સામાન્ય કલ્યાણને ઉત્તેજન આપવાના હેતુથી મુકાયેલ હોય.*

**અનુચ્છેદ : 5**

(1) *વર્તમાન સમજૂતીમાં એવું કોઈ અર્થઘટન કરવામાં આવશે નહીં કે જેનાથી કોઈ રાજ્ય, જૂથ અથવા વ્યક્તિને, આ સમજૂતીમાં જોગવાઈ કરાયેલ હોય તે સિવાય વધારે પ્રમાણમાં, અહીં માન્ય કરાયેલ અધિકારો કે સ્વાતંત્ર્યોની નાબૂદીનું ધ્યેય રખાયેલ કોઈ પ્રવૃત્તિ કે કૃત્ય કરવાનો અધિકાર ધરાવે છે.*

(2) *જ્યારે કોઈ રાજ્ય પક્ષકારના રાજ્યમાં કોઈ કાયદો, સમજૂતીઓ, નિયમનો કે રિવાજથી માન્ય કરાયેલ કે અસ્તિત્વ ધરાવતા મૂળભૂત માનવ અધિકારો હોય, ત્યારે રાજ્ય એવાં કારણસર તેનાં પર નિયંત્રણ મૂકશે નહીં કે તેમાં ઘટાડો કરશે નહીં કે વર્તમાન સમજૂતી આવા અધિકારોને માન્ય કરતી નથી અથવા તેને ઓછા પ્રમાણમાં માન્ય રાખે છે.*

**અનુચ્છેદ : 6 કામ કરવાનો અધિકાર**

(1) *વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો કામ કરવાના અધિકારને માન્ય કરે છે, કે જેમાં દરેક પોતે મુક્ત રીતે પસંદ કરે કે સ્વીકારે તે કામથી ભરણપોષણ મેળવવાના દરેકની તકનો સમાવેશ થાય છે અને આ અધિકારના રક્ષણ માટે ઉચિત પગલાંઓ લેશે.*

(2) *આ અધિકારની પૂર્ણ પ્રાપ્તિ માટે વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારે લેવાનાં પગલાંમાં સ્થિર આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ પ્રાપ્ત કરવા માટે અને વ્યક્તિને મૂળભૂત, રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્યની ખાતરી આપતી શરતો હેઠળ પૂર્ણ અને ઉત્પાદક રોજગારી માટે ટેક્નિકલ અને વ્યાવસાયિક માર્ગદર્શન અને તાલીમ કાર્યક્રમો, નીતિઓ અને પ્રક્રિયાઓનો સમાવેશ થશે.*

**અનુચ્છેદ : 7 કામની ન્યાયી અને અનુકૂળ પરિસ્થિતિઓનો અધિકાર**

*વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો કામની ન્યાયી અને અનુકૂળ શરતોના ઉપભોગનો દરેકનો અધિકાર માન્ય રાખે છે, કે જેમાં ખાસ કરીને :*

(A) *મહેનતાણું કે જે તમામ કામદારોને ઓછામાં ઓછું*

(i) *કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સમાન મૂલ્યના સમાન કામ માટે યોગ્ય વેતન અને સમાન મહેનતાણું, સમાન કામ માટે સમાન પગાર, ખાસ કરીને સ્ત્રીઓને પુરુષોને મળતી કામની શરતો જેવી જ શરતો મળવી જોઈએ;*

(ii) *વર્તમાન સમજૂતીની જોગવાઈઓ મુજબ પોતાના માટે અને પોતાના કુટુંબો માટે સુંદર જીવનધોરણ;*

(B) *કામની સલામત અને આરોગ્યપ્રદ શરતો;*

(C) *સિનિયોરિટી અને સક્ષમતા સિવાયની કોઈ વિચારણાને આધીન નહીં, તેવી પોતાની કામગીરીમાં ઉચિત ઉચ્ચતર ધોરણ સુધી દરેકના માટે બઢતીની સમાન તક;*

(D) *આરામ, ફુરસદ અને કામના કલાકો પર વાજબી નિયંત્રણ અને પગાર સાથે વખતોવખત રજાઓ તેમજ જાહેર રજાઓ માટે મહેનતાણું.*

**અનુચ્છેદ : 8 મજૂર સંઘો રચવાનો અને જોડાવાનો અધિકાર**

**(1) વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકાર: -**

(A) *પોતાના આર્થિક અને સામાજિક હિતના વિકાસ અને રક્ષણ માટે સંબંધિત સંસ્થાના નિયમોને આધીન, દરેકને મજૂર સંઘો રચવાના અને પોતાની પસંદગીના મજૂર સંઘમાં જોડાવાનો અધિકાર રહેશે. કાયદાએ નિયત કરેલ હોય અને જે લોકશાહી સમાજમાં રાષ્ટ્રીય સુરક્ષા અથવા*

*જાહેરવ્યવસ્થા અથવા અન્ય વ્યકિતઓનાં અધિકારો અને સ્વાતંત્ર્યો માટે જરૂરી હોય તે સિવાયનાં નિયંત્રણો આ અધિકારના ઉપયોગ પર મૂકી શકાય નહીં.*

(B) *મજૂર સંઘોનો રાષ્ટ્રીય સંઘો અથવા મહાસંઘો રચવાનો અને મહાસંઘોનો આંતરરાષ્ટ્રીય મજૂરસંગઠનો રચવાનો કે તેમાં જોડાવાનો;*

(C) *કાયદાથી નિયત કરાયેલ હોય અને લોકશાહી સમાજમાં રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર વ્યવસ્થા અથવા અન્ય વ્યક્તિઓના અધિકારો અને સ્વાતંત્ર્યો માટે જરૂરી હોય તેવાં નિયંત્રણોને આધીન, મુક્ત રીતે કામ કરવાનો મજૂર સંઘોનો અધિકાર;*

(D) *હડતાલનો અધિકાર. પરંતુ જે તે દેશના કાયદા મુજબ આ અધિકારનો ઉપયોગ થવો જોઈએ.*

(2) *આ અનુચ્છેદનો અર્થ એવો થતો નથી કે લશ્કરી દાવો અથવા પોલીસ કે રાજ્યના વહીવટ માટે આ અધિકારોના ઉપયોગ પર કાયદેસર નિયંત્રણો મૂકી ન શકાય.*

(3) *સંગઠન સ્વાતંત્ર્ય અને સંગઠન રચવાના અધિકારના રક્ષણ સંબંધી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન સમજૂતી, 1948ના પક્ષકાર રાજ્યોને, આ અનુચ્છેદથી એવાં વૈધાનિક પગલાં લેવાની સત્તા મળતી નથી કે જેનાથી તે સમજૂતીમાં જોગવાઈ કરાયેલ પ્રત્યાભૂતિમાં બાધ ઉત્પન્ન થાય, અથવા કાયદો એવી રીતે લાગુ પાડવામાં આવે કે જેનાથી બાધ ઉત્પન્ન થાય.*

**અનુચ્છેદ : 9 સામાજિક સુરક્ષાનો અધિકાર**

*વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો, દરેકનો સામાજિક વીમા સહિત સામાજિક સુરક્ષાનો અધિકાર સ્વીકારે છે.*

**અનુચ્છેદ : 10 માતૃત્વ અને બાળપણ, લગ્ન અને પરિવાર સાથે સંબધિત અધિકાર**

(1) *કુટુંબ, સમાજનું સ્વાભાવિક અને મૂળભૂત એકમ હોવાથી, ખાસ કરીને તેની રચના માટે અને જ્યારે તે આશ્રિત બાળકોની કાળજી અને શિક્ષણ માટે જવાબદાર છે ત્યારે તેને સૌથી વધુ રક્ષણ અને સહાય અપાવી જોઈએ. લગ્નઈચ્છુક જીવનસાથીઓની મુક્ત સંમતિથી જ લગ્ન યોજાવું જોઈએ.*

(2) *બાળકના જન્મ પછી અમુક સમય દરમિયાન માતાઓને ખાસ રક્ષણ આપવું જોઈએ. આવા સમય દરમિયાન કામ કરતી માતાઓને ચાલુ પગારે અથવા પૂરતી સામાજિક સુરક્ષા લાભ સાથે રજા મળવી જોઈએ.*

(3) *પિતૃત્વ અથવા અન્ય શરતો માટે કોઈ પણ જાતના ભેદભાવ વગર તમામ બાળકો અને યુવાન વ્યક્તિઓ વતી રક્ષણ અને સહાયનાં ખાસ પગલાં લેવાવાં જોઈએ. બાળકો અને યુવાન વ્યક્તિઓને આર્થિક કે સામાજિક શોષણથી રક્ષણ મળવું જોઈએ. તેમની નૈતિકતા અથવા આરોગ્યને નુકસાનકારક કામ અથવા તેમના*

સામાન્ય વિકાસ માટે જોખમકારક કે નુકસાનકારક રોજગારી કાયદાથી શિક્ષાપાત્ર ઠરવી જોઈએ. રાજ્યોએ વયમર્યાદા નક્કી કરેલી હોવી જોઈએ કે જે હેઠળ બાળમજૂરીની સવેતન કામગીરી પર પ્રતિબંધ મુકાવો જોઈએ અને તે શિક્ષાપાત્ર ઠરવી જોઈએ.

**અનુચ્છેદ :11 ભોજન, વસ્ત્રો, રહેઠાણ અને આજીવિકા તથા ભૂખમાંથી મુક્તિનો અધિકાર**

(1) વર્તમાન સમજૂતીના પક્ષકારો દરેકના, પૂરતાં ભોજન, વસ્ત્રો, રહેઠાણ સહિત પોતાના તેમજ કુટુંબ માટે પૂરતી આજીવિકા રળવા તથા જીવનધોરણમાં સતત વિકાસનો અધિકાર માન્ય રાખે છે. રાજ્ય પક્ષકારો, મુક્ત સંમતિ પર આધારિત આંતરરાષ્ટ્રીય સરકારની જરૂરી અનિવાર્યતા સ્વીકારી આ અધિકારની પ્રાપ્તિ માટે યોગ્ય પગલાં લેશે.

(2) વર્તમાન સમજૂતીમાં અન્ય પક્ષકારો, દરેક વ્યક્તિનો, ભૂખથી મુક્ત રહેવાના મૂળભૂત અધિકાર માન્ય રાખીને, વ્યક્તિગત રીતે અને આંતરરાષ્ટ્રીય સહકારથી, ચોક્કસ કાર્યક્રમો સહિત,

(A) પોષણના સિદ્ધાંતોના જ્ઞાનની સમજણ આપીને ટેકનિકલ અને વૈજ્ઞાનિક જ્ઞાનના પૂર્ણ ઉપયોગથી અને કુદરતી સંસાધનોના સૌથી વધારે અસરકારક વિકાસ અને ઉપયોગથી, ખોરાક ઉત્પાદન, જાળવણી અને વિતરણ પદ્ધતિઓમાં સુધારવા માટે,

(B) ખોરાક આયાત અને ખોરાક નિકાસ કરતા દેશોના પ્રશ્નો ધ્યાનમાં લઈને જરૂરિયાતના સંદર્ભમાં વિશ્વ ખોરાક પુરવઠાના સમાન વિતરણ માટે જરૂરી પગલાં લેશે.

**અનુચ્છેદ : 12 શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો અધિકાર**

(1) વર્તમાન સમજૂતી અન્વયે રાજ્ય પક્ષકારો, દરેકના શારીરિક તથા માનસિક આરોગ્યના વાજબી ધોરણો જળવાઈ રહે, એ માટેનો અધિકાર માન્ય રાખે છે.

(2) નાગરિકોના અધિકારની પૂર્ણ ઉપલબ્ધિ માટે વર્તમાન સમજૂતી અંતર્ગત રાજ્ય પક્ષકારો તરફથી:

(A) બાળમરણમાં ઘટાડા માટે અને બાળકના આરોગ્ય વિકાસ માટે;

(B) પર્યાવરણ અને ઔદ્યોગિક આરોગ્યશાસ્ત્રનાં તમામ પાસાઓની સુધારણા માટે;

(C) ચેપી, સ્થાનિક, વ્યાવસાયિક અને અન્ય રોગોના નિવારણ, સારવાર અને અંકુશ માટે;

(D) તમામને તબીબી સેવા અને માંદગીના પ્રસંગે તબીબી સારવાર મળી રહે, એવો માહોલ અને વ્યવસ્થા ઊભી કરવા માટે જરૂરી પગલાં લેશે.

**અનુચ્છેદ : 13 ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અમલ કરવાની યોજના સહિત શિક્ષણનો અધિકાર**

(1) *વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો દરેકનો શિક્ષણનો અધિકાર માન્ય રાખે છે. તેઓ સંમત થાય છે કે માનવ વ્યક્તિત્વના અને તેના ગૌરવના સંપૂર્ણ વિકાસ માટે શિક્ષણ આપવામાં આવશે અને માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો તરફના સન્માનને મજબૂત બનાવશે. તેઓ વધુમાં એમ પણ સંમત થાય છે કે શિક્ષણ તમામ વ્યક્તિઓને મુક્ત સમાજમાં ભાગ લેવા સમર્થ બનાવશે, તમામ રાષ્ટ્રો તેમજ જાતિ અને ધાર્મિક જૂથો વચ્ચે સમજણ, સહિષ્ણુતા અને મૈત્રી વધારશે અને શાંતિ જાળવવા માટે યુએનની પ્રવૃત્તિઓ વધારશે.*

(2) *વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો, આ અધિકારની પૂર્ણ ઉપલબ્ધિ માટે એ માન્ય રાખે છે કે :*

(A) *પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને સાર્વત્રિક રહેશે;*

(B) *ટેનિકલ અને વ્યાવસાયિક માધ્યમિક શિક્ષણ સહિત માધ્યમિક શિક્ષણ સામાન્ય રીતે લભ્ય બનાવાશે અને ઉચિત સાધનોથી અને ખાસ કરીને નિઃશુલ્ક પ્રવેશથી વિકાસ કરવામાં આવશે;*

(C) *ઉચ્ચ શિક્ષણ તમામના માટે સમાન રીતે હેસિયતના આધારે, અને ખાસ કરીને નિઃશુલ્ક પ્રવેશથી વિકાસ કરવામાં આવશે;*

(D) *જેમણે પ્રાથમિક શિક્ષણ મેળવેલ નથી કે પૂરું કર્યું ન હોય, તેમના માટે શક્ય હોય તો તેમને પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે;*

(E) *મૂળભૂત શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવશે કે તેને વધુ સઘન બનાવવામાં આવશે.*

(3) *વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો માતા-પિતાના અને લાગુ પડતું હોય ત્યાં કાનૂની વાલીઓને જાહેર સત્તાવાળાઓએ સ્થાપેલ હોય તે સિવાયની શાખાઓ કે જે શાળાઓ રાજ્ય દ્વારા મંજૂર કરેલ શૈક્ષણિક ધોરણોને અનુરૂપ હોય, અને પોતાના વિચારો અનુસાર પોતાનાં બાળકોના ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવાના સ્વાતંત્ર્ય તરફ સન્માનની ખાતરી આપે છે.*

(4) *આ અનુચ્છેદના કોઈ ભાગથી આ અનુચ્છેદના ફકરા-૧માં નિર્દિષ્ટ કરાયેલ સિદ્ધાંતોને અને એવી જરૂરિયાતને આધીન હશે કે આવી સંસ્થાઓમાં અપાતું શિક્ષણ રાજ્યે નિયત કરેલ લઘુતમ ધોરણોને અનુરૂપ હશે, કોઈ વ્યક્તિના કે સંસ્થાઓના શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાના સ્વાતંત્ર્ય સાથે દખલગીરી થતી હોવાનું અર્થઘટિત કરવામાં આવશે નહીં.*

**અનુચ્છેદ : 14 ફરજિયાત પ્રાથમિક શિક્ષણના ક્રમશઃ અમલ માટેના અધિકારો**

*વર્તમાન સમજૂતીના જે રાજ્ય પક્ષકાર, આ સમજૂતીના પક્ષકાર થતા સમયે પોતાની હકૂમત હેઠળના મેટ્રોપોલિટન વિસ્તાર કે વિસ્તારોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવા માટે સમર્થન આપતા હોય, તેઓ બે વર્ષમાં વિગતવાર યોજના ઘડવા અને સ્વીકારવાની અને યોજનામાં નિયત કરવામાં આવે તેટલા સમયમાં તેમના માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણના ક્રમશઃ અમલ માટે ખાતરી આપે છે.*

**અનુચ્છેદ : 15 વિજ્ઞાન અને સંસ્કૃતિને લગતા અધિકારો**

(1) *વર્તમાન સમજૂતીના પક્ષકારો દરેકના*

(A) *સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાના;*

(B) *વૈજ્ઞાનિક પ્રગતિના લાભો મળવાના;*

(C) *પોતે જેના કર્તા હોય તે વૈજ્ઞાનિક, સાહિત્યિક કે કલાત્મક નિર્માણમાંથી પરિણમતા નૈતિક કે ભૌતિક હિતના રક્ષણનો લાભ લેવાના અધિકારને માન્ય કરે છે.*

(2) *આ અધિકારની પૂર્ણ ઉપલબ્ધિ માટે વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારોએ લેવાનાં પગલામાં વિજ્ઞાન અને સંસ્કૃતિની જાળવણી અને વિકાસ માટે જરૂરી તમામ પગલાંઓનો સમાવેશ થશે.*

(3) *વર્તમાન સમજૂતીના પક્ષકારો વૈજ્ઞાનિક સંશોધન અને કલાત્મક પ્રવૃત્તિ માટે જરૂરી સ્વાતંત્ર્ય તરફ સન્માન રાખવાની ખાતરી આપે છે.*

(4) *વર્તમાન સમજૂતીના રાજ્ય પક્ષકારો વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય કરારોના પ્રોત્સાહન અને વિકાસમાંથી થતા લાભોને માન્ય કરે છે.*

**અનુચ્છેદ : 16 અધિકારોની સિદ્ધિ માટે આંતરરાષ્ટ્રીય પગલાં**

*વર્તમાન સમજૂતીના પક્ષકારો સંમત છે કે વર્તમાન સમજૂતીમાં નિર્દિષ્ટ કરાયેલ અધિકારોની સિદ્ધિ માટે આંતરરાષ્ટ્રીય પગલામાં, સમજૂતીઓ, ભલામણોનો સ્વીકાર, ટેક્નિકલ મદદ પૂરી પાડવી, પ્રાદેશિક સભાઓ યોજવી અને સંબંધિત સરકારો સાથે રહીને વિચારણા અને અભ્યાસ માટે ટેક્નિકલ સભાઓ યોજવા જેવાં પગલાંનો સમાવેશ થાય છે.*

**અનુચ્છેદ : 17 ગેરવાજબી નિયંત્રણોમાંથી મુક્તિ**

*દરેક નાગરિકને અનુ. 2માં જણાવેલ બાબત સિવાય અને ગેરવાજબી નિયંત્રણો સિવાય,*

(A) *જાહેર બાબતોનાં સંચાલનમાં પ્રત્યક્ષ રીતે અથવા પોતાના પસંદ થયેલ પ્રતિનિધિઓ મારફત ભાગ લેવાનો;*

(B) *સમયાંતરે સમાન મતાધિકારના ધોરણે, મતદારોની ઈચ્છાને મુક્ત અભિવ્યક્તિની ખાતરી આપતી ખાનગી મતદાનથી યોજાતી ચૂંટણીઓમાં મતદાન કરવાનો અને ચૂંટાવાનો;*

(C) *પોતાના દેશમાં સમાનતાના ધોરણે જાહેર સેવાઓમાં પ્રવેશ મેળવવાનો અધિકાર રહેશે.*

## 3.4 ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોની સરખામણી

*વિદ્યાર્થીમિત્રો, હવે આપણે ભારતીય બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોની સરખામણી જોઈશું.*

*ભારતે 27 માર્ચ, 1979ના રોજ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના કરાર પર હસ્તાક્ષર કરીને માન્યતા આપી હતી. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના કરારમાં જે અધિકારોનો સમાવેશ થાય છે, તેને બંધારણના ત્રીજા ભાગમાં સ્થાન મળતું નથી. આ પ્રકારના અધિકારો બંધારણના ચોથા ભાગમાં સામેલ છે, જે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો છે. આ ભાગ દેશની વર્તમાન અને ભાવિ સરકારો દ્વારા અનુસરવામાં આવતા નિર્દેશો અને સૂચનાઓની યાદી ધરાવે છે. બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો અને રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે મુખ્ય મહત્ત્વનો તફાવત એ છે કે, મૂળભૂત અધિકારો અદાલતોમાં પડકારી શકાય છે અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અદાલતોમાં પડકારી શકાતા નથી. જો માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ ન થાય તો તેની સરકાર પર વિપરીત અસર પડશે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતી અને ભારતીય બંધારણ વચ્ચેની સરખામણી માટે નીચે કોષ્ટક જોઈએ:*

| **અધિકારોનું નામ** | **આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતી** | **ભારતીય બંધારણ** |
|---|---|---|
| *સમાન કામ માટે સમાન વેતન* | *અનુચ્છેદ* 7(A)(1) | *અનુચ્છેદ* 39(D) |
| *કામની સુરક્ષિત અને માનવીય સ્થિતિ* | *અનુચ્છેદ* 7(B) | *અનુચ્છેદ* 42 |
| *પ્રસૂતિમાં રાહત* | *અનુચ્છેદ* 10(2) | *અનુચ્છેદ* 42 |
| *કામ કરવાનો અધિકાર* | *અનુચ્છેદ* 6(1) | *અનુચ્છેદ* 41 |
| *બાળકો માટે તકો* | *અનુચ્છેદ* 10(3) | *અનુચ્છેદ* 39(F) |
| *બાળકોને ફરજિયાત શિક્ષણ* | *અનુચ્છેદ* 13(2)(f) | *અનુચ્છેદ* 45 |
| *જીવન નિર્વાહ વેતન* | *અનુચ્છેદ* 7(A)(1) | *અનુચ્છેદ* 43 |
| *કામની શરતો* | *અનુચ્છેદ* 7(D) | *અનુચ્છેદ* 42 |
| *જીવનનું પર્યાપ્ત સ્તર* | *અનુચ્છેદ* 11 | *અનુચ્છેદ* 47 |

*86માં બંધારણીય સુધારા અધિનિયમ, 2002માં 6થી 14 વર્ષનાં તમામ બાળકોને શિક્ષણનો મૂળભૂત અધિકારમાં આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે બંધારણના ચોથા ભાગમાં જણાવવામાં આવેલા નિર્દેશો અદાલતમાં પડકારવામાં આવતા નથી થતા, પરંતુ સુપ્રીમ કોર્ટે મૂળભૂત અધિકારોનો વ્યાપ વધારીને જીવનઅધિકારના અર્થને વિસ્તૃત કરીને અને મૂળભૂત અધિકારો સ્વરૂપે આ માર્ગદર્શક સિદ્ધાંતોને જગ્યા આપી.*

*અનુચ્છેદ 39(D)ના ભારતીય બંધારણ હેઠળ સમાન કામ માટે સમાન વેતન રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતનો એક ભાગ છે, જે સ્ત્રી અને પુરુષ બંને માટે સમાન કામ માટે સમાન વેતન ની જોગવાઈ કરે છે.* **એમ. પી. વિ. પ્રમોદ ભારતી,** *એ. આઈ. આર. સુપ્રીમ કોર્ટ P. 287માં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે જે નિયમને લાગુ કરવામાં આવ્યો છે તે અદાલતમાં પડકારી શકતો નથી. બંધારણના ભાગ-4 અને 3એકબીજાથી બાકાત ન હોવા જોઈએ. તેઓ એકબીજાના પૂરક છે. નિયમ અનુચ્છેદ 14અને અનુચ્છેદ 16(1)નો ભાગ છે.*

## 3.5 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણ પ્રક્રિયા

*આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની સમજૂતીના અધિકારોનાં અમલીકરણ માટેની પ્રક્રિયા દીવાની અને રાજકીય અધિકારો પરની સમજૂતીથી તદ્દન અલગ પ્રકારની છે. તે એટલા માટે પ્રાથમિક છે, કારણ કે આર્થિક અને સામાજિક અધિકારોના અમલ માટે રાષ્ટ્રીય સંસદમાં આવશ્યક કાયદો ઘડાવો જોઈએ અને આ અધિકારોના રક્ષણ અને સંવર્ધન માટે વહીવટી અને અન્ય પ્રક્રિયા હોવી જોઈએ. આ સમજૂતી અંતર્ગત સહમત થનારા રાજ્યોના પક્ષો માન્ય અધિકારોને તાત્કાલિક સુનિશ્ચિત કરવા માટે પગલાં લેતાં નથી, પરંતુ આ પક્ષકારો દીવાની અને રાજકીય અધિકારો પરની સમજૂતી માટે પ્રતિબદ્ધ છે. વ્યક્તિગત અને આંતરરાષ્ટ્રીય સહાય અને સહકાર મારફતે રાજ્યના પક્ષકારો પગલાં લેશે અને તેમના ઉપલબ્ધ સંસાધનોની મહત્તમ મર્યાદા સુધી તેને અમલમાં લાવવાનો પ્રયત્ન કરશે. આ સમજૂતીની શરૂઆતમાં અધિકારોના અમલીકરણ માટે રિપોર્ટિંગ સિસ્ટમ ઊભી કરવામાં આવી હતી. ત્યારબાદ, 2008માં અપનાવવામાં આવેલા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના કરાર માટેના વૈકલ્પિક પ્રોટોકોલમાં વ્યક્તિગત સંચારવ્યવસ્થા અને અધિકારોના અમલીકરણ માટે તપાસ પ્રક્રિયા જેવા વિવિધ માધ્યમો પ્રદાન કરવામાં આવ્યા છે.*

*આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની સમિતિ ICESCR અમલીકરણની દેખરેખ માટે સ્વતંત્ર નિષ્ણાત સંસ્થા ઘડવામાં આવી છે. તેમાં 18 સ્વતંત્ર નિષ્ણાતો છે, જે રાજ્ય પક્ષો દ્વારા, ગુપ્ત મતપત્ર દ્વારા ચૂંટાય છે અને જેમની ચાર વર્ષની ટર્મ માટે નિમણૂક કરવામાં આવે છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની વાર્ષિક બેઠક બે વખત મળે છે.*

## 3.6 આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી - વૈકલ્પિક પ્રોટોકોલ

*વિદ્યાર્થીમિત્રો, હવે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી - વૈકલ્પિક પ્રોટોકોલને સમજીશું.*

*યુએનની સામાન્ય સભામાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલના 8/2ના ઠરાવ દ્વારા માનવ અધિકાર પરિષદે સ્વીકાર્યું હતું...*

1. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીને વૈકલ્પિક પ્રોટોકોલ અપનાવવો, જેના લખાણને વર્તમાન ઠરાવ સાથે જોડવામાં આવ્યું છે;*
2. *2009માં યોજાનારા હસ્તાક્ષર સમારોહમાં હસ્તાક્ષર માટે વૈકલ્પિક પ્રોટોકોલ શરૂ કરવાની ભલામણ કરે છે અને માનવ અધિકાર માટે મહાસચિવ અને સંયુક્ત રાષ્ટ્રના ઉચ્ચ કમિશનરને જરૂરી સહાય પૂરી પાડવા વિનંતી કરે છે.*

**પ્રસ્તાવના**

*વર્તમાન પ્રોટોકોલના રાજ્યપક્ષોને ધ્યાનમાં રાખીને, સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરમાં જાહેર કરવામાં આવેલા સિદ્ધાંતો અનુસાર, માનવ પરિવારના તમામ સભ્યોના સમાન અને અવિભાજક અધિકારોની માન્યતા, વિશ્વમાં સ્વતંત્રતા, ન્યાય અને શાંતિનો પાયો છે.*

*માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણામાં જાહેર કરવામાં આવ્યું છે કે તમામ માનવ સ્વતંત્ર અને સમાન રીતે જન્મ લે છે અને તેમાં સ્થાપિત તમામ અધિકારો અને સ્વતંત્રતાઓ, જાતિ, રંગ, જાતિ, ભાષા, ધર્મ, રાજકીય અથવા અન્ય અભિપ્રાય વગેરે કોઈ પણ ભેદભાવ વગર મળે છે.*

*માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા અને માનવ અધિકાર પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ એ વાતને સ્વીકારે છે કે સ્વતંત્ર માનવને ભયમાંથી મુક્ત કરવાનો આદર્શ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે જ્યારે દરેક નાગરિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય અને સામાજિક અધિકારોનો લાભ લઈ શકે,*

*તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓની, સાર્વત્રિકતા, અવિભાજ્યતા,આંતરનિર્ભરતાની પુષ્ટિ કરે છે,*

*આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગે આંતરરાષ્ટ્રીય સમજૂતી પછી (હવેથી સમજૂતી શબ્દ)દરેક રાજ્ય પક્ષ વ્યક્તિગત અને આંતરરાષ્ટ્રીય સહાય અને સહકાર, ખાસ કરીને આર્થિક અને ટેક્નિકલ, તેના ઉપલબ્ધ સંસાધનો મેળવવા સુધીનાં પગલાં લેવાં,*

*આ બાબતને ધ્યાનમાં રાખીને, આ સમજૂતીના વધુમાં વધુ ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે અને તેની જોગવાઈઓના અમલ માટે, પ્રોટોકોલમાં પ્રદાન કરવામાં આવેલી કામગીરી*

*હાથ ધરવા માટે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેની સમિતિને (અહીં સમિતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) સક્ષમ બનાવવાનું ઉચિત રહેશે.*

*રાજ્યપક્ષો નીચે મુજબ સંમત થયા છે:*

**અનુચ્છેદ: 1 સંચાર મેળવવા અને વિચારવાની સમિતિની**

1. *સમજૂતીનો એક રાજ્યપક્ષ કે જે વર્તમાન પ્રોટોકોલનો પક્ષ બને છે તે વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલી જોગવાઈ મુજબ સંચાર પ્રાપ્ત કરવા અને વિચારવાની સમિતિની ક્ષમતાને માન્યતા આપે છે.*
2. *જો કોઈ રાજ્ય પક્ષ વર્તમાન પ્રોટોકોલમાં સામેલ નથી, તો તેને સમિતિ દ્વારા કોઈ પણ વાતચીત માટે અધિકારી રહેશે નહીં.*

**અનુચ્છેદ: 2 સંચાર**

*કોઈ પણ રાજ્ય પક્ષના અધિકાર ક્ષેત્ર હેઠળ વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા અથવા તે રાજ્યપક્ષ દ્વારા સમજૂતીમાં નિર્ધારિત આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનો ભંગ બદલ દાવો કરી શકે છે. જ્યાં વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ વતી સંચાર રજૂ કરવામાં આવે છે, ત્યાં અરજદારે તેમની સંમતિથી જ કરવાનું રહેશે. સંમતિ વગર તેમના વતી કામ કરવાનું યોગ્ય ઠેરવી શકે નહીં અને સંમતિ વગર એ માટે યોગ્ય કારણ રજૂ કરવાનું રહેશે.*

**અનુચ્છેદ: 3 માન્યતા**

1. *જ્યાં સુધી તે ખાતરી ન કરે કે દેશના સ્થાનિક કક્ષાએ મળતા તમામ ઉપલબ્ધ ઉપાયો ખતમ થઈ ગયા છે, ત્યાં સુધી સમિતિ વાતચીત અંગે વિચાર કરશે નહીં. આ નિયમ એવો નહીં હોય કે જ્યાં આવા ઉપાયોનો ઉપયોગ અયોગ્ય રીતે લાંબો સમય સુધી ચાલે.*
2. *સમિતિ સંદેશાવ્યવહારને અયોગ્ય જાહેર કરશે જ્યારે:*
   a) *દેશની સ્થાનિક કક્ષાએ મળતા ઉપાયોના વપરાશ પછીના એક વર્ષની અંદર તે રજૂ કરવામાં આવ્યું ન હોય, સિવાય કે અરજી કરનાર એવું દર્શાવી શકે કે તે સમયમર્યાદામાં સંચાર રજૂ કરવો શક્ય ન હતું.*
   b) *હકીકતમાં જે વાતચીતનો વિષય છે તે રાજ્ય પક્ષ માટે વર્તમાન પ્રોટોકોલના અમલમાં પ્રવેશ પહેલા જ બની હતી, જ્યાં સુધી તે હકીકતો તે તારીખ પછી ચાલુ ન રહે.*
   c) *આ જ બાબતની તપાસ બીજી કોઈ સમિતિ દ્વારા થઈ ચૂકી હોય અથવા આંતરરાષ્ટ્રીય તપાસ અથવા સમાધાનની બીજી પ્રક્રિયા હેઠળ તપાસ કરવામાં આવી હોય.*
   d) *તે સમજૂતીની જોગવાઈઓ સાથે સુસંગત ના હોય.*

e) તે દેખીતી રીતે જ ખોટી રીતે સ્થાપિત છે, પૂરતા પુરાવો નથી કે માત્ર સામૂહિક માધ્યમો દ્વારા પ્રસારિત કરવામાં આવેલા અહેવાલો પર આધારિત નથી.
f) આ સંચાર રજૂ કરવાના અધિકારનો દુરુપયોગ છે. અથવા
g) તે અનામી હોય કે લેખિતમાં ન હોય.

**અનુચ્છેદ: 4 સંચાર સ્પષ્ટ ગેરલાભ જાહેર કરતું નથી**

*સમિતિને જો જરૂર પડે તો, તે કોઈપણ સંચાર પર વિચાર કરવાનો ઇનકાર કરી શકે છે, જ્યાં સુધી તે એવું જાહેર ન કરે કે અરજી કરનારને સ્પષ્ટ નુકસાન થયું છે.*

**અનુચ્છેદ: 5 વચગાળાનાં પગલાં**

1. *કોઈ પણ સમયે સંચાર પ્રાપ્ત થયા પછી અને ગુણદોષ અંગે નિર્ણય લેવામાં આવે તે પહેલાં, સમિતિ રાજ્ય પક્ષને તે અંગે તાત્કાલિક વિચારણા માટે સંબંધિત રાજ્ય પક્ષને એક વિનંતી મોકલી શકે છે કે રાજ્ય પક્ષ અપવાદરૂપ સંજોગોમાં એવા વચગાળાનાં પગલાં ભરી શકે, જેથી કથિત ઉલ્લંઘનનો ભોગ બનેલા અથવા પીડિતોને સંભવિત નુકસાનથી બચાવી શકાય.*
2. *જો સમિતિ વર્તમાન સમજૂતીના ફકરા 1 હેઠળ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરે, ત્યાં તેનો અર્થ એ નથી કે તે માન્યતા કે સંચારની યોગ્યતા પરનો નિર્ણય નથી.*

**અનુચ્છેદ : 6 સંદેશાવ્યવહારનો પ્રવાહ**

1. *જ્યાં સુધી સમિતિ સંબંધિત રાજ્ય પક્ષના ઉલ્લેખ વિના સંચારને અમાન્ય ગણશે નહીં, ત્યાં સુધી સમિતિ તેને પ્રસ્તુત કરવામાં આવેલ કોઈ પણ સંદેશાવ્યવહારને સંબંધિત રાજ્ય પક્ષના ધ્યાન પર ગુપ્ત રીતે રજૂ કરશે.*
2. *છ મહિનાની અંદર, મેળવનાર રાજ્ય પક્ષ આ બાબત અને ઉપાય સ્પષ્ટ કરતા લેખિત ખુલાસાઓ કે નિવેદનો સમિતિને સુપરત કરશે.*

**અનુચ્છેદ : 7 મૈત્રીપૂર્ણ સમાધાન**

1. *સમજૂતીમાં નિર્ધારિત જવાબદારીઓના આદરને આધારે આ બાબતનું મૈત્રીપૂર્ણ સમાધાન કરવા સંબંધિત પક્ષોને સમિતિ તેની ભલામણ કરશે.*
2. *મૈત્રીપૂર્ણ સમાધાન પર થયેલી સમજૂતી વર્તમાન પ્રોટોકોલ હેઠળ વાતચીતની વિચારણાને બંધ કરશે.*

**અનુચ્છેદ: 8 સંદેશાવ્યવહારની તપાસ**

1. *સમિતિ વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 2 હેઠળ પ્રાપ્ત થયેલ સંદેશાવ્યવહારની તપાસ કરશે અને સંબંધિત દસ્તાવેજ પક્ષોને મોકલવામાં આવશે.*
2. *વર્તમાન પ્રોટોકોલ હેઠળ સંચારની તપાસ કરતી વખતે સમિતિ બંધ બેઠકો યોજશે.*

3. *વર્તમાન પ્રોટોકોલ હેઠળ વાતચીતની તપાસ કરતી વખતે સમિતિ અન્ય સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાઓ, વિશેષ એજન્સીઓ, ભંડોળ, કાર્યક્રમો અને વ્યવસ્થા અને પ્રાદેશિક માનવ અધિકાર પ્રણાલીઓ સહિત અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાંથી યોગ્ય પગલાં અને સંબંધિત રાજ્ય પક્ષોની સલાહ લઈ શકે છે.*
4. *વર્તમાન પ્રોટોકોલ હેઠળ સંચારની તપાસ કરતી વખતે, સમિતિ કરારના બીજા ભાગ અનુસાર રાજ્ય પક્ષ દ્વારા લેવામાં આવેલાં પગલાંની યોગ્યતા પર વિચાર કરશે. આમ કરવાથી, સમિતિ એ બાબત ધ્યાનમાં લેશે કે સમજૂતીમાં નક્કી કરવામાં આવેલા અધિકારોનાં અમલીકરણ માટે સંભવિત નીતિગત પગલાં લઈ શકે છે.*

**અનુચ્છેદ : 9 સમિતિના અભિપ્રાયોને અનુસરો**

1. *સંચારની તપાસ કર્યા બાદ સમિતિ સંબંધિત પક્ષોને તેની ભલામણો આપશે અને તે અંગે પોતાના વિચારો રજૂ કરશે.*
2. *રાજ્ય પક્ષ સમિતિના અભિપ્રાયો પર યોગ્ય રીતે વિચાર કરશે અને છ મહિનાની અંદર, સમિતિ સમક્ષ લેખિત જવાબ આપશે, જેમાં સમિતિના અભિપ્રાયો અને ભલામણોને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલાં પગલાંની માહિતી સામેલ કરશે.*
3. *સમિતિ રાજ્ય પક્ષને તેના અભિપ્રાયો અથવા ભલામણોના પ્રતિભાવમાં લેવામાં આવેલાં પગલાં અંગે વધુ માહિતી આપવા માટે રાજ્ય પક્ષને બોલાવી શકે છે.*

**અનુચ્છેદ : 10 આંતર-રાજ્ય સંચાર**

1. *વર્તમાન પ્રોટોકોલનો કોઈ પણ પક્ષ કોઈ પણ સમયે જાહેર કરી શકે છે કે તે સમિતિની સંચાર મેળવવાની અને તેની પર વિચાર કરવાની ક્ષમતાને અન્ય રાજ્ય પક્ષ સમજૂતી હેઠળ પોતાની જવાબદારીઓ પૂર્ણ નથી કરી રહ્યો. વર્તમાન અનુચ્છેદ હેઠળની માહિતી ત્યારે જ પ્રાપ્ત કરી શકાય અને તે અંગે વિચારણા થઈ શકે જ્યારે કોઈ રાજ્ય પક્ષ દ્વારા સમિતિની ક્ષમતાને માન્યતા આપતી ઘોષણા કરવામાં આવે. જો કોઈ રાજ્ય પક્ષ કે જેણે આવી ઘોષણા કરી નથી, તેને આવા પ્રકારનો સંચાર પ્રાપ્ત થશે નહીં. વર્તમાન લેખ હેઠળ પ્રાપ્ત થયેલ સંદેશાવ્યવહારની પ્રક્રિયા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે:*

a) *જો કોઈ રાજ્યપક્ષ વર્તમાન પ્રોટોકોલની સમજૂતી હેઠળ અન્ય રાજ્ય પક્ષ પોતાની ફરજો પૂર્ણ નથી કરી રહ્યો, તો તે લેખિત સંચાર દ્વારા આ બાબતને રાજ્ય પક્ષના ધ્યાન પર લાવી શકે છે. સંચાર પ્રાપ્ત થયાના ત્રણ મહિનાની અંદર રાજ્યે આ બાબતની સ્પષ્ટતા કરતા લેખિત નિવેદન જમા કરવા પડશે, જેમાં સ્થાનિક પ્રક્રિયાઓ અને ઉપાયોનો ઉલ્લેખ કરવાનો રહેશે.*

b) *જો રાજ્ય પક્ષ તરફથી પ્રારંભિક સંચાર પ્રાપ્ત થયા પછી પણ બંને રાજ્યો વચ્ચે છ મહિનાની અંદર સંતોષપૂર્ણ સમાધાન નહિ થાય તો, કોઈ પણ રાજ્ય સમિતિને અને*

*બીજા રાજ્ય પક્ષને નોટિસ આપ્યા બાદ, આ બાબતને સમિતિને સોંપણી કરવાનો અધિકાર ધરાવે છે.*

c) *સમિતિ આ બાબતને ત્યારે જ લેશે જ્યારે એને ખાતરી થશે કે તેણે દેશના તમામ સ્થાનિક કક્ષાએ મળેલ ઉપાયોનો ઉપયોગ કર્યો છે. આ નિયમનો મતલબ એમ નથી થતો કે ઉપાયોનો ઉપયોગ અયોગ્ય રીતે લાંબો સમય સુધી ચાલે;*

d) *વર્તમાન ફકરાની પેટા ફકરા (સી)ની જોગવાઈઓને આધિન સમિતિ કરારમાં નિર્ધારિત જવાબદારીઓના આદરને આધારે આ બાબતના મૈત્રીપૂર્ણ ઉકેલ ઉપલબ્ધ કરાવશે;*

e) *વર્તમાન સમજૂતી હેઠળ સંચારની તપાસ કરતી વખતે સમિતિ બંધ બેઠકો યોજશે*

f) *વર્તમાન ફકરાના પેટા ફકરા (બી) અનુસાર ઉલ્લેખ કરવામાં આવે છે કે તેમાં સમિતિ સંબંધિત રાજ્યોને પેટા ફકરા (બી)માં ઉલ્લેખ કરવામાં આવેલ રાજ્ય કોઈ પણ સંબંધિત માહિતી પૂરી પાડવા માટે વિનંતી કરી શકે છે;*

g) *સંબંધિત રાજ્યો, જેનો વર્તમાન ફકરાના ઉપફકરા (બી)માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમને જ્યારે સમિતિ દ્વારા આ બાબત પર વિચારણા કરવામાં આવી રહી હોય ત્યારે મૌખિક અને/અથવા લેખિતમાં રજૂઆત કરવાનો અધિકાર રહેશે;*

h) *વર્તમાન ફકરાના પેટા ફકરા (બી) હેઠળ નોટિસ પ્રાપ્ત થયાની તારીખ પછી સમિતિ યોગ્ય અને પૂર્ણ રીતે એક અહેવાલ રજૂ કરશે, નીચે મુજબ છે:*

(1) *જો વર્તમાન ફકરાના પેટા ફકરા (D)ની શરતોની અંદર ઉકેલ આવે તો સમિતિ તેના અહેવાલને હકીકતો અને ઉકેલના સંક્ષિપ્ત વિધાન સમિતિને સુપરત કરી દેશે.*

(2) *પેટા ફકરા (D)ની શરતોની અંદર ઉકેલ ન આવે તો સમિતિ પોતાના અહેવાલમાં સંબંધિત રાજ્યોની વચ્ચે સંબંધિત મુદ્દા સાથે સંબંધિત તથ્યો રજૂ કરશે. સંબંધિત રાજ્યોની પક્ષકારો દ્વારા લેખિત રજૂઆતો અને માહિતીને સંબંધિત રાજ્યોની રજૂઆતો સાથે જોડવામાં આવશે. સમિતિ આ બંને દેશો વચ્ચે સંબંધિત કોઈ પણ અભિપ્રાયને સંબંધિત રાજ્યોને જ જણાવી શકે છે.*

*દરેક બાબતની અહેવાલ સંબંધિત રાજ્યોને જાણ કરવામાં આવશે.*

2. *વર્તમાન સમજૂતીના ફકરા 1 હેઠળની ઘોષણા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને જમા કરવામાં આવશે, જે અન્ય રાજ્યોને તેની નકલો મોકલશે. મહાસચિવ સૂચના દ્વારા કોઈ પણ સમયે ઘોષણા પાછી ખેંચી શકે છે. આ પ્રકારની પીછેહઠથી વર્તમાન સમજૂતી હેઠળ પ્રસારિત થયેલ તેવી કોઈ પણ બાબતની વિચારણામાં પૂર્વગ્રહ નહીં રહે; જો સંબંધિત પક્ષ નવી ઘોષણા ન કરે તો મહાસચિવ દ્વારા ઘોષણાપત્ર પાછું ખેંચવાની સૂચના મળ્યા બાદ કોઈ પણ રાજ્યપક્ષ દ્વારા વર્તમાન લેખ હેઠળ વધુ વ્યવહાર નહીં થાય.*

## **અનુચ્છેદ : 11 તપાસ પ્રક્રિયા**

1. *વર્તમાન પ્રોટોકોલનો કોઈ પણ રાજ્યપક્ષ કોઈ પણ સમયે જાહેર કરી શકે છે કે તે વર્તમાન સમજૂતી હેઠળ પ્રદાન કરવામાં આવેલી સમિતિની ક્ષમતાને માન્યતા આપે છે.*
2. *જો સમિતિને કરારમાં નક્કી કરવામાં આવેલા કોઈ પણ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની કોઈ પણ રાજ્ય પક્ષ દ્વારા ગંભીર અથવા વ્યવસ્થિત ઉલ્લંઘનની વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય તો સમિતિ તે રાજ્ય પક્ષને માહિતીની ચકાસણીમાં સહકાર આપવા અને આ માટે નિરીક્ષણ રજૂ કરવા આમંત્રણ આપી શકશે.*
3. *સંબંધિત રાજ્ય પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા કોઈ પણ અવલોકનો અને તેની પાસે ઉપલબ્ધ અન્ય કોઈ પણ વિશ્વસનીય માહિતીને ધ્યાનમાં રાખીને સમિતિ તપાસ હાથ ધરવા અને સમિતિને તાત્કાલિક અહેવાલ આપવા માટે તેના એક અથવા વધુ સભ્યોને નિયુક્ત કરી શકે છે. જ્યાં રાજ્ય પક્ષની સંમતિથી, આ તપાસમાં તેના વિસ્તારની મુલાકાતનો સમાવેશ થઈ શકે છે.*
4. *આ પ્રકારની તપાસ ખાનગી રીતે હાથ ધરવામાં આવશે અને કાર્યવાહીના તમામ તબક્કે રાજ્ય પક્ષનો સહકાર માગવામાં આવશે.*
5. *આવી તપાસનાં તારણોની તપાસ કર્યા બાદ, સમિતિ આ તારણોની ટિપ્પણી અને ભલામણો સાથે સંબંધિત રાજ્ય પક્ષને મોકલશે.*
6. *સંબંધિત રાજ્ય પક્ષ સમિતિ દ્વારા મોકલવામાં આવેલાં તારણો, ટિપ્પણીઓ અને ભલામણો પ્રાપ્ત કર્યાના છ મહિનાની અંદર સમિતિ સમક્ષ તેનાં અવલોકનો સુપરત કરશે.*
7. *વર્તમાન સમજૂતીના ફકરા 2 અનુસાર કરવામાં આવેલી તપાસના સંબંધમાં આ પ્રકારની કાર્યવાહીપૂર્ણ થયા બાદ, સમિતિ સંબંધિત રાજ્ય પક્ષ સાથે ચર્ચા-વિચારણા બાદ, કાર્યવાહીનાં પરિણામોનો સારાંશ તેના વાર્ષિક અહેવાલમાં સામેલ કરશે.*
8. *વર્તમાન સમજૂતીના ફકરા 1 અનુસાર કોઈ પણ રાજ્ય પક્ષ કોઈ પણ સમયે, મહાસચિવને સૂચના દ્વારા આ ઘોષણા પાછી ખેંચી શકે છે.*

## **અનુચ્છેદ : 12 તપાસ પ્રક્રિયા આગળ ધપાવવી**

1. *સમિતિ વર્તમાન પ્રોટોકોલના અનુચ્છેદ 11 હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસના જવાબમાં લેવાયેલા કોઈ પણ પગલાંના અનુચ્છેદ 16 અને 17 હેઠળ સંબંધિત રાજ્ય પક્ષને તેના અહેવાલમાં સામેલ કરવા માટે આમંત્રણ આપી શકે છે.*
2. *જો જરૂર પડે તો, સમિતિ અનુચ્છેદ 11ના ફકરા (6) હેઠળ ઉલ્લેખ કરવામાં આવેલા છ મહિનાના સમયગાળાના અંત પછી, આ પ્રકારની તપાસના જવાબમાં લેવામાં*

*આવેલાં પગલાં અંગે સંબંધિત રાજ્ય પક્ષને મહિતી આપવા માટે આમંત્રણ આપી શકે છે.*

**અનુચ્છેદ : 13 સુરક્ષાનાં પગલાં**

*વર્તમાન પ્રોટોકોલ અનુસાર સમિતિ સાથે વાતચીત વખતે તેના અધિકારક્ષેત્ર હેઠળની વ્યક્તિઓ સાથે કોઈ પણ પ્રકારનું દુર્વ્યવહાર કે ધમકી આપવામાં ન આવે તે માટે રાજ્ય પક્ષ તમામ યોગ્ય પગલાં લેશે.*

**અનુચ્છેદ : 14 આંતરરાષ્ટ્રીય સહાય અને સહકાર**

1. *સમિતિને યોગ્ય લાગે તો અને સંબંધિત રાજ્ય પક્ષની સંમતિથી, સંયુક્ત રાષ્ટ્રની વિશેષ એજન્સીઓ, ભંડોળ અને કાર્યક્રમો અને અન્ય સક્ષમ સંસ્થાઓને, સંચાર અને પૂછપરછ અંગે તેનાં મંતવ્યો અથવા ભલામણોને આપશે.*
2. *સમિતિ સંબંધિત રાજ્ય પક્ષની સંમતિથી, આ પ્રકારની સંસ્થાઓનું ધ્યાન પણ દોરી શકે છે, વર્તમાન પ્રોટોકોલ હેઠળ વિચારણા કરવામાં આવેલા સંચારમાંથી ઉદ્‌ભવતી કોઈ પણ બાબત, જે તેમને તેમના અધિકાર ક્ષેત્રમાં, આંતરરાષ્ટ્રીય પગલાની સલાહ પણ નિર્ણય લેવામાં મદદ કરી શકે છે.*
3. *સંયુક્ત રાષ્ટ્રના નાણાકીય નિયમો અનુસાર, રાજ્ય પક્ષોને નિષ્ણાત અને ટેક્નિકલ સહાય પૂરી પાડવાના હેતુથી સામાન્ય સભાની સંબંધિત પ્રક્રિયાઓ અનુસાર ટ્રસ્ટ ફંડની સ્થાપના કરવામાં આવશે, જે વર્તમાન પ્રોટોકોલના સંદર્ભમાં આર્થિક, સામજિક અને સંસ્કૃતિક અધિકારોના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સામર્થ્ય પૂરું પાડવામાં યોગદાન આપે છે.*
4. *વર્તમાન સમજૂતીની જોગવાઈઓ દરેક રાજ્ય પક્ષને પૂર્વગ્રહ વિના પોતાની જવાબદારીઓ નિભાવવા માટે ફરજ પૂરી પાડે છે.*

**અનુચ્છેદ: 15 વાર્ષિક અહેવાલ**

*સમિતિ તેના વાર્ષિક અહેવાલમાં વર્તમાન પ્રોટોકોલ હેઠળ તેની પ્રવૃત્તિઓનો સારાંશ સામેલ કરશે.*

**અનુચ્છેદ : 16 પ્રસાર અને માહિતી**

*દરેક રાજ્ય પક્ષ કરાર અને વર્તમાન પ્રોટોકોલનો વ્યાપકપણે પ્રચાર કરવા અને સમિતિની ભલામણો વિશે, ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સુલભ સ્વરૂપોમાં મળી રહે તે માટેના પ્રયત્નો હાથ ધરે છે.*

**અનુચ્છેદ : 17 હસ્તાક્ષર, મંજૂરી અને પ્રવેશ**

1. *સમજૂતી પર હસ્તાક્ષર, મંજૂરી અથવા સ્વીકાર કરનાર દરેક રાજ્યના હસ્તાક્ષર માટે વર્તમાન પ્રોટોકોલ ખુલ્લો છે.*

2. *વર્તમાન પ્રોટોકોલ કોઈ પણ રાજ્યની મંજૂરીને આધિન છે, જેણે સમજૂતીને મંજૂરી આપી છે અથવા સ્વીકાર કરી છે. મંજૂરીના દસ્તાવેજો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરવામાં આવશે.*

**અનુચ્છેદ : 18 અમલમાં પ્રવેશ**

1. *વર્તમાન પ્રોટોકોલ મંજૂરી અથવા પ્રવેશના દસમા દસ્તાવેજના સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને જમા કર્યાની તારીખના ત્રણ મહિના પછી અમલમાં આવશે.*
2. *દરેક રાજ્ય વર્તમાન પ્રોટોકોલને બહાલી અથવા સ્વીકાર કરવા માટે, મંજૂરી અથવા પ્રવેશના દસમા દસ્તાવેજને જમા કરાવ્યા પછી, પ્રોટોકોલ તેના દસ્તાવેજ જમા કરાવ્યાની તારીખના ત્રણ મહિના પછી અમલમાં આવશે.*

**અનુચ્છેદ : 19 સુધારા**

1. *કોઈ પણ રાજ્યપક્ષ વર્તમાન પ્રોટોકોલમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકી શકે છે અને તેને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને સુપરત કરી શકે છે.*
2. *વર્તમાન લેખના ફકરા 1 અનુસાર મંજૂર કરવામાં આવેલા સુધારાને ૩૦મા દિવસે અમલમાં મૂકવામાં આવશે, જ્યારે જમા કરવામાં આવેલાં સ્વીકારના દસ્તાવેજોની સંખ્યા સુધારાને સ્વીકારવાની તારીખે સુધીમાં બે તૃતિયાંશ રાજ્યોની પાર્ટીઓ સુધી પહોંચશે. ત્યારબાદ, દસ્તાવેજ જમા થયા બાદ ત્રીસમા દિવસે આ સુધારો અમલમાં આવશે. આ સુધારો એ રાજ્યોને જ બંધનકર્તા હશે, જેમણે તેને સ્વીકારી લીધો હશે.*

**અનુચ્છેદ : 20 ત્યાગ**

1. *કોઈ પણ રાજ્ય પક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને લેખિત સૂચના દ્વારા વર્તમાન પ્રોટોકોલનો કોઈ પણ સમયે ત્યાગ કરી શકે છે. આ જાહેરનામાની તારીખના છ મહિના પછી, મહાસચિવ દ્વારા આ જાહેરનામાની અમલવારી કરવામાં આવશે.*
2. *અનુચ્છેદ 2 અને 10 હેઠળ રજૂ કરવામાં આવેલા કોઈ પણ સંચારને વર્તમાન પ્રોટોકોલની જોગવાઈઓના ચાલુ અમલ માટે કોઈ પૂર્વગ્રહ વિનાનો રહેશે અથવા તો અનુચ્છેદ 11 હેઠળ શરૂ કરવામાં આવેલી કોઈ પણ પ્રક્રિયાને નકારી શકાય નહીં.*

**અનુચ્છેદ : 21 મહાસચિવ દ્વારા જાહેરનામું**

*સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે નીચેની બાબતોની અનુચ્છેદ 26, ફકરા 1માં ઉલ્લેખ કરવામાં આવેલા તમામ રાજ્યોને સૂચિત કરવા પડશે:*

a) *વર્તમાન પ્રોટોકોલ અંતર્ગત હસ્તાક્ષર, બહાલી અને પ્રવેશ*

b) વર્તમાન પ્રોટોકોલ અમલની તારીખ અને અનુચ્છેદ 19 અંતર્ગત કોઈ પણ સુધારાની તારીખ

c) અનુચ્છેદ 20 હેઠળ કોઈ પણ રાજ્યપક્ષ દ્વારા ત્યાગ

**અનુચ્છેદ : 22 સત્તાવાર ભાષાઓ**

1. વર્તમાન પ્રોટોકોલમાં અરેબિક, ચાઈનીઝ, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ લખાણો સમાન રીતે પ્રમાણભૂત છે, તે સંયુક્ત રાષ્ટ્રના સંગ્રહમાં જમા થશે.
2. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અનુચ્છેદ 26માં ઉલ્લેખ કરાયેલાં તમામ રાજ્યોને વર્તમાન પ્રોટોકોલની પ્રમાણિત નકલો મોકલશે.

## 3.7 ઉપસંહાર

આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી મૂળભૂત આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોનું રક્ષણ કરવા અને તેને જાળવવા માટેનું કાયદાકીય માળખું પૂરું પાડે છે, જેમાં ન્યાયી અને અનુકૂળ પરિસ્થિતિઓમાં કામ કરવાના અધિકારો, સામાજિક સંરક્ષણ, ઉચ્ચ જીવનધોરણની પ્રાપ્તિ, શારીરિક અને માનસિક ઉચ્ચત્તમ ધોરણો આપવામાં આવ્યા છે. તેમજ તેમના અમલીકરણ માટે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમજૂતીમાં અધિકારોના અમલીકરણ માટે રિપોર્ટિંગ સિસ્ટમ પૂરી પાડવામાં આવી હતી. જોકે, 2008માં અપનાવવામાં આવેલા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના કરાર માટેના વૈકલ્પિક પ્રોટોકોલમાં વ્યક્તિગત સંચાર વ્યવસ્થા, આંતરરાજ્ય સંચાર અને અધિકારોના અમલીકરણ માટે તપાસ પ્રક્રિયા જેવાં વિવિધ માધ્યમો પ્રદાન કરવામાં આવ્યાં છે.

## 3.8 ચાવીરૂપ શબ્દો

- યુએનઃ સંયુક્ત રાષ્ટ્રોનો સંઘ
- વૈકલ્પિક પ્રોટોકોલઃ મુખ્ય સમજૂતીના અમલીકરણની પ્રક્રિયા માટે કે વધારે સારી રીતે મુખ્ય સમજૂતીમાં વધારો કરવા માટે કરવામાં આવતી સંધિને વૈકલ્પિક સંધિ
- સંચારઃ બે રાજ્યો (દેશો) વચ્ચેનો સંદેશાવ્યવહાર
- આંતરરાજ્ય સંચાર વ્યવસ્થાઃ બે રાજ્યો (દેશો) વચ્ચે સંદેશા વ્યવહાર

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

(અ) બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.

**1. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી ક્યારે અમલમાં આવી?**

A. 16 *ડિસેમ્બર,* 1967 C. 16 *ડિસેમ્બર,* 1997

B. 16 *ડિસેમ્બર,* 1966 D. 16 *ડિસેમ્બર,* 1981

**2. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966ના વૈકલ્પિક પ્રોટોકોલ કયારે અમલમાં આવ્યા હતા?**

A. 2009 C. 2006

B. 2002 D. 2005

**3. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966માં કેટલા માનવ અધિકારો છે?**

A. 18 C. 16

B. 10 D. 12

**4. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 વૈકલ્પિક પ્રોટોકોલમાં કેટલા અનુચ્છેદો છે?**

A. 21 C. 22

B. 20 D. 25

**5. ICESCRનું ગુજરાતીમાં પૂરું નામ શું છે?**

A. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

B. *આર્થિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

C. *આર્થિક,શિક્ષણના અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

D. *સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

**6. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સમિતિમાં કેટલા સભ્યો છે?**

A. 10 C. 12

B. 17 D. 18

**7. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966ના અમલીકરણની પ્રક્રિયા કેટલા ભાગમાં વહેંચવામાં આવી છે?**

A. 10 C. 5

B. 4 D.6

**8.** **ભારતે _____ ના રોજ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય કરારને મંજૂરી આપી છે.**

A. 27 *માર્ચ*, 1977 C. 27 *માર્ચ*, 1978

B. 27 *માર્ચ*, 1979 D. 27 *માર્ચ*, 1980

**9.** **આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના કરારમાં જે અધિકારોનો સમાવેશ થાય છે તે ભારતીય બંધારણના કયાં ભાગમાં સામેલ છે?**

A. III C. V

B. VII D. IV

જવાબઃ **1. B, 2. A, 3. A, 4. C, 5. A, 6. D, 7. B, 8. B, 9. D**

(બ) **પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,1966ના અમલીકરણની પ્રક્રિયા કેટલા ભાગમાં વહેંચવામાં આવી છે? નામ જણાવો.*
2. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના વૈકલ્પિક પ્રોટોકોલ હેઠળ તપાસ પ્રક્રિયામાં સભ્યોની લાયકાત શું હોય છે?*
3. *વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક અધિકારોનો કયો અનુચ્છેદ છે?*
4. *શિક્ષણના અધિકારનો કયો અનુચ્છેદ છે?*

(ક) **ટૂંક નોંધ લખોઃ**

1. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *નો ઈતિહાસ*
2. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *હેઠળના અધિકારોઅને ભારતીય બંધારણ હેઠળના અધિકારો ની સરખામણી*
3. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*નું મહત્વ*

(ડ) **નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

1. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *વિશેની જોગવાઈઓ સવિસ્તાર સમજાવો.*
2. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*ના વૈકલ્પિક પ્રોટોકોલ વિશે સમીક્ષાત્મક સમજૂતી આપો.*
3. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*ના અમલીકરણની કાર્યવાહી સમજાવો.*

## 3.10 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *કરિઆ એ. એન., માનવ અધિકાર, સી. જમનાદાસ કંપની*
2. *રાવલ કૌશિક સી., માનવ અધિકારો અને કાયદો, સંકેત લૉ બુક સેલર, અમદાવાદ*
3. *કપૂર એસ. કે., હ્યુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ લૉ, સેન્ટ્રલ લૉ એન્જસી*
4. *અગ્રવાલ એચ. ઓ., હ્યુમન રાઈટ્સ, સેન્ટ્રલ લૉ એન્જસી*
5. *પંડ્યા જે. એન., ધ કોન્સ્ટિટ્યૂશનલ લૉ ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ લૉ એન્જસી*

# એકમ-4 જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

**-: રૂપરેખા :-**


**4.0** અભ્યાસના ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

- **4.2.1** ભાગ 1 – માનવ અધિકારોનો સમાવેશ
- **4.2.2** ભાગ 2 – જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની સમિતિઓ અને તેની કામગીરી
- **4.2.3** ભાગ 3 – સંયુક્ત રાષ્ટ્ર દ્વારા થતી કામગીરી

**4.3** ઉપસંહાર

**4.4** ચાવીરૂપ શબ્દો

**4.5** તમારી પ્રગતિ ચકાસો

**4.6** ઉપયોગી પુસ્તકોની યાદી


## 4.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની જોગવાઈઓને વિગતથી સમજી શકશો.*
- *આ એકમના અભ્યાસથી તમે આ સમજૂતીમાં જાતીય ભેદભાવથી પીડાતા માનવોને કોઈ માનવ અધિકારો આપવામાં આવ્યા છે કે તેમ જાણી શકશો.*
- *આ એકમમાં જાતીય ભેદભાવને સમજાવવામાં આવ્યો છે.*
- *આ એકમમાં આંતરરાષ્ટ્રીય સમજૂતીને ત્રણ ભાગમાં સમજાવવામાં આવી છે.*
- *તમે જાતીય ભેદભાવ નાબૂદી સમિતિની રચના અને તેની કામગીરી પણ સમજી શકશો.*

## 4. 1 પ્રસ્તાવના

*કોઈ એક વ્યક્તિ પોતાના વ્યક્તિગત માન્યતાને કારણે બીજી વ્યક્તિ સાથે પ્રતિકૂળ રીતે વર્તે છે તેને ભેદભાવ કહેવામાં આવે છે. તેમાં ધમકાવવાનો પણ સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે કોઈ તમારી જાતિને કારણે તમારી સાથે ભેદભાવ કરે અથવા તમે અમુક જાતિમાં છો એવું કહીને દુર્વ્યવહાર કરે તે કાયદાની વિરુદ્ધ છે. જાતિભેદ સૌથી સામાન્ય પ્રકારના ભેદભાવમાંનો એક છે. જાતિમાં રંગ, પૂર્વજ, રાષ્ટ્રીયતા અથવા વંશીય પૃષ્ઠભૂમિ, અથવા કોઈ ચોક્કસ સમુદાય સાથે સંકળાયેલી કોઈ પણ લાક્ષણિકતાનો સમાવેશ થાય છે.*

દરેક પ્રકારના જાતીય ભેદભાવને નાબૂદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી (ICERD- International Convention on the Elimination of All Forms of Racial Discrimination, 1966) કરવામાં આવી છે. આ ત્રીજી પેઢીનો માનવ અધિકાર છે. આ સમજૂતી તેના સભ્યોને જાતીય ભેદભાવ દૂર કરવા અને તમામ જાતિઓ વચ્ચે પરસ્પર સમજણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ સમજૂતીમાં તેના પક્ષકારોએ નફરતભરી વાણીને ગેરકાયદેસર ઠેરવવાની અને જાતિવાદી સંગઠનોના સભ્યપદને ગુનાહિત ગણવાની રહેશે. આ સમજૂતીમાં વ્યક્તિગત ફરિયાદોની વ્યવસ્થા પણ સામેલ છે, જે તેના પક્ષો વિરુદ્ધ સમજૂતી 21 ડિસેમ્બર, 1965ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ હસ્તાક્ષર માટે સ્વીકારી હતી અને ખુલ્લી મૂકી હતી અને 4 જાન્યુઆરી, 1969ના રોજ અમલમાં આવી હતી. એપ્રિલ 2019 સુધીમાં તેમાં 182 પક્ષો-દેશો જોડાયા હતા. આ સમજૂતી પર જાતીય ભેદભાવ નાબૂદી સમિતિ દ્વારા હસ્તાક્ષર કરાયા છે. તમામ પ્રકારના જાતીય ભેદભાવને નાબૂદ કરવા પર સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય સમજૂતી 1963ની જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોને નાબૂદ કરવા પરની ઘોષણા પર આધારિત છે.

ઘોષણાપત્રમાં ચાર મુખ્ય મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે:

1. જાતીય ભેદ કે શ્રેષ્ઠતાનો કોઈ સિદ્ધાંત વૈજ્ઞાનિક રીતે ખોટો, નૈતિક રીતે નિંદાપાત્ર, સામાજિક રીતે અન્યાયી અને ખતરનાક છે અને તે સિદ્ધાંત કે વ્યવહારમાં કોઈ વાજબીપણું નથી;
2. જાતીય ભેદભાવ અને તેથી વધુ, જાતીય શ્રેષ્ઠતા અથવા નફરત પર આધારિત નીતિઓ મૂળભૂત માનવ અધિકારોનું ઉલ્લંઘન કરે છે, લોકો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોનું ઉલ્લંઘન કરે છે, રાષ્ટ્રો વચ્ચે સહકાર અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા;
3. જાતીય ભેદભાવ માત્ર બીજાને જ નહિ, પરંતુ જેઓ તેની પ્રેક્ટિસ કરે છે તેને પણ નુકસાન પહોંચાડે છે.
4. જાતીય વિભાજન અને ભેદભાવથી મુક્ત વિશ્વ સમાજ, એ સંયુક્ત રાષ્ટ્રનો મૂળભૂત ઉદ્દેશ છે.

## 4.2 જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966

જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોને નાબૂદ કરવા અંગેની આંતરરાષ્ટ્રીય સમજૂતી 21 ડિસેમ્બર, 1965ના રોજ સામાન્ય સભામાં ઠરાવ 2106 (XX) દ્વારા હસ્તાક્ષર અને મંજૂરી માટે સ્વીકારાઈ હતી. આ સમજૂતી અનુચ્છેદ 19 મુજબ 4 જાન્યુઆરી, 1969ના રોજ અમલમાં કરવામાં આવી.

સંયુક્ત રાષ્ટ્રની આ સમજૂતી તમામ માનવમાં રહેલી ગરિમા અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત છે અને તમામ સભ્ય દેશો સાથે મળીને પ્રતિજ્ઞા લીધી છે. જાતિ,

*લિંગ, ભાષા કે ધર્મને લઈને કોઈ પણ ભેદ વિના, માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા જાહેર કરે છે કે તમામ માનવને માનવ અધિકારો સ્વતંત્ર અને સમાન રીતે મળશે અને દરેક વ્યક્તિને તેમાં નિર્ધારિત તમામ અધિકારો અને સ્વતંત્રતાઓ, ભેદભાવ વિના મળશે. કાયદાની સામે બધા જ મનુષ્યો સમાન છે. કોઈ પણ ભેદભાવ સામે કાયદાનું સમાન રક્ષણ મેળવવાનો અધિકાર છે, સંયુક્ત રાષ્ટ્રે કોઈ પણ સ્વરૂપે કે ક્યાંય પણ થતાં કોઈ પણ પ્રકારના ભેદભાવની નિંદા કરી છે.*

20 *નવેમ્બર* 1963 *(સામાન્ય સભા ઠરાવ* 1904 (XVIII)*ના રોજ તમામ પ્રકારના જાતીય ભેદભાવને નાબૂદ કરવા અંગેની સંયુક્ત રાષ્ટ્રની જાહેરાત સમગ્ર વિશ્વમાં ઝડપથી જાતીય ભેદભાવને દૂર કરવાની જરૂરિયાતની ગંભીરતાથી પુષ્ટિ કરે છે*

*વંશીય ભેદો પર આધારિત શ્રેષ્ઠતાનો કોઈ પણ સિદ્ધાંત વૈજ્ઞાનિક રીતે ખોટો, નૈતિક રીતે નિંદાપાત્ર, સામાજિક રીતે અન્યાયી અને ખતરનાક છે અને સૈદ્ધાંતિક રીતે કે વ્યવહારમાં, કોઈ પણ સ્થળે, જાતિ, રંગ કે વંશીય મૂળના આધારે માનવી વચ્ચે ભેદભાવ, એ રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ અને શાંતિપૂર્ણ સંબંધો માટે અવરોધ છે અને તે લોકો વચ્ચે શાંતિ અને સુરક્ષાને ખલેલ પહોંચાડવા સક્ષમ છે અને એક જ રાજ્યની અંદર પણ એક સાથે રહેતા લોકોની સંવાદિતાને ખલેલ પહોંચાડવા સક્ષમ છે. કોઈ પણ માનવ સમાજના આદર્શો જાતીય ભેદભાવોનું અસ્તિત્વ ધિક્કારે છે. જાતીય ભેદભાવથી પ્રગટ થયેલ અથવા જાતીય ઉચ્ચ-નીચ અથવા નફરત પર આધારિત સરકારી નીતિઓ, જેમ કે રંગભેદ, અલગતા અથવા અલગ થવાની નીતિઓને નાબૂદ કરવી જોઈએ.*

*વંશીય ભેદભાવને ઝડપથી દૂર કરવા માટે અને એકબીજા વચ્ચેની સમજણને પ્રોત્સાહન આપવા તમામ જરૂરી પગલાં લેવાં અને અને જાતીય ભેદભાવ અંગેના સિદ્ધાંતો અને પદ્ધતિઓને અટકાવવા માટે જાતીય ભેદભાવથી મુક્ત આંતરરાષ્ટ્રીય સમુદાયનું નિર્માણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેવાનો સંકલ્પ કર્યો હતો.*

1958*માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને અપનાવેલા રોજગાર અને વ્યવસાયના સંબંધમાં ભેદભાવને ધ્યાનમાં રાખીને અને* 1960*માં સંયુક્ત રાષ્ટ્રે શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન દ્વારા અપનાવવામાં આવેલા શિક્ષણમાં ભેદભાવ સામેની સમજૂતીને ધ્યાનમાં રાખીને આ સમજૂતી તૈયાર કરી છે.*

*જાતીય ભેદભાવના બધાં સ્વરૂપોને નાબૂદ કરવા અને તે માટે વ્યવહારુ પગલાંઓ વહેલાસર અપનાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્રમાં રજૂ કરવામાં આવેલા સિદ્ધાંતોને અમલમાં મૂકવાની ઇચ્છા સાથે સમજૂતીમાં વિવિધ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમજૂતીને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે.*

### 4.2.1 ભાગ 1 – માનવ અધિકારોનો સમાવેશ

*ભાગ -1માં જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળના માનવ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે:*

**અનુચ્છેદ : 1**

1. *આ સમજૂતીમાં 'જાતીય ભેદભાવ' એટલે એવો કોઈ પણ, જાતિ, રંગ, કુળ અથવા રાષ્ટ્રીય કે માનવજાતિની ઉત્પત્તિ પર આધારિત કોઈ પણ ભેદભાવ, બાધ, નિયંત્રણ અથવા પસંદગી કે જેનો હેતુ અથવા અસર માનવ અધિકારો અને રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અથવા જાહેરજીવનનાં અન્ય કોઈપણ ક્ષેત્રમાં મૂળભત સ્વાતંત્ર્યનો સમાન ધોરણે માન્યતા અથવા ઉપભોગને વ્યર્થ બનાવવાની કે નુકસાન કરવાની હોય.*
2. *આ સમજૂતીમાં રાજ્ય પક્ષકારે નાગરિકો અને બિનનાગરિકો વચ્ચે કરેલ ભેદભાવ, બાધ, નિયંત્રણ અથવા પસંદગીને લાગુ પડશે નહીં.*
3. *રાજ્ય પક્ષકારોની રાષ્ટ્રીયતા, નાગરિકત્વ અથવા સ્વાભાવિકરણની કાનૂની જોગવાઈઓને તે અસરકર્તા હોવાનું અર્થઘટન કરવામાં આવશે નહીં, પરંતુ આવી જોગવાઈઓમાં કોઈ રાષ્ટ્રીયતા સામે ભેદભાવ કરાતી હોવી જોઈએ નહીં.*
4. *ચોક્કસ જાતિઓ, માનવ કુળો અથવા વ્યક્તિનો માનવ અધિકારો અથવા મૂળભૂત સ્વાતંત્ર્યો સમાન ધોરણે ભોગવી શકે તે માટે તેમને ખાસ રક્ષણની જરૂર હોય તેવા પ્રસંગે, તેમના યોગ્ય વિકાસના એકમાત્ર હેતુથી ખાસ પગલાં લેવામાં આવે, તો તે જાતીય ભેદભાવ ગણાશે નહીં, પરંતુ આવાં પગલાંથી જુદા જુદા જાતીય જૂથો માટે અલગ અધિકારો બનવા જોઈએ નહીં અને જે તે પૂર્ણ થયા બાદ તે ચાલુ રાખી શકાશે નહીં.*

**અનુચ્છેદ : 2**

1. *રાજ્ય પક્ષકારો જાતીય ભેદભાવને વખોડી કાઢે છે અને ઉચિત પગલાથી અને વિના વિલંબે જાતીય ભેદભાવીનાં તમામ સ્વરૂપો નાબૂદ કરવાં અને તમામ જાતિઓ વચ્ચે સમજણ વધારવાના હેતુથી નીતિ અનુસરવાની ખાતરી આપે છે અને આ હેતુ માટે:*

A. *દરેક રાજ્ય પક્ષકાર, વ્યક્તિઓ, જૂથો અથવા સંસ્થાઓ સામે જાતીય ભેદભાવનું કોઈ કૃત્ય કે વ્યવહાર ન કરવાની અને તમામ જાહેર સત્તાધિકારીઓ અને જાહેર રાષ્ટ્રીય કે સ્થાનિક સંસ્થાઓ આ જવાબદારી અનુસાર કાર્ય કરશે;*

B. *દરેક રાજ્ય પક્ષકાર, કોઈ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ તરફથી જાતીય ભેદભાવ ન પ્રેરવા, તેનો બચાવ કે સમર્થન ન કરવાની ખાતરી આપે છે;*

C. દરેક રાજ્ય પક્ષકાર, સરકારી, રાષ્ટ્રીય કે સ્થાનિક નીતિઓની સમીક્ષા કરવા અને જે કાયદાઓ કે નિયમોની અસર જાતીય ભેદભાવ સર્જવાની અથવા ગમે ત્યાં પણ અસ્તિત્વ ધરાવતા જાતીય ભેદભાવને કાયમી કરવાની હોય, તે સુધારવાની, રદ કરવાની કે તેને વ્યર્થ જાહેર કરવાની ખાતરી આપે છે;

D. દરેક રાજ્ય પક્ષકાર, વ્યક્તિઓ, જૂથો કે સંગઠનો તરફથી, સંજોગોથી જરૂર વિધિવિધાન સહિત ઉચિત પગલાંથી, જાતીય ભેદભાવ પર પ્રતિબંધ મૂકવામાં આવશે, અથવા તેનો અંત લાવશે.

E. દરેક રાજ્ય પક્ષકાર, ઉચિત જણાય ત્યાં, એકીકરણ સાધતાં વિવિધ જાતીય સંગઠનો અને ચળવળો અને જાતિઓ વચ્ચેના અવરોધોને દૂર કરતાં અન્ય સાધનોને પ્રોત્સાહન આપવા અને જેનાથી જાતીય વિભાજન મજબૂત બને તેવી કોઈ પણ બાબતને પ્રોત્સાહન ન આપવાની ખાતરી આપે છે.

2. રાજ્ય પક્ષકારો, સંજોગોથી જ્યારે જરૂરી જણાય ત્યારે ચોક્કસ જાતિ જૂથો અથવા તેની વ્યક્તિઓને માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોના પૂર્ણ અને સમાન ઉપભોગ માટેની ખાતરી આપવાના હેતુથી, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય ક્ષેત્રોમાં આવી જાતિ કે વ્યક્તિઓના પૂરતા વિકાસ અને રક્ષણ માટે ખાસ અને નક્કર પગલાં લેશે. જે હેતુઓ માટે લેવામાં આવે તે પૂર્ણ થયા બાદ તેના પરિણામે, તેનાથી વિવિધ જાતિ જૂથો વચ્ચે અસમાન કે અલગ અધિકારોની જાળવણીમાં કારણભૂત બનવા જોઈએ નહીં.

**અનુચ્છેદ : 3**

રાજ્ય પક્ષકારો જાતીય અલગતાવાદ અને રંગભેદને વખોડી કાઢે છે અને પોતાની હકૂમત હેઠળના વિસ્તારોમાં આ પ્રકારના તમામ વ્યવહારો અટકાવવા, તેના પર પ્રતિબંધ મૂકવા અને તેને નાબૂદ કરવાની ખાતરી આપે છે.

**અનુચ્છેદ : 4**

રાજ્ય પક્ષકારો, એક જૂથ કે જાતિ પર ગુરુતાગ્રંથિના વિચાર કે વિચારસરણી પર આધારિત અથવા જે જાતીય નફરત અને કોઈ પણ પ્રકારના ભેદભાવને ઉત્તેજન આપે છે કે ન્યાયી ઠરાવે છે, તેવા પ્રચાર અને સંસ્થાઓને વખોડી કાઢે છે અને આવા ભેદભાવ કે પક્ષપાતની ઉશ્કેરણી વિરુદ્ધ તાત્કાલિક અને હકારાત્મક પગલાં લેવાની ખાતરી આપે છે. યુએનના માનવ અધિકારોના સિદ્ધાંતો અને આ સમજૂતીના અનુચ્છેદ **5**માં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો ખ્યાલમાં રાખીને, અન્યની સાથે;

A. જાતીય ઉચ્ચતા અથવા નફરત પર આધારિત તમામ વિચારોનો પ્રચાર, જાતીય પક્ષપાતની ઉશ્કેરણી, તેમજ અન્ય રંગ કે માનવકૂળની કોઈ જાતિ અથવા વ્યક્તિઓ તરફનાં હિંસાનાં કૃત્યો કે આવાં કૃત્યો માટેની ઉશ્કેરણી અને નાણાકીય સહાય સહિત

*જાતીયતાવાદી પ્રવૃત્તિને મદદ માટેની જોગવાઈ કાયદાથી શિક્ષાપાત્ર ગુનો જાહેર કરશે;*

B. *જેનાથી જાતીય પક્ષપાત કે ભેદભાવની ઉશ્કેરણી થતી હોય, તેવી પ્રવૃત્તિઓ અને સંસ્થાને ગેરકાયદેસર જાહેર કરી પ્રતિબંધ મૂકશે અને આવી સંસ્થાઓ કે પ્રવૃત્તિમાં ભાગ લેવાને કાયદાથી શિક્ષાપાત્ર ગુનો જાહેર કરશે;*

C. *રાષ્ટ્રીય કે સ્થાનિક જાહેર સત્તાવાળાઓ કે સંસ્થાઓને જાતીય પક્ષપાતની ઉશ્કેરણી કે ઉત્તેજન માટે પરવાનગી આપશે નહીં.*

**અનુચ્છેદ : 5**

*અનુચ્છેદ 2 નિર્દિષ્ટ કરાયેલ મૂળભૂત જવાબદારીઓને અનુરૂપ, રાજ્ય પક્ષકારો, તમામ સ્વરૂપોમાં જાતીય ભેદભાવ પર પ્રતિબંધ મૂકવાની અને નાબૂદ કરવાની ખાતરી આપે છે અને દરેકને જાતિ, રંગ, રાષ્ટ્રીય કે માનવકુળના ભેદભાવ વિના કાયદા સમક્ષની સમાનતા અને ખાસ કરીને નીચેના અધિકારોની ખાતરી આપે છે :*

A. *ન્યાયપંચો અને ન્યાય આપતાં તમામ અંગો સમક્ષ સમાન વ્યવહારનો અધિકાર;*

B. *હિંસા કે શારીરિક ઈજા સામે રાજ્ય તરફથી વ્યક્તિની સલામતી અને રક્ષણનો અધિકાર, ભલે પછી તે સરકારી અધિકારીઓ, વ્યક્તિ, જૂથ કે સંસ્થા તરફથી કરવામાં આવેલ હોય.*

C. *સાર્વત્રિક અને સમાન મતાધિકારના ધોરણે યોજાતી ચૂંટણીમાં મતદાન કરવાનો અને ઊભા રહેવાનો અધિકાર, જાહેર બાબતોનાં સંચાલનમાં તેમજ સરકારમાં કોઈ પણ સ્તરે ભાગ લેવાનો અને જાહેર સેવામાં સમાન પ્રવેશના રાજકીય અધિકારો;*

D. *અન્ય દીવાની અધિકારો, ખાસ કરીને*

   i. *રાજ્યની હદમાં હેરફેર અને નિવાસના સ્વાતંત્ર્યનો અધિકાર;*

   ii. *પોતાના સહિત કોઈ પણ દેશ છોડવાનો અને પોતાના દેશમાં પાછા ફરવાનો અધિકાર;*

   iii. *રાષ્ટ્રીયતાનો અધિકાર;*

   iv. *એકલા કે અન્યની સાથે મિલકતની માલિકીનો અધિકાર;*

   v. *વારસાનો અધિકાર;*

   vi. *વિચાર, અંતરાત્મા અને ધર્મના સ્વાતંત્ર્યનો અધિકાર;*

   vii. *અભિપ્રાય અને અભિવ્યિક્તિના સ્વાતંત્ર્યનો અધિકાર;*

   viii. *શાંતિપૂર્વક ભેગા થવાનો અને સંગઠનના સ્વાતંત્ર્યનો અધિકાર;*

E. *આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો, ખાસ કરીને –*

i. *કામ કરવાનો. રોજગારીની મુક્ત પસંદગી, કામની ન્યાયી અને અનુકૂળ શરતો, બેરોજગારી સામે રક્ષણ, સમાન કામ માટે સમાન વેતન, યોગ્ય અને અનુકૂળ મહેનતાણાનો અધિકારો;*

ii. *મજૂર સંઘો રચવાનો અને તેમાં જોડાવાનો અધિકાર.*

iii. *નિવાસસ્થાનનો અધિકાર;*

iv. *જાહેર આરોગ્ય, તબીબી કાળજી, સામાજિક સુરક્ષા અને સામાજિક સેવાઓનો અધિકાર;*

v. *શિક્ષણ અને તાલીમનો અધિકાર; .*

vi. *સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સમાન ભાગીદારનો અધિકાર કે સેવાઓ માટે પ્રવેશનો અધિકાર.*

F. *વાહનવ્યવહાર, હોટલ, રેસ્ટોરન્ટ, કાફે, થિયેટર અને બગીચા જેવી જાહેર જનતા માટેનાં સ્થળ પર જવાનો અધિકાર*

**અનુચ્છેદ : 6**

*રાજ્ય પક્ષકારો, આ સમજૂતીથી વિરુદ્ધ, જાતીય પક્ષપાતનાં જે કૃત્યોથી માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યોનો ભંગ થતો હોય, તેની વિરુદ્ધ, પોતાની હકૂમતમાં, દરેકને રાષ્ટ્રીય ન્યાયપંચો અને અન્ય રાજ્ય સંસ્થાઓ મારફત અસરકારક રક્ષણ અને ઉપચારોની અને આવા પક્ષપાતથી થયેલ નુકસાન માટે આવાં ન્યાયપંચો પાસેથી યોગ્ય અને પૂરતાં વળતર અને ઉપચારોની ખાતરી આપે છે.*

**અનુચ્છેદ : 7**

*રાજ્ય પક્ષકારો, જેનાથી જાતીય ભેદભાવ ઉત્પન્ન થતા હોય તે પૂર્વગ્રહો સામે લડવાના હેતુથી અને રાષ્ટ્રો જાતિઓ તેમ જ માનવકુળો વચ્ચે સમજણ અને સહિષ્ણુતા કેળવવાના હેતુથી અને યુએનના ઘોષણાપત્રના અને માનવ અધિકારોના તેમજ જાતીય ભેદભાવની નાબૂદી માટેના હેતુઓ અને સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે ભણતર, શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતીનાં ક્ષેત્રોમાં તાત્કાલિક અને અસરકારક પગલાં લેશે.*

### 4.2.2 ભાગ 2 – જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની સમિતિઓ અને તેની કામગીરી

*આ ભાગમાં જાતીય ભેદભાવ નાબૂદી સમિતિ અને તેની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છેઃ*

**અનુચ્છેદ : 8**

1. *જાતીય ભેદભાવ દૂર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે, જેમાં ઉચ્ચ નૈતિક પ્રતિષ્ઠા ધરાવતા અઢાર નિષ્ણાતો અને તેમના નાગરિકોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જેઓ તેમની વ્યક્તિગત ક્ષમતામાં સેવા આપશે.*

2. સમિતિના સભ્યોને રાજ્ય પક્ષો દ્વારા નિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિઓની યાદીમાંથી ગુપ્ત મતપત્ર દ્વારા ચૂંટવામાં આવશે. દરેક રાજ્ય પક્ષ પોતાના નાગરિકોમાંથી એક વ્યક્તિને નોમિનેટ કરી શકે છે.
3. આ સમજૂતીના અમલની તારીખના છ મહિના પછી પ્રારંભિક ચૂંટણી યોજવા હોય છે. દરેક ચૂંટણીની તારીખના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એક પત્ર લખીને રજૂઆત કરાશે, જેમાં તેમને બે મહિનાની અંદર તેમનાં નામાંકનો રજૂ કરવા આમંત્રણ આપવું પડશે. મહાસચિવ આ રીતે જે રાજ્ય પક્ષોએ નોમીનેટ કર્યા છે, તેમની યાદી નામાંકિત વ્યકિતઓને સુપરત કરશે.
4. સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય ખાતે મહાસચિવ દ્વારા આયોજિત રાજ્ય પક્ષોની બેઠકમાં સમિતિના સભ્યોની ચૂંટણી યોજાશે. આ બેઠકમાં, જે બે તૃતીયાંશ રાજ્ય પક્ષોનું કોરમ બનાવશે. આ સમિતિમાં નોમિનીમાંથી સૌથી વધુ મતો પ્રાપ્ત કરનારા અને ત્યાં હાજર અને મતદાનના પ્રતિનિધિઓની પૂર્ણ સમર્થન મેળવનારા ચૂંટાયેલા લોકો હશે.
5. (a) સમિતિના સભ્યો ચાર વર્ષના કાર્યકાળ માટે ચૂંટાશે. જોકે, પ્રથમ ચૂંટણીમાં ચૂંટાયેલા નવ સભ્યોનો કાર્યકાળ બે વર્ષના અંતે સમાપ્ત થશે. પ્રથમ ચૂંટણી પછી તરત જ આ નવ સભ્યોના નામની પસંદગી સમિતિના અધ્યક્ષ દ્વારા કરવામાં આવશે.

   (b) સામાન્ય ખાલી જગ્યાઓ ભરવા માટે, જે રાજ્ય પક્ષ કે જે નિષ્ણાતે સમિતિના સભ્ય તરીકે કામ કરવાનું બંધ કરી દીધું છે, તેઓ સમિતિની મંજૂરીને આધિન તેના નાગરિકોમાંથી અન્ય એક નિષ્ણાતની નિમણૂક કરશે.
6. જ્યારે તેઓ સમિતિનાં કાર્યોની કામગીરી કરી રહ્યા હોય ત્યારે સમિતિના સભ્યોના ખર્ચ માટે રાજ્યોના પક્ષકારો જવાબદાર રહેશે.

**અનુચ્છેદ : 9**

1. રાજ્યોના પક્ષકારોએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને સમિતિ દ્વારા વિચારણા માટે તેમણે અપનાવેલા કાયદાકીય, ન્યાયિક, વહીવટી ઠરાવો અથવા તેમણે લીધેલાં અન્ય પગલાં અંગેનો અહેવાલ જમા કરવવાનો રહેશે.
   a) સંબંધિત રાજ્ય માટે આ સમજૂતીના અમલ પછી એક વર્ષની અંદર; અને
   b) પછી દર બે વર્ષે અને જ્યારે પણ સમિતિ વિનંતી કરે ત્યારે આ સમિતિ રાજ્ય પક્ષો પાસેથી વધુ માહિતી માગી શકે છે.

સમિતિ દર વર્ષે મહાસચિવ મારફતે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાને તેની પ્રવૃત્તિઓ અંગે અહેવાલ આપશે અને રાજ્યો તરફથી પ્રાપ્ત અહેવાલો અને માહિતીની ચકાસણીના આધારે સૂચનો અને સામાન્ય ભલામણો કરી શકે છે. આ પ્રકારનાં સૂચનો અને સામાન્ય ભલામણોની નોંધ રાજ્ય પક્ષોની ટિપ્પણી સાથે જ રજૂ કરવાની રહેશે.

**અનુચ્છેદ : 10**

1. *સમિતિ પ્રક્રિયા માટે પોતાના નિયમો અપનાવશે.*
2. *સમિતિ તેના અધિકારીઓને બે વર્ષની મુદત માટે ચૂંટશે.*
3. *આ સમિતિનું સચિવો કે મંત્રીઓનું મંડળ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ દ્વારા પૂરું પાડવામાં આવશે.*
4. *સામાન્ય રીતે આ સમિતિની બેઠકો સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં યોજાશે.*

**અનુચ્છેદ : 11**

1. *જો કોઈ રાજ્ય પક્ષ એવું વિચારે કે અન્ય રાજ્ય પક્ષ આ સમજૂતીની જોગવાઈઓનું પાલન નથી કરી રહ્યો, તો તે આ બાબત સમિતિના ધ્યાન પર લાવી શકે છે. ત્યારબાદ સમિતિ સંબંધિત રાજ્ય પક્ષને સંદેશાવ્યવહાર પહોંચાડશે. સંદેશો મેળવનાર રાજ્યે ત્રણ મહિનાની અંદર, આ બાબત અને તેના ઉપાય સ્પષ્ટ કરતા લેખિત ખુલાસા અથવા નિવેદનો સમિતિને સુપરત કરવાના રહેશે.*
2. *જો આ બાબત દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા અથવા તો તેમના માટે ખુલ્લી કોઈ પણ પ્રક્રિયા પ્રારંભિક સંચારની પ્રાપ્તિ પછી છ મહિનાની અંદર, કોઈ નીવેડો આવતો નથી તો, બંને રાજ્યોને આ બાબતની જાણ કરીને સમિતિને ફરી મોકલવાનો અધિકાર હશે.*
3. *સમિતિ આ લેખના ફકરા 2 અનુસાર આ બાબતની ચર્ચા કરશે, કારણ કે આ કેસમાં તમામ ઉપલબ્ધ ઘરેલું ઉપચારો આંતરરાષ્ટ્રીય કાયદાના સામાન્ય માન્ય સિદ્ધાંતોને અનુરૂપ છે. આ નિયમ એવો નહીં હોય જ્યાં ઉપચારોનો ઉપયોગ અયોગ્ય રીતે લાંબો હોય.*
4. *આ અંગે જે પણ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં સમિતિ સંબંધિત રાજ્યોને અન્ય કોઈ પણ સંબંધિત માહિતી પૂરી પાડવાની અપીલ કરી શકે છે.*
5. *જ્યારે આ લેખમાંથી ઉદ્ભવતી કોઈ પણ બાબત પર સમિતિ વિચારણા કરી રહી હોય, ત્યારે સંબંધિત રાજ્યોને મતના અધિકાર વિના, સમિતિની કાર્યવાહીમાં ભાગ લેવા માટે પ્રતિનિધિ મોકલવાનો અધિકાર રહેશે.*

**અનુચ્છેદ : 12**

1. (a) *સમિતિ જરૂરી તમામ માહિતી પ્રાપ્ત કર્યા પછી અને એકત્રિત કર્યા બાદ જો જરૂરી જણાય તો ચેરમેન હંગામી ધોરણે સમાધાન પંચ બનાવી શકે છે. પંચના પાંચ સભ્યોમાં સમિતિના સભ્ય હોઈ શકે અથવા ન પણ હોઈ શકે. આ પંચના સભ્યોની નિમણૂક આ વિવાદ માટે સંમતિથી કરવામાં આવશે અને આ સમજૂતી માટે આદરના આધારે આ બાબતનું સૌહાર્દપૂર્ણ સમાધાન કરવા સંબંધિત રાજ્યોને વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે.*

(b) જો આ વિવાદના રાજ્યોના પક્ષકારો પંચની રચનાના ત્રણ મહિનાની અંદર સમજૂતી કરવામાં નિષ્ફળ જાય તો, આ વિવાદ અંગે રાજ્યોના પક્ષો સંમત ન હોય તેવા પંચના સભ્યોને તેના જ સભ્યોમાંથી બે તૃતિયાંશ બહુમતીથી ચૂંટવામાં આવશે.

2. પંચના સભ્યો તેમની વ્યક્તિગત ક્ષમતામાં કામ કરશે. તેઓ આ વિવાદમાં રાજ્યોના પક્ષોના નાગરિક નહીં હોય અથવા આ સમજૂતીમાં પક્ષકાર નહીં હોય.
3. પંચ પોતાના અધ્યક્ષની પસંદગી કરશે અને તેના પોતાના નિયમો અપનાવશે.
4. પંચની બેઠકો સામાન્ય રીતે સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય અથવા પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા અન્ય કોઈ પણ સુવિધાજનક સ્થળે યોજાશે.
5. આ વિવાદમાં સામેલ રાજ્યોના પક્ષકારો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ દ્વારા પૂરા પાડવામાં આવતા અંદાજો અનુસાર પંચના સભ્યોના તમામ ખર્ચને સમાન રીતે વહેંચશે.
6. મહાસચિવને આ સમજૂતીના ફકરા 6 અનુસાર વિવાદનું વળતર આપવાની જરૂર પડે તો, જરૂર પડ્યે, પંચના સભ્યોના ખર્ચની ચૂકવણી કરવાની સત્તા આપવામાં આવશે.
7. સમિતિ દ્વારા પ્રાપ્ત અને એકત્રિત કરવામાં આવેલી માહિતી પંચને ઉપલબ્ધ કરાવવામાં આવશે અને પંચ સંબંધિત રાજ્યોને અન્ય કોઈ પણ સંબંધિત માહિતી પૂરી પાડવા માટે અપીલ કરી શકે છે.

**અનુચ્છેદ : 13**

1. જ્યારે પંચે આ બાબત પર સંપૂર્ણ વિચાર કર્યો હોય, ત્યારે તે પક્ષકારો વચ્ચેના મુદ્દા સાથે સંબંધિત તમામ પ્રશ્નો પર તેનાં તારણો રજૂ કરતો અહેવાલ તૈયાર કરીને સમિતિના અધ્યક્ષને રજૂ કરશે અને આ પ્રકારની ભલામણોને સમાવી લેશે, કારણ કે તે આ વિવાદના સૌહાર્દપૂર્ણ ઉકેલ માટે યોગ્ય વિચારી શકે.
2. સમિતિના અધ્યક્ષ આ પંચનો અહેવાલ દરેક રાજ્ય પક્ષને આ વિવાદ અંગે જણાવશે. આ રાજ્યો ત્રણ મહિનાની અંદર સમિતિના અધ્યક્ષને જાણ કરશે કે તેઓ પંચના અહેવાલમાં રહેલી ભલામણોનો સ્વીકાર કરે છે કે નહીં.
3. આ અનુચ્છેદના ફકરા 2માં જોગવાઈ કરવામાં આવેલા સમયગાળા બાદ, સમિતિના અધ્યક્ષ આ સમિતિને સાથે સંબંધિત રાજ્યોના અહેવાલ અને જાહેરાતની માહિતી આપશે.

**અનુચ્છેદ: 14**

1. કોઈ પણ સમયે કોઈ રાજ્ય પક્ષ જાહેર કરી શકે છે કે તે આ સમજૂતીમાં નક્કી કરેલા કોઈ પણ અધિકારના તે રાજ્ય પક્ષ દ્વારા ઉલ્લંઘનનો ભોગ હોવાનો દાવો કરતી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના જૂથો પાસેથી સંદેશાવ્યવહાર મેળવવાની અને

*વિચારવાની સમિતિની ક્ષમતાને માન્યતા આપે છે. જો કોઈ રાજ્ય પક્ષ કે જેણે આવી જાહેરાત કરી નથી, તો સમિતિ દ્વારા કોઈ પણ પ્રકારનો સંચાર પ્રાપ્ત થશે નહીં.*

2. *કોઈ પણ રાજ્ય પક્ષ જે આ અનુચ્છેદના ફકરા 1માં જોગવાઈ મુજબની જાહેરાત કરે છે, તે તેના રાષ્ટ્રીય કાનૂની વ્યવસ્થા હેઠળ એક સંસ્થા સ્થાપિત કરી શકે છે અથવા સૂચવે છે કે જે તેના અધિકાર ક્ષેત્રની અંદર વ્યક્તિઓ અને જૂથો પાસેથી અરજીઓ મેળવવા અને વિચારવા સક્ષમ હશે, જે કોઈ પણ અધિકારના ભંગનો ભોગ હોવાનો દાવો કરતી હોય અને ઘરેલું ઉપચારો કરી જોયા હોય.*
3. *આ અનુચ્છેદના ફકરા 1 અનુસાર કરવામાં આવેલી જાહેરાત અને આ અનુચ્છેદના ફકરા 2 અનુસાર સ્થાપિત અથવા સૂચિત કોઈ પણ સંસ્થાનું નામ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ સાથે સંબંધિત રાજ્ય પક્ષ દ્વારા જમા કરવામાં આવશે, જે અન્ય રાજ્યોને તેની નકલો મોકલશે. મહાસચિવને સૂચના આપ્યા બાદ કોઈ પણ સમયે જાહેરાત પાછી ખેંચી લેવામાં આવી શકે, પરંતુ આ પ્રકારની પીછેહઠ સમિતિ સમક્ષ બાકી રહેલા સંચાર પર અસર નહીં કરે.*
4. *આ અનુચ્છેદના ફકરા 2 અનુસાર સ્થાપિત અથવા સૂચિત સંસ્થા દ્વારા અરજીઓનું રજિસ્ટર રાખવામાં આવશે અને આ વિગતો જાહેર ન થાય તે રીતે દર વર્ષે નોંધણીની પ્રમાણિત નકલો દાખલ કરવામાં આવશે.*
5. *આ અનુચ્છેદના ફકરા 2 અનુસાર સ્થાપિત અથવા સૂચિત સંસ્થામાંથી સંતોષપૂર્ણ ન્યાય ન મળતાં અરજદારને છ મહિનાની અંદર આ બાબતની માહિતી સમિતિ સમક્ષ પહોંચાડવાનો અધિકાર રહેશે.*
6. **a.** *સમિતિ આ સમજૂતીની કોઈ પણ જોગવાઈનું ઉલ્લંઘન ન થાય તેની કાળજી લેવા સાથે રાજ્ય પક્ષ પાસેથી ગુપ્ત રીતે કોઈ પણ સંદેશાવ્યવહાર કરી શકે છે, પરંતુ સંબંધિત વ્યક્તિઓ કે તેમની અભિવ્યક્તિની સંમતિ વિના તેની ઓળખ જાહેર નહીં થાય. સમિતિને અનામી સંદેશાવ્યવહાર નહીં મળે;*

   **b.** *ત્રણ મહિનાની અંદર, મેળવનાર રાજ્યે આ બાબત અને ઉપાય સ્પષ્ટ કરતા લેખિત ખુલાસા અથવા નિવેદનો સમિતિને સુપરત કરવાનાં રહેશે.*
7. **a.** *સમિતિ સંબંધિત અને અરજદાર દ્વારા તેને ઉપલબ્ધ તમામ માહિતીના સંદર્ભમાં વાતચીત પર વિચાર કરશે. જ્યાં સુધી અરજદારે ઉપલબ્ધ તમામ ઘરેલું ઉપચારોનો અંત ન આવે ત્યાં સુધી સમિતિ અરજદાર પાસેથી કોઈ પણ પ્રકારની વાતચીત અંગે વિચાર કરશે નહીં. જોકે, આ નિયમ એવો નહીં હોય જ્યાં ઉપચારોનો ઉપયોગ અયોગ્ય રીતે લાંબો સમય સુધી ચાલે;*

   **b.** *સમિતિ તેનાં સૂચનો અને ભલામણો સંબંધિત રાજ્ય પક્ષને અને અરજદારને રજૂ કરશે.*
8. *સમિતિ તેના વાર્ષિક અહેવાલમાં આ પ્રકારના સંદેશાવ્યવહારનો સારાંશ અને જ્યાં યોગ્ય હોય ત્યાં સંબંધિત રાજ્ય પક્ષોનાં ખુલાસા અને નિવેદનોનો સારાંશ અને તેના પોતાનાં સૂચનો અને ભલામણોનો સારાંશ સામેલ કરશે.*

9. આ અનુચ્છેદના ફકરા 1 અનુસાર ઓછામાં ઓછા દસ રાજ્ય પક્ષો જો આ સમજૂતીમાં જાહેરાત કરશે તો સમિતિ કાર્યવાહી કરવા માટે બંધાયેલી હશે.

**અનુચ્છેદ : 15**

1. 14 ડિસેમ્બર, 1960ના સામાન્ય સભા ઠરાવ 1514 (XV)માં સમાવિષ્ટ સંસ્થાનવાદી દેશો અને લોકોને સ્વતંત્રતા આપવાની ઘોષણાના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા સુધી, આ સમજૂતીની જોગવાઈઓ કોઈ પણ રીતે અરજીના અધિકારને કોઈ પણ રીતે મર્યાદિત નહીં કરે.
2. **a.** આ સમજૂતીના અનુચ્છેદ 8, ફકરા 1 હેઠળ સ્થાપિત સમિતિ પાસેથી અરજીઓની નકલો મેળવશે અને આ અરજીઓ અંગે અભિપ્રાય અને ભલામણોની રજૂઆત કરશે. આ સમજૂતીના સિદ્ધાંતો અને ઉદ્દેશો સાથે સીધી રીતે સંકળાયેલી સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાઓ તેમજ ટ્રસ્ટ અને બિન-સ્વાધિન પ્રદેશો અને અન્ય તમામ પ્રદેશોને સામાન્ય સભાનો ઠરાવ 1514 (XV) લાગુ પડે છે.
   **b** આ સમિતિ સંયુક્ત રાષ્ટ્રની સક્ષમ સંસ્થાઓ પાસેથી આ સમજૂતીના સિદ્ધાંતો અને ઉદ્દેશો સાથે સંબંધિત અહેવાલોની નકલો પ્રાપ્ત કરશે.
3. સમિતિ સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાઓ પાસેથી મળેલી અરજીઓ અને અહેવાલોનો સારાંશ સામાન્ય સભામાં રજૂ કરશે અને તેમાં સમિતિના અભિપ્રાય અને ભલામણોની બાબતોનો સમાવેશ કરશે.
4. આ સમિતિ આ સંધિના ઉદ્દેશો સાથે સંબંધિત તમામ માહિતી અને આ અનુચ્છેદના ફકરા 2(A)માં ઉલ્લેખિત પ્રદેશો વિશેની તમામ માહિતી માટે વિનંતી કરશે.

**અનુચ્છેદ : 16**

વિવાદો અથવા ફરિયાદોના સમાધાન સાથે સંબંધિત આ સમજૂતીની જોગવાઈઓ, સંયુક્ત રાષ્ટ્ર અને તેના દ્વારા અપનાવવામાં આવેલાં સાધનોમાં નક્કી કરવામાં આવેલા ભેદભાવના ક્ષેત્રમાં વિવાદો અથવા ફરિયાદોના સમાધાન માટેની અન્ય પ્રક્રિયાઓને પૂર્વગ્રહ વિના લાગુ કરવામાં આવશે.

## 4.2.3 ભાગ 3 – સંયુક્ત રાષ્ટ્ર દ્વારા થતી કામગીરી

**અનુચ્છેદ : 17**

1. આ સમજૂતી સંયુક્ત રાષ્ટ્રના કોઈ પણ રાજ્ય સભ્ય અથવા તેની કોઈ પણ વિશેષ એજન્સીઓના સભ્ય દ્વારા, કોઈ પણ રાજ્ય પક્ષ દ્વારા આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના કાયદા અને અન્ય કોઈ પણ રાજ્ય દ્વારા હસ્તાક્ષર માટે ખુલ્લું છે, જેને

*સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા આ સંમેલનનો પક્ષ બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.*

2. *આ સમજૂતી મંજૂરીને આધિન છે. મંજૂરીનાં સાધનો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરવામાં આવશે.*

**અનુચ્છેદ : 18**

1. *આ સમજૂતીના અનુચ્છેદ 17, ફકરા 1 મુજબ આ સમજૂતી દરેક રાજ્યના પ્રવેશ માટે ખુલ્લી રાખવામાં આવી છે.*
2. *કોઈ પણ રાજ્ય પક્ષના પ્રવેશથી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પર અસર થશે.*

**અનુચ્છેદ : 19**

1. *આ સમજૂતી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ સાથે  કરાવવાની તારીખ પછી 30માં દિવસે અમલમાં આવશે.*
2. *આ સમજૂતીને બહાલી આપનાર દરેક રાજ્ય માટે અથવા પ્રવેશના 27મા સાધનની ડિપોઝીટ પછી તેને સ્વીકારવું, આ સમજૂતી તેના પોતાનાં સાધન અથવા પ્રવેશના સાધનની જમા થવાની તારીખ પછી 30મા દિવસે અમલમાં આવશે.*

**અનુચ્છેદ : 20**

1. *સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને તમામ રાજ્ય પક્ષો એ વિગતો પહોંચાડવાની રહેશે, જેઓ આ સમજૂતીના પક્ષકાર અથવા તો તેમાં પ્રવેશ સમયે રાજ્યો દ્વારા કરવામાં આવેલા અનામતોના પક્ષકાર બની શકે છે. કોઈ પણ રાજ્ય જે અનામતનો વિરોધ કરે છે, તે વાંધા અરજીની તારીખથી 90 દિવસની અંદર, સેક્રેટરી જનરલને સૂચિત કરશે કે તે તેને સ્વીકારતું નથી.*
2. *આ સમજૂતીનો ઉદ્દેશ અને હેતુ સાથે સુસંગત અનામતની મંજૂરી આપવામાં આવશે નહીં અને આ સમજૂતી દ્વારા સ્થાપિત કોઈ પણ સંસ્થાનાં સંચાલનને અવરોધશે તેવી અસર ને પણ અનામત આપવામાં આવશે નહીં. જો આ સમજૂતીમાં ઓછામાં ઓછા બે તૃતીયાંશ રાજ્યોનો વિરોધ થાય તો અનામતને અસુસંગત અથવા અવરોધક ગણવામાં આવશે.*
3. *આ અનામતો ગમે ત્યારે સેક્રેટરી જનરલ નોટિફિકેશન દ્વારા પાછી ખેંચી શકાય છે. આ પ્રકારનું જાહેરનામું નોટિફિકેશન મેળવ્યાની જે તે તારીખ પર લાગુ થશે.*

**અનુચ્છેદ : 21**

*કોઈ રાજ્ય પક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને લેખિત સૂચના દ્વારા આ સમજૂતીની અવગણના કરી શકે છે. આ જાહેરનામાની તારીખના એક વર્ષ પછી, સેક્રેટરી જનરલ દ્વારા આ જાહેરનામાની અમલવારી કરવામાં આવશે.*

**અનુચ્છેદ : 22**

*આ સમજૂતીના અર્થઘટન અથવા અમલના સંબંધમાં બે કે તેથી વધુ રાજ્યો વચ્ચેનો કોઈ પણ વિવાદ, જે વાટાઘાટો અથવા આ સમજૂતીમાં સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવેલી પ્રક્રિયાઓ દ્વારા પણ દ્વારા નીવેડો ન આવે તો વિવાદના કોઈ પણ પક્ષકારોની વિનંતી પર, આંતરરાષ્ટ્રીય અદાલતને મોકલવામાં આવશે.*

**અનુચ્છેદ: 23**

1. *આ સમજૂતીમાં સુધારા માટે કોઈ પણ રાજ્ય પક્ષ દ્વારા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને લેખિતમાં એક સૂચના દ્વારા કોઈ પણ સમયે વિનંતી કરી શકાય છે.*
2. *સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા આવી વિનંતીના સંદર્ભમાં પગલાં લેવા અંગે નિર્ણય લેશે.*

**અનુચ્છેદ : 24**

*સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે નીચેનાની વિશેષતાઓને અનુચ્છેદ 17, ફકરા 1માં ઉલ્લેખ કરવામાં આવેલા તમામ રાજ્ય પક્ષો (દેશો)ને જાણ કરવી પડશે:*

A. *અનુચ્છેદ 17 અને 18 અંતર્ગત હસ્તાક્ષર, બહાલી, અને પ્રવેશ*

B. *અનુચ્છેદ 18 અંતર્ગત અમલની તારીખ*

C. *અનુચ્છેદ 14, 20 અને 23 ના અંતર્ગત મળેલા સંચાર અને ઘોષણાઓ*

D. *અનુચ્છેદ 21 હેઠળ અવરોધો.*

**અનુચ્છેદ : 25**

1. *આ સમજૂતી, જેમાં ચીની, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ લખાણો સમાન રીતે પ્રમાણભૂત છે, તે સંયુક્ત રાષ્ટ્રના સંગ્રહમાં જમા થશે.*
2. *સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ આ સમજૂતીની પ્રમાણિત નકલો આ સમજૂતીના અનુચ્છેદ 17, ફકરા 1માં ઉલ્લેખ કરેલાં તમામ રાજ્યોને પહોંચાડશે.*

## 4.3 ઉપસંહાર

*જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966માં રાજ્યના પક્ષકારો તમામ પ્રકારના જાતીય ભેદભાવને નાબૂદ કરવા માટે અને તમામ જાતિઓ વચ્ચે સમજણને પ્રોત્સાહન આપવાની નીતિને યોગ્ય રીતે અપનાવવાની ફરજ પડે છે. આ સમજૂતીમાં જાતીય ભેદભાવની વ્યાખ્યા આપવામાં આવી છે અને નાગરિક, રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક માનવ અધિકારોની યાદી આપવામાં આવી છે, જેનો ઉપભોગ દરેકને જાતિની કોઈ પણ જાતના ભેદભાવ વિના ખાતરીપૂર્વક પ્રાપ્ત થવો જોઈએ. તેમાં જાતીય ભેદભાવના તમામ કૃત્યોના કિસ્સામાં અસરકારક ફરિયાદ પ્રક્રિયાઓ (કાનૂની ઉપાયો)નો મૂળભૂત અધિકારનો પણ સમાવેશ*

*થયો છે. આ સમજૂતીમાં જાતીય ભેદભાવ દૂર કરવા અંગેની સમિતિ બનાવવામાં આવી છે કે જે તમામ પ્રકારના વંશીય ભેદભાવને નાબૂદ કરવા પર આ સમજૂતી હેઠળ રાજ્યોની ફરજોનું પાલન કરે છે. રાજ્ય પક્ષોએ આ સમજૂતી હેઠળ તેમની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે લેવાયેલાં પગલાંના અમલ અંગે નિયમિતપણે અહેવાલ આપવાનો રહેશે. રાજ્યોએ આ સમજૂતીનો સ્વીકાર કર્યા પછી એક વર્ષ પછી અને ત્યાર બાદ દર બે વર્ષે અથવા જ્યારે સમિતિ દ્વારા વિનંતી કરવામાં આવે ત્યારે અહેવાલ જમા કરાવવો પડશે. જાતીય ભેદભાવ દૂર કરવા અંગેની સમજૂતીમાં વ્યક્તિગત ફરિયાદ વ્યવસ્થા (અનુચ્છેદ 14) અને આંતરરાજ્ય ફરિયાદ પ્રક્રિયા (અનુચ્છેદ 11) માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.*

## 4.4 ચાવીરૂપ શબ્દો

- ❖ *જાતીય ભેદભાવ- કોઈ વ્યક્તિ સાથે જાતિ, રંગ, વંશ કે પૂર્વજ, રાષ્ટ્રીયતા અથવા વંશીય પૃષ્ઠભૂમિ અથવા કોઈ ચોક્કસ સમુદાય સાથે સંકળાયેલી કોઈ પણ લાક્ષણિકતાઓને કારણે ભેદભાવ કરવો કે પ્રતિકૂળ વ્યવહાર કરવો.*
- ❖ *રાજ્ય પક્ષકારોઃ જે રાજ્યો (દેશો) સમજૂતીમાં જોડાય છે અને હસ્તાક્ષર કરે છે તે*
- ❖ *સંયુક્ત રાષ્ટ્ર - યુએનઃ આંતરરાષ્ટ્રીય સંસ્થા જેનો મુખ્ય હેતુ દુનિયાની સમસ્યાઓનો નીવેડો લાવવાનો અને શાંતિ સ્થાપવાનો છે.*
- ❖ *નાબૂદીઃ જાતીય ભેદભાવનો સંપૂર્ણ ખાતમો*

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

**(અ) બહુવૈકલ્પિક પ્રશ્નોનો જવાબ આપો.**

**1. જાતીય ભેદભાવ નાબૂદી સમિતિમાં કેટલા સભ્યો હોય છે?**

A. 18 C. 20
B. 22 D. 25

**2. જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 ક્યાં અનુચ્છેદ હેઠળ લાગુ કરવામાં આવી હતી?**

A. 18 C. 20
B. 22 D. 19

**3. જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 ક્યારે લાગુ કરવામાં આવી હતી?**

A. 14 *જાન્યુઆરી*, 1969 C. 24 *જાન્યુઆરી*, 1969
B. 4 *જાન્યુઆરી*, 1969 D. 8 *જાન્યુઆરી*, 1969

**4. જાતીય ભેદભાવના તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી, 1966 માં કયા અનુચ્છેદોમાં માનવ અધિકારો આપવામાં આવ્યા છે?**

A. 2 *થી* 15 C. 1 *થી* 7

B. 10 *થી* 12 D.14 *થી* 17

**5. જાતીય ભેદભાવ નાબૂદી સમિતિની રચના ક્યાં અનુચ્છેદ હેઠળ કરવામાં આવે છે?**

A. 12 C. 10

B. 14 D. 8

**6. જાતીય ભેદભાવના તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં સંયુક્ત રાષ્ટ્રોનીકામગીરી કયા ભાગમાં છે?**

A. 1 C. 3

B. 4 D. 8

**7. એડ હોક સમાધાન પંચમાં કેટલા સભ્યોની બને છે?**

A. 5 C. 3

B. 4 D. 8

જવાબઃ **1. A, 2. D, 3. B, 4. C, 5. D, 6. C, 7. A**

**(બ) પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો.**

1. ICERD *આખું નામ લાખો.*
2. *જાતીય ભેદભાવની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ભાગ 1 શું છે?*
3. *જાતીય ભેદભાવની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં ભાગ 2 શું છે?*
4. *જાતીય ભેદભાવની આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં રાજ્ય પક્ષોએ કેટલા સમયમાં નીવેડો લાવવો જોઈએ?*

**(ક) ટૂંક નોધ લખો.**

1. *જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*નો ઉદ્ભવ*
2. *જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*નું મહત્ત્વ*
3. *જાતીય ભેદભાવ નાબૂદી સમિતિ*

(ડ) **નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

1. *જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *વિશેની જોગવાઈઓ સવિસ્તાર સમજાવો.*
2. *જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966 *હેઠળ માનવ અધિકારો સમજાવો.*
3. *જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*ના અમલીકરણની કાયર્વાહી સમજાવો.*
4. *ક્યાં પ્રકારના અધિકારોને જાતીય ભેદભાવનાં તમામ સ્વરૂપોની નાબૂદી પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી,* 1966*માં રક્ષણ આપવામાં આવે છે?*

## 4.6 ઉપયોગી પુસ્તકોની યાદી


1. *કરિઆ એ. એન., માનવ અધિકાર, સી. જમનાદાસ કંપની*
2. *રાવલ કૌશિક સી., માનવ અધિકારો અને કાયદો, સંકેત લૉ બુક સેલર, અમદાવાદ*
3. *કપૂર એસ. કે., હ્યુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ લૉ, સેન્ટ્રલ લૉ એન્જસી*
4. *અગ્રવાલ એચ. ઓ., હ્યુમન રાઈટ્સ, સેન્ટ્રલ લૉ એન્જસી*
5. *પંડ્યા જે. એન., ધ કોન્સ્ટિટ્યૂશનલ લૉ ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ લૉ એન્જસી*

| એકમ-5 | અમાનવીય કૃત્યો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી |
| --- | --- |

## -: રૂપરેખા :-


**5.0** અભ્યાસના ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી

**5.2.1** નરસંહારનો અર્થ

**5.2.2** નરસંહારના અપરાધને અટકાવવા અને સજાની જોગવાઈઓ

**5.3** અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી

**5.3.1** અત્યાચારનો અર્થ

**5.3.2** રાજ્ય પક્ષોની જવાબદારી

**5.4** અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણની કાર્યવાહી

**5.4.1** અત્યાચાર વિરોધી સમિતિ

**5.4.2** આંતર રાજ્ય સંચાર વ્યવસ્થા

**5.4.3** વ્યક્તિની સંચાર વ્યવસ્થા

**5.4.4** અત્યાચાર પર વિશેષ સહયોગી

**5.5** અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર વૈકલ્પિક પ્રોટોકોલ

**5.6** ઉપસંહાર

**5.7** ચાવીરૂપ શબ્દો

**5.8** તમારી પ્રગતિ ચકાસો

**5.9** ઉપયોગી પુસ્તકોની યાદી


### 5.0 અભ્યાસના ઉદ્દેશા

- *વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં તમે અમાનવીય કૃત્યો અંગે કરવામાં આવેલી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓની વાત કરવામાં આવી છે, જેમાં તમે માનવ અધિકારોની વિરુદ્ધનાં અમાનવીય કૃત્યો તેમજ તે માટે કરવામાં આવેલી સજાની જોગવાઈઓ વિશે પણ જાણી શકશો.*
- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નરસંહાર અને અત્યાચારનો અર્થ જાણી શકશો તેમજ તેની સમજૂતીની જોગવાઈઓનો પણ અભ્યાસ કરી શકશો.*

- *આ એકમમાં નરસંહાર અપરાધને અટકાવવા માટે અને તેના પર સજાની જોગવાઈઓને સમજી શકશો.*
- *આ એકમથી તમે અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન કેવી રીતે માનવ અધિકારોની વિરુદ્ધ છે તે જાણી શકશો.*
- *આ એકમના અભ્યાસથી અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન કેવી સજાને પાત્ર છે, જે તમે જાણી શકશો.*
- *આ એકમમાં બન્ને સમજૂતીની અમલીકરણની રચના અને કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી તમે તેની કામગીરી પણ જાણી શકશો.*
- *આ સાથે અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી અન્વયે વૈકલ્પિક પ્રોટોકોલ પણ સમજી શકશો.*

## 5.1 પ્રસ્તાવના

*સંયુક્ત રાષ્ટ્રના ઘોષણાપત્રમાં જાતિ, ભાષા કે ધર્મને લઈને ભેદભાવ વિના માનવ અધિકારો અને મૂળભૂત અધિકારોના આદર અને પ્રોત્સાહન આપવાની મહેચ્છા વ્યક્ત થઈ હતી. 1948માં માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણામાં તમામ લોકો અને તમામ રાષ્ટ્રોની સિદ્ધિઓના સમાન ધોરણે સંખ્યાબંધ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોકે, તેમાં આપવામાં આવેલા અધિકારો રાજ્યો (દેશો)ને કાયદેસર રીતે બંધનકર્તા નહોતા, કારણ કે તે આંતરરાષ્ટ્રીય સમજૂતી ન હતી. આ ઘોષણાપત્રમાં માનવ અધિકારો અને સ્વતંત્રતાના મૂળભૂત સિદ્ધાંતોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. દીવાની અને રાજકીય અધિકારો અને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ: કરાર કાયદાકીય રીતે બંધનકર્તા સાધનો હતાં, પરંતુ તે બંને જ ફક્ત સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ તૈયારકરવામાં આવેલી અને અપનાવવામાં આવેલી એકમાત્ર માનવ અધિકાર સમજૂતીઓ ન હતી. આ ઉપરાંત ઘણી બધી આંતરાષ્ટ્રીય સમજૂતીઓ સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ સ્વીકારવામાં આવી હતી. આ સમજૂતીઓ અમાનવીય કૃત્યો જેવા કે નરસંહાર, રંગભેદ, ગુલામી અને ગુલામ વેપાર, જબરદસ્તી, અત્યાચાર, ક્રૂરતા રોકવા માટે બનવામાં આવી હતી. આવાં અમાનવીય કૃત્યો માનવની ગરિમા અને મૂલ્યની વિરુદ્ધમાં છે. જેના અંગે સંયુક્ત રાષ્ટ્રે વિવિધ આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ કરી છે. જેમાં આપણે નીચેની બે સમજૂતીઓ આ એકમમાં સમજવાના છીએ.*

(1) *નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

(2) *અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

*નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી આંતરરાષ્ટ્રીય કાયદાનું સાધન છે, જેમાં પ્રથમ વાર નરસંહારના ગુનાને આવરી લેવામાં*

*આવ્યો છે. નરસંહારની સમજૂતી 9 ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા અપનાવવામાં આવેલી માનવ અધિકાર સંધિ છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા અત્યાચારો પછી આંતરરાષ્ટ્રીય સમુદાયની 'ફરી ક્યારેય નહીં' માટેની પ્રતિબદ્ધતાના પ્રતીક સમાન આ સમજૂતી હતી. આ સમજૂતી આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના વિકાસ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું હતું અને આજે આપણો આંતરરાષ્ટ્રીય ફોજદારી કાયદો છે.*

*સમગ્ર વિશ્વમાં અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા સજા સામેની લડતને વધુ અસરકારક બનાવવા તથા અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન કે સજાથી તમામ વ્યક્તિઓને રક્ષણ આપતી આ આંતરરાષ્ટ્રીય સમજૂતી 9 ડિસેમ્બર, 1948ના રોજ સામાન્ય સભા દ્વારા સ્વીકારવામાં આવી હતી. આ બંને સમજૂતીઓની જોગવાઈઓ અહીં વિગતે સમજાવામાં આવી છે.*

## 5.2 નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી

*આ સમજૂતી 12 જાન્યુઆરી, 1951થી અમલમાં આવી હતી. આ સમજૂતી કરનારા પક્ષો 11 ડિસેમ્બર, 1946ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ઠરાવ 96 (1)માં કરેલી ઘોષણા પર વિચાર કર્યા બાદ, ઠરાવમાં આવેલુ કે નરસંહાર એ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ અપરાધ છે, જે સંયુક્ત રાષ્ટ્રના જુસ્સા અને ઉદ્દેશોની વિરુદ્ધ છે અને જેની નિંદા કરવામાં આવી છે. એ વાત ને સ્વીકારવી કે ઈતિહાસના દરેક સમયે નરસંહારથી માનવજાતને ભારે નુકસાન થયું છે અને આ માનવજાતને મુક્ત કરવા માટે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર છે, જુલાઈ 2019 સુધીમાં નરસંહાર સમજૂતીને 152 દેશોએ મંજૂરી આપી છે અને સ્વીકાર કરી છે. આ દેશો આ મુજબ સંમત થયા છેઃ*

### 5.2.1 નરસંહારનો અર્થ

*નરસંહાર (Genocide) શબ્દ ગ્રીક શબ્દ 'જીનોસ' (વંશ) અને લેટિન શબ્દ 'નાઈડ' (હત્યા)માંથી આવ્યો છે. આમ, નરસંહાર એ એક એવું કૃત્ય છે જે સંપૂર્ણ અથવા આંશિક રીતે રાષ્ટ્રીય, નૈતિક, વંશીય અથવા ધાર્મિક જૂથનો સંપૂર્ણપણે નાશ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ શબ્દપ્રયોગ પ્રો. રાફેલ લેમકિન દ્વારા કરવામાં આવ્યો હતો, જેમણે સૌપ્રથમ તેનો ઉપયોગ પોતાના કાર્ય Axis Rule in Occupied Europe (1944)માં કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીએ રાષ્ટ્રીય સમાજવાદી શાસન હેઠળ સામુહિક હત્યાકાંડો કર્યા હતા અને તેના પરિણામે નિયમો ઘડવા જરૂરી બન્યા હતા, જેથી આ પ્રકારનાં કૃત્યોનું પુનરાવર્તન ન થાય.*

**અનુચ્છેદ I**

*આ સમજૂતીમાં નરસંહારને આંતરરાષ્ટ્રીય અપરાધ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો, પછી ભલે તે યુદ્ધ કે શાંતિના સમયે કરવામાં આવે. અનુચ્છેદઃ* II *માં એવા ચોક્કસ કૃત્યોની ગણતરી કરવામાં આવી હતી, જેનો ઉલ્લેખ નરસંહાર તરીકે ન કરી શકાય. નરસંહાર એટલે એવાં કૃત્યો, જે રાષ્ટ્રીય, વંશીય અથવા ધાર્મિક જૂથનો સંપૂર્ણ કે આંશિક ખાતમો કરવાના ઈરાદાથી કરવામાં આવે છે. નરસંહારનું નિર્માણ કરનારાં કૃત્યો ગંભીર અથવા શારીરિક અથવા માનસિક નુકસાન પેદા કરી રહ્યા છે, જે ઈરાદાપૂર્વક શારીરિક વિનાશ લાવવા માટે અથવા આંશિક રીતે બાળકોના જન્મને અટકાવવા માટે અને બળજબરીથી બાળકોનું સામૂહિક ધર્મપરિવર્તન કરવામાં આવે છે. નરસંહારનાં કૃત્યોને અટકાવવાંની અને ગુનેગારોને સજા કરવાની જવાબદારી જે તે દેશની છે.*

**અનુચ્છેદ II**

*વર્તમાન સમજૂતીમાં, નરસંહારનો અર્થ થાય છે કે, સંપૂર્ણપણે અથવા આંશિક રીતે, રાષ્ટ્રીય, જાતીય, સમુદાય કે ધાર્મિક જૂથનો નાશ કરવાના ઈરાદાથી કરવામાં આવેલા કોઈ પણ કૃત્ય.*

a) *સમૂહમાં સભ્યોની હત્યા કરવી;*
b) *જૂથના સભ્યોને ગંભીર શારીરિક કે માનસિક નુકસાન પહોંચાડવું;*
c) *ઈરાદાપૂર્વક જૂથનો સંપૂર્ણ કે આંશિક રીતે વિનાશ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરવી;*
d) *જૂથમાં જન્મને અટકાવવા માટે પગલાં લેવાં;*
e) *બાળકોને બળજબરીથી સામૂહિક ધોરણે બીજા ધર્મમાં તબદિલ કરવા.*

**અનુચ્છેદ III**

*નીચેનાં કૃત્યો શિક્ષાપાત્ર હશેઃ*
a) *નરસંહાર;*
b) *નરસંહારનું ષડયંત્ર;*
c) *નરસંહાર કરવા માટે સીધી રીતે જાહેર જનતાને ઉશ્કેરણી કરવી*
d) *નરસંહાર કરવાનો પ્રયાસ;*
e) *નરસંહારમાં જટિલતા.*

### 5.2.2 નરસંહારના અપરાધને અટકાવવા અને સજાની જોગવાઈઓ

*નરસંહારના અપરાધને અટકાવવા અને સજા આપવાની જોગવાઈ અનુચ્છેદ* IV *થી* XIX *માં દર્શાવવામાં આવી છે જે નીચે મુજબ છે.*

### અનુચ્છેદ IV

*જે લોકો એ નરસંહાર કરે છે અથવા અનુચ્છેદ IIIમાં સમાવવામાં આવેલું કોઈ પણ કૃત્ય કરવામાં આવ્યું હોય તેવા અન્ય કોઈ પણ કૃત્યને સજા કરવામાં આવશે, પછી તે બંધારણીય રીતે જવાબદાર શાસકો હોય, સરકારી અધિકારીઓ હોય કે ખાનગી વ્યક્તિઓ હોય.*

### અનુચ્છેદ V

*સમજૂતી કરનારા રાજ્ય પક્ષો તેમના સંબંધિત બંધારણો અનુસાર, વર્તમાન સમજૂતીની જોગવાઈઓનો અમલ કરવા માટે જરૂરી કાયદો બનાવવાનું કામ કરશે.*

### અનુચ્છેદ VI

*જે લોકો અનુચ્છેદ III મુજબનું કૃત્ય કરશે તેમને એ કૃત્ય બદલ રાજ્યના સક્ષમ ન્યાયાલય દ્વારા સજા આપવામાં આવશે.*

### અનુચ્છેદ VII

*અનુચ્છેદ IIIમાં જે નરસંહાર અને અન્ય કૃત્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેને પ્રત્યાર્પણના હેતુ માટે રાજકીય અપરાધ ગણવામાં આવશે નહીં.*

*સમજૂતી કરનારા પક્ષો એવા કેસોમાં પોતાના કાયદા અને સંધિઓ અનુસાર પ્રત્યાર્પણની મંજૂરી આપવાની પ્રતિજ્ઞા લઈ શકે છે.*

### અનુચ્છેદ VIII

*કોઈ પણ સમજૂતી કરનાર પક્ષ સંયુક્ત રાષ્ટ્રના સક્ષમ અંગોને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર હેઠળ આ પ્રકારની કાર્યવાહી કરવાની અપીલ કરી શકે છે, કારણ કે તેઓ અનુચ્છેદ IIIમાં સમાવેશ કરાયેલાં અને અન્ય કોઈ પણ કૃત્યોને અટકાવવા અને તેને ડામવા માટે યોગ્ય ગણે છે.*

### અનુચ્છેદ IX

*વર્તમાન સમજૂતીમાં, સમજૂતીનું અર્થઘટન, અરજી અથવા પૂર્ણતા સાથે સંબંધિત તથા નરસંહાર માટે રાજ્યની જવાબદારી અથવા અનુચ્છેદ IIIમાં સમાવેશ કરવામાં આવેલાં અન્ય કોઈ પણ કાયદા માટે તથા પક્ષો વચ્ચેના વિવાદો માટે આંતરરાષ્ટ્રીય અદાલતને સુપરત કરવામાં આવશે.*

### અનુચ્છેદ X

*આ સમજૂતી ચીની, અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન અને સ્પેનિશ લખાણો સમાન રીતે પ્રમાણભૂત કરેલાં છે.*

## અનુચ્છેદ XI

*વર્તમાન સમજૂતી સંયુક્ત રાષ્ટ્રના કોઈ પણ સભ્ય અને કોઈ પણ બિન-સભ્ય રાષ્ટ્ર વતી હસ્તાક્ષર માટે 31 ડિસેમ્બર, 1949 સુધી ખુલ્લી રહેશે, જેના પર સામાન્ય સભા દ્વારા હસ્તાક્ષર કરવા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું છે.*

*વર્તમાન સમજૂતીને મંજૂરી આપવામાં આવશે અને મંજૂરીના દસ્તાવેજો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરવામાં આવશે.*

*1 જાન્યુઆરી, 1950 પછી, વર્તમાન સમજૂતીને સંયુક્ત રાષ્ટ્રના કોઈ પણ સભ્ય અને કોઈ પણ બિન-સભ્ય રાષ્ટ્ર વતી સ્વીકારી શકાય છે, જેને ઉપરોક્ત રીતે આમંત્રણ મળ્યું છે.*

*પ્રવેશના દસ્તાવેજો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરવામાં આવશે.*

## અનુચ્છેદ XII

*કોઈ પણ સમજૂતી કરનાર પક્ષ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને સંબોધિત કરવામાં આવેલા જાહેરનામા દ્વારા, વર્તમાન સમજૂતીનો અમલ તમામ અથવા કોઈ પણ પ્રદેશોને લાગુ કરી શકે છે, જેના માટે સમજૂતી કરનાર પક્ષ જવાબદાર છે.*

## અનુચ્છેદ XIII

*જે દિવસે મંજૂરી કે પ્રવેશના પ્રથમ વીસ દસ્તાવેજો જમા થઈ ગયા છે, તે દિવસે, મહાસચિવ એક મૌખિકરીતે એક નકલ તૈયાર કરશે અને તે અંગેની નકલ સંયુક્ત રાષ્ટ્રના દરેક સભ્યને અને અનુચ્છેદ X માં વિચારાયેલા દરેક બિન-સભ્ય રાષ્ટ્રોને પહોંચાડશે.*

*વર્તમાન સમજૂતી નેવુંમા દિવસે મંજૂરી કે પ્રવેશના વીસમી દસ્તાવેજની જમા કરાવવાની તારીખ પછી90 માં દિવસે અમલમાં આવશે.*

*મંજૂરી અથવા પ્રવેશના દસ્તાવેજની જમા થયા બાદ પછીની તારીખ પછી કોઈ પણ મંજૂરી અથવા પ્રવેશને 90 મા દિવસે અસરકારક બનશે.*

## અનુચ્છેદ XIV

*વર્તમાન સમજૂતી તેની અમલવારીની તારીખથી દસ વર્ષ સુધી અમલમાં રહેશે.*

*તે પછી તે એવા કરાર કરનારા પક્ષો માટે સતત પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે, કારણકે તેણે વર્તમાન સમયગાળાની મુદત પૂરી થવાના ઓછામાં ઓછા છ મહિના પહેલાં તેના પર ટીકા થયેલ હોવી જોઈએ નહીં.*

*સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને સંબોધિત લેખિત સૂચના દ્વારા આ ટીકાની અસર થશે.*

### અનુચ્છેદ XV

*જો ટીકાને પરિણામે, વર્તમાન સમજૂતીમાં પક્ષકારોની સંખ્યા સોળથી ઓછી થવી જોઈએ, નહિ તો આ ટીકાનો છેલ્લો અમલ જે તારીખે લાગુ થશે તે તારીખથી જ આ સમજૂતી બંધ થઈ જશે.*

### અનુચ્છેદ XVI

*કોઈ પણ સમજૂતી કરનારા પક્ષ દ્વારા કોઈ પણ સમયે મહાસચિવને લેખિતમાં સૂચના દ્વારા વર્તમાન સમજૂતીમાં સુધારા માટે વિનંતી કરી શકાય છે.*

*સામાન્ય સભા આવી વિનંતીના સંદર્ભમાં પગલાં લેવા અંગે નિર્ણય લેશે.*

### અનુચ્છેદ XVII

*સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવે, સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યો અને નીચેના અનુચ્છેદ X માં વિચારાયેલા બિન-સભ્ય રાષ્ટ્રોને સૂચિત કરવા પડશેઃ*

a) *અનુચ્છેદ X પ્રમાણે થયેલ હસ્તાક્ષર, પુષ્ટિ અને પ્રવેશ*

b) *અનુચ્છેદ XII અનુસાર પ્રાપ્ત સૂચનાઓ;*

c) *જે તારીખે વર્તમન સમજૂતી હેઠળ XII ના અંતર્ગત લાગુ કરાશે.*

d) *અનુચ્છેદ XIV અનુસાર પ્રાપ્ત થયેલું નિવેદન;*

e) *અનુચ્છેદ XV અનુસાર આ સમજૂતીને રદ કરવા;*

f) *અનુચ્છેદ XVI અનુસાર પ્રાપ્ત સૂચનાઓ.*

### અનુચ્છેદ XVIII

*વર્તમાન સમજૂતીની મૂળ પ્રત સંયુક્ત રાષ્ટ્રના સંગ્રહમાં જમા કરવામાં આવશે.*

*આ સમજૂતીની પ્રમાણિત નકલ સંયુક્ત રાષ્ટ્રના દરેક સભ્ય અને અનુચ્છેદ X માં વિચારાયેલા દરેક બિન-સભ્ય રાષ્ટ્રોને મોકલવામાં આવશે.*

### અનુચ્છેદ XIX

*વર્તમાન સમજૂતીની નોંધણી સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ દ્વારા લાગુ થવાની તારીખે કરવામાં આવશે.*

## 5.3 અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી

*અત્યાચાર આમ તો તમામ દેશોમાં વ્યાપકપણે ફેલાયેલા છે, પરંતુ રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિઓ તદ્દન જુદી છે. શારીરિક અને માનસિક અત્યાચારનું સામાન્ય સ્વરૂપઃ એકાંતમાં રાખવા, સોળ (પગના તળીયા પર ઘા), વીજળીના ઝાટકા,*

*ગૂંગળામણ (દા.ત. ભોગ બનનારનું માથું પાણીમાં નાંખવું) દાંત ખેંચી કાઢવા, સિગારેટ કે લોખંડના સળીયાથી ડામ આપવા, નખ કાઢી નાખવા, જાતીય સતામણી, ખોટી રીતે ફાંસીની સજા, અટકાયતમાં અતિશય ત્રાસ આપવો વગેરે. આવા અત્યાચારો મોટા ભાગે કાયદાનું રક્ષણ કરતી એજન્સીઓ દ્વારા જાસૂસો, યુદ્ધકેદીઓ, શરણાર્થીઓ, વિરોધ પક્ષના નેતાઓ, પત્રકારો, વંશીય લઘુમતી નેતાઓ અને અન્યો, પુખ્ત અને સગીર, એમ બન્ને પ્રકારના ફસાયેલા નિર્દોષ લોકો પર કરવામાં આવે છે. બાળકો પર અત્યાચાર કરવામાં આવે છે, જેથી તેઓ તેમનાં માતા-પિતા પર દબાણ લાવી ગુનો કબૂલવા મજબૂર કરે. અત્યાચારનો ઉપયોગ ઘણી વાર રાજકીય શસ્ત્ર તરીકે પણ થાય છે. અનુચ્છેદ 5 હેઠળ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા અને અનુચ્છેદ 7 હેઠળ દીવાની અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય સમજૂતીમાં જોગવાઈ કરવામાં આવી હતી કે કોઈને પણ અત્યાચાર અમાનવીય કે અપમાનજનક વર્તન કે સજાનો ભોગ થકી નહીં આપવામાં આવે, પરંતુ તેમાં 'અત્યાચાર' શબ્દની વ્યાખ્યા કરવામાં આવી ન હતી કે ન તો તેનું વર્ણન કરવામાં આવ્યું હતું. જેથી 9 ડિસેમ્બર, 1975ના રોજ સામાન્ય સભાએ તમામ વ્યક્તિઓને અત્યાચાર અને અન્ય ક્રૂર,અપમાનજનક વર્તન અથવા સજાથી રક્ષણ આપવા અંગેની જાહેરાતને સ્વીકારી હતી. અત્યાચાર સામેની લડતને વધુ અસરકારક બનાવવા માટે સામાન્ય સભાએ 10 ડિસેમ્બર, 1984ના રોજ એક સમજૂતીને અપનાવી હતી, જે અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા સજા તરીકે ઓળખાય છે.*

### 5.3.1 અત્યાચારનો અર્થ

*અત્યાચારનો અર્થ આ સમજૂતીના ભાગ 1ના અનુચ્છેદ 1માં આપવામાં આવેલ છે.*

### અનુચ્છેદ 1

*'યાતના' શબ્દનો અર્થ થાય છે કે કોઈ પણ પ્રકારનો અત્યાચાર કે જેના દ્વારા ગંભીર પીડા, પછી તે શારીરિક કે માનસિક હોય, તે વ્યક્તિ પાસેથી અથવા ત્રીજી વ્યક્તિ પાસેથી માહિતી મેળવવા અથવા કબૂલાત કરવા-કરાવવા, તેને પોતે અથવા ત્રીજી વ્યક્તિએ કરેલા કૃત્ય માટે સજા કરવી અથવા શંકાસ્પદ હોય તેવા કોઈ પણ કૃત્ય દ્વારા તેને સજા કરવામાં આવે છે, અથવા કોઈ પણ પ્રકારના ભેદભાવને આધારે, જ્યારે સરકારી અધિકારી અથવા અન્ય વ્યક્તિની સંમતિ અથવા સ્વીકાર દ્વારા અથવા તો સત્તાવાર રીતે કામ કરતા વ્યક્તિની સંમતિ કે સ્વીકાર દ્વારા અથવા તો આવી પીડાને કારણે અથવા તો કોઈ પણ પ્રકારના ભેદભાવને આધારે. તેમાં માત્ર કાયદેસર પ્રતિબંધોમાં, આંતરિક કે પ્રાસંગિકતાથી જ પેદા થતી પીડા કે દર્દનો સમાવેશ થતો નથી.*

### 5.3.2 રાજ્ય પક્ષોની જવાબદારી

*આ સમજૂતીમાં રાજ્ય પક્ષોની જવાબદારી ભાગ 2માં અનુચ્છેદો 2થી 16માં આપવામાં આવી છે, તેની જોગવાઈઓ નીચે મુજબ છે:*

*અનુચ્છેદ 2, પેરા 1 હેઠળ આ સમજૂતીમાં જોગવાઈ કરવામાં આવી હતી કે દરેક રાજ્ય પક્ષે તેના અધિકાર ક્ષેત્ર હેઠળ કોઈ પણ પ્રદેશમાં અસરકારક કાયદાકીય, વહીવટી, ન્યાયિક અથવા અન્ય માપદંડ અપનાવવાના રહેશે. અપવાદરૂપ સંજોગોમાં પણ અત્યાચાર વાજબી હોઈ શકે જેવા કે યુદ્ધનું અસ્તિત્વ હોય, યુદ્ધનું જોખમ હોય, આંતરિક રાજકીય અસ્થિરતા હોય કે અન્ય કોઈ જાહેર કટોકટીના સમયે આચરવામાં આવે. ઉચ્ચ અધિકારી અથવા જાહેર સત્તામંડળનો આદેશ અત્યાચારને  વાજબી ઠરાવ તરીકે લાગુ પડશે નહીં. દરેક રાજ્ય પક્ષ એ સુનિશ્ચિત કરશે કે અત્યાચારનાં તમામ કૃત્યો તેના ફોજદારી કાયદા હેઠળ ગુના છે.  અત્યાચાર કરવાના પ્રયાસ અને કોઈ પણ વ્યક્તિ દ્વારા જે કોઈ પણ વ્યક્તિ દ્વારા અત્યાચાર કે સહભાગી થનારને દરેક રાજ્ય પક્ષ આ ગુનાઓને યોગ્ય દંડ દ્વારા સજા કરશે, જે તેમના ગંભીર સ્વભાવને ધ્યાનમાં રાખે છે. દરેક રાજ્ય પક્ષ તેના અધિકાર ક્ષેત્ર હેઠળ કોઈ પણ વિસ્તારમાં થયેલા ગુનાઓ પર અથવા તે રાજ્યમાં નોંધાયેલા જહાજ અથવા વિમાનના બોર્ડ પર તેના અધિકાર ક્ષેત્રને સ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેશે.*

*રાજ્યો જ્યારે તે રાજ્યનો નાગરિક હોય ત્યારે કથિત અપરાધી પર પોતાનો અધિકાર સ્થાપિત કરશે. જેનાં અધિકાર ક્ષેત્રમાં ગુનો કરવાનો આરોપ છે, તે વ્યક્તિને તે વિસ્તારના રાજ્ય પક્ષ દ્વારા તેના સક્ષમ સત્તાવાળાઓને કેસ ચલાવવાના હેતુથી સુપરત કરશે. રાજ્ય કોઈ વ્યક્તિને હાંકી કાઢશે નહીં, પરત કરશે અથવા અન્ય રાજ્યમાં પ્રત્યાર્પણ કરશે નહીં, જ્યાં તેને જોખમમાં હશે અથવા યાતનાનો ભોગ બનવું પડશે તેવું માનવા માટે નોંધપાત્ર કારણો ઉપલબ્ધ હોય.*

## 5.4 અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અમલીકરણની કાર્યવાહી

*આ સમજૂતીના અમલીકરણની કાર્યવાહી ભાગ 3  ના અનુચ્છેદ 25થી 32માં વર્ણન કરવામાં આવી છે.*

*અમલીકરણની પ્રક્રિયાને ચાર ભાગમાં વહેંચેલી છે.*

5.4.1 *અત્યાચાર સામેની સમિતિ*

5.4.2 *આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા*

5.4.3 *વ્યક્તિની સંચાર વ્યવસ્થા*

5.4.4 *અત્યાચાર પર વિશેષ સહયોગી*

### 5.4.1 અત્યાચાર સામેની સમિતિ

1987માં જ્યારે આ સમજૂતી અમલમાં આવી ત્યારે ઉચ્ચ નૈતિક પ્રતિષ્ઠા અને માન્યતા ધરાવતા 10નિષ્ણાતોની સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. આ સમિતિ 10 સ્વતંત્ર નિષ્ણાતોની બનેલી છે, જે રાજ્ય પક્ષો દ્વારા ચૂંટાય છે. સમાન ભૌગોલિક વહેંચણી અને કાનૂની અનુભવ ધરાવતા કેટલાક લોકોની ભાગીદારીની ઉપયોગિતાને ધ્યાનમાં લેવામાં આવે છે. સમિતિના સભ્યો ચાર વર્ષની મુદત માટે ચૂંટાય છે. અને જો ફરીથી નિયુક્ત કરવામાં આવે તો તેઓ ફરીથી ચૂંટણી માટે લાયક છે.

સમિતિને અનેક કાર્યો કરવા માટે નીમવામાં આવી છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

1. આ સમિતિ રાજ્ય પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલો પર વિચાર કરશે. તેમણે આસમજૂતી હેઠળ તેમનાં કાર્યોને અસર કરવા માટે લીધેલાં પગલાં અંગે વિચારણા કરશે. રાજ્ય પક્ષો માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવશે અને રાજ્ય પ્રતિનિધિઓ સાથે રચનાત્મક સંવાદ સ્થાપિત કરવા માટે ચર્ચા કરવામાં આવશે.
2. સમિતિ આ અહેવાલ પર સામાન્ય ટિપ્પણીઓ કરી શકે છે, કારણ કે તે યોગ્ય ગણી શકે છે અને તેને સંબંધિત રાજ્ય પક્ષોને તે રજૂ કરશે.
3. સમિતિ કોઈ પણ રાજ્ય પક્ષના વિસ્તારમાં અત્યાચાર-યાતના ચોક્કસ પદ્ધતિથી ચાલતી હોય તો તેની માહિતીની ચકાસણીમાં સહકાર આપવા અને સંબંધિત માહિતીના બાબતે અવલોકનો માટે આમંત્રણ આપી શકે છે.
4. સમિતિએ અહીં આગળ આપેલી આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા પ્રમાણે કાર્ય કરવું જરૂરી છે.
5. સમિતિએ અનુચ્છેદ 22ની જોગવાઈ મુજબ વ્યક્તિઓ પાસેથી સંચારના સંબંધમાં કામગીરી કરવાની રહશે.

### 5.4.2 આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા

આ સમજૂતીમાં આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના અનુચ્છેદ 41 હેઠળ નિર્ધારિત કરવામાં આવેલી જોગવાઈઓ જેવી જ જોગવાઈ કરવામાં આવી છે. સમજૂતીના અનુચ્છેદ 21માં એવી જાહેરાત કરી શકે છે કે કોઈ પણ સમયે કોઈ પણ પક્ષ આ સમિતિની સક્ષમતાને સ્વીકારી શકે છે અને તે આ સમજૂતીમાં આપવામાં આવેલી ફરજોનું જો કોઈ રાજ્ય પક્ષ પાલન ન કરી રહ્યો તો તેની સામે આક્ષેપ પણ કરી શકે છે. આંતરરાજ્ય સંચાર પ્રણાલી ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે કોઈ રાજ્ય પક્ષ દ્વારા કરવામાં આવી હોય.

જો કોઈ રાજ્ય પક્ષ એવું વિચારે કે અન્ય પક્ષ આ સમજૂતીની જોગવાઈઓનું પાલન નથી કરી રહ્યો, તો તે આ બાબતને લેખિતમાં તે રાજ્ય પક્ષના ધ્યાન પર લાવી શકે

છે. સંચાર પ્રાપ્ત કરનાર રાજ્યે, સંચાર પ્રાપ્ત થયાના ત્રણ મહિનાની અંદર આ બાબતમાં સ્થાનિક પ્રક્રિયાઓ અને ઉપાયોનો ઉલ્લેખ, પેન્ડિંગ અથવા ઉપલબ્ધ આ બાબત સહિતની સ્પષ્ટતા કરવા માટે નિવેદન મોકલાવવું પડશે. જો આ બાબત પ્રારંભિક સંદેશાવ્યવહારની પ્રાપ્તિ પછી છ મહિનાની અંદર સંબંધિત સાથે ન ગોઠવવામાં આવે તો, બંને રાજ્યોને સમિતિ અથવા અન્ય રાજ્યને અપાયેલી નોટિસ દ્વારા આ બાબત સમિતિને મોકલવાનો અધિકાર છે. સમિતિ આ બાબત પર કાર્યવાહી કરતા પહેલા ખાતરી કરશે કે જે આ સમજૂતીના ઉલ્લંઘનનો શિકાર થયો છે તેને તમામ ઘરેલું ઉપાયો કરી લીધા છે અને પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે કે સંતોષપૂર્ણ થઈ નથી. સમિતિ યોગ્ય લાગે ત્યારે તે એડ હોક સમાધાન પંચની રચના કરી શકે છે. તેઓ મુખ્ય ઉદ્દેશ મૈત્રીપૂર્ણ રીતે ઉકેલ લાવવાનો રહેશે. આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા વૈકલ્પિક છે. જાહેરાતો સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પાસે જમા કરાવવાની રહેશે, જે અન્ય રાજ્ય પક્ષોને તેની નકલો મોકલશે.

### 5.4.3 વ્યક્તિની સંચાર વ્યવસ્થા

વ્યક્તિની સંચાર વ્યવસ્થા માટેની જોગવાઈઓ સમજૂતીના અનુચ્છેદ 22 હેઠળ આપવામાં આવી છે. કોઈ પણ સમયે કોઈ રાજ્ય પક્ષ જાહેર કરી શકે છે કે તે સમિતિની સત્તાને તેના અધિકાર ક્ષેત્રમાં આધિન અથવા તેના અધિકાર ક્ષેત્રમાં આધીન વ્યક્તિઓ વતી અથવા તો તેના તરફથી મેળવવાની અને તેની સાથે વાતચીત કરવાની ક્ષમતાને માન્યતા આપે છે, જે સમજૂતીની જોગવાઈઓના રાજ્ય પક્ષ દ્વારા ઉલ્લંઘનનો ભોગ બનવાનો દાવો કરે છે. આમ, આ વ્યવસ્થા એવી રાજ્યને લાગુ પડશે, જેણે જાહેરાત કરી છે. આમ, તે વૈકલ્પિક છે. 15 ઓગસ્ટ, 2015 સુધી, 66રાજ્યોએ સંચાર પ્રાપ્ત કરવા સમિતિની ક્ષમતાને માન્યતા આપ્યાની જાહેરાત કરી હતી.

જો સંચાર અનામી હોય અથવા સમિતિ આ પ્રકારની વાતચીતના હકનો દુરુપયોગ ગણે અથવા સમજૂતીની જોગવાઈઓ સાથે સુસંગત ન હોય તો તે અસ્વીકાર્ય ગણાશે. સમિતિ કોઈ પણ વ્યક્તિ પાસેથી કોઈ પણ પ્રકારના સંવાદ અંગે વિચાર કરશે નહીં, જ્યાં સુધી તેણે ખાતરી કરી ન હોય કે (a) આ જ બાબત આંતરરાષ્ટ્રીય તપાસ અથવા સમાધાનની બીજી પ્રક્રિયા હેઠળ તેની તપાસ કરવામાં આવી રહી નથી; (b) વ્યક્તિએ ઉપલબ્ધ તમામ ઘરેલું ઉપચારો અપનાવી લીધા છે.

સમિતિ સંચારની તપાસ માટે બંધ બેઠકો યોજશે. આ સમિતિ પોતાના વિચારો રાજ્ય પક્ષ અને વ્યક્તિને રજૂ કરશે. આ સમજૂતીમાં પાંચ રાજ્યોના પક્ષોએ જાહેરાત કરી છે ત્યારે વ્યક્તિગત સંચાર વ્યવસ્થા અમલમાં આવી હતી.

તાજેતરમાં વ્યક્તિના સંદેશાવ્યવહારની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 15 ઓગસ્ટ, 2015 સુધી 697 કેસો સમિતિ સમક્ષ નોંધાયા હતા. જેમાંથી 70 કેસ અસ્વીકાર્ય હતા અને 197 કેસ બંધ કરવામાં આવ્યા હતા. સમિતિએ નિર્ણય લેવા માટે

272 કેસો અને કાર્યવાહી માટે 158 કેસો છે. ઉપરોક્ત આંકડા સૂચવે છે કે જે લોકો સમજૂતીની જોગવાઈઓના ઉલ્લંઘનનો ભોગ બન્યા છે, તેઓ પોતાના રાજ્યો વિરુદ્ધ પોતાના અધિકારોનો ઉપયોગ કરી રહ્યા છે.

### 5.4.4 અત્યાચાર પર વિશેષ સહયોગી

1985માં માનવ અધિકાર પંચે અત્યાચાર સાથે સંબંધિત પ્રશ્નોની તપાસ કરવા અને આવા પ્રશ્નો અંગે વિશ્વસનીય માહિતી મેળવવા અને તે માહિતીનો કોઈ પણ વિલંબ વિના જવાબ આપવા માટે અત્યાચાર પર વિશેષ સહયોગીની નિમણૂક કરી હતી. વિશેષ સહયોગીએ સામાન્ય રીતે યાતનાની ઘટના અંગે કમિશનને અહેવાલ આપવો જરૂરી છે. આ માટે, તેઓ સરકારો સાથે સંપર્ક સ્થાપિત કરશે અને યાતનાને અટકાવવા માટે લેવામાં આવેલાં કાયદાકીય અને વહીવટી પગલાં વિશે માહિતી માગશે અને જ્યારે પણ થાય ત્યારે તેનાં પરિણામોનો ઉપાય કરશે. વિશેષ સહયોગીનું કાર્ય રાજ્ય પક્ષો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશો અને એવા તમામ રાજ્યો સુધી ફેલાયેલું છે, જે નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે.

## 5.5 અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર વૈકલ્પિક પ્રોટોકોલ

અત્યાચાર વિરુદ્ધના સંમેલન માટેના વૈકલ્પિક પ્રોટોકોલને 18 ડિસેમ્બર, 2002ના રોજ આર્થિક અને સામાજિક પરિષદે સામાન્ય સભામાં સમર્થન આપ્યું હતું. 18 ડિસેમ્બર, 2002ના રોજ ઠરાવ 57/199ને પસાર કરીને એસેમ્બલીએ વૈકલ્પિક પ્રોટોકોલને અપનાવ્યો હતો. વૈકલ્પિક પ્રોટોકોલ ઉપરોક્ત ઠરાવ સાથે જોડવામાં આવ્યો છે. 22 જૂન, 2006 ના રોજ આ પ્રોટોકોલના અમલને સંલગ્ન દેશોએ મંજૂરી આપી હતી. 3 ફેબ્રુઆરી, 2016 સુધી આ સંમેલનમાં 75 દેશોના રાજ્ય પક્ષો ઉપસ્થિત હતા.

પ્રોટોકોલના અનુચ્છેદ 1માં પ્રોટોકોલના ઉદ્દેશો નક્કી કરવામાં આવ્યા છે, એટલે કે, જ્યાં લોકો અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા સ્વતંત્રતાથી વંચિત રહે છે ત્યાં સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય અને રાજ્ય પક્ષોની રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા નિયમિત મુલાકાતની વ્યવસ્થા સ્થાપિત કરવી.

અનુચ્છેદ 2માં અત્યાચાર નિવારણ અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા અત્યાચાર સામેની સમિતિની સજાની સ્થાપના કરવામાં આવી છે. આ પેટા સમિતિમાં દસ સભ્યો હશે. પ્રોટોકોલમાં પચાસની મંજૂરી કે પ્રવેશ પછી પેટા સમિતિના સભ્યોની સંખ્યા પચીસ સુધી કરી શકાય. પેટા સમિતિમાં એવા સભ્યોને પસંદ કરવામાં આવશે, જેઓ ઉચ્ચ નૈતિક ચારિત્ર્ય ધરાવતા હોય તેમજ જેઓ ન્યાયના વહીવટના ક્ષેત્રમાં, ખાસ કરીને ફોજદારી કાયદા, જેલ અથવા પોલીસ વહીવટના ક્ષેત્રમાં વ્યાવસાયિક અનુભવ ધરાવતા હોય અથવા તો વંચિતો માટે કામ કરનારા વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવશે.

*નિવારણ અંગેની પેટા સમિતિ, અનુચ્છેદ 1 હેઠળ નિર્ધારિત કરેલાં કાર્યો કરશે, જેવાંકે,*

(1) *જ્યાં લોકોને અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા સજા થકી તેમની સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવે છે, તેવી જગ્યાની મુલાકત લેશે અને આવી વ્યક્તિઓની સુરક્ષા માટે રાજ્ય પક્ષોને ભલામણો કરશે.*

(2) *જરૂર પડે ત્યારે રાજ્ય પક્ષોને સલાહ આપશે અને સહાય કરશે.*

(3) *સંયુક્ત રાષ્ટ્ર સાથે સામાન્ય રીતે અત્યાચારને રોકવા અને અટકાયતની પેટા સમિતિને તેના આદેશને પૂર્ણ કરવા માટે, રાજ્ય પક્ષોના સંગઠન માટે સહકાર આપશે, તેને*

a) *અટકાયતી સ્થળો અને સ્થળોની સંખ્યા સાથે સંબંધિત તમામ માહિતી આપવાની કામગીરી કરે છે;*

b) *વ્યક્તિઓના વ્યવહાર અને તેમની અટકાયતની શરતોનો ઉલ્લેખ કરતી તમામ માહિતીની અમર્યાદિત પહોંચ.*

c) *અટકાયતનાં તમામ સ્થળો અને તેમના પુનઃસ્થાપન અને સુવિધાઓ ચકાસવાની અમર્યાદિત પહોંચ;*

d) *સાક્ષીઓ વિના પોતાની સ્વતંત્રતાથી વંચિત વ્યક્તિઓ સાથે ખાનગી મુલાકાત લેવાની તક;*

e) *તેઓ જે સ્થળોની મુલાકાત લેવા માગે છે અને તેઓ જે વ્યક્તિઓની મુલાકાત લેવા માગે છે તે પસંદ કરવાની સ્વતંત્રતા.અટકાયતના ચોક્કસ સ્થળની મુલાકાતનો વિરોધ રાષ્ટ્રીય કુદરતી આફત અથવા ગંભીર અવ્યવસ્થાના આધારે જ કરી શકાય, આવાં કારણોસર આ પ્રકારની મુલાકાત કામચલાઉ ધોરણે અટકાવી શકે છે. આ પ્રકારની કટોકટી જાહેર થયેલી સ્થિતિને રાજ્ય પક્ષ દ્વારા મુલાકાતના કારણ તરીકે દર્શાવવામાં આવશે નહીં. આ પ્રોટોકોલ અત્યાચાર અને અમાનવીય અથવા અપમાનજનક વર્તન અથવા સજાને અટકાવવા માટે નવી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સ્થાપિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું હોવાનું કહેવાય છે.*

## 5.6 ઉપસંહાર

*માનવ અને માનવ અધિકારોને અમાનવીય કૃત્યો સામે રક્ષણ આપવા અને જે આ કૃત્યો કરે છે તેને સજા આપવાના હેતુથી નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી તથા અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી સંયુક્ત રાષ્ટ્રે સ્વીકારી હતી. નરસંહાર સમજૂતીમાં નરસંહારનો અર્થ અને સમૂહમાં સભ્યોની હત્યા, ચોક્કસ જૂથ કે સમુદાયમાં જન્મને અટકાવવા, બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવાને નરસંહાર ગણવામાં*

*આવે છે. આ બધાં કૃત્યો માનવતાની વિરુદ્ધ છે અને તે શિક્ષાપાત્ર છે. આવાં કૃત્યો માટે સરકાર, જવાબદાર શાસકો કે ખાનગી વ્યક્તિ જવાબદાર હોઈ શકે છે અને તેમને સક્ષમ ટ્રીબ્યુનલ દ્વારા સજા પણ કરવામાં આવશે. બીજી આંતરરાષ્ટ્રીય સમજૂતી અત્યાચારના વિરુદ્ધમાં કરવામાં આવી છે, જેમાં શારીરિક કે માનસિક બન્ને પ્રકારના અત્યાચાર અમાનવીય કૃત્ય ગણાયા છે. દરેક સરકારી અને ખાનગી કોઈ પણ વ્યકિત જો અત્યાચાર કરશે તો તે સજાને પાત્ર ગણાય છે. આ સમજૂતીમાં રાજ્ય પક્ષોને માનવ વિરુદ્ધ અત્યાચાર કે કોઈ પણ પ્રકારનું અમનાવીય કૃત્ય રોકવા અને સજા આપવા માટે જવાબદારી સોંપવામાં આવી છે. આ સમજૂતીના અમલીકરણને ચાર ભાગમાં વહેંચેલી છે. અત્યાચાર સામેની સમિતિ, આંતરરાજ્ય સંચાર વ્યવસ્થા, વ્યક્તિની સંચાર વ્યવસ્થા અને અત્યાચાર પર વિશેષ સહયોગી. અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર વૈકલ્પિક પ્રોટોકોલ સ્વીકારાયું છે, જેમાં ચકાસવા માટે તેમની મુલકાતની જોગવાઈઓ છે અને તેના અમલીકરણ માટે પેટા સમિતિ બનાવીને તેને માનવ અધિકારોનું રક્ષણ અને તેમનું ગૌરવ સચવાઈ રહે તે માટે પેટા સમિતિને વિવિધ સત્તાઓ આપવામાં આવી છે.*

## 5.7 ચાવીરૂપ શબ્દો

- ❖ *અમાનવીય કૃત્યઃ માનવને હાનિ થાય અને તેનું ગૌરવ અને સન્માન ન જળવાય તેવાં કૃત્યો, જેવાંકે, માનસિક કે શારીરિક અત્યાચાર*
- ❖ *નરસંહારઃ સમૂહમાં માનવોની હત્યા કરવી કે ઈજા પહોંચાડવી કે સમૂહમાં માનવ અધિકારો હણી લેવા.*
- ❖ *અત્યાચારઃ શારીરિક કે માનસિક ઈજા કરવી કે શારીરિક - માનસિક ત્રાસ અપાવો.*
- ❖ *સંચાર વ્યવસ્થાઃ પોતાની વાત બીજાને પહોંચાડવાની વ્યવસ્થા*

## 5.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

**1. નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી ક્યારે કરવામાં આવી હતી?**

A. 10 *ડિસેમ્બર*, 1948 C. 16 *ડિસેમ્બર* 1949
B. 28 *ડિસેમ્બર*, 1950 D. 9 *ડિસેમ્બર*, 1948

**2. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી કયારે કરવામાં આવી હતી?**

A. 11 *ડિસેમ્બર*, 1975 C. 12 *ડિસેમ્બર*, 1975
B. 9 *ડિસેમ્બર*, 1975 D. 10 *ડિસેમ્બર*, 1950

**3. કઈ આંતરરાષ્ટ્રીય સમજૂતીને આંતરરાષ્ટ્રીય ફોજદારી કાયદો તરીકે ઓળખાય છે?**

A. *નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*
B. *દીવાની અને રાજકીય અધિકારો પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*
C. *જાતીય ભેદભાવ પરની સમજૂતી*
D. *અત્યાચાર નાબૂદ પરની આંતરરાષ્ટ્રીય સમજૂતી*

**4. નરસંહાર શબ્દનો સૌપ્રથમ કોણે કર્યો હતો?**

A. *પ્રા. રામદાસ* C. *જવાહરલાલ નહેરુ*
B. *પ્રા. રાફેલ લેમકિન* D. *ફ્રેંકલિન રુઝવેલ્ટ*

**5. પ્રા. રાફેલ લેમકિનના ક્યાં કાર્યમાં નરસંહાર શબ્દનો સૌપ્રથમ ઉપયોગ કરવામાં** *આવ્યો હતો?*

A. Rule of Law
B. Axis Rule in Occupied Europe (1944)
C. Separation of Powers
D. Rule of Nation

**6. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની રાજ્ય પક્ષોની જવાબદારી ક્યાં ભાગ અને અનુચ્છેદોમાં આપવામાં આવેલા છે?**

A. *ભાગ* 2 *માં અનુચ્છેદો* 2 *થી* 16
B. *ભાગ* 5 *માં અનુચ્છેદ* 12 *થી* 25
C. *ભાગ* 1 *માં અનુચ્છેદ* 5 *થી* 15
D. *ભાગ* 3 *માં* 8 *થી* 16

**7. અત્યાચાર સામેની સમિતિમાં કેટલા નિષ્ણાતોની બનેલી હોય છે?**

A. 12 C. 5
B. 7 D. 10

**8. અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર વૈકલ્પિક પ્રોટોકોલ ક્યારે અમલમાં આવ્યું છે?**

A. 23 *જૂન,* 2008 C. 24 *જૂન,* 2006
B. 22 *જૂન,* 2006 D. 2 *જૂન* 2002

જવાબ: **1. D, 2. B, 3. A, 4. B, 5. B, 6. A, 7. D, 8. B**

**(બ) પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો**

1. નરસંહારનો અર્થ લખો.
2. અત્યાચારનો અર્થ લખો.
3. અત્યાચાર પર વિશેષ સહયોગી
4. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની અમલીકરણની પ્રક્રિયા કેટલા ભાગમાં વહેચવામાં આવી છે? નામ જણાવો.

**(ક) ટૂંક નોંધ લખો**

1. ક્યાં કૃત્યો નરસંહાર ગણવામાં આવશે અને શિક્ષાપાત્ર હશે?
2. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની રાજ્ય પક્ષોની જવાબદારી જણાવો.
3. અત્યાચાર સામેની સમિતિ

**(ડ) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

1. નરસંહારના અપરાધને અટકાવવા અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની જોગવાઈઓ વિસ્તૃત રીતે સમજાવો.
2. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીની જોગવાઈઓની ચર્ચા કરો.
3. નરસંહારના અપરાધને અટકાવવા અને સજાની જોગવાઈઓ સમજાવો.
4. અત્યાચાર અને અન્ય ક્રૂર, અમાનવીય અથવા અપમાનજનક વર્તન અને સજા પરની આંતરરાષ્ટ્રીય સમજૂતીના<br>અમલીકરણની કાર્યવાહી જણાવો.
5. અત્યાચાર સામેની આંતરરાષ્ટ્રીય સમજૂતી પર વૈકલ્પિક પ્રોટોકોલ જણાવો.

## 5.9 ઉપયોગી પુસ્તકોની યાદી


1. કરિઆ એ. એન., માનવ અધિકાર, સી. જમનાદાસ કંપની
2. રાવલ કૌશિક સી., માનવ અધિકારો અને કાયદો, સંકેત લૉ બુક સેલર, અમદાવાદ
3. કપૂર એસ. કે., હ્યુમન રાઈટ્સ એન્ડ ઈન્ટરનેશનલ લૉ, સેન્ટ્રલ લૉ એન્જસી
4. અગ્રવાલ એચ. ઓ., હ્યુમન રાઈટ્સ, સેન્ટ્રલ લૉ એન્જસી
5. પંડ્યા જે. એન., ધ કોન્સ્ટિટ્યૂશનલ લૉ ઑફ ઈન્ડિયા સેન્ટ્રલ લૉ એન્જસી

# NOTES

## Human Rights and Indian Constitution


**નિદર્શન:**

પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદક:**

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્નાા ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. સ્વાતિ શાહ એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. દીપ્તિબા ગોહિલ આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ:**

ડૉ. ભાવેશ એચ. ભરાડ અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઇટ્સ એન્ડ ડ્યૂટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. કિન્નાા ટી. ચડોકિયા આચાર્ય (ઇન-ચાર્જ), શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ.

ડૉ. દિપાલી પુરોહિત આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. એસ. ભગત એન્ડ સી. એસ. સોનાવાલા લો કૉલેજ, નડિયાદ

**લેખન:**

ડૉ. રિદ્ધિ સોમમાણેક આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતિ એસ. એસ. અજમેરા લો કૉલેજ, ગોંડલ

શ્રી મેહુલ ભટ્ટ આચાર્ય (ઇન-ચાર્જ), નંદકુવરબા મહિલા કોમર્સ કૉલેજ, દેવરાજનગર, ભાવનગર.

**. પરામર્શન (વિષય):**

ડૉ. વિમલ આર. પરમાર આચાર્ય, શ્રી કે. પી. શાહ લો કૉલેજ, જામનગર.

**પરામર્શન (ભાષા):**

ડૉ. દિવ્યેશ વ્યાસ આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ.



પ્રકાશક: કુલસચિવ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : પુન: મુદ્રણ – 2025

ISBN NO: 9 789355 983213



: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

ડિપ્લોમા ઇન હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યૂટીઝ

**પેપર-3**

**DHRD-3**

# માનવ અધિકારો અને ભારતીય બંધારણ

# HRD - MDC - 202


| | |
|---|---|
| **એકમ-1**<br>આમુખ | **01** |
| **એકમ-2**<br>મૂળભૂત અધિકારો | **12** |
| **એકમ-3**<br>રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો | **39** |
| **એકમ-4**<br>મૂળભૂત ફરજો | **55** |
| **એકમ-5**<br>મૂળભૂત અધિકારો, રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજો વચ્ચેનો આંતર સંબંધ | **62** |

| એકમ-1 | આમુખ |
|---|---|

-: રૂપરેખા :-

**1.0** અભ્યાસના ઉદ્દેશો
**1.1** પ્રસ્તાવના
**1.2** 'આમુખ' અંગેનાં મંતવ્યો
**1.3** બંધારણના અર્થઘટનમાં 'આમુખ' નું મહત્ત્વ
**1.4** 'આમુખ'માં ઉપયોગ થયેલા શબ્દો
**1.4.1** સાર્વભૌમ
**1.4.2** સમાજવાદી
**1.4.3** લોકશાહી
**1.4.4** બિનસાંપ્રદાયિકતા
**1.4.5** પ્રજાસત્તાક
**1.4.6** સ્વતંત્રતા
**1.4.7** સમાનતા
**1.4.8** ન્યાય
**1.4.9** બંધુતા
**1.5** ઉપસંહાર
**1.6** ચાવીરૂપ શબ્દો
**1.7** તમારી પ્રગતિ ચકાસો
**1.8** ઉપયોગી પુસ્તકોની યાદી

## 1.0 અભ્યાસના ઉદ્દેશો

- *વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ બંધારણના અર્થઘટનમાં 'આમુખ' નું મહત્ત્વ વિગતવાર સમજી શકાશે.*
- *કાયદા પાછળનો હેતુ સ્પષ્ટ ન હોય, કાયદાની કલમોમાં અસ્પષ્ટતા કે વિસંવાદિતા જણાય ત્યારે 'આમુખ' તે કાયદો સમજવામાં કેવી રીતે ઉપયોગી થાય છે, તે વિસ્તારથી જાણી શકાશે.*

- *આપણું બંધારણ જે આદર્શો અને ધ્યેય સિદ્ધ કરવા ઇચ્છે છે, તે 'આમુખ'માંથી કઈ રીતે જાણવા મળે છે, તેની વિગતવાર માહિતી આ એકમના અંતે જાણવા મળશે.*

## 1.1 પ્રસ્તાવના

*ભારતીય બંધારણ 26મી નવેમ્બર, 1949ના રોજ સ્વીકૃત થયું અને 26મી જાન્યુઆરી, 1950ના રોજથી તેનો અમલ શરૂ થયો.*

*ભારતીય બંધારણની શરૂઆત 'આમુખ'થી થાય છે. આમુખ આપણા બંધારણ ઘડવૈયાઓનું માનસ સમજવાની ચાવી છે. જવાહરલાલ નેહરુએ 13 ડિસેમ્બર, 1949ના રોજ બંધારણ સભામાં ઉદ્દેશ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જે ઉદ્દેશ પ્રસ્તાવને 22 જાન્યુઆરી, 1950ના રોજ બંધારણ સભાએ 'આમુખ' તરીકે મંજૂર કર્યું હતું.*

*આમુખમાં બંધારણની સત્તાઓના મૂળ સ્રોત તરીકે ભારતના લોકોને દર્શાવાયા છે અને તે સમર્પિત પણ ભારતના લોકોને જ થયું છે. આમુખના શબ્દોમાં પણ આપણે ભારતીય બંધારણ ઘડનારાઓની સ્વપ્નોની ઝલક જોઈ શકીએ છીએ.*

*ભારતનું બંધારણ જેમ જુદા-જુદા દેશોના બંધારણીય સ્રોત પરથી પ્રભાવિત છે, તેમ ભારતીય બંધારણનું આમુખ 'અમેરિકા'ના બંધારણથી પ્રેરિત હોવાનું મનાય છે.*

*આમુખમાં 'સમાજવાદી', 'બિનસાંપ્રદાયિક' અને 'અખંડિતતા' શબ્દો 42મા બંધારણીય સુધારા દ્વારા 1976માં ઉમેરવામાં આવ્યા.*

## 1.2 'આમુખ' અંગેનાં મંતવ્યો

- *પ્રખ્યાત ન્યાયવિદ્ એન.એ.પાલખીવાલાએ કહ્યું કે,*
  *"આમુખ એ બંધારણનું ઓળખપત્ર છે."*
- *ક.મા. મુનશીએ કહ્યું કે,*
  *"આમુખ રાજકીય કુંડળી છે."*
- *પંડિત ઠાકુરદાસ ભાર્ગવે કહ્યું કે,*
  *"આમુખ બંધારણનું હૃદય છે."*
- *એમ.હિદાયતુલ્લાએ કહ્યું,*

*"બંધારણના આમુખને અમેરિકાની આઝાદીની ઘોષણા સાથે સરખાવી શકાય અને બંધારણનો આત્મા કહેવાય."*

## 1.3 બંધારણના અર્થઘટનમાં 'આમુખ'નું મહત્ત્વ

*વિદ્યાર્થીમિત્રો, આપણા બંધારણનું આમુખ નીચે મુજબ છે.*

*"અમે ભારતના લોકો, ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક સંસ્થાપિત કરવાનું અને તેના તમામ નાગરિકો માટે:*

*સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયઃ વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જો અને તકની સમાનતા, નિશ્ચિત કરવાનો અને તેમનામાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક નિર્ણય કરીને આજ તારીખ 26 નવેમ્બર, 1949ના રોજ, અમારી બંધારણસભામાં આ બંધારણ અપનાવીને તેને કાયદાનું રૂપ આપીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ."*

*સરકારનાં મુખ્ય ત્રણ અંગો છે.*

- *વિધાનતંત્ર*
- *વહીવટીતંત્ર*
- *ન્યાયતંત્ર*

*વિધાનતંત્ર કાયદા બનાવવાનું કામ કરે છે, વહીવટીતંત્ર કાયદાને અમલમાં મૂકવાનું કામ કરે છે અને ન્યાયતંત્ર કાયદાનું અર્થઘટન કરી ન્યાય આપે છે. ન્યાયતંત્રને જ્યારે કોઈ અસ્પષ્ટતા હોય, અસંદિગ્ધતા હોય ત્યારે કાયદાનું અર્થઘટન કરવામાં 'આમુખ' મદદ કરે છે.*

- *બેરુબારી યુનિયન કેસ :*
  AIR (1960) S.C. 845
  *આ કેસમાં ઠરાવાયું છે કે આમુખ બંધારણનો ભાગ નથી.*
- *કેશવાનંદ ભારતી કેસઃ*
  AIR (1973) S.C. 1461
  *આ કેસમાં ઠરાવાયું કે આમુખ બંધારણનો ભાગ છે.*

- *ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ :*

  AIR (1950) S.C. 27

  *આ કેસમાં એવી દલીલ કરવામાં આવી હતી કે બંધારણના આમુખને ધ્યાનમાં રાખીને બંધારણનું અર્થઘટન કરવું જોઈએ. જોકે, સર્વોચ્ચ અદાલતે આ દલીલ નકારી કાઢી અને ઠરાવ્યું કે બંધારણ કે કાયદાના અર્થઘટન માટેના મૂળભૂત નિયમની અવગણના કરીને કોઈ બંધારણીય સિદ્ધાંતને અનુરૂપ થાય તે રીતે બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરી શકાય નહીં.*

- **એમ.નાગરાજ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા :**

  **AIR (2007) S.C. 71 (A)**

  *આ કેસમાં ઠરાવેલ છે કે બંધારણ આમુખ મૂળભૂત માળખા* (Basic Structure)*નો ભાગ છે. તેનું અર્થઘટન વિશાળ અને ઉદાર રીતે થવું જોઈએ.*

## 1.4 'આમુખ' માં ઉપયોગ થયેલ શબ્દો

### 1.4.1 સાર્વભૌમ (Sovereign) :

*જે દેશ કોઈ પણ નિર્ણયો કરવા માટે અન્ય દેશ પર નિર્ભર ન હોય અથવા તે દેશ પર કોઈ અન્ય દેશનું આધિપત્ય ન હોય તેવા રાષ્ટ્રને 'સાર્વભૌમ' કહેવામાં આવે છે.*

*સાર્વભૌમત્વના બે પ્રકાર છે.*

1. *બાહ્ય*
2. *આંતરિક*

*ભારત દેશ પર હવે કોઈ 'બાહ્ય સતાનો અંકુશ રહ્યો નથી. ભારત હવે અન્ય દેશોની જેમ જ એક સાર્વભૌમ રાજ્ય છે. આપણે રાષ્ટ્રસમૂહ* (Common Wealth) *કુળના સભ્ય છીએ, પરંતુ તેથી આપણા બાહ્ય સાર્વભૌમત્વને જરાય આંચ આવતી નથી. કારણ કે આપણા માટે તે બંધનરૂપ નથી, ગમે તે સમયે આપણે સભ્યપદનો ત્યાગ કરી શકીએ છીએ.*

*'આંતરિક સાર્વભૌમત્વ` એટલે રાજ્યના આદેશનું પાલન કરાવવાની અને તેનો ભંગ થાય તો સજા કરવાની રાજ્યની સત્તા. આપણા બંધારણમાં સંઘ અને રાજ્ય વચ્ચેની સત્તાની વહેંચણી કરાયેલી છે.*

### 1.4.2 સમાજવાદી (Socialist) :

42મા બંધારણીય સુધારા દ્વારા 'સમાજવાદી' શબ્દ 1976માં ઉમેરાયો. ભારતીય પ્રજાસત્તાક સમાજવાદી નીતિને અનુસરે છે.

- ડી.એસ. નાકરા વિ.યુનિયન ઓફ ઈન્ડિયા
  AIR 1983 SC 130

આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલું કે સમાજવાદીનું મૂળભૂત માળખું કામદારોને ઉચ્ચ જીવનધોરણ અને સલામતી પૂરી પાડવા માટેનું છે. આવકની સમાન વહેંચણી થવી જોઈએ.

### 1.4.3 લોકશાહી (Democratic) :

જો લોકશાહીની વ્યાખ્યા કરવાતાં આવે તો લોકોનું, લોકો દ્વારા, લોકો માટે ચાલતી શાસન વ્યવસ્થા થાય છે. સર્વોચ્ચ સત્તા લોકો પાસે હોય તે બાબત સાર્વભૌમત્વનું સૂચન કરે છે, તેવી વ્યવસ્થાને લોકતાંત્રિક કહી શકીએ.
લોકશાહી પ્રત્યક્ષ અથવા પરોક્ષ હોઈ શકે છે.ભારતમાં પરોક્ષ લોકશાહી છે. લોકો પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે. આ પ્રતિનિધિઓ સત્તા ધરાવે છે. સ્વિઝરલેન્ડમાં પ્રત્યક્ષ લોકશાહી છે, કારણ કે ત્યાં લોકો જ સત્તા ધરાવે છે.

### 1.4.4 બિનસાંપ્રદાયિકતા (Secularism) :

1976માં 42મા બંધારણીય સુધારાથી આ શબ્દ આમુખમાં ઉમેરવામાં આવેલો.
બિનસાંપ્રદાયિકતાનો અર્થ નીચે મુજબ કરી શકાય.

- રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી
- રાજ્ય ધર્મની બાબતોમાં દખલ કરશે નહીં.
- રાષ્ટ્રમાં દરેક વ્યક્તિને પોતાની પસંદગીનો ધર્મ પાળવાનું સ્વાતંત્ર્ય આપવામાં આવે છે.
- કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિને રાજ્ય કોઈ પણ રીતે ટેકો આપી શકે નહીં.
- રાજ્ય શાસનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવશે.

ટૂંકમાં, બધા બિનસાંપ્રદાયિકતા એટલે 'રાજ્યે કોઈ પણ ધર્મને રાષ્ટ્રધર્મ તરીકે ઘોષિત કરેલ નથી.' રાષ્ટ્ર બધા ધર્મને એકસરખી રીતે આદર આપશે. આપણા બંધારણમાં અનુચ્છેદ: 25થી 28માં ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર અપાયો છે.

- એસ.આર.બોમ્માઈ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
  AIR (1994) SCC1
  આ કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યું કે 'બિનસાંપ્રદાયિકતા' એ બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે.
- અરુણા રોય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
  AIR 2003 SC 3176
  આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે જુદા-જુદા ધર્મોને વિકસાવવામાં, સમજવામાં અને આદર કરવામાં બિનસાંપ્રદાયિકતા હકાર અર્થમાં વપરાયેલ છે.

### 1.4.5 પ્રજાસત્તાક (Republic)

જે દેશમાં શાસન લોકોના હાથમાં હોય તેવા દેશને પ્રજાસત્તાક કહી શકીએ. જે દેશમાં દરેક જાહેર હોદ્દાઓ તે રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકો માટે કોઈ પણ જાતના ભેદભાવ વગર ખુલ્લા હોય એટલે કે તે હોદ્દાઓ કોઈ વંશપરંપરાગતને આધારે ન ભરાતા હોય, તેવા દેશને સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' કહી શકીએ.

'પ્રજાસત્તાક' શબ્દને 'રાજાશાહી' (Monarch) શબ્દના વિરોધી શબ્દ તરીકે પ્રયોજવામાં આવ્યો છે.

### 1.4.6 સ્વતંત્રતા (Liberty)

ભારતીય બંધારણમાં સ્વતંત્રતાનો સિદ્ધાંત 'ફ્રેન્ચ ક્રાંતિ'માંથી લેવામાં આવેલો છે. આમુખમાં વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ, ઉપાસના જેવી પાંચ સ્વતંત્રતાઓનો ઉલ્લેખ થયેલો છે.

ભારતીય બંધારણમાં દરેક નાગરિકોને મળેલા મૂળભૂત અધિકાર અંતર્ગત સ્વતંત્રતાના અધિકારમાં અનુચ્છેદ-19 અંતર્ગત છ પ્રકારની સ્વતંત્રતાઓ આપવામાં આવેલી છે.

### 1.4.7 સમાનતા (Equality)

ભારતીય બંધારણમાં સમાનતાનો ખ્યાલ 'ફ્રેન્ચ ક્રાંતિ'માંથી લેવામાં આવેલો છે.

આપણી રાજ્ય વ્યવસ્થામાં નાનામાં નાના માણસથી માંડીને છેક રાષ્ટ્રપતિ સુધીની દરેક વ્યક્તિ સમાન છે. ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણસર રાજ્ય ભેદભાવ કરી શકે નહીં.

ભારતીય બંધારણમાં દરેક નાગરિકને અનુચ્છેદ 14થી 18માં સમાનતાનો અધિકાર મળેલો છે.

**1.4.8 ન્યાય (Justice) :**

ભારતીય બંધારણમાં ન્યાયનો સિદ્ધાંત 'રશિયન ક્રાંતિ' માંથી લેવામાં આવેલો છે. ભારતીય બંધારણના આમુખમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનો ઉલ્લેખ જોવા મળે છે. તેથી જ આપણા બંધારણમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ કે લિંગના કારણસર ભેદભાવ કરવાની રાજ્યને મનાઈ ફરમાવવામાં આવી છે. દરેકને માટે સમાન તક અને દરજ્જાની જોગવાઈ કરવામાં આવી છે.

**1.4.9 બંધુતા (Fraternity) :**

ભારતીય બંધારણમાં બંધુતાનો સિદ્ધાંત 'ફ્રેન્ચ ક્રાંતિ'માંથી લેવામાં આવેલો છે. ભારત વિવિધ ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિઓનો બનેલો દેશ છે. તેથી બંધુત્વની ભાવનાનો વિકાસ થાય તે જરૂરી છે.

માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણાના અનુચ્છેદ-1માં પણ બંધુત્વની ભાવના વિકસાવવાની જરૂરતનો સ્વીકાર કરાયો છે.

યુનોના ડિકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સમાં પણ બંધુત્વની ભાવનાને સ્વીકૃતિ આપવામાં આવી છે.

## 1.5 ઉપસંહાર :

બંધારણના ઘડવૈયાઓએ દેશના નાગરિકોને શું આપવું છે તેમજ તેના નાગરિકોમાં કેવી ભાવના વિકસાવવી તેના પર ભાર અપાયો છે, જે 'આમુખ' દ્વારા સ્પષ્ટ, થાય છે. આપણા બંધારણથી 'કલ્યાણ રાજ્ય' સ્થાપવાનો હેતુ સ્પષ્ટ થાય છે. કોઈ પણ કાયદાને પૂરી રીતે સમજવા માટે તેના આમુખ પર ધ્યાન આપવું જરૂરી છે. બંધારણનું અર્થઘટન આમુખમાં વ્યકત કરાયેલા આદર્શોના સંદર્ભમાં થવું જોઈએ.

## 1.6 ચાવીરૂપ શબ્દો

1. **બંધારણીય સુધારો :**

   બંધારણીય સુધારો એ બંધારણમાં સુધારો કરવાની એક પ્રક્રિયા છે.

2. **સામાજિક ન્યાય :**

   સામાજિક ન્યાય એટલે સંપત્તિ, તક, દરજ્જો, જાતિ, ધર્મ, જ્ઞાતિ વગેરે અસમાનતા દૂર કરી સમાજના દરેક વર્ગનો વિકાસ કરવો.

**3. આર્થિક ન્યાયઃ**

*આર્થિક ન્યાય એટલે દરેક વ્યક્તિને જ્ઞાતિ, જાતિ કે સામાજિક, દરજ્જાનાઆધારે નહિ પરંતુ, 'સમાન કામ માટે સમાન વેતન' મળવું જોઈએ.*

**4. રાજકીય ન્યાયઃ**

*રાજકીય ન્યાય એટલે રાજકીય બાબતમાં જુદા-જુદા લોકો વચ્ચે ગેરવાજબી કે આપખુદ રીતે ભેદભાવ કરી શકાશે નહીં.*

**5. પ્રત્યક્ષ લોકશાહીઃ**

*પ્રત્યક્ષ લોકશાહીમાં રાજકીય સાર્વભૌમત્વ પ્રજામાં સ્થાપિત થયેલું હોય છે.*

**6. પરોક્ષ લોકશાહીઃ**

*પરોક્ષ લોકશાહીમાં સાર્વભૌમત્વ મતદારોના પ્રતિનિધિઓમાં સ્થાપિત થયેલું હોય છે.*

**7. પ્રજાસત્તાકઃ**

*પ્રજાસત્તાક એટલે આખરી સત્તા લોકોમાં સ્થાપિત થયેલી હોય છે.*

---

## 1.7 તમારી પ્રગતિ ચકાસોઃ

---

(ક) **બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપોઃ**

1) *ભારતીય બંધારણના આમુખનો સ્રોત જણાવો.*

A) *અમેરિકા*

B) *જાપાન*

C) *રશિયા*

D) *આયરલેન્ડ*

2) *બંધારણનો આત્મા કોને કહેવાય છે?*

A) *મૂળભૂત ફરજો*

B) *આમુખ*

C) *મૂળભૂત અધિકારો*

D) *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો*

3) *ભારતીય બંધારણની શરૂઆત ક્યાંથી થાય છે?*

A) *આમુખ*

B) મૂળભૂત ફરજો
C) મૂળભૂત અધિકારો
D) રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો

4) ભારતીય બંધારણને સમજવાની ચાવી કોને કહેવામાં આવે છે?
A) મૂળભૂત અધિકારો
B) મૂળભૂત ફરજો
C) રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો
D) આમુખ

5) ક્યાં બંધારણીય સુધારા દ્વારા 'સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને અખંડિતતા' આમુખમાં ઉમેરાયા?
A) 43 મો બંધારણીય સુધારા
B) 42 મો બંધારણીય સુધારા
C) 40 મો બંધારણીય સુધારા
D) 44 મો બંધારણીય સુધારા

6) ભારતીય બંધારણ સભામાં ઉદ્દેશ પ્રસ્તાવ રજૂ કરનાર મહાનુભાવ કોણ હતા?
A) ડો.બાબાસાહેબ આંબેડકર
B) કનૈયાલાલ મુનશી
C) જવાહરલાલ નેહરુ
D) ગાંધીજી

7) ભારતીય બંધારણ સભામાં ઉદ્દેશ પ્રસ્તાવ ક્યારે રજૂ થયો હતો?
A) 13 ડિસે. 1946
B) 13 માર્ચ 1948
C) 13 ડિસે. 1947
D) 22 જાન્યુ. 1946

8) ભારતીય બંધારણ સભામાં ઉદ્દેશ પ્રસ્તાવનો સ્વીકાર ક્યારે થયો?
A) 13 માર્ચ 1947
B) 22 જાન્યુ. 1947

C) 22 એપ્રિલ 1946

D) 26 જાન્યુ. 1947

9) *ભારતીય બંધારણના આમુખમાં કેટલા પ્રકારના ન્યાય આપેલા છે?*

A) *પાંચ*

B) *બે*

C) *ત્રણ*

D) *એક*

10) *'આમુખ રાજકીય કુંડળી છે.' એ કોણે કહ્યું છે?*

A) *કે.એમ. મુનશી*

B) *એન.એ.પાલખીવાલા*

C) *ડો.બાબાસાહેબ આંબેડકર*

D) *ઉપરમાંથી એક પણ નહિ*

11) *આમુખને બંધારણનું હદય કોણે ગણાવ્યું?*

A) *ડો.બાબાસાહેબ આંબેડકર*

B) *પંડિત ઠાકુરદાસ ભાર્ગવ*

C) *કે.એમ.મુનશી*

D) *એમ. હિદાયતુલ્લા*

12) *'આમુખ એ બંધારણનું ઓળખપત્ર છે.' એ કોણે કહ્યું છે?*

A) *પંડિત ઠાકુરદાસ ભાર્ગવ*

B) *એન. હિદાયતુલ્લા*

C) *કે.એમ.મુનશી*

D) *એન.એ.પાલખીવાલા*

**જવાબો:**

1. A, 2. B, 3. A, 4. D, 5. B, 6. C, 7. A, 8. B, 9. c, 10. A, 11. B, 12. D

(ખ) **પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.**

1) *બંધારણના અર્થઘટનમાં 'આમુખ' નું મહત્ત્વ સમજાવો.*

(ગ) **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1) *'સાર્વભૌમ' એટલે શું?*

2) *'બિનસાંપ્રદાયિકતા' એટલે શું?*

3) *'લોકશાહી' એટલે શું?*

## 1.8 ઉપયોગી પુસ્તકોની યાદી


1. Dr. Rega Surya Rao; 'Lectures on Constitutional Law', Asia Law House, 2011
2. 'The Constitution of India', Professional Book Publishers, 2013
3. H.M. Seervai; 'Constitational Law Law of India', Volume-1, Third Edition, 1983
4. Dr. T.N. Pandey; 'Constitutional Law of India', Central Law Agency, 2018
5. *પી.એન.બક્ષી; 'કોન્સ્ટિટ્યૂશન ઓફ ઈન્ડિયા', લૉ પબ્લિકેશન,* 2010

| એકમ-2 | મૂળભૂત અધિકારો |
|---|---|

-: રૂપરેખા :-


**2.0** અભ્યાસના ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** મૂળભૂત અધિકારો

- **2.2.1** 'રાજ્યલ્ક ની વ્યાખ્યા (અનુ.12)
- **2.2.2** મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા અથવા તેમાં ઘટાડો કરતાં કાયદા (અનુ.13)
- **2.2.3** સમાનતાનો અધિકાર (અનુ.14થી 18)
  - **2.2.3.1** કાયદા સમક્ષ સમાનતા (અનુ.14)
  - **2.2.3.2** ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણ રાતા ભેદભાવ પર પ્રતિબંધ(અનુ.15)
  - **2.2.3.3** જાહેર રોજગારીની બાબતમાં તકની સમાનતા (અનુ.16)
  - **2.2.3.4** અસ્પૃશ્યતાની નાબૂદી (અનુ.17)
  - **2.2.3.5** ખિતાબોની નાબૂદી (અનુ.18)
- **2.2.4** સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ.19 અને 20)
  - **2.2.4.1** સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ.19)
    - **(A)** વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય (અનુ.19(1)એ)
    - **(B)** શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1)બી)
    - **(C)** મંડળો તથા સંઘો રચવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1) (સી)
    - **(D)** ભારતના પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે ફરવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1)ડી)
    - **(E)** ભારતના પ્રદેશના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1)ઈ)
    - **(F)** મિલકતનો મૂળભૂત અધિકાર (અનુ.19(1)એફ) રદ કરાયેલ છે.
    - **(G)** ગમે તે વ્યવસાય અથવા કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1)જી)
  - **2.2.4.2** ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ (અનુ.20)
  - **2.2.4.3** જીવન અને શારીરિક સ્વાતંત્ર્યનું રક્ષણ (અનુ.21)
  - **2.2.4.4** નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ (અનુ.21A)

2.2.4.5 કેટલાક પ્રસંગોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ (અનુ.22)
2.2.5 શોષણ વિરુદ્ધનો અધિકાર (અનુ.23 અને 24)
2.2.5.1 મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપરનો પ્રતિબંધ (અનુ.23)
2.2.5.2 કારખાનાંઓ વગેરેમાં નોકરીએ રાખવાનો પ્રતિબંધ (અનુ.24)
2.2.6 ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ.25 થી 28)
2.2.6.1 અંતઃકરણનું અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારનું સ્વાતંત્ર્ય (અનુ.25)
2.2.6.2 ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય (અનુ.26)
2.2.6.3 ચોક્કસ ધર્મની અભિવૃદ્ધિ માટે કર ચૂકવણીનું સ્વાતંત્ર્ય (અનુ.27)
2.2.6.4 અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક પ્રાર્થનામાં હાજરી આપવા અંગે સ્વતંત્રતા (અનુ.28)
2.2.7 સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુ.29 અને 30)
2.2.7.1 લઘુમતીઓનાં હિતોનું રક્ષણ (અનુ.29)
2.2.7.2 શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર (અનુ.30)
2.2.8 બંધારણીય ઉપચારોનો અધિકાર(અનુ.32)
2.2.8.1 બંદી પ્રત્યક્ષીકરણ
2.2.8.2 પરમાદેશ
2.2.8.3 પ્રતિષેધ
2.2.8.4 ઉત્પ્રેષણ
2.2.8.5 અધિકાર પૃચ્છા
2.3 ઉપસંહાર
2.4 ચાવીરૂપ શબ્દો
2.5 તમારી પ્રગતિ ચકાસો
2.6 ઉપયોગી પુસ્તકોની યાદી

## 2.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીમિત્રો મૂળભૂત અધિકારોની જોગવાઈઓ વિગતવાર સમજી શકાશે.*
- *વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણ દ્વારા સમાનતાનો અધિકાર, સ્વાતંત્ર્યનો અધિકાર, શોષણ વિરુદ્ધનો અધિકાર, ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર, સાંસ્કૃતિક અને*

શૈક્ષણિક અધિકાર તેમજ બંધારણીય ઉપચારોના અધિકારનો વિગતવાર અભ્યાસ કરીશું અને સાથે સાથે તેને લગતા કેસોનો પણ અભ્યાસ કરીશું.

- મૂળભૂત અધિકારો પર જાહેર નીતિમત્તા, ભારતના સાર્વભોમત્વ અને અખંડિતતા, જાહેર વ્યવસ્થાના હિતમાં જે નિયંત્રણો મુકાયાં છે, તે અંગેની માહિતી વિસ્તારપૂર્વક મેળવી શકાશે.
- અંતમાં, મૂળભૂત અધિકારોનું હનન થાય તો શું ઉપચાર (Remedy) પ્રાપ્ત થાય છે, તેની પણ ચર્ચા કરવામાં આવી છે.

## 2.1 પ્રસ્તાવના

મૂળભૂત અધિકારો નાગરિકના વ્યક્તિત્વના સર્વોચ્ચ વિકાસ માટે જ હોવાથી તેને મૂળભૂત ગણવામાં આવ્યા છે. મૂળભૂત શબ્દ પરથી જ ખ્યાલ આવે કે આ કોઈ સામાન્ય અધિકાર નથી, પરંતુ વ્યક્તિના વિકાસ અને રક્ષણ કરતા મૂળભૂત અધિકારો છે.

મૂળભૂત અધિકારોને 'મેગ્નાકાર્ટા' તરીકે ઓળખવામાં આવે છે. ઈંગ્લેંડના રાજા દ્વારા ઈ.સ. 1215માં 'મેગ્નાકાર્ટા' નામક અધિકારોનું પત્ર બહાર પડાયું હતું.

ભારતીય બંધારણના પ્રારંભ સમયે મૂળભૂત અધિકારોની સંખ્યા 7 (સાત) હતી, વર્તમાનમાં મૂળભૂત અધિકારોની સંખ્યા 6 (છ) છે.

ભારતીય બંધારણના વિભાગ-3 માં અનુચ્છેદ 12થી 35માં 'મૂળભૂત અધિકારો' નો ઉલ્લેખ છે.

**ભારતીય બંધારણમાં છ પ્રકારના મૂળભૂત અધિકારો છે:**

1) સમાનતાનો અધિકાર (અનુચ્છેદ 14થી 18)
2) સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ.19થી 22)
3) શોષણ વિરુદ્ધનો અધિકાર (અનુ.23 અને 24)
4) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુ.25થી 28)
5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુ.29 અને 30)
6) બંધારણીય ઉપચારોનો અધિકાર (અનુ.32)

## 2.2 મૂળભૂત અધિકારો

### 2.2.1 'રાજ્ય' ની વ્યાખ્યા (અનુ.12)

અનુ.12માં રાજ્યની વ્યાખ્યા આપવામાં આવેલી છે.
અનુ.12 હેઠળ નીચેની સંસ્થા અને સત્તામંડળોનો રાજ્યમાં સમાવેશ થાય છે.

1) ભારતની સંસદ અને સરકાર
2) રાજ્યોના વિધાનમંડળો અને સરકાર
3) તમામ સ્થાનિક સત્તા

4) *ભારતનાં રાજ્યક્ષેત્રોમાં કે તેના નિયંત્રણ હેઠળની સત્તાઓ સ્થાનિક સત્તાઓમાં પંચાયત, નગરપાલિકા, જિલ્લા બોર્ડ વગેરેનો સમાવેશ થાય છે.*

*અનુ. 12માં આપવામાં આવેલી 'રાજ્ય' ની વ્યાખ્યામાં ભારત સરકાર અને રાજ્યનાં વહીવટીતંત્રો, ધારાગૃહો તેમજ ભારતનાં રાજ્યક્ષેત્રમાં કે તેના અંકુશમાં હોય તેવા તમામ સ્થાનિક કે બીજા સત્તાધિકારી કે સત્તામંડળનો સમાવેશ થાય છે. રાજ્ય કોને ગણવું અને કોને ન ગણવું, તે બાબતના અનેક ચુકાદા છે.*

**રિજુપ્રસાદ શર્મા વિ.આસામ રાજ્ય (2015) 42 SC 764**

*આ કેસમાં પ્રશ્ન એ હતો કે શું ન્યાયતંત્રને પણ અનુ.12 પ્રમાણે 'અન્ય સત્તામંડળ'માં સમાવિષ્ટ કરી શકાય? આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે ન્યાયતંત્રને અનુ.12 પ્રમાણે રાજ્ય કે અન્ય સત્તામંડળ ઠરાવી શકાય નહીં.*

### 2.2.2 મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા અથવા તેમાં ઘટાડો કરતો કાયદોઃ (અનુ.13)

1) *આ બંધારણના અમલની તરત પહેલાં ભારતના પ્રદેશોમાં અમલમાં હોય તે તમામ કાયદા. આ ભાગની જોગવાઈઓ સાથે અસંગત હોય, તો તે અસંગતતા પૂરતા રદબાતલ ગણાશે.*
2) *આ ભાગથી અપાયેલા અધિકારો છીનવતો કે ઓછા કરતો કોઈ કાયદો રાજ્ય કરી શકશે નહીં અને આ ક્લોઝનો ભંગ કરી કરેલો એવો કોઈ કાયદો, તે ભંગ પૂરતો રદબાતલ ગણાશે.*
3) *આ અનુચ્છેદમાં સંદર્ભથી વિરુદ્ધનું વ્યક્ત થાય તે સિવાય.*

a) *'કાયદા' માં કોઈ પણ વટહુકમ, હુકમ, પેટાકાયદો, નિયમ, નિયમન, જાહેરનામું અને ભારતમાં કાયદાનું બળ ધરાવતા રિવાજનો અને પ્રથાનો સમાવેશ થાય છે.*
b) *'અમલમાં હોય તેવા કાયદા'માં બંધારણના પ્રારંભ પૂર્વ ભારતના પ્રદેશમાં કોઈ પણ વિધાનગૃહ અથવા સક્ષમ અધિકારીઓએ પસાર કરેલ કે ઘડેલ કાયદાઓ અને તેમાં જેને રદ કરાયેલ ન હોય, તેવા કાયદાઓનો સમાવેશ થાય છે.*
c) *આ અનુચ્છેદમાંનું કોઈ અનુ.368 હેઠળ બંધારણમાં કરેલા કોઈ સુધારાને લાગુ પડશે નહીં.*

### 2.2.3 સમાનતાનો અધિકાર (અનુ.14થી 18)

### 2.2.3.1 કાયદા સમક્ષ સમાનતા (અનુ.14)

*ભારતના રાજ્યક્ષેત્રમાં કોઈ વ્યક્તિને રાજ્ય દ્વારા કાયદા સમક્ષ સમાનતા અથવા કાયદાના સમાન રક્ષણનો ઈનકાર કરી શકાશે નહીં.*

*અનુ.14માં બે ખ્યાલો* (concepts) *જોવા મળે છે:*

1.*કાયદા સમક્ષ સમાનતા*
2.*કાયદાનું સમાન રક્ષણ*

*'કાયદા સમક્ષ સમાનતા'નો ખ્યાલ મૂળ 'લેમન લો' નો ખ્યાલ છે. જ્યારે 'કાયદાનું સમાન રક્ષણ'નો ખ્યાલ અમેરિકાના બંધારણમાંથી લેવાયો છે.*

અનુ.14 માં અપાયેલ વિશેષાધિકાર

- રાષ્ટ્રપતિ
- રાજ્યપાલ
- સાંસદ સભ્યો
- રાજ્યોની વિધાન મંડળનાં સભ્યો
- * વિદેશી રાજદુતો
  * વિદેશી શાસકો
  * સંયુકત રાષ્ટ્ર સંગઠન અને તેની સંસ્થાઓ

*દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે. તે ખ્યાલ બંધારણમાં સ્વીકાર્યો હોવા છતાં રાષ્ટ્રપતિ, રાજ્યપાલ, વિદેશી એલચીઓ, રાજદૂતો કેટલાક વિશેષાધિકારો ભોગવે છે.*

- *કાયદા સમક્ષ સમાનતા એટલે કોઈ વર્ગ કે વ્યક્તિની તરફેણમાં રાજ્ય ખાસ વિશેષાધિકારો ઊભા કરી કરશે નહીં.*
- *ખાસ કારણસર રાષ્ટ્રપતિ, રાજ્યપાલ વિદેશી રાજદૂતોને વિશેષાધિકારો અપાયા છે.*
- *એકસરખા સંજોગોમાં મુકાયેલ દરેક વ્યક્તિ તરફ કાયદાનો સમાન વર્તાવ કરવામાં આવશે.*

*કાયદાના સમાન રક્ષણના ખ્યાલનો અર્થ થાય છે કે સમાન સંજોગોમાં કાયદાનો વ્યવહાર સમાન જ હોવો જોઈએ.*

**એર ઈન્ડિયા વિ.નરગિસ મિરઝા**
(AIR 1981 SC 1829)

*આ કેસમાં બાબત એવી હતી કે એર હોસ્ટેસ ૩૦ વર્ષની ઉંમરે, અથવા લગ્ન કરે ત્યારે, બેમાંથી જે વહેલું બને ત્યારે નિવૃત્ત થશે. તેમાં પ્રથમ સગર્ભાવસ્થાનો સમાવેશ*

*કરાયો હતો એટલે કે પ્રથમ સગર્ભાવસ્થાના સમયે ફરજિયાત નિવૃત્તિની જોગવાઈ કરાયેલ હતી.*

*આ કેસમાં ઠરાવાયું કે સગર્ભાવસ્થા સામે ઉત્પન્ન કરાયેલ બાધ ગેરબંધારણીય છે. અને તેનાથી અનુ.14નો ભંગ થાય છે.*

**વાજબી વર્ગીકરણ :-**

*અનુ.14થી કોઈ વ્યક્તિ કે વર્ગને અલગ રાખી તેમના પ્રત્યે ભેદભાવ દર્શાવતો કાયદો ઘડવામાં રાજ્ય પર પ્રતિબંધ ફરમાવાયેલ છે. રાજ્યની વર્ગીકરણ કરવાની સત્તા નિરંકુશ કે અમર્યાદિત નથી.*

*જુદા-જુદા વર્ગ માટે જુદા પ્રકારના કાયદા હોઈ શકે છે.*
*જેમ કે, વકીલ, ડોક્ટર, સ્ત્રીઓ, સગીર વગેરે માટે જુદા કાયદા છે.*

*કોઈ વર્ગીકરણ વાજબી છે કે કેમ તે નક્કી કરવા નીચેની શરતોનું પાલન થવું જરૂરી છે.*

1) *જે વર્ગ અલગ ઉત્પન્ન કરાયો છે તે વર્ગ, બીજા વર્ગથી અલગ ગુણધર્મો ધરાવે છે તે આધારે વર્ગીકરણ કરાયું હોવું જોઈએ.*
2) *કાયદાના હેતુઓને તે ગુણધર્મો સાથે વાસ્તવિક સંબંધ હોવો જોઈએ*
   *ભારતીય કરારના કાયદા હેઠળ સગીર વ્યક્તિ કરાર કરવાને સમર્થ નથી. કરારના કાયદાથી પુખ્ત વયની વ્યક્તિ અને સગીર વ્યક્તિ એમ બે વર્ગો નક્કી કરાયા છે.*

**ડો.સુબ્રમણ્યમ સ્વામી વિ. રાજુ**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે 18 વર્ષથી નીચેના તમામ ગુનેગારોનું તેમની બૌદ્ધિક ક્ષમતા ધ્યાનમાં લીધા સિવાય કરવામાં આવેલ વર્ગીકરણ કાયદેસર છે. તેનાથી અનુ. – 14નો ભંગ થતો નથી.*

*18 વર્ષથી નીચેના ગુનેગારોની ન્યાયિક કાર્યવાહી કિશોર ન્યાયધારો 1968 હેઠળ 18 વર્ષથી ઉપરના ગુનેગારોની ન્યાયિક કાર્યવાહી ફોજદારી કાર્યવાહીના કાયદા-1973 મુજબ ચલાવવામાં આવે છે.*

*આ વર્ગીકરણને કાયદાના હેતુ સાથે વાજબી સંબંધ છે.*

### 2.2.3.2 ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવ પર પ્રતિબંધ (અનુ.15)

1) *કોઈ નાગરિકની સામે ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન અથવા એમાંના કોઈ કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહીં.*
2) *કોઈ પણ નાગરિક*

a) દુકાનો, જાહેર નાસ્તાગૃહો, હોટલો અને જાહેર મનોરંજનનાં સ્થળોએ પ્રવેશ: અથવા

b) રાજ્યનિધિમાંથી સંપૂર્ણપણે કે આંશિક રીતે નિભાવાતા કૂવાઓ, તળાવો, સ્નાનાગારો, રસ્તાઓ અને જાહેર સ્થળોના ઉપયોગ બાબત માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ અથવા તેમાંના કોઈ પણ એક કારણસર કોઈ પણ પ્રકારની અસમર્થતા, જવાબદારી, નિયંત્રણ કે શરતને આધીન થશે નહીં.

3) આ અનુચ્છેદમાંનું કાંઈ રાજ્યને સ્ત્રીઓ, અને બાળકો માટે ખાસ જોગવાઈ કરતાં અટકાવશે નહીં.

4) આ અનુચ્છેદમાનું કાંઈ અથવા અનુ.29(2)માંનું કાંઈ રાજ્યને નાગરિકોના સામાજિક કે શૈક્ષણિક રીતે પછાત વર્ગો કે અનૂસુચિત જાતિ કે અનૂસુચિત જનજાતિની ઉન્નતિ માટે ખાસ જોગવાઈ કરતાં અટકાવશે નહીં.


5) આ અનુચ્છેદ અથવા અનુ.19 (1)(જી)માંનું કાંઈ રાજ્યને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત નાગરિકોના વર્ગો અથવા અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની ઉન્નતિ માટે કાયદાથી ખાસ જોગવાઈ આવી ખાસ જોગવાઈ અનુ.30(1)માં ઉલ્લેખેલ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ સિવાય, રાજ્ય અનુદાન મેળવતી કે ન મેળવતી ખાનગી સંસ્થાઓ સહિત તેમના પ્રવેશ સંબંધમાં હોય ત્યાં સુધી, કરતાં અટકાવશે નહીં.

અનુ.15થી સ્પષ્ટ દર્શાવેલ છે કે માત્ર ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ કે જન્મસ્થાનનાં કારણોસર ભેદભાવ કોઈ નાગરિક સામે કરી શકાય નહીં. આ અનુચ્છેદ હેઠળના વિશેષાધિકારો ફક્ત નાગરિકને મળે છે.

અનુ.15 (1) અને અનુ. 15 (3)ની જોગવાઈઓ દર્શાવે છે કે લિંગ (sex)નાં કારણોસર ભેદભાવ થઈ શકે નહીં. પરંતુ સ્ત્રીઓ અને બાળકો માટેની ખાસ જોગવાઈ કાયદેસર છે.

જેમ કે,

મહિલા કોલેજ, મહિલાઓ માટે બસમાં અનામત બેઠકો વગેરે કાયદેસર છે.



**ઈન્દ્ર સહાની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (માંડલ કમિશન કેસ)**
AIR 1993 SC 477

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ કે સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવામાં જ્ઞાતિ અનિવાર્ય પરિબળ નથી. આ કેસમાં ઠરાવાયું કે શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો માટે અનામત જગ્યાઓનું ધોરણ 50%થી ઓછું હોવું જોઈએ આ કેસમાં 68% અનામતની જોગવાઈ રદ કરવામાં આવેલ.*

**2.2.3.3 જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતા (અનુ.16)**

*રાજ્ય દ્વારા જાહેર કરવામાં આવતી રોજગારીમાં દરેક નાગરિકને સમાન તક પૂરી પાડવામાં આવે છે, જે રહેણાક વિસ્તાર જેવી બાબતો અંતર્ગત કોઈ પણ વ્યક્તિ સાથે ભેદભાવ થશે નહિ અને તેથી ઉપરોક્ત કારણોસર ગેરલાયક ઠેરવી શકાશે નહીં.*

*તેમ છતાં, અનુ.16 અંતર્ગત નોંધાયું છે કે જે કોઈ વર્ગનું જાહેર સેવાઓમાં પ્રમાણ ઓછું હોય તે વર્ગ માટે રાજ્ય સરકાર વિશેષ અનામતની વ્યવસ્થા કરી શકશે તેમજ ધાર્મિક સંસ્થાઓના વડાના હોદ્દા તરીકે તે જ ધર્મનો વ્યક્તિ હોય અને કોઈ જાહેર સેવા માટે સંસદને સત્તા છે કે તે રહેણાકની શરત મૂકી શકશે એટલે કે કોઈ ચોક્કસ વિસ્તારના વ્યક્તિઓ જ તે જાહેર સેવા માટે અરજી કરી શકે.*

1) *રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે.*
2) *કોઈ નાગરિક ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, કુળ, જન્મસ્થાન, નિવાસ અથવા એમાંના કોઈ કારણે રાજ્ય હેઠળની કોઈ નોકરી અથવા હોદ્દા માટે અયોગ્ય ગણાશે નહિ અથવા તેની સામે ભેદભાવ કરી શકાશે નહીં.*
3) *રાજ્ય અથવા સંઘ પ્રદેશની સરકાર અથવા તેની અંદરના કોઈ સ્થાનિક કે અન્ય સત્તાધિકારી હેઠળની કોઈ રોજગારી કે હોદ્દા પરની નિમણૂકના પ્રકાર કે પ્રકારો સંબંધી આવી રોજગારી કે નિમણૂક પહેલા તે રાજ્ય કે સંઘ પ્રદેશમાં નિવાસસ્થાનની જરૂરિયાત નક્કી કરતાં કાયદો પસાર કરતાં સંસદને આ અનુચ્છેદમાંનું કોઈ અટકાવશે નહીં.*
4) *રાજ્યના અભિપ્રાય પ્રમાણે રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમનું પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા કોઈ પછાત વર્ગના નાગરિકોના લાભમાં નિમણૂકો કે જગાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આ અનુચ્છેદમાંનું કાંઈ રાજ્યને અટકાવશે નહીં.*

4.A) *રાજ્યના અભિપ્રાય મુજબ રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની તરફેણમાં રાજ્ય હેઠળની સેવાઓમાં અનામત રાખવા માટેની કોઈ પણ જોગવાઈ કરવામાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકૂરથી, અટકાવશે નહીં.*

4.B) *આ અનુચ્છેદનો કોઈ મજકૂર, રાજ્યને કોઈ વર્ષની ખાલી જગ્યાઓ જે-તે વર્ષમાં ક્લોઝ (4) અથવા ક્લોઝ (4A) હેઠળ અનામતની જોગવાઈ હેઠળ પૂરવા માટે અનામત રખાયેલ હોય તે જો વણપૂરાયેલ હોય તો આગામી વર્ષ કે વર્ષોમાં પૂરવા માટે ખાલી જગ્યાઓના અલગ વર્ગ તરીકે વિચારણા કરતાં અટકાવાશે નહીં, અને ખાલી જગ્યાઓના વર્ગને જે વર્ષમાં ખાલી જગ્યાઓ પૂરવામાં આવી રહી હોય તેની સાથે તે વર્ષના કુલ સંખ્યાના અનામતના 50%ની ટોચમર્યાદા નક્કી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

5) *કોઈ ધાર્મિક અથવા સાંપ્રદાયિક સંસ્થાના કામકાજ સંબંધમાં હોદ્દો ધરાવનાર તેવી સંસ્થાના સંચાલક મંડળનો કોઈ સભ્ય અમુક ધર્મ અથવા સંપ્રદાયનો હોવો જોઈએ. એવી જોગવાઈવાળા કોઈ કાયદાના અમલને આ કલમના કોઈ મજકૂરથી બાધ આવશે નહીં.*

*રાજ્ય હેઠળના કોઈ પણ હોદ્દા માટે રોજગારી અથવા નિમણૂકની બાબતોમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા સિદ્ધાંત અનુ.16(1)થી ઠરાવાયો છે.*

*રોજગારી અને નિમણૂકની બાબતોમાં રોજગારીની બાબત ઉપરાંત નિમણૂક, બઢતી, રજા, ગ્રેચ્યુઈટી, પેન્શન, નિવૃત્તિ, નોકરીનો અંત વગેરે તમામ બાબતોનો સમાવેશ થાય છે.*

**ચિત્રલેખા વિ. મૈસૂર**
AIR 1964, SC 1823

*સરકારે આર્થિક પરિસ્થિતિ અને વ્યવસાય એ બે મુદ્દાને આધારે પછાતપણું નક્કી કરેલ, જેમાં વાર્ષિક રૂ.1200 સુધીની આવક ધરાવતાં કુટુંબોને 'પછાત' ગણવામાં આવ્યાં હતાં. આ કિસ્સામાં સરકારે જ્ઞાતિને ધ્યાનમાં લીધા વિના પછાતપણું નક્કી કરેલ, જેને પડકારવામાં આવતાં, સર્વોચ્ચ અદાલતે, ઠરાવ્યું કે 'જ્ઞાતિ' પછાતપણું નક્કી કરવા માટેનું પરિબળ છે, જેને ધ્યાનમાં લેવું જરૂરી નથી.*

### 2.2.3.4 અસ્પૃશ્યતાની નાબૂદી (અનુ.17)

*'અસ્પૃશ્યતા' નાબૂદ કરવામાં આવી છે અને કોઈ પણ સ્વરૂપમાં તેના આચરણની મનાઈ કરવામાં આવી છે. 'અસ્પૃશ્યતા'માંથી ઉત્પન્ન થતી કોઈ પણ પ્રકારની અયોગ્યતાનો અમલ કાયદા પ્રમાણે શિક્ષાપાત્ર ગુનો છે.*

*ભારત સરકારે અસ્પૃશ્યતાને નાબૂદ કરવા વર્ષે 1955માં 'અનટચેબિલિટી ઓફેન્સ કાયદો' લાગુ કર્યો હતો અને તેમાં વર્ષ 1976માં સુધારો કરી તેને 'પ્રોટેકશન ઓફ સિવિલ રાઈટ્સ એક્ટ' નામ આપ્યું હતું.*

### 2.2.3.5 ખિતાબોની નાબૂદી (અનુ.18)

1) *લશ્કરી અથવા શૈક્ષિણક વિશિષ્ટતાઓ સૂચક ન હોય તેવો કોઈ પણ ખિતાબ રાજ્યથી એનાયત થઈ શકશે નહીં.*
2) *ભારતના કોઈ નાગરિકથી કોઇ વિદેશી રાજ્ય પાસેથી વિદેશી રાજ્ય પાસેથી કોઈ ખિતાબ સ્વીકારી શકાશે નહીં.*
3) *ભારતની નાગરિક ન હોય તેવી કોઇ પણ વ્યક્તિ રાજ્ય હેઠળનો કોઈ લાભદાયક અથવા વિશ્વાસનો હોદ્દો ધરાવતી હોય તે દરમિયાન તેમનાથી રાષ્ટ્રપતિની સંમતિ વિના કોઈ વિદેશી રાજ્ય પાસેથી કોઇ ખિતાબ સ્વીકારી શકાશે નહીં.*
4) *રાજ્ય હેઠળનો કોઇ લાભદાયક અથવા વિશ્વાસનો હોદ્દો ધરાવતી કોઈ પણ વ્યક્તિથી, રાષ્ટ્રપતિની સંમતિ વિના કોઇ વિદેશી રાજ્ય પાસેથી ભેટ કે વળતર અથવા તેની હેઠળ કોઈ પ્રકારનો હોદ્દો સ્વીકારી શકાશે નહીં.*

*લશ્કરી અને શૈક્ષણિક બાબતોમાં ખિતાબ આપી શકાશે તેમજ સર્વોચ્ચ અદાલતના* 1966 *ના ચુકાદા મુજબ ભારત રત્ન, પદ્મ વિભૂષણ, પદ્મભૂષણ, પદ્મ શ્રી એ ઉપાધિ નથી અને તે અનુ*-18*નો ભંગ કરતું નથી.*

*કોઈ લશ્કરી અફસરને 'જનરલ' ની પદવી એનાયત થાય કોઈને 'પંડિત' અથવા 'ડોક્ટર' ની પદવી એનાયત થાય તો તેનાથી અનુ.*18*નો ભંગ નથી.*

### 2.2.4 સ્વાતંત્ર્યનો અધિકાર (અનુ.19 અને અનુ.20)

### 2.2.4.1 સ્વાતંત્ર્યનો અધિકાર

*અનુચ્છેદ* - 19 *અંતર્ગત ભારતીય નાગરિકને છ સ્વતંત્રતાઓ અપાયેલી છે. મૂળ બંધારણની સાત સ્વતંત્રતા અપાયેલી હતી, પરંતુ* 44*મા બંધારણીય સુધારાથી મિલકત સ્વતંત્રતાનો અધિકાર રદ કરવામાં આવ્યો.*

1) *બધા નાગરિકોને-*

A. *વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય,*
B. *શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય,*
C. *મંડળો તથા સંઘો રચવાનું સ્વાતંત્ર્ય;*
D. *ભારતના પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે ફરવાનું સ્વાતંત્ર્ય;*
E. *ભારતના પ્રદેશના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય;*
F. 44*મા બંધારણીય સુધારાથી* 1979*માં રદ કરાયેલ છે.*
*(મિલકતનો મૂળભૂત અધિકાર)*
G. *ગમે તે વ્યવસાય અથવા કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનું સ્વાતંત્ર્ય.*

2) *કોઈ વિદ્યમાન કાયદો કે રાજ્ય કરે તેવો કોઈ કાયદો (ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા) રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીસંબંધો, જાહેરવ્યવસ્થા, શિષ્ટતા કે નીતિમત્તાના હિતમાં અથવા ન્યાયાલયના તિરસ્કાર,*

બદનક્ષી કે ગુના માટેની ઉશ્કેરણી અંગે ક્લોઝ (1) ના સબ-ક્લોઝ (A) થી અપાયેલા હક ભોગવવા ઉપર વાજબી નિયંત્રણો મૂકતો હોય તેટલે અંશે સદરહુ સબ ક્લોઝ કોઈ મજકૂરથી એવા વિદ્યમાન કાયદોના અમલને બાધ આવશે નહિ અથવા રાજ્યને એવો કોઈ કાયદો કરવામાં બાધ આવશે નહીં.

3) સદરહુ ક્લોઝના સબ-ક્લોઝ (B)ના કોઈ મજકૂરથી, સદરહુ સબ-ક્લોઝથી અપાયેલા હક ભોગવવા ઉપર (ભારતનાં સાર્વભૌમત્વ અને અખંડિતતા અથવા) જાહેર વ્યવસ્થાના હિતમાં કોઈ વિદ્યમાન કાયદો વાજબી નિયંત્રણો મૂકતો હોય તેટલે અંશે તેના અમલને બાધ આવશે નહિ અથવા તેવાં નિયંત્રણો મૂકતો કોઈ કાયદો કરવામાં રાજ્યને બાધ આવશે નહીં.

4) સદરહુ ક્લોઝના સબ-ક્લોઝ (C)ના કોઈ મજદૂરથી, સદરહુ સબ-ક્લોઝથી અપાયેલ હક ભોગવવા ઉપર (ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા અથવા), જાહેરવ્યવસ્થા અથવા નીતિમત્તાના હિતમાં કોઈ વિદ્યમાન કાયદો વાજબી નિયંત્રણો મૂકતો હોય એટલે અંશે તેના અમલને બાધ આવશે નહિ અથવા તેવાં નિયંત્રણો મૂકતો કોઈ કાયદો કરવામાં રાજ્યને બાધ આવશે નહીં.

5) સદરહુ (સબ-ક્લોસીઝ (D) અને (E) ના) કોઈ મજકૂરથી, સદરહુ સબ-ક્લોસીસથી અપાયેલા કોઈ પણ હક ભોગવવા ઉપર આમજનતાના હિતમાં અથવા કોઈ અનુસૂચિત આદિજાતિનાં હિતોના રક્ષણ માટે કોઈ વિદ્યમાન કાયદો વાજબી નિયંત્રણો મૂકતો હોય તેટલે અંશે તેના અમલને બાધ આવશે નહિ અથવા તેવાં નિયંત્રણો મૂકતો કોઈ કાયદો કરવામાં રાજ્યને બાધ આવશે નહીં.

6) સદરહુ ક્લોઝના સબ-ક્લોઝ (F) ના કોઈ મજકૂરથી સદરહુ સબ-ક્લોઝથી અપાયેલા હક ભોગવવા ઉપર આમ જનતાના હિતમાં કોઈ વિદ્યમાન કાયદો વાજબી નિયંત્રણ મૂકતો હોય તેટલે અંશે તેના અમલને બાધ આવશે નહિ અથવા તેવાં નિયંત્રણો મૂકતો કોઈ કાયદો કરવાનાં રાજ્યને બાધ આવશે નહિ અને ખાસ કરીને સદરહુ સબ-ક્લોઝના કોઈ મજકૂરથી વિધમાન કાયદોઃ

1. કોઈ વ્યવસાય અથવા કામકાજ, વેપાર કે ધંધો કરવા જરૂરી વ્યાવસાયિક અથવા ટેક્નિકલ લાયકાતો અથવા
2. રાજ્ય દ્વારા અથવા રાજ્યની માલિકી કે નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશન દ્વારા નાગરિકને પૂર્ણતઃ કે અંશતઃ બાકાત રાખીને કે બીજી રીતે થતાં કોઈ વેપાર, ધંધો, ઉદ્યોગ અથવા સેવાને લગતો હોય તેટલે અંશે તેના અમલને બાધ આવશે નહિ અથવા તે સંબંધમાં કોઈ કાયદો કરવામાં રાજ્યને બાધ આવશે નહીં.

(A) વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય (અનુ.19(1) એ)

અનુચ્છેદ. 19(1)(એ) હેઠળ ભારતના તમામ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મળેલું છે.

*અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય એટલે મૌખિક, લેખિત, ચિત્ર દ્વારા, છાપીને કે અન્ય રીતે નાગરિકને વિચારો અને માન્યતાઓ સ્વતંત્ર અને મુક્ત રીતે વ્યક્ત કરવાની છૂટ આપવામાં આવેલી છે.*

*અભિવ્યક્તિ શબ્દમાં પ્રગટ કરવાનો અને વિચારો વ્યક્ત કરવાનો સમાવેશ થઈ જાય છે. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં અન્ય વ્યક્તિના વિચારો પ્રગટ કરવાનો હક મળે છે.*

**બેનેટ કોલમેન એન્ડ કંપની લિ. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે વાણી સ્વાતંત્ર્યમાં અખબારી સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે, કારણ કે અખબારો શિક્ષણનું કામ કરે છે.*

(B) *શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય (અનુ.*19(1)*બી)*

*આ અનુચ્છેદથી ભારતના દરેક નાગરિકને શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય અપાયેલ છે. આ સ્વતંત્રતા ઉપર અનુ.*19(3)*થી જાહેર વ્યવસ્થા, ભારતનું સાર્વભૌમત્વ, અખંડિતતાના હિતમાં કાયદાથી વાજબી નિયંત્રણો મુકાયાં છે.*

(C) *મંડળો અને સંઘો રચવાનું સ્વાતંત્ર્ય (અનુ.*19(1)*સી)*

*અનુ.*19(1)*(સી) દ્વારા ભારતના નાગરિકોને મંડળો અથવા સંઘો રચવાનો મૂળભૂત અધિકાર આપવામાં આવેલ છે. આ અધિકાર લોકશાહી વ્યવસ્થાના પાયો છે.*

*આ અધિકાર પર અનુ.*19(4)*માં કરાયેલ જોગવાઈ દ્વારા નિયંત્રણો મૂકી શકાય છે.*

- *ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતા,*
- *જાહેરવ્યવસ્થાના હિતમાં,*
- *નીતિમત્તાના હિતમાં.*

(D) *ભારતનના પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે ફરવાનું સ્વાતંત્ર્ય (અનુ.*19(1)*ડી)*

*અનુ.*19(1)*(ડી)થી ભારતના તમામ નાગરિકોને સમગ્ર ભારતીય પ્રદેશમાં મુક્તપણે હરવા ફરવાના સ્વાતંત્ર્યની ખાતરી આપવામાં આવેલી છે. આ સ્વતંત્રતા ઉપર અનુ.*19(5)*થી જાહેરજનતાના હિતમાં રાજ્ય કાયદો ઘડીને વાજબી નિયંત્રણો મૂકી શકે.*

(E) *ભારતના પ્રદેશના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય (અનુ.*19(1)*ઈ) અનુ.*19(1)*(ઈ)થી દરેક નાગરિકને ભારતના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો મૂળભૂત અધિકાર અપાયેલો છે. આ અધિકાર ઉપર અનુચ્છેદ* 19(6)*થી જાહેરજનતાના હિતમાં અથવા અનૂસુચિત જાતિના હિતમાં રાજ્ય કાયદો ઘડીને વાજબી નિયંત્રણો મૂકી શકે.*

**સ્ટેટ ઓફ યુ.પી વિ.કૌશલ્યા**
AIR 1964 SC 416

*આ કેસમાં ઠરાવવામાં આવ્યું કે જાહેર નીતિમત્તાના કારણસર વેશ્યાઓને* (Prostitute)*ને અમુક સ્થળે રહેતા અટકાવી શકાય છે, અને તેથી વાજબી નિયંત્રણો લાદી શકાય છે.*

(F) **મિલકતનો અધિકાર (અનુચ્છેદ 19(1)એફ)**
*44મા બંધારણીય સુધારાથી આ મિલકતનો મૂળભૂત અધિકાર રદ કરાયો.*

(G) **ગમે તે વ્યવસાય અથવા કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનું સ્વાતંત્ર્ય (અનુ.19(1)(જી)**

*અનુ.*19(1)*(જી)થી ભારતના તમામ નાગરિકને ગમે તે વ્યવસાય, કામકાજ, વેપાર, ધંધો કરવાના મૂળભૂત અધિકારને ખાતરી આપવામાં આવેલ છે. આ અનુચ્છેદથી કોઈ નાગરિક પર ફરજ લાદી શકાતી નથી.*

*આ અનુચ્છેદ દ્વારા વેપાર-ધંધો નહિ કરવાના અધિકારનો પણ સમાવેશ થઈ જાય છે.*

*કોઈ પણ વેપાર, વ્યવસાય કરવા માટે વ્યાવસાયિક લાયકાત રાજ્ય નક્કી કરી શકે.*

*જેમકે, વકીલાત કરવા માટે કાયદા સ્નાતક હોવાનું જરૂરી છે.*

*અનુ.*19(1)*(જી)માં આપેલ અધિકાર ઉપર અનુચ્છેદ* 19(6) *પ્રમાણે જાહેરજનતાના હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની રાજ્યને સત્તા છે.*

### 2.2.4.2 ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ (અનુચ્છેદ - 20)

1. *કોઈ વ્યક્તિ ઉપર જે ગુનાનું તહોમત મુકાયું હોય તે કૃત્ય કરતી વખતે અમલમાં હોય તે કાયદાનો તેણે ભંગ કર્યો હોય તે સિવાયના કોઈ ગુના માટે તેને દોષિત ઠરાવી શકાશે નહિ તેમજ તેને ગુનો કરતી વખતે અમલમાં હોય તે કાયદા અનુસાર કરી શકાઈ હોત તેથી વધુ શિક્ષા કરી શકાશે નહીં.*
2. *એક જ ગુના માટે કોઈ પણ વ્યક્તિ ઉપર એકથી વધુ વાર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે નહીં.*
3. *કોઈ ગુનાનો આરોપ મુકાયેલો હોય એવી કોઈ વ્યક્તિને પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડી શકાય નહીં.*

### 2.2.4.3 જીવન અને શારીરિક સ્વાતંત્ર્યનું રક્ષણ (અનુ.21)

*કાયદાથી સ્થાપિત કાર્યરીતિ અનુસાર હોય તે સિવાય કોઈ વ્યક્તિને તેના જીવન અને શારીરિક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહીં.*

- *કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન જીવવાની સ્વાતંત્રતાથી વંચિત રાખી શકાય નહીં.*
- *ભારતે કાયદાની ઉચિત પ્રક્રિયાનો ખ્યાલ 'અમેરિકા'ના બંધારણમાંથી લીધો છે. જીવન અને શારીરિક સ્વતંત્રતામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.*

- ગુપ્તતાનો અધિકાર
- જીવન નિર્વાહનો અધિકાર
- શિક્ષણનો અધિકાર
- ઝડપી ન્યાયિક કાર્યવાહીનો અધિકાર
- મફત ન્યાય અને કાનૂની સહાય મેળવવાનો અધિકાર
- કેદ કે અટકાયત દરમિયાન શોષણ વિરુદ્ધનો અધિકાર
- માહિતીનો અધિકાર (RTI)
- જેલમાં શોષણ વિરુદ્ધનો અધિકાર
- વિદેશમાં જવાનો અધિકાર
- ઊંઘનો અધિકાર
- પ્રદૂષણ રહિત સ્વચ્છ પર્યાવરણમાં જીવવાનો અધિકાર
- કેદીને જીવનની પ્રાથમિક જરૂરિયાતનો અધિકાર
- મહિલાઓને આદર અને સન્માનપૂર્વક વ્યવહાર મેળવવાનો અધિકાર
- સ્વાસ્થ્યનો અધિકાર
- અમાનવીય વ્યવહાર વિરુદ્ધનો અધિકાર
- વીજળીનો અધિકાર

**મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**
AIR 1978 SC 597

આ કેસમાં મેનકા ગાંધીનો પાસપોર્ટ જપ્ત કરાયો હતો. સરકારનો બચાવ એવો હતો કે સરકારને passport Act હેઠળ પાસપોર્ટ જપ્ત કરવાની સત્તા હતી. સરકારના આ હુકમને અનુ.21 હેઠળ પડકારવામાં આવ્યો હતો. સરકારનો બચાવ એવો હતો કે વિદેશ જવાનો અધિકાર મૂળભૂત અધિકાર ગણી શકાય નહિ.
વિદેશ જવાનો અધિકાર ભલે મૂળભૂત અધિકાર તરીકે માન્ય ન હોય પરંતુ તેના વિના હરવા-ફરવાનો મૂળભૂત અધિકાર, સારી રીતે વાપરી શકાતો નથી. આ કેસમાં અનુ.21નો ભંગ થતો હોવાનું ઠરાવવામાં આવેલ.

### 2.2.4.4 નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ (અનુચ્છેદ - 21A)

રાજ્ય કાયદાથી નક્કી કરે તે રીતે રાજ્ય 6 થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ આપશે.

86ના બંધારણીય સુધારાથી 2002માં આ અનુચ્છેદ નવો ઉમેરાયેલ છે.
ભારતીય સંસદે 'રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ 2010' દ્વારા 6થી 14 વર્ષની વયનાં તમામ બાળકોને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત થાય તેવો કાયદો ઘડ્યો છે.

**ઉન્ની ક્રિશ્નન વિ. સ્ટેટ ઓફ એ.પી.**
AIR (1993) SCC 645

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે સૌ પ્રથમ વાર જ શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે ઠરાવેલ છે. આ કેસમાં શિક્ષણના અધિકારને અનુ.21 હેઠળ જીવનના અધિકારના ભાગ તરીકે ગણવામાં આવેલ છે.*

### 2.2.4.5 કેટલાક પ્રસંગોમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ (અનુ.22)

*અનુ.22 નાગરિક અને બિન નાગરિક બંનેને નીચેની પરિસ્થિતિમાં મળે છે.*
- *ધરપકડ કરાયેલ વ્યક્તિને 'સામાન્ય કાયદા' હેઠળ રક્ષણ*
- *જ્યારે વ્યક્તિની અટકાયત, 'નિવારક અટકાયત કાયદા' પ્રમાણે કરવામાં આવે ત્યારે રક્ષણ અનુ.22 (1) અને અનુ.22(2) થી 'સામાન્ય કાયદા' હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિને કેટલુંક રક્ષણ પૂરું પાડવામાં આવેલ છે. જે કોઈ વ્યક્તિની ધરપકડ કરાયેલ હોય, તેને નીચે પ્રમાણે અધિકારો મળે છેઃ*

- *કોઈ પણ વ્યક્તિને તેની ધરપકડનાં કારણોની શક્ય તેટલી જલદીથી જાણ કર્યા સિવાય, તેને કસ્ટડીમાં રાખી શકાય નહીં.*
- *આવી દરેક વ્યક્તિને પોતાની પસંદગીના વકીલની સલાહ લેવાનો અને તેના મારફતે રજૂઆત કરવાનો અધિકાર છે.*
- *જેની ધરપકડ થાય તેને 24 કલાકમાં સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જોઈએ.*
- *24 કલાકથી ઉપરાંતના સમય માટે કસ્ટડીમાં રાખવા માટે મેજિસ્ટ્રેટની પરવાનગી હોવી જોઈએ.*

  *અનુ.22માં ક્લોઝ (4)થી (7)માં 'નિવારક અટકાયત કાયદા હેઠળ અટકાયત થઈ હોય ત્યારે જે રક્ષણ પ્રાપ્ત થાય તે દર્શાવાયા છે.*
- *3 માસથી વધુ અટકાયતમાં રાખી શકાય નહીં.*

  *3 માસથી વધુ અટકાયત માટે હાઈકોર્ટના ન્યાયાધીશની મંજૂરી લેવી પડે.*
- *અટકાયતનું કારણ બતાવવું જોઈએ તેમ છતાં જાહેર હિત સંકળાયેલું હોય તેવી બાબતોનાં કારણો દર્શાવવા જરૂરી નથી.*
- *અટકાયત વિરુદ્ધ આરોપીને પોતાની વાત મૂકવાની સ્વતંત્રતા મળવી જોઈએ.*

### 2.2.5 શોષણ વિરુદ્ધનો અધિકાર (અનુ.23 અને અનુ.24)
### 2.2.5.1 મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપરનો પ્રતિબંધ (અનુ.23)

1) *મનુષ્ય વેપાર અને વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજા કોઈ પ્રકારની મજૂરીનો પ્રતિબંધ કરવામાં આવે છે અને જોગવાઈનું ઉલ્લંઘન કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.*

2) *જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવા કરાવવામાં આ અનુચ્છેદમાંનું કાંઈ રાજ્યને રોકશે નહિ અને આવી સેવા કરાવવામાં રાજ્ય ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, વંશ કે તેમાંના કોઈ કારણે કોઈ ભેદભાવ રાખશે નહીં.*

**બંધુઆ મુક્તિ મોરચા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**
**AIR 1984 SC 802**

*આ કેસમાં વેઠ* (Bonded Labour)*ને ફરજિયાત મજૂરીના સ્વરૂપ તરીકે વર્ણવી તેનાથી અનુ. ૨૩નો ભંગ થતો હોવાનું ઠરાવેલ છે.*

**2.2.5.2 કારખાનાંઓ વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ (અનુ.24)**

*ચૌદ વર્ષથી નીચેની વયના કોઈ બાળકને કારખાનાં કે ખાણમાં કામ માટે રાખી શકાશે નહીં અથવા અન્ય કોઈ જોખમકારક નોકરીમાં રોકી શકાશે નહીં.*

**પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઈટ્સ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા**
**(એશિયાડ કામદારોના કેસ તરીકે જાણીતા બનેલ)**

**AIR 1982, SC 1473**

*આ કેસમાં ઠરાવાયેલ છે કે બાંધકામની પ્રવૃત્તિ જોખમકારક છે અને તેમાં* 14 *વર્ષથી નીચેનાં બાળકોને કામે રાખવા જોઈએ નહીં.*

**2.2.6 ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુ.25 થી 28)**

**2.2.6.1 અંતઃકરણનું અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારનું** *સ્વાતંત્ર્ય* **(અનુ.25)**

1) *જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને, તમામ લોકોને અંતઃકરણની સ્વતંત્રતાનો અને મુક્ત રીતે ધર્મ માનવાનો, પાળવાનો અને તેના પ્રચાર કરવાનો સમાન હક રહેશે.*

**2) આ કલમમાંનું કાંઈ-**

(A) *ધાર્મિક આચાર સાથે સંકળાયેલી કોઈ આર્થિક, નાણાકીય, રાજકીય અથવા અન્ય ધર્મેતર પ્રવૃત્તિનું નિયમન અથવા નિયંત્રણ કરતાં,*

(B) *સામાજિક કલ્યાણ અને સુધારાની અથવા હિન્દુઓના તમામ વર્ગો અને વિભાગો માટે જાહેર સ્વરૂપની હિન્દુ ધાર્મિક સંસ્થાઓ ખુલ્લી રાખવાની જોગવાઈ કરતાં;*

*કોઈ વિદ્યમાન કાયદાના અમલને બાધ ઉત્પન્ન કરશે નહિ તેમજ આવો કોઈ કાયદો ઘડવામાં રાજ્યને બાધ નડશે નહિ.*

*અનુ.*25(1) *હેઠળ દરેક વ્યક્તિને -*

- *અંતઃકરણનું સ્વાતંત્ર્ય*
- *કોઈ પણ ધર્મ મુક્તપણે માનવાનું અને*
- *કોઈ પણ ધર્મના પ્રચારનું સ્વાતંત્ર્ય અપાયેલ છે.*

**મહમદ હનીફ કુરેશી વિ. સ્ટેટ ઓફ બિહાર**
AIR 1958 SC 731

*આ કેસમાં બકરી ઈદના દિવસે ગાયની કતલ કરવાના અધિકારને મૂળભૂત અધિકાર જાહેર કરવાની માંગણી કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે આ રિવાજ મુસ્લિમ ધર્મનો ભાગ નથી અને તેથી અનુ.25(2)(એ) હેઠળ તેનું નિયમન કરી શકાય છે.*

### 2.2.6.2 ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય (અનુ.26)

*જાહેર વ્યવસ્થા નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે દરેક ધાર્મિક સંપ્રદાય અથવા તેના કોઈ વિભાગને*

(A) *ધાર્મિક અને સખાવતના હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને નિભાવવાનો,*
(B) *ધર્મની બાબતમાં તેનાં કાર્યોનો વહીવટ કરવાનો,*
(C) *જંગલ અને સ્થાવર મિલકતોની માલિકી ધરાવવાનો અને પ્રાપ્તિ કરવાનો, અને*
(D) *કાયદા પ્રમાણે આવી મિલકતનો વહીવટ કરવાનો અધિકાર રહેશે.*

*અનુ.26થી દરેક સંપ્રદાય કે તેના કોઈ વિભાગનો ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો તેમજ તેના વહીવટનો અધિકાર છે. ધાર્મિક સંસ્થા કે સંપ્રદાયને આ હેતુ સિદ્ધ કરવા મિલકત સંપાદિત કરવાનો અને તેની મિલકતના વહીવટનો પણ અધિકાર મળે છે.*

### 2.2.6.3 ચોક્કસ ધર્મની અભિવૃદ્ધિ માટે કર ચૂકવણીનું સ્વાતંત્ર્ય (અનુ.27)

*જેની આવકનો અમુક ભાગ ધર્મ કે સંપ્રદાયની અભિવૃદ્ધિ અથવા નિભાવ માટેનું ખર્ચ ચૂકવવા ખાસ રીતે વિનિયોગ થતો હોય તેવો કર ભરવાની કોઈ પણ વ્યક્તિને ફરજ પાડી શકાશે નહીં.*

*આ અનુચ્છેદની જોગવાઈ સૂચવે છે કે કરવેરા દ્વારા એકત્રિત કરવામાં આવેલ નાણા ભંડોળની કોઈ પણ રકમ કોઈ ધર્મ કે સંપ્રદાયના હિતમાં કે તેના લાભ માટે રાજ્ય વાપરશે નહીં.*

### 2.2.6.4 અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા પ્રાર્થનામાં હાજરી આપવા અંગે સ્વતંત્રતા (અનુ.28)

1) *રાજ્યનાં નાણાંમાંથી પૂરેપૂરી નિભાવતી શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.*

2) *રાજ્ય જેનો વહીવટ કરતું હોય પણ ધાર્મિક શિક્ષણ આપવાનું ફરજિયાત બનાવતી કોઈ દેણગી કે ટ્રસ્ટ હેઠળ સ્થાપવામાં આવેલી હોય તેવી શિક્ષણ સંસ્થાને ક્લોઝ-(1)માંનું કાંઈ લાગુ પડશે નહીં.*

3) *રાજ્યે માન્ય કરેલી અથવા રાજ્યનાં નાણાંમાંથી સહાય મેળવતી શિક્ષણ સંસ્થામાં શિક્ષણ લેતી કોઈ વ્યક્તિને સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવાની અથવા એવી સંસ્થામાં અથવા તેને સંલગ્ન કોઈ મકાનમાં ચલાવાતી ધાર્મિક ઉપાસનામાં હાજર રહેવાની ફરજ પાડી શકાશે નહિ. સિવાય કે તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિ સગીર હોય તો તેના વાલીએ માટે પોતાની સંમતિ આપી હોય.*

*આ અનુચ્છેદમાં સ્પષ્ટ જોગવાઈ દર્શાવાયેલ છે કે રાજ્યનાં નાણાંથી સંચાલિત કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં કોઈ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.*

### 2.2.7.1 લઘુમતીઓનાં હિતોનું રક્ષણ (અનુ.29)

1) *ભારતના રાજ્યક્ષેત્રમાં અથવા તેના કોઈ ભાગમાં વસતા અને પોતાની અલાયદી ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ ધરાવતા નાગરિકોના કોઈ વિભાગને તે જાળવી રાખવાનો હક રહેશે.*

2) *રાજ્ય દ્વારા નિભાવાતી કે રાજ્યનાં નાણાંમાંથી સહાય મેળવતી કોઈ શિક્ષણ સંસ્થામાં ફક્ત ધર્મ, જ્ઞાતિ, ભાષા અથવા એમાંના કોઈ કારણે કોઈ નાગરિકને પ્રવેશનો ઈનકાર કરી શકાશે નહીં.*

*આ અનુચ્છેદથી ભારતમાં વસવાટ કરતી લઘુમતીને તેના ભાષાકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક વારસા અને સંસ્કૃતિનું જતન કરવાની ખાતરી આપવામાં આવી છે. રાજ્ય દ્વારા ચલાવાતી કે તેની સહાય હેઠળ ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે તે પૈકીના કોઈ પણ આધારે કોઈ પણ નાગરિકને તે શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશનો નિષેધ કરવા પર પ્રતિબંધ મૂકે છે.*

### 2.2.7.2 શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર (અનુ.30)

1) *ધર્મ કે ભાષા ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર રહેશે.*

2) *કોઈ પણ શિક્ષણ સંસ્થા ધર્મ અથવા ભાષા ઉપર આધારિત કોઈ લઘુમતીના વહીવટ હેઠળ હોય એ કારણે શિક્ષણ સંસ્થાઓને સહાયક અનુદાન આપતી વખતે રાજ્ય થકી, તેની સામે ભેદભાવ રાખી શકાશે નહીં.*

*ભારતીય બંધારણમાં કોઈ પણ જગ્યાએ લઘુમતી શબ્દની વ્યાખ્યા કરવામાં આવી નથી, પરંતુ લઘુમતી ભાષા અને ધર્મની બાબતમાં અસ્તિત્વ ધરાવે છે.*


દેશમાં ઘણી બધી અન્ય ભાષાઓની શાળાઓ ચાલે છે અને તે શાળાઓ પણ રાજ્ય સરકાર પાસેથી અન્ય શાળાઓને મળતી હોય તેટલી જ મદદ મેળવી શકે છે. જેમાં રાજ્ય દ્વારા કોઈ ભેદભાવ થઈ શકશે નહીં.

### 2.2.8 બંધારણીય ઉપચારોનો અધિકાર (અનુ.32)

ડો.બાબાસાહેબ આંબેડકર અનુ.32ને સૌથી મહત્ત્વનો ગણાવ્યો છે. તેમજ તેઓએ અનુ.32ને 'બંધારણનું હૃદય અને આત્મા' કહ્યો હતો.

ભારતીય બંધારણમાં આજ્ઞાપત્ર (રીટ)નો ખ્યાલ 'બ્રિટન'ના બંધારણમાંથી લેવામાં આવેલો છે.

સર્વોચ્ચ અદાલત કે વડી અદાલત પાંચ પ્રકારના આજ્ઞાપત્ર જાહેર કરી શકે છે:




### 2.2.8.1 બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Carpus)

આ આજ્ઞાપત્રનો અર્થ થાય છે કે 'જવાબ આપવા માટે શરીર લાવો.'

ભારત જેવા લોકશાહી દેશ માટે આ આજ્ઞાપત્ર ખૂબ જ સુસંગત છે. વ્યક્તિ સ્વાતંત્ર્ય પર તરાપ સમાન ગેરકાયદેસર હોય તેવી અટકાયત સામે આ આજ્ઞાપત્ર મળી શકે છે.
આ આજ્ઞાપત્રથી નીચેની બાબતો પર અંકુશ રહે છે.

- કેદીને 24 કલાકમાં ન્યાયાધીશ સમક્ષ હાજર કરવામાં આવ્યા ન હોય;
- બિન-અધિકૃત વ્યક્તિએ અટકાયત કરી હોય;
- જે કાયદા હેઠળ અટકાયત કરવામાં આવી હોય તે કાયદો બંધારણ વિરુદ્ધ હોય;
- અટકાયત કરતી વખતે તેનાં કારણો જણાવવામાં આવ્યાં ન હોય.

મહત્ત્વની બાબત એ છે કે અન્ય તમામ આજ્ઞાપત્ર જેના અધિકારનો ભંગ થયો હોય તેણે કરવાનો હોય છે, જ્યારે બંદી પ્રત્યક્ષીકરણ આજ્ઞાપત્ર (રીટ) કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા બંદીવાન વ્યક્તિને છોડાવવા માટે કરી શકે છે.

### 2.2.8.2 પરમાદેશઃ (Mandamus)

પારમાદેશ એટલે 'હુકમ અથવા આદેશ'. આ એક એવા પ્રકારનો હુકમ છે કે જેના વડે વડી અદાલતે કે સર્વોચ્ચ અદાલતે કોઇ વ્યક્તિને કે જાહેર સત્તાધીશને કોઇ કાર્ય કરવા કે કરતાં અટકાવવાનો આદેશ આપે છે.
આ આજ્ઞાપત્ર મુખ્યત્વે જાહેર હેતુઓ માટે અને ફરજોનું પાલન કરવાની ફરજ પાડવા માટે આપવામાં આવે છે. આ ફરજ જાહેર સ્વરૂપની હોવી જોઈએ.

આ આજ્ઞાપત્ર મેળવવા માટે નીચેની શરતોનું પાલન થવું જરૂરી છે.

- વૈકલ્પિક ઉપચાર મળી શકતો હોવો જોઈએ.
- કોઈ કાનૂની ફરજનો અમલ કરાવવાનો અરજદારને કાનૂની અધિકાર હોવો જોઈએ.
- આવી ફરજ જાહેર સ્વરૂપની હોવી જોઈએ.
- અરજદારે ફરજ પાલનની માંગણી કરેલી હોવી જોઈએ અને તેનો ઈનકાર થયેલ હોવો જોઈએ.

## 2.2.8.3 પ્રતિષેધ: (Prohibition)

આ આજ્ઞાપત્ર ઉપરી અદાલત તરફથી નીચેની અદાલતને મોકલવામાં આવે છે અને તેનો હેતુ નીચેની અદાલત પાસે ન હોય તેવી હકુમતનો ઉપયોગ કરતાં અટકાવવાનો છે.

અહીં મહત્ત્વની બાબત એ છે કે નીચેની અદાલતમાં ચાલતાં કેસમાં તે અદાલત હકુમત બહાર જઈ રહી હોય ત્યારે જ અદાલતમાંથી પ્રતિષેધ આજ્ઞાપત્ર દ્વારા તેને અટકાવવાનો આદેશ મેળવવો જોઈએ.

આ આજ્ઞાપત્ર નીચેના સંજોગોમાં આપી શકાય છે.

- કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થયેલો હોય:
- મૂળભૂત અધિકારનો ભંગ થતો હોય:
- હકુમત ન હોવા છતાં, હકુમત હોવાનું ધારીને કાર્યવાહી કરવામાં આવી હોય.

મહત્ત્વની બાબત એ છે કે પ્રતિષેધ આજ્ઞાપત્ર ચાલુ કાર્યવાહી આગળ વધતી અટકાવવા માટે આપવામાં આવે છે.

## 2.2.8.4 ઉત્પ્રેષણ: (Certiorari)

આ આજ્ઞાપત્ર દ્વારા ઉપરની અદાલત નીચેની અદાલતોને તેની સમક્ષ ચાલતી કાર્યવાહી મોકલવાનો આદેશ કરી શકે છે. આ આજ્ઞાપત્રનો મુખ્ય હેતુ નીચેની અદાલતે ચલાવેલી કાર્યવાહી તેની સત્તા મર્યાદામાં ચલાવી છે કે કેમ તે જોવાનો છે.
આ આજ્ઞાપત્ર નીચેના સંજોગોમાં આપી શકાય છે.

- કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થતો હોય
- જ્યારે હકુમતનો અભાવ હોય તેમ છતાં હકુમતની બહાર જઈ કાર્યવાહી કરવામાં આવી હોય
- કાર્યવાહી દ્વેષભાવથી કરવામાં આવી હોય.

મહત્ત્વની બાબત એ છે કે ઉત્પ્રેષણ આજ્ઞાપત્ર નિર્ણય આવી ગયા બાદ તે રદ કરવા માટે આપવામાં આવે છે.

### 2.2.8.5 અધિકાર પૃચ્છાઃ (Quo Warranto)

*આ આજ્ઞાપત્રનો અર્થ એવો થાય છે કે તમારી શું સત્તા છે? આ આજ્ઞાપત્ર દ્વારા અદાલત કોઈ પણ હોદ્દેદારની તે હોદ્દો ધરાવવાની બાબતમાં ચકાસણી કરી શકે છે. જો ચકાસણીને અંગે અદાલત એવા તારણ પર આવે કે સંબંધિત વ્યક્તિ કોઈ હોદ્દા પર ચાલુ રહેવા માટે યોગ્ય લાયકાત ધરાવતી નથી તો તેવી વ્યક્તિને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.*

*આ આજ્ઞાપત્ર મેળવતાં પહેલાં નીચેની શરતોનું પાલન થતું હોવું જરૂરી છેઃ*

- *તે જાહેર સ્વરૂપની ફરજો અંગેનો હોદ્દો હોવો જોઈએ.*
- *પડકારવામાં આવેલ હોદ્દો કાયદા હેઠળનો હોદ્દો હોવો જોઈએ.*

*અહીં મહત્ત્વની બાબત એ છે કે જે વ્યક્તિ અધિકાર પૃચ્છાની આજ્ઞાપત્ર માગે તેને તે કેસમાં કોઈ અંગત હિત હોવું જરૂરી નથી.*

## 2.3 ઉપસંહાર

*મૂળભૂત અધિકારો બંધારણથી સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે. મૂળભૂત અધિકારો કોઈ પણ રાજકીય વિવાદોથી પર છે. કેટલાક મૂળભૂત અધિકારો જેવા કે અનુ.*14, 18, 20*થી* 25, 27, 28 *અને* 32*, ગમે તે વ્યક્તિ, ભલે તે નાગરિક હોય કે નહિ, ભોગવી શકે છે. જ્યારે અન્ય મૂળભૂત અધિકારો, જેવા કે અનુ.*15, 16, 19 *માત્ર નાગરિકો ભોગવી શકે છે. શિક્ષણનો અધિકાર હવે મૂળભૂત અધિકાર ગણાય છે. ગુપ્તતાનો અધિકાર બંધારણના અનુ.*21*નો ભાગ ગણાય છે. મૂળભૂત અધિકારનો ભંગ થાય તો સર્વોચ્ચ અદાલતમાં દાદ માગવાનો અધિકાર પોતે જ મૂળભૂત અધિકારોના રક્ષણ માટે અગત્યની ભૂમિકા ભજવવાની છે.*

## 2.4 ચાવીરૂપ શબ્દો

**1) જાહેરનામું :**

*જાહેરનામું એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ જાહેરનામું*

**2) જાતિ :**

*કોઈ પણ વ્યક્તિ પછી તે નર હોય કે નારી હોય તેના માટે વાપરવામાં આવે છે.*

**3) જંગમ મિલકત :**

*જંગમ મિલકત એ શબ્દમાં જમીન અને જમીન સાથે જોડાયેલી વસ્તુઓ સિવાયની દરેક મિલકતનો સમાવેશ થાય છે.*

**4) સ્થાવર મિલકત :**

*સ્થાવર મિલકત એ શબ્દમાં જમીન અને સાથે જોડાયેલી દરેક મિલકતનો સમાવેશ થાય છે.*

**5) સાર્વભૌમત્વ :**

*સાર્વભૌમત્વ એટલે રાજ્યની નિર્ણય લેવાની આખરી સત્તા.*

**6) જાહેર મનોરંજનનાં સ્થળો :**

*એવાં સ્થળો કે જેમાં જાહેરજનતા કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર પ્રવેશવાનો અધિકાર ધરાવતી હોય.*

**7) પછાતપણું :**

*પછાતપણું નક્કી કરવાની બાબતમાં રાજ્યને સત્તા છે, અને તે માટે જ્ઞાતિ એક મહત્ત્વનું પરિબળ જરૂર ગણી શકાશે.*

**8) અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય :**

*મૌખિક, લેખિત, ચિત્ર દ્વારા છાપીને કે અન્ય રીતે નાગરિકને વિચારો અને માન્યતાઓ સ્વતંત્ર અને મુક્ત રીતે વ્યક્ત કરવાની છૂટ*

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

**(ક) બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપોઃ**

**1) કાયદા સમક્ષ સમાનતાના અધિકારની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી** *છે?*

A) *અનુ.*14

B) *અનુ.*15

C) *અનુ.*16

D) *અનુ.*17

**2) 'કાયદાનું સમાન રક્ષણ'નો ખ્યાલ ક્યાં દેશના બંધારણમાંથી લેવાયો છે?**

A) *રશિયા*

B) *અમેરિકા*

C) *જાપાન*

D) *આયરલેન્ડ*

**3) ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતાં ભેદભાવ પર** *પ્રતિબંધ* **ક્યાં અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.*14

B) *અનુ.*19

C) *અનુ.*20

D) *અનુ.*15

**4) સ્ત્રીઓ અને બાળકો માટેની ખાસ જોગવાઈ ક્યાં અનુચ્છેદમાં દર્શાવાઈ છે?**

A) *અનુ.*15(1)

B) *અનુ.*15(2)

C) *અનુ.*15(3)

D) *અનુ.*15(4)

**5)** **જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતાનો અધિકાર કતા અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.*16
B) *અનુ.*14
C) *અનુ.*15
D) *અનુ.*17

**6)** **રાજ્ય હેઠળતા કોઈ પણ હોદ્દા માટે રોજગારી અથવા નિમણૂકની બાબતોમાં તમામ નાગરિકો માટે તકની સમાનતાનો સિદ્ધાંત ક્યાં અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.*16(4)
B) *અનુ.*16(3)
C) *અનુ.*16(2)
D) *અનુ.*16(1)

**7)** **'અસ્પૃશ્યતાની નાબૂદીલ્લનો મૂળભૂત અધિકાર ક્યાં અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.*14
B) *અનુ.*15
C) *અનુ.*17
D) *અનુ.*19

**8)** **'ખિતાબોની નાબૂદીલ્લમાં મૂળભૂત અધિકાર ક્યા અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.*18
B) *અનુ.*19
C) *અનુ.*20
D) *અનુ.*21

**9)** **અનુચ્છેદ-19થી નાગરિકોને કેટલાં પ્રકારની સ્વતંત્રતા આપેલી છે?**

A) *ત્રણ*
B) *ચાર*
C) *પાંચ*
D) *છ*

**10)** **'વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય'ની જોગવાઈ બંધારણના ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?**

A) *અનુ.*19(1) *(બી)*
B) *અનુ.*19(1) *(એ)*
C) *અનુ.*19(1) *(સી)*
D) *અનુ.*19(1) *(ડી)*

11) ‘શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય’ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.19(1) (બી)*

B) *અનુ.19(1) (એ)*

C) *અનુ.19(1) (સી)*

D) *અનુ.19(1) (ડી)*

12) ‘મંડળો અને સંઘો રચવાનું સ્વાતંત્ર્ય’ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.19(1) (એ)*

B) *અનુ.19(1) (બી)*

C) *અનુ.19(1) (ડી)*

D) *અનુ.19(1) (સી)*

13) ‘ભારતનાં પ્રદેશમાં ગમે ત્યાં મુક્તપણે ફરવાનું સ્વાતંત્ર્ય’ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.19(1) (ડી)*

B) *અનુ.19(1) (સી)*

C) *અનુ.19(1) (બી)*

D) *અનુ.19(1) (એ)*

14) ‘ભારતના પ્રદેશના કોઈ પણ ભાગમાં નિવાસ કરવાનું અને સ્થાયી થવાનું સ્વાતંત્ર્ય’ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.19(1) (એ)*

B) *અનુ.19(1) (સી)*

C) *અનુ.19(1) (ઈ)*

D) *અનુ.19(1) (બી)*

15) ‘ગમે તે વ્યવસાય, અથવા કામકાજ, વેપાર અથવા ધંધો કરવાનું સ્વાતંત્ર્ય’ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.19(1) (એ)*

B) *અનુ.19(1) (બી)*

C) *અનુ.19(1) (સી)*

D) *અનુ.19(1) (જી)*

16) ‘એક જ ગુના માટે કોઈ પણ વ્યક્તિ ઊપર એકથી વધુ કામ ચલાવીને તેને શિક્ષા કરી શકાશે નહિ’-આ જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવાઈ છે?

A) *અનુ.20(1)*

B) *અનુ.20(2)*

C) અનુ.20(3)

D) ઉપરમાંથી એક પણ નહિ.

**17)** **'જીવન અને શારીરિક સ્વાતંત્ર્ય'નું રક્ષણ આ મૂળભૂત અધિકાર ક્યા અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) અનુ.19

B) અનુ.20

C) અનું.21

D) અનુ.22

**18)** **'નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ'નો મૂળભૂત અધિકાર ક્યા અનુચ્છેદમાં દર્શાવાયો દર્શાવાયો છે?**

A) અનુ.21 A

B) અનુ.20

C) અનુ.19

D) અનુ.21

**19)** **'મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી ઉપરનો પ્રતિબંધ' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયા છે?**

A) અનુ.21 A

B) અનુ.22

C) અનુ.23

D) અનુ.21

**20)** **'કારખાનાંઓ વગેરે બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) અનુ. 21

B) અનુ. 22

C) અનુ. 23

D) અનુ. 24

**21)** **'અંતઃકરણનું અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારનું સ્વાતંત્ર્ય' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયું છે?**

A) અનુ.25

B) અનુ.24

C) અનુ.23

D) અનુ.22

**22)** **'ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયું છે?**

A) *અનુ.* 24

B) *અનુ.* 25

C) *અનુ.* 26

D) *અનુ.* 27

**23)** **'ચોક્કસ ધર્મની અભિવૃદ્ધિ માટે કર ચૂકવણીનું સ્વાતંત્ર્ય' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયું છે?**

A) *અનુ.*24

B) *અનુ.*25

C) *અનુ.*26

D) *અનુ.*27

**24)** **'લઘુમતીઓનાં હિતોનું રક્ષણ' ક્યા અનુચ્છેદમાં દર્શાવાયું છે?**

A) *અનુ.* 29

B) *અનુ.* 28

C) *અનુ.* 27

D) *અનુ.* 26

**25)** **લઘુમતીઓને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર ક્યા અનુચ્છેદમાં દર્શાવાયો છે?**

A) *અનુ.* 25

B) *અનુ.* 30

C) *અનુ.* 29

D) *અનુ.* 28

જવાબોઃ

1. A, 2. B, 3. D, 4. C, 5. A, 6. D, 7. C, 8. A, 9. D, 10. B, 11. A, 12. D, 13. A, 14. C, 15. D, 16. B, 17. C, 18. A, 19. C, 20. D, 21. A, 22. C, 23. D, 24. A, 25. B

**(ખ) નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો.**

1) *સ્વાતંત્ર્યનો અધિકાર વિગતવાર સમજાવો.*

2) *કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર સમજાવો.*

3) *ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર સમજાવો.*

4) *આજ્ઞાપત્ર સમજાવોઃ બંદી પ્રત્યક્ષીકરણ.*

**(ગ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1) *બંદી પ્રત્યક્ષીકરણ આજ્ઞાપત્ર એટલે શું?*

2) *પરમાદેશ એટલે શું?*

3) *પ્રતિષેધ આજ્ઞાપત્ર ક્યા સંજોગોમાં આપી શકાય?*

4) *‘કાયદાના સમાન રક્ષણ’નો ખ્યાલ એટલે શું?*

## 2.6 ઉપયોગી પુસ્તકોની યાદી


1) Durga Das Basu; ‘Commentary on the Constitution of India’ 9th Edition, Lexisnexis, 2014

2) Durga Das Basu; ‘Constitutional Law of India’, 8th Edition Reprint 2011, Lexisnexis

3) Dr. J.N. Pandey; ‘Constitutional Law Agency’, 2018

4) Dr. Rega Surya Rao; ‘Lectures on Constitational Law’, Asia Law House, 2011

5) R.C.Agrawal; ‘Constitutional Development and National movement of India’, S.Chand, 2003

6) Kailas Ray, ‘Constitution of India’, Central Law Publication-2018

## એકમ-3 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

### -: રૂપરેખા :-

**3.0** અભ્યાસના ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ

- **3.2.1** લોક કલ્યાણકારી રાજ્ય **(Public Welfare State)**
- **3.2.2** મહત્ત્વના સિદ્ધાંતો
- **3.2.3** મુખ્ય ઉદ્દેશ
- **3.2.4** રાજ્યનાં તત્ત્વો
- **3.2.5** માપદંડ

**3.3** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ :

- **3.3.1** ન્યાય આધારિત સામાજિક વ્યવસ્થા
- **3.3.2** આર્થિક ન્યાય મેળવવા માટે રાજ્યે અનુસરવાની નીતિ
- **3.3.3** સામાજિક સુરક્ષા

**3.4** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

- **3.4.1** વ્યાખ્યા (અનુ.**36**)
- **3.4.2** આ વિભાગમાં સમાવિષ્ટ સિદ્ધાંતોની પ્રયુક્તિ (અનુ.**37**)
- **3.4.3** લોકોના કલ્યાણની વૃદ્ધિ માટેની સમાજ વ્યવસ્થા રાજ્ય સિદ્ધ કરશે. (અનુ.**38**)
- **3.4.4** નીતિના ચોક્કસ સિદ્ધાંતો રાજ્ય અનુસરશે (અનુ.**39**)
- **3.4.5** સમાન ન્યાય અને મફત કાનૂની સહાય (અનુ.**39** એ)
- **3.4.6** ગ્રામપંચાયતોની સ્થાપના
- **3.4.7** કેટલાક પ્રસંગોમાં કામ, શિક્ષણ અને મદદનો અધિકાર (અનુ.**41**)
- **3.4.8** કામની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ રાહત (અનુ.**42**)
- **3.4.9** કામદારો માટે નિર્વાહ વેતન વગેરે (અનુ.**43**)
- **3.4.10** ઉદ્યોગોના વહીવટમાં કામદારોની સામેલગીરી(અનુ.**43** એ)
- **3.4.11** સહકારી મંડળીઓને ઉત્તેજન (અનુ.**43** બી)
- **3.4.12** નાગરિકો માટે સમાન દીવાની કાયદો (અનુ.**44**)
- **3.4.13** છ વર્ષથી નીચેનાં બાળકોના શરૂઆતના બાળપણની કાળજી અને શિક્ષણ માટે જોગવાઈ (અનુ.**45**)
- **3.4.14** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ (અનુ.**46**)

**3.4.15 પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજયની ફરજ (અનુ.47)**

**3.4.16 ખેતી અને ઢોર ઉછેર અંગે વ્યવસ્થા (અનુ.48)**

**3.4.17 પર્યાવરણનું રક્ષણ અને સુધારણા અને જંગલ તેમજ વન્ય જીવોની સલામતીનું રક્ષણ (અનુ.48 એ)**

**3.4.18 સ્મારકો અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં સ્થળો અને વસ્તુઓનું રક્ષણ (અનુ.49)**

**3.4.19 ન્યાયતંત્રનું કારોબારીથી વિભાજન (અનુ.50)**

**3.4.20 આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની ઉન્નતિ (અનુ.51)**

**3.5 ઉપસંહાર**

**3.6 ચાવીરૂપ શબ્દો**

**3.7 તમારી પ્રગતિ ચકાસો**

**3.8 ઉપયોગી પુસ્તકોની યાદી**

## 3.0 અભ્યાસના ઉદ્દેશો

*વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ બંધારણના ભાગ-4માં દર્શાવેલ 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' વિશે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.*

- *આ એકમમાં અભ્યાસ બાદ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના વર્ગીકરણ વિશે જાણી શકાશે.*
- *આ એકમના અભ્યાસ બાદ એ જાણી શકાશે કે આ સિદ્ધાંતો કેન્દ્ર અને રાજ્ય સરકારની નૈતિક ફરજ છે, પરંતુ તેના ફરજિયાત પાલન માટે તેને અદાલતમાં પડકારી શકાતો નથી, તે અંગે વિગતવાર સમજી શકાશે.*
- *અંતે વિદ્યાર્થીમિત્રો, અગાઉ 'પોલીસ રાજ્ય' તરીકે રાજ્ય મર્યાદિત કાર્યો કરતું હતું, પરંતુ હવે 'કલ્યાણ રાજ્ય' તરીકે નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થાય તેવાં કાર્યો કરી રહ્યું છે તેની જાણકારી મેળવી શકાશે.*

## 3.1 પ્રસ્તાવના

*ડૉ. ભીમરાવ આંબેડકરના મત મુજબ,*

*"રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપણા બંધારણમાં રાજકીય લોકશાહી સ્થાપવાનો આપણે પ્રયાસ કર્યો છે. સામાજિક-આર્થિક લોકશાહી વિના રાજકીય લોકશાહી અધૂરી છે. આ સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવા, રાજ્ય જરૂરી પ્રયાસ કરે એવો માર્ગદર્શક આદેશ આપે છે."*

*એક સમયે રાજ્ય માત્ર કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલું હતું. નાગરિકોનું જીવન, સ્વતંત્રતા અને મિલકતના રક્ષણનું કામ કરતું હતું. પરંતુ આ ખ્યાલ બહુ જ સીમિત રહ્યો. આ સિદ્ધાંતો રાજ્યને નીતિ ઘડવા માટે દિશા આપવાનું કાર્ય કરે છે. રાજ્યનું કાર્ય ફક્ત પોલીસ રાજ્ય સ્થાપવાનું નહિ, પરંતુ કલ્યાણકારી રાજ્ય સ્થાપવાનું છે, તેવું રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પુરવાર કરે છે. અત્યારના સમયમાં રાજ્ય 'કલ્યાણરાજ્ય' તરીકે કામ કરી રહ્યું છે. જેથી રાજ્ય દ્વારા નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થાય તેવાં કાર્યો થઈ રહ્યાં છે. ભારતમાં રાજ્ય સરકાર દ્વારા કેટલીક ચોક્કસ આર્થિક અને સામાજિક નીતિઓનું પાલન થાય તેના પર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભાર મૂકે છે. ભારતમાં સાચા અર્થમાં સામાજિક અને આર્થિક લોકતંત્રની સ્થાપના કરવામાં આવી છે.*

*ભારતીય બંધારણના ભાગ-4માં અનુચ્છેદ-36થી 51માં 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' તેજ બહાદુર સપ્રુ સમિતિની ભલામણથી 1945માં બંધારણમાં દાખલ કરાયા છે. આ સિદ્ધાંતો રાજ્યના વહીવટના પાયારૂપ સિદ્ધાંતો છે. કારણ કે કોઈ પણ રાજ્યનો વહીવટ નીતિઓને આધારે થતો હોય છે અને આ સિદ્ધાંતો રાજ્યોને વહીવટ નીતિઓ ઘડવામાં ચાવીરૂપ માર્ગદશન પૂરું પાડે છે. આમ, આ સિદ્ધાંતો દ્વારા આધુનિક લોકતાંત્રિક રાજ્યનો હેતુ ફળીભૂત થાય છે.*

## 3.2 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ

*વિદ્યાર્થીમિત્રો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ અને વિશેષતાઓ નીચે મુજબ છે.*

*રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ખ્યાલ, આયરલેન્ડના બંધારણમાંથી લેવામાં આવેલો છે. આ સિદ્ધાંતો કેન્દ્ર અને રાજ્ય સરકારની નૈતિક ફરજ છે, પરંતુ તેના ફરજિયાત પાલન માટે તેને ન્યાયાલયમાં પડકારી શકાતા નથી.*

*ડો.બાબાસાહેબ આંબેડકરના મત મુજબ આ સિદ્ધાંતો 1935ના અધિનિયમમાં દર્શાવેલા હતા અને તેઓએ આ સિદ્ધાંતોને બંધારણના 'વિશિષ્ટ લક્ષણ' તરીકે ઓળખાવ્યા છે. ગ્રેનવીલ ઓસ્ટીને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારોને 'બંધારણનો મૂળ આત્મા' કહ્યો છે. ડો.બાબાસાહેબ આંબેડકરના મત મુજબ "ભારત સરકાર અધિનિયમ-1935"માં દર્શાવેલ અનુદેશો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને સમાન છે. આ અનુદેશો 'ભારત સરકાર અધિનિયમ 1935ના અંતર્ગત બ્રિટિશ સરકાર દ્વારા ગવર્નર જનરલ અને પ્રાંતોના ગવર્નરોના વહીવટી કાર્યો માટે લાગુ કરવામાં આવ્યા હતા.*

### 3.2.1 લોક કલ્યાણકારી રાજ્ય :
(Public Welfare State)

*સામાન્ય લોકજનના કલ્યાણ માટે વિવિધ આધારભૂત બાબતો, જેમકે શિક્ષણ, રોજગાર સર્જન, ગરીબી નાબૂદી, સ્વાસ્થ્ય સેવાઓ સંબંધી કાર્ય કરનાર રાજ્યને લોકકલ્યાણકારી રાજ્ય કહેવામાં આવે છે.*

### 3.2.2 મહત્ત્વના સિદ્ધાંતો :

*આધુનિક લોકતંત્રમાં આર્થિક, સામાજિક અને રાજકીય દષ્ટિન્યાયમાં ઉચ્ચ આદર્શ, સ્વાતંત્રતા અને સમાનતા બનાવી રાખવા માટે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ખૂબ જ મહત્ત્વના છે.*

### 3.2.3 મુખ્ય ઉદ્દેશ :

*રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો મુખ્ય ઉદ્દેશ 'લોકકલ્યાણકારી રાજ્ય'નું નિર્માણ કરવાનો છે.*

### 3.2.4 રાજ્યનાં તત્ત્વો :

*'રાજ્યના નીતિનિર્દેશક તત્ત્વ' એ નામ જ દર્શાવે છે કે નીતિઓ અને કાયદાને અમલમાં લાવતા સમયે રાજ્ય આ તત્ત્વોને ધ્યાનમાં રાખશે.*

### 3.2.5 માપદંડ :

*નીતિ નિર્દેશક તત્ત્વો સરકારની સફળતા-નિષ્ફળતાનું આકલન કરવા માટેનો માપદંડ રજૂ કરે છે.*

## 3.3 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ :

*વિદ્યાર્થીમિત્રો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ નીચે મુજબ છે.*

### 3.3.1 ન્યાય આધારિત સામાજિક વ્યવસ્થા :

*ન્યાય આધારિત સમાજ વ્યવસ્થાની વાત અનુચ્છેદ-*38*માં કરવામાં આવી છે.*

### 3.3.2 આર્થિક ન્યાય મેળવવા માટે રાજ્યે અનુસરવાની નીતિ :

*આર્થિક ન્યાય મેળવવા માટે અનુસરવાની નીતિની જોગવાઈ અનુચ્છેદ-*39*માં કરવામાં આવી છે.*

### 3.3.3 સામાજિક સુરક્ષા :

*સામાજિક સુરક્ષા અંગેની જોગવાઈ અનુચ્છેદ-*31A, 41, 42, 43, 43A, 45, 46, 47*માં જોવા મળે છે.*

### 3.3.4 સામૂહિક કલ્યાણ :

*સામૂહિક કલ્યાણ અંગેની જોગવાઈ અનુચ્છેદ-* 40, 44, 48, 48A, 49, 50, 51*માં કરવામાં આવી છે.*

*હવે, આપણે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિગતવાર જોઈએ.*

## 3.4 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

*ભારતના બંધારણના ભાગ - 4અંતર્ગત અનુ.36થી 51 હેઠળ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. આ સિદ્ધાંતો બંધારણનું મહત્ત્વનું અંગ છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યોના વર્તમાન અને ભાવિ કાર્યક્રમોને લગતાં સૂચનો છે. આ સિદ્ધાંતો રાજ્યની હકારાત્મક ફરજોનો નિર્દેશ કરે છે.*
*વિદ્યાર્થીમિત્રો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નીચે મુજબ છે.*

### 3.4.1 વ્યાખ્યા - અનુચ્છેદ 36

*અનુ.* 36*માં વ્યાખ્યા કરાયા મુજબ 'રાજ્ય' શબ્દનો અર્થ બંધારણનાં ભાગ-3માં જે અર્થ આપવામાં આવેલ છે તે મુજબ જ થશે એટલે કે ભાગ-4માં જ્યાં જ્યાં 'રાજ્ય' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે ત્યાં તેનો અર્થ અનુ.* 12 *પ્રમાણે ધ્યાનમાં લેવાનો છે.*
*બંધારણના અનુ.-12માં 'રાજ્ય'ની વ્યાખ્યા જે, આપવામાં આવી છે તે મુજબ તેમાં,*

- *કેન્દ્ર સરકાર,*
- *દરેક રાજ્ય સરકાર,*
- *સંસદ,*
- *રાજ્ય વિધાનસભા તથા*
- *ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક કે અન્ય સત્તાધિકારીઓનો સમાવેશ થાય છે.*

### 3.4.2 આ વિભાગમાં સમાવિષ્ટ સિદ્ધાંતોની પ્રયુક્તિ – અનુ. 37

*આ વિભાગમાં સમાવિષ્ટ જોગવાઈઓનો રાજ્ય અમલ ન કરે તો કાયદાની અદાલતથી તેના અમલ માટેની રાજ્યને ફરજ પાડી શકાતી નથી. આમ, છતાં આ સિદ્ધાંતો રાષ્ટ્રના સંચાલનમાં મૂળભૂત છે અને કાયદાઓ ઘડતી વખતે તેનો અમલ કરવાની રાજ્યની ફરજ રહેશે.*

### 3.4.3 લોકોના કલ્યાણની વૃદ્ધિ માટેની સમાજ વ્યવસ્થા રાજ્ય સિદ્ધ કરશે, અનુ. 38

1. *જેમાં સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્રીય જીવનની તમામ સંસ્થાઓ માહિતગાર થયેલ હોય તેવી સામાજિક વ્યવસ્થા શક્ય તેટલી અસરકારક રીતે સિદ્ધ કરીને અને તેને રક્ષણ આપીને રાજ્ય લોકકલ્યાણની વૃદ્ધિ માટે પ્રયત્ન કરશે.*
2. *રાજ્ય ખાસ કરીને ફક્ત વ્યક્તિઓ વચ્ચે નહિ, પરંતુ જુદા-જુદા વિસ્તારોમાં રહેતા અથવા જુદા-જુદા વ્યવસાયોમાં રોકાયેલા લોકોનાં જૂથો વચ્ચે પણ આવકની*

*અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરશે તેમજ દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયત્ન કરશે.*

*અનુચ્છેદ-38 ક્લોઝ (2) 44મા બંધારણીય સુધારાથી 1978માં ઉમેરવામાં આવી.*

*સામાજિક વ્યવસ્થાનો ખ્યાલ બંધારણના આમુખ સાથે પણ જોડાયેલ છે. જેમાં ભારતના લોકો વચ્ચે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની વાત કરવામાં આવી છે.*

**એર ઇન્ડિયા સ્ટેચ્યુટરી કોર્પોરેશન વિ. યુનાઇટેડ લેબર યુનિયન કેસ**
**AIR (1997) SC 645**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે 'સામાજિક ન્યાય'નો ખ્યાલ સમજાવ્યો છે. સામાજિક ન્યાયનો ખ્યાલ એવા વિવિધ સિદ્ધાંતોનો બનેલ છે કે જે કોઈ પણ નાગરિકના વ્યવસ્થિત વિકાસ માટે જરૂરી હોય. સમાજના ગરીબ, નબળા, દલિત, આદિવાસી અને વંચિતો માટેનાં દુઃખો હળવા કરવા માટે સામાજિક ન્યાય ગતિશીલ સાધન છે.*

### 3.4.4 નીતિના ચોક્કસ સિદ્ધાંતો રાજ્ય અનુસરશે, અનુ.39

*રાજ્ય ખાસ કરીને, એવી નીતિ અનુસરશે કે જેથી નીચેની બાબતો સિદ્ધ થાય:*

a. *પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન અધિકાર રહે;*
b. *સમાજની ભૌતિક સાધનસામગ્રીની માલિકી અને નિયંત્રણનું વિતરણ લોકહિતને ઉત્તમ રીતે સાધી શકાય તે રીતે થાય;*
c. *અર્થતંત્રનું સંચાલન એવી રીતે થાય કે જેથી સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોની જમાવટ ન થાય અને લોકહિતને નુકસાન થાય તે રીતે ન થાય;*
d. *પુરુષો અને સ્ત્રીઓ બંનેને એકસરખાં કામ માટે સમાન વેતન મળે;*
e. *પુરુષ અને સ્ત્રી કામદારોનાં આરોગ્ય અને શક્તિનો અને બાળકોની કુમળી વયનો દુરુપયોગ ન થાય અને આર્થિક જરૂરિયાતના કારણે તેમની ઉંમર કે શક્તિને અનુકૂળ ન હોય તેવા રોજગારમાં જોડવાની નાગરિકોને ફરજ ન પડે.*
f. *બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય અને ગૌરવયુક્ત સ્થિતિમાં વિકાસની તકો અને સગવડો આપવામાં આવે અને બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.*

*અનુચ્છેદ-39 (ડી) ને અનુસરીને સંસદ દ્વારા 'સમાન મહેનતાણા ધારો-1976'* (Equal Remmuneration Act, 1976) *બનાવવામાં આવ્યો હતો.*

**રણધીર સિંહ વિ.યુનિયન ઓફ ઇન્ડિયા**
**AIR 1982 SC 879**

*આ કેસમાં 'સમાન કામ સમાન વેતન' સિદ્ધાંત એ મૂળભૂત અધિકાર નથી તે દર્શાવવામાં આવ્યું હતું.*

**એમ.સી. મહેતા વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ**
**(1991) 1 SCC 283**

*આ કેસ અનુચ્છેદ-39(F) સાથે જોડાયેલો છે. આ કેસમાં 'શિવાકાસી'ની ફટાકડા ફેક્ટરીઓમાં 14 વર્ષથી નીચેનાં બાળકોને મજૂરીએ રાખીને અનુચ્છેદ-24નો ભંગ થતો હોવાની ફરિયાદ કરીને તે માટે સર્વોચ્ચ અદાલતને યોગ્ય હુકમો કરવા અનુચ્છેદ-32 હેઠળ અરજી કરેલ હતી.*

### 3.4.5 સમાન ન્યાય અને મફત કાનૂની સહાય, અનુ.39 (એ)

*રાજ્ય, કાનૂની પ્રથાના અમલથી સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ સધાય તેમ કરશે અને ખાસ કરીને, આર્થિક અથવા અન્ય અસમર્થતાઓને કારણે કોઈ પણ નાગરિકને ન્યાય મેળવવા માટેની તકોનો ઈનકાર કરવામાં નહિ આવે, તે માટે યોગ્ય કાયદા, યોજનાઓ અથવા અન્ય રીતે મફત કાનૂની સહાયની જોગવાઈ કરશે.*
*42મા બંધારણીય સુધારાથી 1976માં બંધારણમાં આ અનુચ્છેદ ઉમેરવામાં આવ્યો. આ અનુચ્છેદ 3 જાન્યુ.,1977ના રોજ અમલમાં આવ્યો.*

**હુશેનઆરા ખાતૂન વિ. હોમ સેક્રેટરી, સ્ટેટ ઓફ બિહાર**
**AIR 1979, SC 1360**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવ્યું કે કેદીઓને મફત કાનૂની સહાય મળવી જોઈએ અને કેસની સુનાવણી ત્વરિત થવી જોઈએ.*
*અનુચ્છેદઃ 39(એ)ના અનુસંધાને સંસદે કાનૂની સેવા સત્તા મંડળ ધારો, 1987 પસાર કરેલ છે તેમજ ફોજદારી કાર્યવાહીનો કાયદો, 1973ની કમલ-304માં આરોપીને મફત કાનૂની સહાયની જોગવાઈ કરવામાં આવેલ છે.*

### 3.4.6 ગ્રામ પંચાયતોની સ્થાપના, અનુ.40

*રાજ્ય ગ્રામ પંચાયતોની સ્થાપના કરવા માટે પગલાં ભરશે અને તેઓ સ્વરાજ્યનાં એકમો તરીકે કાર્ય શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકારો આપશે.*

### 3.4.7 ચોક્કસ પ્રસંગોમાં કામ, શિક્ષણ અને મદદનો અધિકાર, અનુ.41

*રાજ્ય પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને વૃદ્ધાવસ્થા, માંદગી અને વિકલાંગતાના પ્રસંગે અને વિના વાંકે વેઠવી પડતી તંગીના અન્ય પ્રસંગે કામ, શિક્ષણ અને જાહેર મદદ મળી રહે તે માટે જોગવાઈ કરશે.*

### 3.4.8 કામની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ રાહત, અનુ.42

*રાજ્ય, કામ અંગેની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ સહાય માટે જોગવાઈ કરશે.*

- *કામદાર રાજ્ય વીમા ધારો-1948*
- *બોનસ ધારો-1965*

- *પ્રસૂતિ લાભ ધારો-1961*
- *ગ્રેચ્યુઈટી ધારો-1972*

*આ અનુચ્છેદના અનુસંધાને ઘડાયેલા કાયદાઓ છે. કામદારોને કામ કરવા માટે ન્યાયી અને માનવીય શરતો અને સંજોગો મળી રહે તેમજ સ્ત્રીને માટે પ્રસૂતિ સહાયની જોગવાઈ કરવા રાજ્યને જણાવવામાં આવેલ છે.*

### 3.4.9 કામદારો માટે નિર્વાહ વેતન વગેરે, અનુ.43

*રાજ્ય યોગ્ય વિધિવિધાન અથવા આર્થિક વ્યવસ્થા દ્વારા અથવા અન્ય કોઈ રીતે, ખેતીના, ઉદ્યોગના કે અન્ય પ્રકારના તમામ કામદારોને કામ, નિર્વાહ વેતન તેમજ શિષ્ટ જીવનધોરણની અને નવરાશના અને સામાજિક તથા સાંસ્કૃતિક તકોના પૂરેપૂરા ઉપયોગની ખાતરી આપતી કામની પરિસ્થિતિ સિદ્ધ કરવા પ્રયત્ન કરશે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વ્યક્તિગત અથવા સહકારી ધોરણે ગૃહઉદ્યોગને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરશે.*

*અનુચ્છેદ-43માં 'લઘુતમ વેતન' નહિ, પરંતુ 'નિર્વાહ વેતન'ની વાત કરવામાં આવી છે. 'નિર્વાહ વેતન'માં જીવવા માટે આવશ્યક બાબતો જેમ કે ખોરાક, આશ્રય, કપડાની સાથે સાથે બાળકના શિક્ષણનો પણ સમાવેશ 'જીવન નિર્વાહ'માં દર્શાવાયો છે.*

**એક્સપ્રેસ ન્યૂઝપેપર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**
**AIR(1958) SC 578**

*આ કેસમાં ઠરાવાયેલ છે કે નિર્વાહ વેતન એટલે એવું વેતન કે જેનાથી કામદાર આરોગ્ય અને ભૌતિક સુખાકારી માટે જરૂરી હોય, તે તમામ વસ્તુઓ પોતાના કુટુંબને આપી શકે.*

### 3.4.10 ઉદ્યોગના વહીવટમાં કામદારોની સામેલગીરી, અનુ.43 (એ)

*રાજ્ય, યોગ્ય વિધિવિધાનથી અથવા અન્ય રીતે કોઈ ઉદ્યોગમાં રોકાયેલાં સાહસો, સંસ્થાઓ અથવા અન્ય સંગઠનોના વહીવટમાં કામદારો ભાગ લેતા થાય તેમ કરવા પગલાં લેશે.*

*કોઈ પણ ઉદ્યોગમાં ઉત્પાદન થાય તે માટે માલિકોની મૂડી ઉપરાંત કામદારોના શ્રમનો પણ ફાળો હોય છે. આથી ઉદ્યોગોના વહીવટમાં પણ કામદારો ભાગ લેતા થાય તે સ્વીકારાયું છે.*

*મુંબઈ ઔદ્યોગિક સંબંધોનો ધારો, 1946માં કલમ-53એ નવી ઉમેરીને સંયુક્ત વ્યવસ્થાપન સમિતિ રચવાની કરાયેલ જોગવાઈ આ સિદ્ધાંતને અનુસરીને છે.*

### **3.4.11 સહકારી મંડળીઓને ઉત્તેજન, અનુ.43 (બી)**

*97મા બંધારણીય સુધારાથી 2011માં આ અનુચ્છેદ નવો ઉમેરાયેલ છે. રાજ્ય સહકારી મંડળીઓની સ્વૈચ્છિક સ્થાપના, કામગીરી, લોકશાહી અંકુશ અને તેના વ્યાવસાયિક પ્રબંધને ઉત્તેજન આપવા પ્રયત્ન કરશે.*

### **3.4.12 નાગરિકો માટે સમાન દીવાની કાયદો, અનુચ્છેદ-44**

*ભારતના સમગ્ર પ્રદેશમાં નાગરિકો માટે સમાન દીવાની કાયદો કરવા રાજ્ય પ્રયત્ન કરશે એટલે કે બધા જ ધર્મોની વ્યક્તિઓ માટે એક જ કાયદો આપણા જે વૈયક્તિક કાયદા* (Personal) *છે.*

*દા.ત. લગ્ન; લગ્નવિચ્છેદ, દત્તકવિધાન, વસિયત, ભરણપોષણ વગેરે બાબતો અલગ-અલગ ધર્મોમાં એટલે કે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસીમાં અલગ-અલગ છે. આથી આ બાબતોને લગતા કાયદાઓમાં ઘણો જ ભેદભાવ જોવા મળે છે. ખાસ કરીને આ કાયદાઓના લીધે ખાસ કરીને સ્ત્રીઓને ઘણો જ અન્યાય થાય છે, સમાનતાના અધિકારનો ભંગ થાય છે. કારણ કે આપણે ત્યાં કેટલાક કાયદાઓ ધાર્મિક રિવાજો પર આધારિત છે. તેને રદ કરીને સમાન દીવાની કાયદો ઘડવાની માંગણી છેલ્લાં કેટલાંય વર્ષોથી જુદા જુદા ભાગમાંથી ઊઠેલી છે. વારસા અધિકાર છૂટાછેડા વગેરે અનેક બાબતોના અંગત કાયદાઓ દરેક ધર્મના અલગ-અલગ છે. તેથી 'સમાન દીવાની કાયદો' દેશ માટે બનાવવાની જરૂર છે.*

**નૂર ખાતુન વિ. મહમદ કાસીમ**
**AIR 1997 SC 3280**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે, આપણે બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક રાજ્ય છીએ. બિનસાંપ્રદાયિક રાજ્યને કોઈ ધર્મ હોતો નથી. વ્યક્તિના ધર્મને રાજ્યના કાયદાઓ સાથે કોઈ નિસબત હોતી નથી.*

**સરલા મુદગલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા**
**(1993) 3 SCC 635**

*સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને 'સમાન નાગરિક ધારો' ઘડવા આદેશ આપેલ છે.*

### **3.4.13 છ વર્ષ હેઠળનાં બાળકોના શરૂઆતના બાળપણની કાળજી અને શિક્ષણ માટે જોગવાઈ, અનુ.45**

*86મા બંધારણીય સુધારા દ્વારા 2002માં આ અનુચ્છેદ ઉમેરવામાં આવ્યું. રાજ્ય છ વર્ષ હેઠળનાં બાળકોના શરૂઆતના બાળપણની કાળજી અને શિક્ષણ પૂરું પાડવા માટે જોગવાઈ કરવાનો પ્રયત્ન કરશે.*

**ઉન્ની ક્રિશ્નન વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ**
**(1993) 1 SCC 645**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા સૂચન કરવામાં આવ્યું કે અનુચ્છેદ-12 હેઠળ શિક્ષણના અધિકારનો સમાવેશ મૂળભૂત અધિકારમાં થઈ જાય છે. 14 વર્ષ સુધીનાં બાળકો માટે શિક્ષણનો અધિકાર મૂળભૂત અધિકાર છે, પરંતુ તેની સાથે સાથે શિક્ષણ માટેની જોગવાઈ આર્થિક ક્ષમતા અનુસાર 6 વર્ષ સુધીના બાળકો માટે રાજ્ય દ્વારા કરવામાં આવે તે દર્શાવાયું છે.*

## 3.4.14 અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ, અનુ.46

*રાજ્ય નબળા વર્ગોના લોકોની અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની ઉન્નતિ વિશેષ કાળજીથી કરશે અને સામાજિક અન્યાય અને તમામ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.*

**માંડલ કમિશન કેસ :**
**AIR (1993) SC 477**

*આ કેસમાં ઠરાવેલ છે કે નબળા વર્ગોની શબ્દાવલી ‘પછાત વર્ગ’ની શબ્દાવલી કરતાં વિશાળ અર્થ ધરાવે છે. તેમાં આર્થિક ગરીબાઈ કે અન્ય કારણોસર નબળા બનેલ હોય, તેવા તમામ વર્ગોનો સમાવેશ થાય છે.*

## 3.4.15 પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ, અનુ.47

*રાજ્યમાં લોકોના પોષણનું સ્તર ઊંચું લાવવા અને જીવનધોરણ ઊંચું લાવવા એ જાહેર આરોગ્ય સુધારવાને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજોમાં ગણશે અને ખાસ કરીને રાજ્ય, ઔષધના હેતુઓ સિવાય, માદક પીણાંના તેમજ આરોગ્યને હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયત્ન કરશે.*

**સ્ટેટ ઓફ બોમ્બે વિ.એફ. એન. બલસારા**
**AIR (1951) SC 318**

*આ કેસમાં ઠરાવ્યું કે ઔષધિય હેતુઓ સિવાય રાજ્યને માદક પીણાંઓ પર પ્રતિબંધ મૂકવા જણાવવામાં આવેલ છે. માદક પીણાંઓ પર મૂકાયેલ નિયંત્રણોથી અનુચ્છેદ-19(1)નો ભંગ થતો નથી.*

## 3.4.16 ખેતી અને ઢોર ઉછેર અંગે વ્યવસ્થા, અનુ.48

*ખેતી અને ઢોર ઉછેરની આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો રાજ્ય પ્રયત્ન કરશે અને ખાસ કરીને ગાયો અને વાછરડાંઓ અને દૂધાળાં અને ભારવાહક ઢોરોની*

*ઓલાદો જાળવી રાખવા અને તેની સુધારણા કરવા અને તેમની કતલ પર પ્રતિબંધ મૂકવાનાં પગલાં ભરશે.*

### 3.4.17 પર્યાવરણનું રક્ષણ અને સુધારણા અને જંગલ તેમજ વન્ય જીવોની સલામતીનું રક્ષણ, અનુ.48 (એ)

*42મા બંધારણીય સુધારાથી 1976માં આ અનુચ્છેદ બંધારણમાં ઉમેરવામાં આવ્યું. રાજ્ય પર્યાવરણનું રક્ષણ અને તેમાં સુધારણા કરવાનો અને દેશનાં જંગલો અને વન્ય જીવોનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે.*

**ટી.એન.ગોદવર્મન વિ.યુનિયન ઓફ ઈન્ડિયા**
**AIR 2012 SC 1254**

*આ કેસમાં જંગલી ભેંસની લુપ્ત થતી જાતિ અંગે રીટ પિટિશન કરવામાં આવી હતી. આ કેસમાં રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી હતી કે ચોક્કસ કોઈ યોજનાનું સખત પાલન થાય, તે રીતે અમલમાં મૂકવામાં આવે કે જેથી જંગલી ભેંસની લુપ્ત થતી જાતિને બચાવી શકાય. આ ઉપરાંત પૂરતું ફંડ પણ આપવામાં આવે જેથી આ યોજનાનું અમલીકરણ કરી શકાય.*

### 3.4.18 સ્મારકો અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં સ્થળો અને વસ્તુઓનું રક્ષણ - અનુચ્છેદ 49

*સંસદના કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વ તરીકે જાહેર કરાયેલ દરેક કલાત્મક કે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્મારક અથવા સ્થળ અથવા વસ્તુઓનું યથાપ્રસંગ લૂંટફાટ, વિકૃત, વિનાશ, સ્થળાંતર, નિકાલ અથવા નિકાસ સામે રક્ષણ કરવાની રાજ્યની ફરજ રહેશે.*

*આ અનુચ્છેદના મહત્ત્વને ધ્યાનમાં લઈને સંસદ દ્વારા* Ancient and Historical Sites and Remains (Declaration of National Importance) Act, 1951 *ઘડવામાં આવ્યો.*

### 3.4.19 ન્યાયતંત્રનું કારોબારીથી વિભાજન, અનુચ્છેદ-50

*રાજ્ય, રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા પગલાં ભરશે. રાજ્ય વ્યવસ્થાતંત્રનાં ત્રણેય અંગોની કામગીરી એવી રીતે નિશ્ચિત કરાયેલી છે કે જેથી પરસ્પર કોઈની દખલગીરીને અવકાશ ન રહે. આપણા બંધારણે સત્તા વિભાજનનો સિદ્ધાંત સ્વીકારેલ નથી.*

**બસંત નહારા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન**
**AIR (2005) SC 3401**

*સર્વોચ્ચ અદાલતે આ કેસમાં ઠરાવેલ છે કે સત્તા વિભાજનનો સિદ્ધાંત ધ્યાનમાં રાખી જે કાર્ય ન્યાયતંત્રના ક્ષેત્રમાં આવતું હોય તે કાર્ય અંગેની નીતિ સ્પષ્ટ કર્યા સિવાય વહીવટીતંત્રને સોંપી શકાય નહીં.*

### 3.4.20 આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને ઉન્નતિ, અનુચ્છેદ-51 -રાજ્ય

*(એ) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની ઉન્નતિ માટે;*

*(બી) રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને માનપૂર્વકના સંબંધો જાળવવા માટે;*

*(સી) સંગઠિત પ્રજાઓના અરસપરસના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિઓને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવા ; અને*

*(ડી) આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું નિવારણ લવાદી દ્વારા કરવાને ઉત્તેજન આપવા પ્રયત્ન કરશે.*

## 3.5 ઉપસંહાર

*આમ, વિદ્યાર્થીમિત્રો, ભારતીય બંધારણના ભાગ-4માં આપવામાં આવેલા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યની ફરજ છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો હેતુ સંપત્તિ અને ઉત્પાદનના સાધનોનું કેન્દ્રીકરણ અટકાવવાનો અને તેની વહેંચણી જનસામાન્ય કલ્યાણ અર્થ થાય તેમજ દરેકનો જીવનનિર્વાહ ટકી રહે તે જોવાનો છે. આ ઉપરાંત સમાન કામ માટે સમાન વેતન, કામદારોના આરોગ્યની જાળવણી, કામ મેળવવાનો હક, શિક્ષણ મેળવવાનો હક, સમાન નાગરિક ધારો વગેરે બાબતનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ગ્રામ પંચાયતની રચના કરવાની નબળા વર્ગના લોકોનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની જાળવણી કરવાની, જાહેર આરોગ્યનું સ્તર સુધારવાની સ્વતંત્ર ન્યાયતંત્ર અને કારોબારી વ્યવસ્થા કરવાની અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે પ્રયાસો કરવાની જવાબદારી રાજ્યને સોંપવામાં આવી છે.*

*આથી, વિદ્યાર્થીમિત્રો, ડૉ. ભીમરાવ આંબેડકરે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને 'બંધારણનું વિશિષ્ટ લક્ષણ' કહ્યું છે. ઉપરાંત, "દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંત કહ્યા છે."*

## 3.6 ચાવીરૂપ શબ્દો

**1. બંધારણીય સુધારો :**

*બંધારણીય સુધારો એ બંધારણમાં સુધારો કરવાની એક પ્રક્રિયા છે. અનુચ્છેદ-368 અનુસાર બંધારણીય સુધારા કરી શકાય છે.*

**2. સામાજિક ન્યાય :**

*સામાજિક ન્યાય એટલે સંપત્તિ, તક, દરજ્જો, જાતિ, ધર્મ, જ્ઞાતિ વગેરે અસમાનતા દૂર કરી સમાજના દરેક વર્ગનો વિકાસ કરવો.*

**3. આર્થિક ન્યાય :**

*આર્થિક ન્યાય એટલે દરેક વ્યક્તિને 'સમાન કામ માટે સમાન વેતન' મળવું જોઈએ, જ્ઞાતિ, જાતિ અને સામાજિક દરજ્જાના આધારે નહિ.*

**4. કારોબારી :**

*લોકશાહીનાં મુખ્ય ત્રણ અંગો છે. વિધાનતંત્ર, કારોબારી અને ન્યાયતંત્ર. વિધાનતંત્રએ જે કાયદા બનાવેલા હોય તેનો અમલ કરાવવાનું કામ કારોબારી છે.*

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો.**

**1) ભારતીય બંધારણના ક્યાં ભાગમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવ્યા છે?**

A. *ભાગ*-3

B. *ભાગ*-4

C. *ભાગ*-4A

D. *ભાગ*-2

**2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને કોણે બંધારણનું વિશિષ્ટ લક્ષણ કહેલું છે?**

A. *ડૉ.બાબાસાહેબ આંબેડકર*

B. *જવાહરલાલ નેહરુ*

C. *ગાંધીજી*

D. *લાલબહાદુર શાસ્ત્રી*

**3) 'રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'નો ખ્યાલ ક્યા દેશનાં બંધારણમાંથી લેવાયો છે?**

A. *જાપાન*

B. *રશિયા*

C. *આયરલેન્ડ*

D. *ઓસ્ટ્રેલિયા*

**4) રાજ્યના વહીવટમાં પાયારૂપ સિદ્ધાંતો ક્યા છે?**

A. *રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો*

B. *મૂળભૂત અધિકારો*

C. *મૂળભૂત ફરજો*

D. *ઉપરમાંથી એક પણ નહિ*

**5) 'સમાન ન્યાય અને મફત કાનૂની સહાયતાની જોગવાઈ દર્શાવતો અનુચ્છેદ કયો છે?**

A. *અનુચ્છેદ*-42

B. *અનુચ્છેદ*-39(A)

C. *અનુચ્છેદ*-40

D. *અનુચ્છેદ*-44

**6)** **ક્યા અનુચ્છેદમાં રાજ્ય સરકારે 'ગ્રામ પંચાયતોની સ્થાપના' કરવી તે તેની નૈતિક ફરજ છે તે દર્શાવાયું છે?**

A. *અનુચ્છેદ*-44

B. *અનુચ્છેદ*-41

C. *અનુચ્છેદ*-40

D. *અનુચ્છેદ*-42

**7)** **ક્યા અનુચ્છેદમાં તમામ નાગરિકો માટે એકસમાન દીવાની કાયદાની જોગવાઈ છે?**

A. *અનુચ્છેદ*-39A

B. *અનુચ્છેદ*-42

C. *અનુચ્છેદ*-51

D. *અનુચ્છેદ*-44

**8)** **'કામની ન્યાયી અને માનવીય શરતો અને પ્રસૂતિ રાહત'ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી છે?**

A. *અનુચ્છેદ*-40

B. *અનુચ્છેદ*-42

C. *અનુચ્છેદ*-45

D. *અનુચ્છેદ*-44

**9)** **ક્યા બંધારણીય સુધારા દ્વારા 'છ વર્ષ હેઠળનાં બાળકોના શરૂઆતના બાળપણની કાળજી અને શિક્ષકોની જોગવાઈ' ઉમેરવામાં આવી છે?**

A. 86*મો બંધારણીય સુધારા*

B. 82*મો બંધારણીય સુધારા*

C. 42*મો બંધારણીય સુધારા*

D. 84*મો બંધારણીય સુધારા*

**10)** **'પર્યાવરણનું રક્ષણ અને સુધારણ અને જંગલ તેમજ વન્યજીવોની સલામતીનું રક્ષણ'ની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવવામાં આવી છે?**

A. *અનુચ્છેદ*-44

B. *અનુચ્છેદ*-42

C. *અનુચ્છેદ*-45

D. *અનુચ્છેદ*-48 *એ*

**11)** **ક્યા અનુચ્છેદ મુજબ ખેતી અને પશુપાલનની વ્યવસ્થા કરવી રાજ્ય સરકારની નૈતિક ફરજ છે?**

A. *અનુચ્છેદ*-48

B. *અનુચ્છેદ*-40

C. અનુચ્છેદ-42

D. અનુચ્છેદ-44

**12) ક્યા અનુચ્છેદ મુજબ રાજ્ય સરકારની નૈતિક ફરજ છે કે માદક પીણાંના ઉપયોગ પર પ્રતિબંધ લગાડે?**

A. અનુચ્છેદ-42

B. અનુચ્છેદ-44

C. અનુચ્છેદ-47

D. અનુચ્છેદ-50

**13) કઈ સમિતિની ભલામણથી બંધારણમાં 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોલ્ર બંધારણનાં દાખલાકરાયા છે?**

A. બળવંતરાય મહેતા સમિતિ

B. તેજબહાદુર સપ્રુ સમિતિ

C. સ્વર્ણસિંઘ સમિતિ

D. ઉપરમાંથી એક પણ નહિ.

જવાબો

**1. B, 2, A, 3. C, 4. A, 5. B, 6. C, 7. D, 8. B, 9. A, 10. D, 11. A, 12. C, 13. B**

**(ખ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું મહત્ત્વ સમજાવો

2) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું વર્ગીકરણ સમજાવો.

3) સમાન દીવાની કાયદો વિગતવાર સમજાવો

4) લોકોની કલ્યાણની વૃદ્ધિ માટેની રાજ્ય વ્યવસ્થા સમજાવો

5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સવિસ્તાર સમજાવો.

**(ગ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો**

1) સ્મારકો અને રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં સ્થળો અને વસ્તુઓના રક્ષણની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવી છે?

2) છ વર્ષ હેઠળનાં બાળકોના શરૂઆતના બાળપણની કાળજી અને શિક્ષણ અંગેની જોગવાઈ ક્યા અનુચ્છેદમાં દર્શાવી છે?

## 3.8 ઉપયોગી પુસ્તકોની યાદી


1) Durga Das Basu; 'Commentary on the Constitution of India' 9th Edition, Lexisnexis, 2014

2) J.C.Jonari; 'The Constitution of India` ; A Politico-Legal Study Sterling Publication, 2007

3) Durga Das Basu; ‘Constitutional Law of India’, 8th Edition Reprint 2011, Lexisnexis
4) Dr. J.N. Pandey; ‘Constitutional Law Agency’, 2018
5) Dr. Rega Surya Rao; ‘Lectures on Constitational Law’, Asia Law House, 2011
6) R.C.Agrawal; ‘Constitutional Development and National movement of India’, S.Chand, 2003
7) N.K.Acharya; ‘Constitutional Law of India, Asia Law House, 2011.
8) Kailas Ray, ‘Constitution of India’, Central Law Publication-2018

| એકમ-4 | મૂળભૂત ફરજો |
|---|---|

**-: રૂપરેખા :-**

**4.0** અભ્યાસના ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** મૂળભૂત ફરજોનો ઉદ્ભવ

**4.3** મૂળભૂત ફરજો (અનુચ્છેદ - 51 A)

**4.4** વર્મા સમિતિ, 1999

**4.5** મૂળભૂત ફરજોને લગતા મહત્ત્વના કેસો

**4.6** મૂળભૂત ફરજોને લગતી મહત્ત્વની બાબતો

**4.7** ઉપસંહાર

**4.8** ચાવીરૂપ શબ્દો

**4.9** તમારી પ્રગતિ ચકાસો

**4.10** ઉપયોગી પુસ્તકોની યાદી

## 4.0 અભ્યાસના ઉદ્દેશો

- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીમિત્રો તમે મૂળભૂત ફરજોને સરળતાથી સમજી શકશો.*
- *વિદ્યાર્થીમિત્રો, બંધારણની રચના સમયે મૂળભૂત અધિકારો આપેલા હતા. બંધારણીય સુધારાથી મૂળભૂત ફરજોનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે.*
- *એક સિક્કાની બે બાજુની જેમ મૂળભૂત અધિકારોની સાથે મૂળભૂત ફરજો પણ મહત્ત્વની છે, જેની વિગતવાર માહિતી ઉપયોગી થશે.*
- *અંતે, મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ સૌને મૂળભૂત ફરજોની વિગતવાર માહિતી પ્રાપ્ત થશે.*

## 4.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થીમિત્રો આપણે સૌ જાણીએ જ છીએ કે,*

*ભારત એક એવો દેશ છે, જ્યાં વિવિધ ધર્મના, જાતિના લોકો વસે છે. ભાષાકીય વિવિધતા જોવા મળે છે. તેમની વચ્ચે સંવાદિતા જળવાઈ રહે, ભાઈચારાની ભાવના કેળવાઈ રહે, તે મહત્ત્વનું છે. દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતા, જળવાઈ રહે તે માટે મૂળભૂત ફરજોનું મહત્ત્વ છે. અધિકારો અને ફરજો એક સિક્કાની બે બાજુઓની જેમ જોડાયેલા છે. મૂળભૂત ફરજોનું મહત્ત્વ એટલા માટે પણ છે કે નાગરિકોને જે રીતે મૂળભૂત અધિકારો અપાયા છે, તે જ રીતે નાગરિકોની ચોક્કસ સ્વરૂપની ફરજો પણ છે.*

નાગરિકો પોતાના અધિકારોનો ઉપયોગ કરે છે, તે જ રીતે નાગરિકોની પોતાના રાષ્ટ્ર પ્રત્યે અને બીજા નાગરિકો પ્રત્યે પણ ફરજ રહેલી છે.

## 4.2 મૂળભૂત ફરજોનો ઉદ્ભવ

જ્યારે ભારતીય બંધારણની રચના કરવામાં આવી ત્યારે 'મૂળભૂત ફરજો'નો ઉલ્લેખ બંધારણમાં ન હતો. બંધારણના ઘડવૈયાને મૂળભૂત ફરજોની જરૂરિયાત બંધારણ બનાવવાના સમયે લાગી ન હતી. ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજોનો ખ્યાલ સોવિયત સંઘ-રશિયા (USSR)ના બંધારણમાંથી પ્રેરણા લઈ ઉમેરવામાં આવ્યો છે. મોટાભાગના લોકશાહી દેશ જેવાકે, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા વગેરે દેશના બંધારણમાં મૂળભૂત ફરજોનું પ્રકરણ નથી. ભારત સિવાય જાપાન એકમાત્ર દેશ એવો છે કે જેના બંધારણમાં 'મૂળભૂત ફરજો' જોવા મળે છે. અમેરિકાના બંધારણમાં માત્ર અધિકારો વિશે જોગવાઈ કરાયેલ છે, ફરજોનો તેમાં કોઈ ઉલ્લેખ નથી.

ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો ભાગ-4A અને અનુચ્છેદ-51Aમાં ઉલ્લેખિત છે. ભારતીય બંધારણમાં 'સ્વર્ણસિંહ કમિટી'ની ભલામણોના આધારે 1976માં 42મા બંધારણીય સુધારા દ્વારા 'મૂળભૂત ફરજો' ઉમેરવામાં આવી. સ્વર્ણસિંહ કમિટીએ આઠ મૂળભૂત ફરજોની ભલામણ કરી હતી, પરંતુ 42મા બંધારણીય સુધારા દ્વારા દસ મૂળભૂત ફરજોની જરૂર 1975ના વર્ષમાં ઈન્દિરા ગાંધી દ્વારા લગાડવામાં આવેલી, જે રાષ્ટ્રીય કટોકટીના સમયે ઉદ્ભવી હતી. ભારતીય બંધારણના ભાગ-4માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉલ્લેખ હતો, પરંતુ નાગરિકોએ પાળવાની ફરજોનો ઉલ્લેખ ન હતો.

86મા બંધારણીય સુધારા દ્વારા 2002ના વર્ષમાં 6થી 14 વર્ષનાં બાળકો માટે 'મફત અને ફરજિયાત શિક્ષણ'ની જોગવાઈ કરાઈ છે. આ સુધારા દ્વારા 11મી મૂળભૂત ફરજ અનુચ્છેદ-51A (K) માં ઉમેરાઈ છે.

## 4.3 મૂળભૂત ફરજો (અનુચ્છેદ- 51A)

વિદ્યાર્થીમિત્રો, હવે આપણે મૂળભૂત ફરજો વિશે વિગતવાર જોઈએ.
ભારતના દરેક નાગરિકની નીચે મુજબ ફરજો રહેશે :

(A) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગાનનો આદર કરવાની

(B) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને તેને અનુસરવાની.

(C) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની.

(D) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતા તેને કરવાની.

(E) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની

(F) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની.

(G) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુ-પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.

(H) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની.

(I) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની.

(J) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુને વધુ ઉન્નત સોપાનો ભણી રાષ્ટ્ર સતત પ્રગતિ કરતું રહે એ માટે વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(K) માતા-પિતા કે વાલી દ્વારા 6થી 14 વર્ષનાં તેમનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવું.

(86મા બંધારણીય સુધારા દ્વારા 2002માં આ ફરજ ઉમેરવામાં આવી)

## 4.4 વર્મા સમિતિ, 1999

વિદ્યાર્થીમિત્રો, 1999માં મૂળભૂત ફરજોને લગતી મહત્ત્વની બાબતો માટે વર્મા સમિતિની નિમણૂક કરવામાં આવી. વર્મા સમિતિએ પોતાના અહેવાલમાં મૂળભૂત ફરજોની જોગવાઈઓના પાલન માટે પહેલાથી અસ્તિત્વમાં રહેલ કાયદાઓ અંગે માહિતી આપી છે. જે નીચે પ્રમાણે છે.

### 4.4.1 ભારતીય દંડ સંહિતા, 1860 :

* કલમ- 153 (B) :

રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને નુકસાન કરતાં આરોપો, કથનો, ભાષણો, લેખો સજાને પાત્ર છે.

* કલમ- 295થી 298 :

ધર્મથી સંલગ્ન આક્રમક ગતિવિધિઓ જે રાષ્ટ્રને નુકસાનકર્તા છે, તેના પર પ્રતિબંધ તથા સજાની જોગવાઈ છે.

### 4.4.2 લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 :

ધર્મને આધારે મત માંગવા તથા ધર્મ, જ્ઞાતિ, ભાષાના આધાર પર મતભેદ ઊભો કરનાર સંસદ સભ્ય કે વિધાન સભ્યને ચૂંટણી પંચ અયોગ્ય જાહેર કરી શકે છે.

### 4.4.3 નાગરિક અધિકાર રક્ષણ અધિનિયમ, 1955 :

*જ્ઞાતિ અને ધર્મ સંબંધિત ગુનાઓ માટે શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.*

### 4.4.4 રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારક અધિનિયમ, 1971 :

*ભારતીય બંધારણ, રાષ્ટ્રગાન અને રાષ્ટ્રધ્વજનું અપમાન અટકાવે છે.*

### 4.4.5 વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972:

*નાશ પ્રાયઃ વન્યજીવોના વેપાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.*

### 4.4.6 વનસંરક્ષણ અધિનિયમ, 1980 :

*અનિયંત્રિત જંગલોના નાશ અને જંગલોની જમીનોનો ઉપયોગ અન્ય કાર્યો માટે કરવા પર રોક લગાવે છે.*

## 4.5 મૂળભૂત ફરજોને લગતા મહત્ત્વના કેસો

*વિદ્યાર્થીમિત્રો, હવે કેસો દ્વારા પણ મૂળભૂત ફરજોનું મહત્ત્વ સમજીએ.*

- **એમ.સી.મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (1983) 1 SCC 471**- *આ કેસમાં સર્વોચ્ચ અદાલત ઠરાવેલ છે કે અનુચ્છેદ- 51A(S) હેઠળ દેશની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં 'પર્યાવરણ' રક્ષણ સંબંધમાં દર અઠવાડિયે એક કલાક માટે પાઠ શીખવવાની રાજ્યની ફરજ છે. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં તમામ રાજ્યોને આ અંગેનું પાઠ્યપુસ્તક તૈયાર કરાવીને રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓને નિઃશુલ્ક વિતરણ કરવા આદેશ પણ કર્યો હતો. વધુમાં સર્વોચ્ચ અદાલતે આ કેસમાં એવો આદેશ પણ કર્યો હતો કે પર્યાવરણ સંબંધમાં જાગૃતિ કેળવવા માટે સમગ્ર ભારત દેશમાં એક અઠવાડિયા માટે પોતાના ગામ કે શહેરને સ્વચ્છ રાખવા માટેનું સપ્તાહ ઊજવવામાં આવે.*
- **અનિલ પી. નહારે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર AIR (2011) 109 (Bom)**- *આ કેસમાં મુંબઈ વડી અદાલતે ઠરાવેલ છે કે અનુચ્છેદ 21A હેઠળ શિક્ષણ બાળકોનો મૂળભૂત અધિકાર છે. આ અનુચ્છેદનું પાલન કરવાની જવાબદારી માત્ર રાજ્ય પર નહિ પરંતુ અનુચ્છેદ 51A (K) હેઠળ વાલીઓ તેમજ બાળકો પર પણ મૂકવામાં આવી છે.*
- **બિજોય ઈમેન્યુઅલ વિ. કેરાલા.1986 (3) SCC-615 : 1987 AIR SC-748.752**

*આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે રાષ્ટ્રગીત સમયે ઊભા રહેવું તે તેનું માન જાળવવા માટે પર્યાપ્ત છે. રાષ્ટ્રગીત ગાવામાં ભાગ ન લેવો તે રાષ્ટ્રગીતનું અપમાન નથી.*

## 4.6 મૂળભૂત ફરજોને લગતી મહત્ત્વની બાબતો

*વિદ્યાર્થીમિત્રો, મૂળભૂત ફરજોનો અભ્યાસ કર્યા બાદ મહત્ત્વની બાબતો ખાસ ધ્યાનમાં રાખશો. જે નીચે મુજબ છે.*

(A) 6 જાન્યુઆરીને 'મૂળભૂત ફરજ દિન' તરીકે ઊજવવામાં આવે છે.

(B) ભારતના તેમજ જાપાનના બંધારણમાં જ મૂળભૂત ફરજોનો ઉલ્લેખ છે.

(C) મૂળભૂત ફરજો માત્ર ભારતના નાગરિકોને લાગુ પડે છે, વિદેશીઓને નહીં.

(D) મૂળભૂત ફરજોનો ન્યાયાલય દ્વારા અમલ કરાવી શકાય નહિ, કારણ કે, ન્યાયાલય દ્વારા તેમને ફરજિયાત અમલમાં લાવવાની કોઈ વ્યવસ્થા બંધારણમાં જણાવેલ નથી. પરંતુ જો સંસદ ઈચ્છે તો મૂળભૂત ફરજોનો અમલ કરાવવા માટે કાયદો ઘડી શકે છે.

(E) મૂળભૂત ફરજોનો અમલ નહિ કરનાર વ્યક્તિ સામે પરમાદેશ (Mandamus)નું આજ્ઞાપત્ર (Writ) ફરમાવી શકાય નહીં.

## 4.7 ઉપસંહાર

દેશ પ્રત્યે દેશભક્તિની ભાવના કેળવાય, ભાતૃભાવની ભાવનાનો વિકાસ થાય આપણા સમૃદ્ધ સંસ્કૃતિના વારસાનું મૂલ્ય, સમજી તે જાળવી રાખીએ, કુદરતી પર્યાવરણનું જતન કરીએ, વૈજ્ઞાનિક માનસ કેળવાય, હિંસાનો ત્યાગ કરીએ, જાહેર મિલકતનું રક્ષણ કરીએ તે દૃષ્ટિએ પણ મૂળભૂત ફરજો અગત્યની છે.

## 4.8 ચાવીરૂપ શબ્દો

**1. ભાતૃભાવ :**

ભાઈચારાની ભાવનાનો વિકાસ થાય. આપણા દેશમાં અસંખ્ય જાતિઓ વસે છે. અનેક ભાષાઓ અને બોલીઓ બોલાય છે. તેથી આવા ભિન્ન લોકો વચ્ચે બંધુત્વની (ભાઈચારા)ની ભાવના વિકસાવવાની જરૂર છે.

**2. સાર્વભૌમત્વ :**

સાર્વભૌમત્વ એટલે રાજ્યની નિર્ણય લેવાની આખરી સત્તા.

**3. આજ્ઞાપત્ર :**

મૂળભૂત અધિકારોનો અમલ અત્યંત અસરકારક થાય તે જરૂરી છે. મૂળભૂત અધિકારોના ભંગ બદલ આજ્ઞાપત્ર (Writ) કરી શકાય છે. બંધારણમાં પાંચ પ્રકારના આજ્ઞાપત્ર આપેલા છે.

**4. મૂળભૂત ફરજો :**

અધિકારો અને ફરજો એક સિક્કાની બે બાજુ જેવા છે. મૂળભૂત અધિકારો બંધારણના ભાગ-3માં આપેલા છે. મૂળભૂત ફરજો બંધારણના ભાગ-4Aમાં આપેલી છે. આ ફરજો ભારતના નાગરિકો પર લાદવામાં આવી છે.

## 4.9 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપોઃ**

1) *બંધારણના ક્યા ભાગમાં મૂળભૂત ફરજો દર્શાવાઈ છે?*

A. *ભાગ*-2

B. *ભાગ*-3

C. *ભાગ*-4

D. *ભાગ*-4(A)

**2) ભારતીય બંધારણના શરૂઆતના સમયે મૂળભૂત ફરજોની સંખ્યા કેટલી હતી?**

A. 10

B. 09

C. 08

D. 07

**3) હાલમાં ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજોની સંખ્યા કેટલી છે?**

A. 08

B. 09

C. 11

D. 10

**4) ક્યા બંધારણીય સુધારાથી મૂળભૂત ફરજો ઉમેરાઈ?**

A. 41 *મા બંધારણીય સુધારા*

B. 42 *મા બંધારણીય સુધારા*

C. 43 *મા બંધારણીય સુધારા*

D. 44 *મા બંધારણીય સુધારા*

**5) કઈ સમિતિની ભલામણથી ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી?**

A. *સ્વર્ણસિંહ સમિતિ*

B. *બળવંતરાય મહેતા સમિતિ*

C. *તેજબહાદુર સપ્રુ સમિતિ*

D. *ઉપરમાંથી એક પણ નહિ.*

**6) ભારતીય બંધારણનાં કયા અનુચ્છેદમાં મૂળભૂત ફરજો દર્શાવાઈ છે?**

A. *અનુ*.39

B. *અનુ*.44

C. *અનુ*.50

D. *અનુ*.51A

**7) કયા વર્ષમાં બંધારણીય સુધારા દ્વારા 'મૂળભૂત ફરજોહ્ન ઉમેરાઈ હતી?**

A. 1972

B. 1973

C. 1975

D. 1976

જવાબો : **1. D, 2. A, 3. C, 4. B, 5. A, 6. D, 7. D**

(ખ) **નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપોઃ**

- *મૂળભૂત ફરજો વિશે વિગતવાર સમજાવો.*

(ગ) **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. *ન્યાયતંત્રનું કારોબારીથી વિભાજન એટલે શું?*
2. *સમાન ન્યાય અને મફત કાનૂની સહાય એટલે શું?*

## 4.10 ઉપયોગી પુસ્તકોની યાદી


1) R.C.Agrawal; 'Constitutional Development and National movement of India', S.Chand, 2003

2) C.B.Raju; 'Social Justice and the Constitutional of India', Serial Publication, 2007.

3) Durga Das Basu; 'Commentary on the Constitution of India', 9th Edition, Lexisnexis, 2014

4) Dr. J.N. Pandey; 'Constitutional Law Agency', 2018

5) Paras Diwan; 'Outlines of the Constitution of India', Deep and Deep Publication, 2003.

6) Kailas Ray, 'Constitution of Indi

# એકમ-5 મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજો વચ્ચેનો આંતર સબંધ

-: રૂપરેખા :-

**5.0** અભ્યાસના ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** મૂળભૂત અધિકારનો અર્થ

**5.3** મૂળભૂત અધિકારોનું મહત્ત્વ

- **5.3.1** વ્યક્તિનો સર્વાંગી વિકાસ
- **5.3.2** વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ
- **5.3.3** સરકારની સત્તા પર નિયંત્રણ
- **5.3.4** લઘુમતીઓનાં હિતોનું રક્ષણ
- **5.3.5** રાજ્યનું મૂલ્ય
- **5.3.6** નાગરિકોમાં જાગૃતિ

**5.4** મૂળભૂત અધિકારો

- **5.4.1** સમાનતાનો અધિકાર
- **5.4.2** સ્વતંત્રતાનો અધિકાર
- **5.4.3** શોષણ વિરુદ્ધનો અધિકાર
- **5.4.4** ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
- **5.4.5** આંતરિક અને શૈક્ષણિકનો અધિકાર
- **5.4.6** મિલકતનો અધિકાર અને તેની નાબૂદી
- **5.4.7** બંધારણીય ઉપચારોનો અધિકાર

**5.5** રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

- **5.5.1** રાજકીય અને વિદેશી સંબંધ વચ્ચેના સિદ્ધાંત
- **5.5.2** સામાજિક આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંત
- **5.5.3** શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંત
- **5.5.4** આરોગ્ય વિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંત

**5.6** મૂળભૂત ફરજો

**5.7** મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

**5.8** મૂળભૂત અધિકારો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજો વચ્ચેના આંતરસંબંજ્જો

**5.9** ઉપસંહાર

**5.10** ચાવીરૂપ શબ્દો

**5.11**તમારી પ્રગતિ ચકાસો

**5.12** ઉપયોગી પુસ્તકોની યાદી

## 5.0 અભ્યાસના ઉદ્દેશો

- *વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણમાં મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજો વિશે ટૂંકમાં માહિતી આપવામાં આવી છે, તે જોઈશું.*
- *મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કરીશુ, તેમજ મૂળભૂત અધિકારો અને ફરજોનો પણ અભ્યાસ કરીશું.*
- *વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણનું હાર્દ છે - મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજોના આંતરસબંધનો અભ્યાસ કરીશું.*

## 5.1 પ્રસ્તાવના

*લોકશાહીમાં નાગરિકના જીવનમાં અધિકારોએ અગત્યનું સ્થાન ધારણ કર્યું છે. સમાજમાં રહેતા મનુષ્યને અનેક પ્રકારની જરૂરિયાતો હોય છે. તેની અમુક જરૂરિયાતો એટલી બધી અગત્યની હોય છે કે જો આ જરૂરિયાતો સંતોષાય નહિ તો મનુષ્ય સાચા અર્થમાં પોતાનું જીવન જીવતો નથી એમ કહી શકાય. અન્ન, વસ્ત્ર અને આવાસની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પણ અનેક જરૂરિયાતો મનુષ્યને હોય છે, જે સંતોષવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. કેમ કે તેમ કરવાથી જ મનુષ્ય પોતાનો સવાંગી વિકાસ સાધી શકે છે. વળી, વ્યક્તિને તેના વ્યક્તિત્વના વિકાસ અર્થે કુદરત તરફથી પણ અમુક શક્તિ મળેલી હોય છે. આ શક્તિને ખીલવવા માટે અધિકારો અનિવાર્ય છે. માટે અધિકારો ઉદ્‌ભવે છે કે તેનું સર્જન થાય છે. સમાજમાં રહેલી દરેક વ્યક્તિને જરૂરિયાતો હોવાથી તેમજ દરેક પાસે કુદરતી શક્તિ હોવાથી પ્રત્યેક વ્યક્તિએ અન્યની જરૂરિયાતો અને શક્તિને લક્ષમાં રાખીને જ વર્તન-વ્યવહાર કરવાના હોય છે, માટે દરેકે પોતાના અધિકારો ઉપરાંત બીજી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે, અને તે છે ફરજ. અધિકારોની સાથે જ ફરજનો ખ્યાલ જોડાયેલો છે. આપણા અધિકારો એ અન્યની આપણા તરફની ફરજ છે અને તેમના અધિકારો એ આપણી તેમના તરફની ફરજ છે. આમ, અધિકારો અને ફરજ એક જ સિક્કાની બે બાજુ સમાન છે.*

## 5.2 મૂળભૂત અધિકારોનો અર્થ

*અધિકારોને મનુષ્યના સામાજિક જીવનની અનિવાર્ય જરૂરિયાત તરીકે ઓળખાવી શકાય. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં કહીએ તો, અધિકારો દ્વારા જ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ અધિકારો ભોગવતી નથી તે પોતાનો વિકાસ કરી શકતી નથી અને પરિણામે તેનું જીવન કુંઠિત થઈ જાય છે. આપણા અધિકારો સમાજથી સ્વતંત્ર નહિ પરંતુ સમાજમાં ઉદ્‌ભવે છે. સમાજ નથી તો અધિકારો નથી. રાજ્ય અધિકારો ઊભા કરતું નથી પરંતુ તે તો માત્ર સમાજ દ્વારા સ્વીકારાયેલા અધિકારોની જાળવણી કરે છે અને અદાલત દ્વારા તેના રક્ષણની ખાતરી આપે છે. ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જે સામાજિક પરિસ્થિતિનું હોવું અને ચાલું રહેવું અત્યંત*

જરૂરી છે, તેને સામાન્ય રીતે વ્યક્તિના અધિકારો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, 'અધિકારો સામાજિક જીવનની એવી જરૂરિયાત છે કે જેના વિના કોઈ પણ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકતો નથી.'

અન્ય રીતે વિચારીએ તો એવું કહી શકાય કે અધિકારોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવે છે. મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક અધિકારોનો હકદાર બને છે માટે અધિકારોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948ના રોજ સંયુક્ત રાષ્ટ્રની (યુનાઈટેડ નેશન્સની) મહાસભાએ માનવહકોની વૈશ્વિક ઘોષણા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઈટ્સ) ને સ્વીકૃતિ આપી, તેમાં આ બધા અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાષ્ટ્રો અગત્યના અધિકારોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10મી ડિસેમ્બરને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવીએ છીએ. માનવ અધિકારો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના અધિકારોનો અમલ રાજ્ય દ્વારા થાય છે. અને તેમના રક્ષણની બાંયધરી આપવામાં આવે છે અને એ સારુ તેમને દેશના બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું હોય છે. આવા અધિકારોને મૂળભૂત અધિકારો કહેવામાં આવે છે.

## 5.3 મૂળભૂત અધિકારોનું મહત્ત્વ

અધિકારો અંગેની સમજ મેળવ્યા પછી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, મનુષ્યજીવનમાં અધિકારો અનિવાર્ય છે. દરેક લોકશાહી રાજ્ય પોતાના નાગરિકને મૂળભૂત અધિકારો આપે છે. જે સાચા અર્થમાં નાગરિક બનવા માટે જરૂરી ગણાય છે. અધિકારો સિવાયના મનુષ્ય જીવનનો વિચાર કરવો અશક્ય છે. આ રીતે અધિકારોનું મહત્ત્વ સ્વયં સ્પષ્ટ છે. અધિકારોની અગત્ય કે ઉપયોગિતા નીચે પ્રમાણે દર્શાવામાં આવેલી છે.

### 5.3.1 વ્યક્તિનો સર્વાંગી વિકાસ :

લોકશાહીમાં વ્યક્તિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી વ્યક્તિના સર્વાંગી વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે રાજ્ય વ્યક્તિત્વના સ્વીકાર અને તેના રક્ષણની જવાબદારી લે છે. પરિણામે રાજ્ય અધિકારોનો સ્વીકાર કરે છે, જેથી વ્યક્તિના સર્વાંગી વિકાસની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આપણે આગળ જોયું કે અધિકારો એ સામાજિક જીવનની એવી જરૂરિયાત છે કે જેમના વિના વ્યક્તિમાં જે શ્રેષ્ઠત્વ રહેલું છે તેને પ્રાપ્ત કરી શકાતું નથી. આ દૃષ્ટિએ અધિકારો એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અતિ આવશ્યક છે.

### 5.3.2 વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ :

*લોકશાહીમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય ઘણું જ છે અને વ્યક્તિ વિવિધ અધિકારો દ્વારા જ વિવિધ સ્વતંત્રતાઓ ભોગવે છે. તેમાં કોઈ બિનજરૂરી દરમિયાનગીરી કરી શકતું નથી. આ રીતે વ્યક્તિ વિવિધ સ્વતંત્રતાઓના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષીને પોતાનો વિકાસ સાધી શકે છે.*

### 5.3.3 સરકારની સત્તા પર નિયંત્રણ :

*સત્તા સ્થાને રહેલી સરકાર દ્વારા તેની સત્તાનો દુરુપયોગ ન થાય તે માટે અધિકારોના સ્વીકાર દ્વારા સરકારની સત્તા પર અંકુશ મૂકવામાં આવે છે. કારણ કે, જ્યારે અધિકારોનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સરકાર નાગરિકોના જીવનમાં ગેરવાજબી દખલગીરી કરી શકે નહીં. સરકારની બંને શાખા - કારોબારી તથા ધારાસભાએ પણ સચેત રહી પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાયદાનું ઘડતર કરતી વખતે ધારાસભા સતત એ બાબતને ધ્યાનમાં રાખે છે કે પોતાના કાયદા દ્વારા અયોગ્ય રીતે કોઈ પણ અધિકારોનો ભંગ તો થતો નથી ને? આ જ રીતે કારોબારી પણ એવું કોઈ પગલું ન ભરી શકે કે જેથી અધિકારોનો અયોગ્ય રીતે ભંગ થાય. આમ, આ બંને શાખાઓએ પોતપોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે અધિકારોને નજર સમક્ષ રાખવાના હોય છે. તેમ છતાં પણ જો કોઈ પણ રીતે અધિકારોનો ભંગ થતો જણાય તો ન્યાયતંત્ર તેવાં પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. આમ અધિકારોના સ્વીકારથી સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે.*

### 5.3.4 લઘુમતીઓનાં હિતોનું રક્ષણ :

*લોકશાહી રાજ્યમાં ધાર્મિક, પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક વગેરે જેવી લઘુમતીઓ અસ્તિત્વ ધરાવતી હોય છે. અધિકારોના સ્વીકાર દ્વારા લઘુમતીઓને તેમનાં હિતોનું રક્ષણ થશે તેવી ખાતરી આપવામાં આવે છે. જેથી તેઓ નિશ્ચિતતા અનુભવે છે, જે લોકશાહી માટે આવકારદાયક ગણાવી શકાય. ભારતીય બંધારણમાં ધાર્મિક સ્વાતંત્ર્ય, શિક્ષણ સ્વાતંત્ર્ય, સંસ્કૃતિવિષયક સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત અધિકારો દ્વારા લઘુમતીઓનાં હિતોના રક્ષણની ખાતરી આપવામાં આવી છે.*

### 5.3.5 રાજ્યનું મૂલ્ય :

*રાજ્ય સારું છે કે ખરાબ તે પોતાના નાગરિકોને જે અધિકારો પ્રદાન કરે છે તેના પરથી નક્કી થાય છે. અધિકારો દ્વારા રાજ્ય વ્યક્તિઓનું રક્ષણ કરવાની જવાબદારી લે છે. અધિકારોનો સાચા અર્થમાં સ્વીકાર કરનાર રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી અને લોકશાહીનો સારી પેઠે અમલ શક્ય બને છે. આમ, દરેક રાજ્ય તેણે સ્વીકારેલા અધિકારો ઉપરથી ઓળખાય છે.*

#### 5.3.6 નાગરિકોમાં જાગૃતિ :

*અધિકારોનો સ્વીકાર કરવાથી નાગરિકોમાં રાજકીય જાગૃતિ આવે છે. કારણ કે, અધિકારોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેમના પર અંકુશ મૂકવામાં ન આવે તેનું નાગરિક સતત ધ્યાન રાખે છે. આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. કેમ કે, જો નાગરિક જાગૃત હોય તો જ પોતાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરી શકે છે. જાગૃત નાગરિક પોતાના અધિકારો પર મુકાતા અયોગ્ય અંકુશનો વિરોધ કરે છે. પરિણામે લોકમત સરકારની વિરુદ્ધ જવાની શક્યતા રહે છે. લોકશાહીમાં લોકમતના આધારે જ સરકારોની રચના થાય છે અને ટકે છે.*

*આ પ્રમાણે અધિકારોનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા ઘણી જ હોવાના કારણે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. અધિકારોના સ્વીકાર વિના લોકશાહીની કલ્પના કરવી જ મુશ્કેલ છે. અધિકારોએ રાજ્ય તરફથી મળતી કોઈ ભેટ નથી, પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસની અનિવાર્ય એવી પૂર્વશરત છે, એટલે અધિકારોની જેટલી અગત્યતા આંકીએ તેટલી ઓછી છે.*

### 5.4 મૂળભૂત અધિકારો

*ભારતના નાગરિકોને તેમનો સર્વાંગી વિકાસ સાધવાની તક મળે તે માટે તેમને બંધારણના ભાગ ત્રણમાં મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. નાગરિકોને તેમના વ્યક્તિત્વના વિકાસ માટે મળવી જોઈતી તક અને અધિકારો અપાયા છે. નાગરિકોને તેમના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે જે અધિકારો પાયાના કે મૂળભૂત છે, તેવા અધિકારોને મૂળભૂત અધિકારો કહેવાય છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રત્યેક નાગરિકને કેટલાક મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે. શરૂઆતમાં બંધારણમાં ઉપર્યુક્ત 6 અધિકારો ઉપરાંત મિલકતના અધિકારો પણ સામેલ હતા, પરંતુ સમય સાથે તેમાં અનેક વિવાદો અને ગૂંચવાડા સર્જાતાં તેને મૂળભૂત અધિકાર તરીકે રદબાતલ કરી માત્ર કાનૂની અધિકાર તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આમ, વર્તમાન સમયમાં આપણા બંધારણમાં કુલ છ મૂળભૂત અધિકારો સમાવિષ્ટ છે. આ અધિકારોની વિગતે જાણકારી મેળવીએ.*

#### 5.4.1 સમાનતાનો અધિકાર (અનુચ્છેદ 14થી 18) :

*સમાનતા લોકશાહીનો પાયો હોઈ બંધારણે દરેક નાગરિકને સમાનતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરી છે.*

**(i) અનુચ્છેદ 14** *અનુસાર ભારતમાં રહેતી બધી વ્યક્તિઓ 'કાયદા સમક્ષ સમાન' અથવા 'કાયદાનું સમાન રક્ષણ' મેળવવાનો હક ધરાવે છે. આનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં દરેક પ્રત્યે રાજ્ય તરફથી સમાન વર્તાવ. ટૂંકમાં, કાયદો બધાને સરખી રીતે લાગુ પડશે અને દરેકને સમાન રક્ષણ આપશે.*

**(ii) અનુચ્છેદ 15**માં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એવી કોઈ બાબતના આધારે કોઈ પણ નાગરિક સામે ભેદભાવ રાખશે નહીં.

**(iii) અનુચ્છેદ16** દ્વારા જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી આપવામાં આવી છે.

**(iv) અનુચ્છેદ 17** દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના અસ્પૃશ્ય આચરણ વ્યવહારને ગેરબંધારણીય અને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

**(v) અનુચ્છેદ 18** દ્વારા સમાજમાં કૃત્રિમ અસમાનતા ઊભા કરતા ઈલકાબો કે ખિતાબો નાબૂદ કરવામાં આવ્યા છે. ખાસ કરીને બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ સરકારને મદદરૂપ થતા કેટલાક લોકોને તેની વફાદારીની કદર રૂપે બ્રિટિશ તાજ તરફથી સર, નાઈટહુડ, ખાનસાહેબ, રાવબહાદુર, કૈસર-એ-હિંદ, બેરોનેટ વગેરે જેવા ખિતાબો આપવામાં આવતા હતા, જે સમાજમાં એક પ્રકારનો કૃત્રિમ ભેદભાવ ઊભો કરતા હતા. આઝાદી પછી અનુચ્છેદ **18** દ્વારા ભારતના નાગરિકને કોઈ પણ પ્રકારનો વિદેશી ઈલકાબ કે ખિતાબ સ્વીકારવાનો સ્પષ્ટ પ્રતિબંધ છે. આમ છતાં અપવાદરૂપે સેવા તથા શિક્ષણ અને જ્ઞાન કે સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોની સેવાની કદરરૂપે તેઓને ભિન્ન - ભિન્ન પ્રકારના એવોર્ડ્સ આપી શકાય છે. જેમકે; પદ્મ શ્રી, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ, ભારતરત્ન વગેરે.

સમાનતાના અધિકારના સંદર્ભમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ત્રીઓ, બાળકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રાજ્ય જો કોઈ ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકો કે અન્ય વિશેષ સવલતો કે વ્યવસ્થા કરે તો તે સમાનતાના અધિકારનો ભંગ ગણાશે નહીં. આમ, સમાનતાના અધિકારનો ઉદ્દેશ ભારતમાં 'કાયદાનું શાસન' સ્થાપિત કરવાનો છે.

### 5.4.2 સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ 19થી 22)

લોકશાહીના પ્રાણ સમાન સ્વતંત્રતાનો અધિકાર બંધારણમાં આપવામાં આવ્યો છે. તેમાં 19મી કલમ હેઠળ જે સ્વતંત્રતા આપી છે. તેનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વતંત્રતાઓ આ પ્રમાણે છે :

(a) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય
(b) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય
(c) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય
(d) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા - ફરવાનું સ્વાતંત્ર્ય
(e) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી જજોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(f) મિલકતનો અધિકાર, જે બાદમાં રદ કરાયેલ છે.

(g) કોઈ પણ વ્યવસાય, ધંજ્જો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વછંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે, એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંજ્જો, જાહેરવ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્ર વિના ભેગા થવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા - ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંજ્જો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે - તે ધંજ્જો - વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે જ્જોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતા ભોગવવાની છે.

અનુચ્છેદ 20, 21 અને 22 વ્યક્તિ સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. અનુચ્છેદ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતી આપવામાં આવી છેઃ

(ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય.

(ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહીં.

(ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહીં.

(ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહીં.

અનુચ્છેદ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. અનુચ્છેદ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે? તેથી વર્ષ 2002માં 86મા બંધારણીય સુધારા દ્વારા અનુચ્છેદ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના

હકને મૂળભૂત અધિકારોનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને 6થી 14 વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક - રાઈટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

અનુચ્છેદ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છેઃ

(ક) ધરપકડનું કારણ જાણવાનો અધિકાર
(ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો અધિકાર
(ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને 24 કલાકમાં સૌથી નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જરૂરી છે, અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતા નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

### 5.4.3 શોષણ વિરુદ્ધનો અધિકાર (અનુચ્છેદ 23 અને 24) :

શોષણમુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને ધાકધમકીથી દબાણપૂર્વક કરાવવામાં આવતી મજૂરી વગેરે જેવાં કાર્યને રોકે છે અને કાયદા હેઠળ ગુનાપાત્ર ઠેરવે છે. આમ છતાં, રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવાઓ માગી શકે છે. દા.ત., ફરજિયાત લશ્કરી તાલીમ.

આ અધિકાર સ્ત્રીઓ તેમજ બાળકોની ગેરકાયદેસર કે અનૈતિક હેતુઓ માટે કરવામાં આવતી ખરીદી, વેચાણ કે ભાડે રાખવાના કાર્યને રોકે છે. અનુચ્છેદ 24 કુમળી વયનાં બાળકો કે કિશોરોને શોષણ સામે સલામતી પૂરી પાડે છે. આ અનુચ્છેદ 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ પ્રકારના કામમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવે છે. આ સંદર્ભમાં ભારતની સંસદે બાળમજૂરી વિરોધી કાયદો પણ પસાર કર્યો છે. આમ, અનુચ્છેદ 24 બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

### 5.4.4 ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (અનુચ્છેદ 25થી 28 )

*બંધારણનાં લક્ષણોની ચર્ચામાં તેમજ આમુખમાં આપણે જોઈ ગયા છીએ કે ભારત એક બિનસાંપ્રદાયિક કે ધર્મનિરપેક્ષ દેશ છે. એનો અર્થ એ થાય કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. દેશને પોતાનો કોઈ ધર્મ નથી. આપણા દેશમાં ઘણા ધર્મો પાળવામાં આવે છે. આથી ધાર્મિક સ્વતંત્રતાનો હક માન્ય રાખવામાં આવ્યો છે. વ્યક્તિના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ કે શ્રદ્ધાની બાબતમાં રાજ્ય સંપૂર્ણ રીતે નિરપેક્ષ છે. અનુચ્છેદ 25 અનુસાર દરેક નાગરિક અંતઃકરણની સ્વતંત્રતા ધરાવે છે, પોતાને પસંદ એવા કોઈ પણ ધર્મમાં માનવાની, તેનું આચરણ કરવાની, તેનો પ્રચાર અને પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સાથે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધાર્મિક બાબતો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપર સરકાર જરૂરી નિયમનો મૂકી શકે છે. ઉપરાંત જાહેરવ્યવસ્થા અને નીતિમત્તાના આધાર પર રાજ્ય આ હક પર જરૂરી નિયંત્રણો લાદી શકે છે. અનુચ્છેદ 26 હેઠળ દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો, સ્થાવર અને જંગમ મિલકતો રાખવાનો તેમજ નિભાવવાનો કે વહીવટ કરવાનો અધિકાર છે. અનુચ્છેદ 27 અનુસાર ધાર્મિક સંસ્થાઓના વિકાસ કે જાળવણી માટે કોઈ પણ વેરો આપવાની નાગરિકને ફરજ પાડી શકાય નહીં. અનુચ્છેદ 28 મુજબ રાજ્યની સહાયથી ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ એક ધર્મ માટેનું વિશિષ્ટ શિક્ષણ આપી શકાય નહિ તેમજ કોઈ વિદ્યાર્થીને ધર્મની વિધિ પ્રમાણે વર્તન કરવા ફરજ પાડી શકાય નહીં. અહીં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, ધાર્મિક શિક્ષણ આપવાના હેતુસર સ્થાપવામાં આવેલ કોઈ સખાવતી કે ટ્રસ્ટની સંસ્થાઓને આ લાગુ પડશે નહીં.*

### 5.4.5 સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુચ્છેદ 29-30)

*ભારતમાં અનેક પ્રકારની વિવિધતા છે. જેમકે, વિવિધ ભાષા, લિપિ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, સંસ્કૃતિ વગેરે. આથી આ વૈવિધ્યની જાળવણી કરવા માટેના અધિકારો બંધારણમાં સુરક્ષિત કરવામાં આવ્યા છે. અનુચ્છેદ 29 અને 30 વિવિધ સમૂહોને પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાના અધિકારો આપે છે. અનુચ્છેદ 29 અનુસાર પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતી કોઈ પણ લઘુમતીને તેનું જતન કરવાનો અધિકાર છે. ઉપરાંત, એવી પણ બાંયધરી આપવામાં આવી છે કે, રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપવાની બાબતે ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે એવી કોઈ બાબતને આધારે કોઈ ભેદભાવ આચરવામાં આવશે નહીં.*

*અનુચ્છેદ 30 હેઠળ ધર્મ કે ભાષાના આધારે રચાયેલી બધી જ લઘુમતીઓને તેમની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઉપરાંત, અમુક સંસ્થા લઘુમતી સંસ્થા છે, એ જ કારણસર*

એવી સંસ્થા પ્રત્યે રાજ્ય કોઈ ભેદભાવ આચરશે નહીં. ભારત જેવા દેશમાં, જ્યાં વિવિધ પ્રકારની લઘુમતીઓ છે, ત્યાં આ અધિકારોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

### 5.4.6 - મિલકતનો અધિકાર (અનુચ્છેદ 31) અને તેની નાબૂદી

બંધારણના અમલની સાથે મૂળભૂત અધિકારોમાં મિલકતના અધિકારનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના નાગરિકને મિલક્ત પ્રાપ્ત કરવાનો, ધરાવવાનો અને નિકાલ કરવાનો અધિકાર મૂળભૂત અધિકાર તરીકે પ્રાપ્ત હતો. પરંતુ, તેના અર્થઘટન સંબંધે ખૂબ વિવાદો સર્જાયા, મિલકતના અધિકારને સ્પષ્ટ કરવા બંધારણમાં પણ અનેક સુધારાઓ કરવા પડ્યા છેવટે 1978માં 44મા બંધારણીય સુધારા દ્વારા આ અધિકારને મૂળભૂત અધિકારોની યાદીમાંથી ખસેડીને નવી કલમ -300 (A)માં મૂકવામાં આવી છે. પરંતુ, તેમાં જૂના શબ્દો જ યથાવત્ રખાયેલા છે. હવે આ અધિકાર માત્ર કાનૂની અધિકારનું સ્થાન ધરાવે છે. એટલે કે, કાયદાના આધાર વિના કોઈ પણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહીં.

### 5.4.7 - બંધારણીય ઉપચારોનો અધિકાર (અનુચ્છેદ 32 )

મૂળભૂત અધિકારોના અમલ અને રક્ષણ માટે બંધારણીય ઉપચારોના અધિકારને એક મૂળભૂત અધિકારનો દરજ્જો આપીને બંધારણના ઘડવૈયાઓએ આ અધિકારોને વધુ સલામત બનાવ્યા છે. ભારતના કોઈ પણ નાગરિકને એવું લાગે કે એના મૂળભૂત અધિકારોનો અમલ થતો નથી અથવા તો તેનો ભંગ થાય છે, તો તે આ અધિકાર દ્વારા સર્વોચ્ચ અદાલતમાં જઈ શકે છે. આમ, આ અધિકાર નાગરિકને અદાલતોમાં જવાનો અધિકાર આપે છે. તો બીજી બાજુ આ અધિકાર હેઠળ સર્વોચ્ચ અદાલતની એ ફરજ બને છે કે તેઓ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે. બંધારણ સભાના સભ્ય અને મુસદ્દા સમિતિના અધ્યક્ષ એવા ડૉ. ભીમરાવ આંબેડકરે આ અધિકાર વિશે જણાવ્યું હતું કે, “તે બંધારણનો આત્મા છે અને બંધારણનું હાર્દ છે.” મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતને સૂચનો અથવા હુકમો અથવા બંદી પ્રત્યક્ષીકરણ, પરમાદેશ, પ્રતિષેધ, અધિકારપૃચ્છા અને ઉત્પ્રેષણ સ્વરૂપના આજ્ઞાપત્રો સહિતના યોગ્ય આજ્ઞાપત્રો આપવાની સત્તા રહેશે.

આમ વિદ્યાર્થીમિત્રો, નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા માટે રાજ્યના કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ અથવા તો સંસ્થા બીજી વ્યક્તિના મૂળભૂત અધિકારોનો ભંગ કરે તો રાજ્યનો કાયદો તે વ્યક્તિના અધિકારનું રક્ષણ કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે સરકાર દ્વારા નાગરિકોના અધિકારોને મર્યાદિત કરવા પ્રયત્નો થાય છે. આવા સંજોગોમાં આ અધિકારોનું રાજ્યથી કેવી રીતે રક્ષણ કરવું તેનો પણ વિચાર કરવામાં આવ્યો. આધુનિક લોકશાહીમાં અધિકારોના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ જેમકે, મૂળભૂત અધિકારોને બંધારણમાં લેખિત સ્વરૂપ આપીને,

ન્યાયતંત્ર દ્વારા સલામતી. આ ઉપરાંત નાગરિકોની જાગૃતિ તેમજ અસરકારક લોકમત પણ અધિકારોના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 5.5 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ભાગ-4માં કરવામાં આવ્યો છે. ઘણા ઓછા દેશોનાં બંધારણોમાં આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. આયરલેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણા બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતોનો સમાવેશ આપણા બંધારણમાં કર્યો છે. માર્ગદર્શક સિદ્ધાંતોનો બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ સરકારોને જુદાં - જુદાં ક્ષેત્રોમાં કઈ - કઈ અને કેવી - કેવી નીતિઓ ઘડવી તે સંબંધે માર્ગદર્શન આપવાનો છે. એટલા માટે તેને 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' કહેવામાં આવે છે. નીતિ ઘડતર વખતે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેમનો અમલ કરવાનો છે. આ અર્થમાં તેને 'નીતિદર્શક સિદ્ધાંતો' તરીકે પણ ઓળખાવી શકાય. આઝાદી પછી આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા ઈચ્છીએ છીએ, કેવા પ્રકારનો સમાજ રચવા માગીએ છીએ, આપણું ધ્યેય શું છે, વગેરેનું સ્પષ્ટ દિશાસૂચન કરવાનો હેતુ આ સિદ્ધાંતોનો છે. બીજા શબ્દોમાં, સામાજિક પરિવર્તનની કાર્યસૂચિ (એજન્ડા) છે.

કેટલાક અધિકારોનો સમાવેશ આપણા બંધારણમાં મૂળભૂત અધિકારો તરીકે કરવામાં આવ્યો છે. પણ બીજા ઘણા અધિકારો એવા છે, જેનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના ચોથા ભાગમાં 36મા અનુચ્છેદથી 51મા અનુચ્છેદ સુધીમાં સમાવવામાં આવ્યા છે.

હવે આપણે કયા કયા સિદ્ધાંતોનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેની વિગતે સમજ મેળવીએ.

### 5.5.1. રાજકીય અને વિદેશી સંબંજ્જો વિશેના સિદ્ધાંતો :

( i ) ગ્રામીણ જીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોની સ્થાપના તથા તેમને વધુમાં વધુ સ્વાયત્તતા આપવાના પ્રયાસો રાજ્ય કરશે.

( ii ) ભારતમાં રહેતા બધા નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) ઘડવાનો પ્રયાસ રાજ્ય કરશે.

( ii ) કાયદાનું શાસન સ્થાપવા માટે વહીવટીતંત્રને ન્યાયતંત્રથી અલગ કરવા માટેનાં જરૂરી પગલાં રાજ્ય ભરશે.

( iv ) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જળવાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

( v ) અન્ય દેશો સાથે ન્યાયી અને ગૌરવપ્રદ સંબંજ્જો જળવાય એ દિશામાં રાજ્ય પ્રયાસ કરશે.

( vi ) આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર થાય અને આંતરરાષ્ટ્રીય કરારનું પાલન થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

( vi ) આંતરરાષ્ટ્રીય મતભેદોનો નિકાલ લવાદ પ્રથાને માર્ગે થાય એ બાબતને રાજ્ય પ્રોત્સાહન આપશે.

### 5.5.2. સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના અન્ય નબળા અને વંચિત વર્ગોના રક્ષણ, ઉત્કર્ષ માટે રાજ્યે વિશેષ પ્રયાસો કરવાના છે. માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત સમાનતાના મૂળભૂત અધિકારો હેઠળ પણ આવી જોગવાઈઓ કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે.

રાજ્ય પોતાનાં નાણાકીય સાધનોના પ્રમાણમાં રોજી માટે, શિક્ષણ માટે તથા બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી કે અન્ય પ્રકારની અક્ષમતાની સ્થિતિમાં રાજ્યની સહાય મેળવવા માટે નાગરિકને અધિકાર આપશે.

ખેતી તેમજ ઔદ્યોગિક કામદારો અને ખાસ કરીને સ્ત્રી કામદારોના કલ્યાણ અંગેના કાયદાઓ રાજ્યે કરવાના રહેશે. જીવનક્ષમ વેતન, આરામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રજાના ઉચિત ઉપયોગ તેમજ અન્ય સુવિધાઓનો એમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો તથા સહકારી પ્રવૃત્તિઓ તથા બાળકો માટે ફરજિયાત શિક્ષણ માટે, સમતોલ આહાર અને સ્વાસ્થ્ય સેવાઓ શરૂ કરવા માટે તથા માદક દ્રવ્યો ઉપર પ્રતિબંધ મૂકવા વગેરે અંગે રાજ્યે જોગવાઈઓ કરવાની રહેશે.

આર્થિક નીતિ ક્ષેત્રમાં પણ ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છેઃ

(i) રાષ્ટ્રનાં ભૌતિક સંસાધનોની માલિકી અને વહીવટનું એવી રીતે વિતરણ કરવું કે જેથી સૌનું શ્રેય સધાય.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેની તકેદારી રાજ્યે રાખવાની રહેશે.

(iii) જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો હક સૌ નાગરિકોને મળે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(iv) સમાન કામગીરી માટે સ્ત્રી અને પુરુષને સમાન વેતનની જોગવાઈ કરવી.

(v) સ્ત્રી-પુરુષ કામદારો અને કુમળી વયનાં બાળકોના સ્વાથ્યની જાળવણી કરવી. આર્થિક લાચારીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિરુદ્ધ સ્વરૂપની કામગીરી તેમને કરવી ન પડે તે માટેની રાજ્યે કાળજી રાખવી.

(vi) ઔદ્યોગિક એકમોના સંચાલનમાં કામદારોની ભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) બાળકોના તંદુરસ્ત વિકાસ માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવામાં આવે તેમનું કોઈપણ પ્રકારનું શોષણ ન થાય એ માટે રાજ્યે ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(viii) નાગરિકોને કામ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તથા ઘડપણ કે વિકલાંગ અવસ્થામાં તેમને રાજ્ય તરફથી સહાય પ્રાપ્ત થાય એ માટે રાજ્યે ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(ix) કામદારોના કામના સ્થળે યોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવે, સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રાહત પૂરી પાડવામાં આવે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(x) કૃષિ અને ઔદ્યોગિક કામદારોને જીવનનિર્વાહ થઈ શકે એટલું યોગ્ય અને પૂરતું વેતન પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા કુટીર ઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તેવી વ્યવસ્થાનું નિર્માણ રાજ્યે કરવાનું રહેશે.

(xi) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક જજોરણે વિકાસ કરવામાં આવે તેમજ દુધાળાં પશુઓની કતલ અટકાવવાનો પ્રયાસ કરવાનો રહેશે.

(xii) સૌને ન્યાય મળે એ રીતે ન્યાય અંગેની વ્યવસ્થા અને જરૂરિયાતમંદ લોકોને મફત કાનૂની સહાય મળે તે માટે રાજ્ય પ્રબંધ કરશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ એક સમતામૂલક, શોષણવિહીન, કલ્યાણલક્ષી સમાજ અને સમાજવાદી અર્થવ્યવસ્થા સ્થાપવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજિક તેમજ આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

### 5.5.3. શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

(i) બંધારણના આરંભ થવાના દસ વર્ષની અંદર 14 વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) ઐતિહાસિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વનાં જાહેર કરવામાં આવ્યા હોય એવાં સ્મારકો, કલાકૃતિઓ, ઈમારતો કે સ્થળોનાં બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવા તેમજ રાજ્ય દ્વારા તેનું રક્ષણ કરવાનું રહેશે. આમ, આ સિદ્ધાંતોનો હેતુ 14 વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાનો અને રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો છે.

### 5.5.4. આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જાહેર આરોગ્ય અને જનસુખાકારી માટે રાજ્ય જરૂરી પગલાં ભરશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવાં કેફી પદાર્થો, પીણાં, માદક પદાર્થો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકશે. દારૂબંધી અંગેની જોગવાઈઓ પણ રાજ્યે કરવાની રહેશે. જેમકે, ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં છે અને તાજેતરમાં કેરળ તથા બિહાર રાજ્યે પણ દારૂબંધી દાખલ કરી છે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં સુધારો થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. દેશનાં જંગલો અને વન્યસૃષ્ટિના રક્ષણ માટેના ખાસ પ્રયાસો રાજ્યે કરવાના રહેશે.

આમ, નાગરિકોના આરોગ્યની જાળવણી અને તેમાં સુધારો થાય એ માટે રાજ્યએ પ્રયત્નશીલ રહેવાનું છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે પણ રાજ્યમાં વિશેષ પ્રયાસ કરવાના છે, એ મુદ્દા પર આ સિદ્ધાંતો ખાસ ભાર મૂકે છે.

બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતો દ્વારા ભારતની નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું ધ્યેય આપણી સમક્ષ મૂક્યું છે. આર્થિક અને સામાજિક લોકશાહી સ્થાપવા માટે આ સિદ્ધાંતો દોરવણીરૂપ છે.આમુખમાં વ્યક્ત થયેલા લોકશાહી આદર્શોને રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રે મૂર્તિમંત કરવા વિસ્તૃત રીતે રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં આધુનિક કલ્યાણ રાજ્યની ભાવના પણ વ્યક્ત થયેલી છે. આ સિદ્ધાંતોમાં જુદી - જુદી વિચારધારાઓનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરવામાં આવ્યો છે. એમાં સમાજવાદી વિચારધારા, ઉદારમતવાદી વિચારધારા અને ગાંધીવાદી વિચારધારાના કેટલાક અંશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શોષણ અને અન્યાયથી મુક્ત એવી ન્યાયી સમાજવ્યવસ્થાનું સ્વરૂપ તેમાં રજૂ કરવામાં આવ્યું છે. આ સાકાર કરવાની જવાબદારી 'રાજ્ય' ને શિરે મૂકવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાયદાનું પીઠબળ ન હોવાથી બંધારણ ઘડતરના તબક્કાએથી જ ટીકાપાત્ર બન્યા છે. જોકે, આવી અનેક ટીકાઓ થતી હોવા છતાં આ સિદ્ધાંતો અર્થહીન તો નથી જ. જો લોકમત સક્રિય અને જાગ્રત હોય તો તેનો અમલ કરવાની રાજ્યને ફરજ પાડી શકાય તેમ છે. અદાલતી સક્રિયતાને કારણે પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યને ફરજ પડી છે.

સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન વેતનનો આદર્શ અમલમાં મૂકવામાં આવ્યો છે. સામુદાયિક વિકાસ યોજના દ્વારા લોકોની ઉન્નતિનાં કાર્યો કરવામાં આવ્યાં છે. પંચાયતીરાજની સ્થાપના દ્વારા સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવામાં આવી છે. બાળકોનું શોષણ અટકાવવા માટે બાળ મજૂરી વિરોધી કાયદા ઉપરાંત અનેક કાયદાઓ થયા છે. પ્રાથમિક કક્ષાએ નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વર્ગીકૃત જાતિઓના ઉદ્ધાર માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ અને વિકાસ અર્થે વિવિધ કાયદાઓ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. સ્ત્રી

*સશક્તિકરણની દિશામાં પણ સતત અને નક્કર પ્રયાસો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી જાળવવામાં ભારતે મહત્ત્વની કામગીરી બજાવી છે.*

## 5.6 મૂળભૂત ફરજો

*આપણા બંધારણમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પાછળથી 1976માં બંધારણમાં 42મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને આ સુધારા દ્વારા બંધારણમાં ભાગ 4-A તથા નવી અનુચ્છેદ 51(A) હેઠળ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં મૂળભૂત ફરજોની જોગવાઈ કરતું ભારતીય બંધારણ ખાસ ધ્યાન ખેંચે છે.*

**બંધારણના અનુચ્છેદ 51(A) હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે.**

(1) *બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર તથા ગૌરવ કરવું.*

(2) *આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોનો આદર કરવો અને તે અનુસાર વર્તવું.*

(3) *ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને રક્ષણ કરવું.*

(4) *દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે જ્યારે હાકલ કરવામાં આવે ત્યારે તત્પર રહેવું.*

(5) *ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી અને સ્ત્રીઓના ગૌરવને હણનારા વ્યવહારોનો ત્યાગ કરવો.*

(6) *આપણી વિશિષ્ટ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેને જાળવવું.*

(7) *જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિતની કુદરતી સંપત્તિનું જતન તથા સંવર્ધન કરવું તેમજ તમામ જીવો પ્રત્યે અનુકંપા દાખવવી.*

(8) *વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, શોધ કે જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણા કરવા માટેની ભાવના કેળવવી.*

(9) *જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.*

(10) *વ્યક્તિ અને સમૂહ પ્રવૃત્તિના દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર હાંસલ કરતું રહે.*

(11) *માતા-પિતા અથવા વાલીએ 6થી 14 વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.*

*આમ, આ બધી ફરજો સ્વયંસ્પષ્ટ છે. અધિકારો અને ફરજો વિશે સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તે એક સિક્કાની બે બાજુઓ જેવા છે. 'એકનો અધિકાર એ બીજાની ફરજ' એવું કહેવાય છે. પરંતુ મૂળભૂત ફરજોની બાબતમાં એવું કહી શકાય નહીં. અમુક એવી ફરજો છે કે જેના પાલન થકી કેટલાક અધિકારોનું સર્જન થાય છે. અલબત્ત, આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો છે. જે સમાજ અને રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેમના પ્રત્યે આપણી કેટલીક ફરજો છે.*

*વધુમાં, આ ફરજો આપોઆપ નાગરિકો માટે બંધનકારક બનતી નથી, પણ જો કોઈ ફરજને લાગુ પાડવા માટે કાયદો ઘડવામાં આવે તો તેનું પાલન કરવું બંધનકારક બને છે. અને તેનો ભંગ કરનારને સજા અથવા દંડ થઈ શકે છે. દા.ત. પર્યાવરણનું જતન કે વન્યજીવનના રક્ષણ માટે કાયદા ઘડવામાં આવ્યા છે અને તેનો ભંગ કરનારને સજા થઈ શકે છે. આ જ રીતે જાહેર મિલકતોને નુકસાન કરનાર કે હિંસાનો આશરો લેનાર સજાપાત્ર બને છે. કેટલીક ફરજો આદર્શો અને મૂલ્યોની જાળવણી કરવાની વાત કરે છે. જેમના માટે કાયદા ઘડવા અત્યંત મુશ્કેલ છે. દા.ત. વૈજ્ઞાનિક માનસ કેળવવું, સુધારણા કરવાની ભાવના રાખવી, માનવવાદનાં મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવાં વગેરે.*

*રાષ્ટ્રના એક જાગ્રત અને સમજદાર નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ, તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ મૂળભૂત ફરજો આપણને આપે છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું જે ઋણ છે, એ આપણે સતત યાદ રાખીએ અને એવો વ્યવહાર કરીએ, એમાં જ આ ફરજોની ઉપયોગિતા છે. વિશેષ અગત્યની બાબત એ છે કે પ્રાથમિક શાળાથી પાઠ્યપુસ્તકોનાં શરૂઆતનાં પાનાં પર જ આ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો અને કિશોરોમાં જો આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને એમને એનું સતત શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના વધુ મજબૂત બનાવી શકાય.*

## 5.7 મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

*મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી હવે એમની વચ્ચે જે તફાવત છે, તેનો ખ્યાલ મેળવીએ:*

(5.7.1) *મૂળભૂત અધિકારો પાછળ કાનૂની પીઠબળ હોઈ તેમનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય છે. મૂળભૂત અધિકારો ઉપર તરાપ આવતાં કોઈ પણ નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. તેથી તે 'અદાલતો દ્વારા અમલમાં મૂકી શકાય' (જસ્ટિશિયેબલ) તેવું સ્વરૂપ ધરાવે છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ નથી તેથી તેના અમલ માટે અદાલતમાં જઈને દાદ માગી શકાય નહિ. આમ તેમનું સ્વરૂપ 'અદાલતો દ્વારા અમલમાં ન મૂકી શકાય તેવું' (નોન જસ્ટિશિયેબલ) છે. આ સિદ્ધાંતો માત્ર માર્ગદર્શક છે. આમ*

*છતાં, તેમનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં "માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે."*

(5.7.2) *મૂળભૂત અધિકારો રાજ્ય ઉપર મર્યાદા મૂકે છે અને અમુક કાર્ય નહિ કરવાનું ફરમાવે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકારાત્મક છે, તે રાજ્યને અમુક કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપે છે.*

(5.7.3) *મૂળભૂત અધિકારો રાજ્ય અનાદર કરી શકે નહીં, જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર નથી. આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન હોઈ સરકાર માટે દિશાસૂચન કરે છે.*

(5.7.4) *મૂળભૂત અધિકારો, મહદંશે, દેશમાં રાજકીય લોકશાહી સ્થાપે છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. એમાં સામાજિક સમાનતા અને આર્થિક અધિકારો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.*

(5.7.5) *કટોકટી દરમિયાન મૂળભૂત અધિકારો (અનુચ્છેદ 20 અને 21 સિવાય) સ્થગિત કરી શકાય છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને સ્થગિત કરી શકાતા નથી.*

(5.7.6) *મૂળભૂત અધિકારોને બંધારણીય સંરક્ષણ પ્રાપ્ત છે, જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને નૈતિક અને રાજકીય માન્યતા પ્રાપ્ત છે.*

(5.7.7) *મૂળભૂત અધિકારો વ્યક્તિગત કલ્યાણને પ્રોત્સાહન આપે છે, જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સામુહિક કલ્યાણને પ્રોત્સાહિત કરે છે.*

*અંતમાં એમ કહી શકાય કે મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બન્ને મહત્ત્વના છે. વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે બન્ને ઉપયોગી છે, એકબીજાના પૂરક છે.*

## 5.8 મૂળભૂત અધિકારો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને ફરજો વચ્ચેનો આંતરસબંધ

*મૂળભૂત અધિકારો રાજ્યને ચોક્કસ કાર્ય કરતા અટકાવતા હોવાને કારણે જ્યાં નકારાત્મક માનવામાં આવે છે, ત્યાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો રાજ્યને ચોક્કસ કાર્યો કરવા જણાવે છે, તેને પ્રોત્સાહન આપે છે તેથી તેમને હકારાત્મક માનવામાં આવે છે. મૂળભૂત અધિકારોને લાગુ કરવા કોઈ અલાયદા કાયદાની જરૂર નથી, એ આપોઆપ અમલમાં મુકાય છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપોઆપ અમલમાં મુકાતા નથી અર્થાત્ તેમને લાગુ કરવા માટે કાયદા જરૂરી છે. ન્યાયાલય મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતા કાયદાને ગેરબંધારણીય ઠેરવવા બંધાયેલ છે, જ્યારે તે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના ઉલ્લંઘન કરતા કાયદાને ગેરબંધારણીય ઠેરવવા બંધારણીય રીતે બંધાયેલ નથી.*

મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે સમયે સમયે ઊભા થયેલા ઘર્ષણને અનુલક્ષીને સર્વોચ્ચ અદાલતે વર્ષ 1980ના પોતાના મિનરવા નીલ્સ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (A.I.R 1980 S.C 1789) કેસના ચુકાદામાં જણાવ્યું કે ભારતીય બંધારણ મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેના સંતુલનના પાયા પર ઊભું છે. તેના માટે આ બંને એક જ રથનાં બે પૈડાં છે. કોઈ એકને બીજા કરતાં પ્રાધાન્ય આપવું એ બંધારણના સંતુલનને ખલેલ પહોંચાડવા બરાબર છે. સાથે અર્થઘટન આપ્યું કે બન્ને વચ્ચેનું સંતુલન બંધારણના મૂળભૂત માળખાનું એક મહત્ત્વનું અંગ છે. તેથી આ અસંતુલનને બંધારણીય સુધારા દ્વારા પણ બદલી શકાશે નહીં.

રાજ્ય તેના સર્વ નાગરિકોને ભેદભાવ વિના સમાનતા, સ્વતંત્રતા વગેરે અધિકારો આપીને સર્વાંગી વિકાસ માટેની તક પૂરી પાડે છે. ભારતનું બંધારણ દેશના નાગરિકોને સમાનતાના જજોરણે મૂળભૂત અધિકારો બક્ષે છે. અને આવા જ સર્વાંગી વિકાસ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જોવા મળે છે. આ ઉપરાંત સમાન ન્યાય, મફત કાનૂની સહાય, જાહેર સહાય, શિક્ષણ વગેરેને લગતી રાજ્યની ફરજોથી ભારત કલ્યાણ રાજ્ય હોવાનું સ્પષ્ટ થાય છે.

મૂળભૂત અધિકારો માટે દેશના નાગરિક તરીકે વ્યક્તિનો દરજ્જો વ્યક્ત થાય છે. અને દેશને મજબૂત કરવામાં નાગરિક તરીકે વ્યક્તિની ભૂમિકા વ્યક્ત થાય છે. દરજ્જો અને ભૂમિકા પરસ્પર સંબંધ છે, અને સિક્કાની બે બાજુ સમાન છે.

ભારત તેના નાગરિકોને મૂળભૂત અધિકારો આપે છે તેની સાથોસાથ એ દરેક નાગરિક પાસે મૂળભૂત ફરજની અપેક્ષા રાખે છે. અધિકારો અને ફરજો એક સિક્કાની બે બાજુ સમાન છે. અધિકારો ભોગવીએ અને ફરજનું પાલન કરીએ તો તે નાગરિક ધર્મ સમાન છે. દરેક નાગરિકમાં હક્કો પ્રત્યેની સભાનતાની સાથે ફરજો પ્રત્યે સમાનતા હોવી જરૂરી છે. 1976માં 42મા બંધારણીય સુધારાથી ભારતમાં નાગરિકોની ફરજો મંજૂર કરવામાં આવી છે, તે બાબત દર્શાવે છે કે ભારતમાં ફરજપાલન એક રાષ્ટ્રીય જરૂરિયાત બની ગઈ છે. બંધારણના ભાગ 4Aથી મૂળભૂત ફરજો અને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું છે. બંધારણે દરેક નાગરિકની મૂળભૂત ફરજો ખાસ કરીને આદર્શ નાગરિક બનવા માટેનો નાગરિકધર્મ થકી નૈતિક આધાર પૂરો પાડ્યો છે. આ દ્વારા મૂળભૂત અધિકારો અર્થસભર બનાવી વ્યક્તિ સાથે રાષ્ટ્રીય સમાજ વચ્ચેના સંબંધોને પરસ્પરના પૂર્વક બનાવ્યા છે.

## 5.9 - ઉપસહાર

આમ,મૂળભૂત ફરજો, મૂળભૂત અધિકાર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એકબીજાના પૂરક છે. કોઈ બંધારણીય જોગવાઈથી મૂળભૂત અધિકાર મળે છે. તો અધિકાર તે રક્ષિત કરવા માટે રાજ્ય દ્વારા પોતાના સ્તરે તેને વિસ્તૃત કરી અમલી બનાવે

*છે એટલે કે રાજ્ય પોતાને યોગ્ય લાગે તે વિષય અને જરૂરિયાત મુજબના કાયદાઓ ઘડી રક્ષણ આપી શકે છે.*

*મૂળભૂત ફરજ અધિકારની પૂરકતા છે, એટલે કે જ્યારે કોઈ અધિકાર મળે છે . તેને રક્ષણ પ્રાપ્ત થાય છે તો આ રક્ષણ સામે તે નૈતિક ફરજના ભાગરૂપે મૂળભૂત ફરજોનો સમાવેશ કરાયેલ છે.*

*ઉન્ની ક્રિષ્નન વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ* (1993) 2 S.C.C 645 *ના કેસમાં જણાવેલ કે મૂળભૂત અધિકાર અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને એક સાથે અર્થઘટન કરવું અનિવાર્ય છે, કારણ કે એકબીજા સાથે આંતરિક સંબંધો ધરાવે છે.*

## 5.10 ચાવીરૂપ શબ્દો

(1) **મૂળભૂત ફરજો** - *ભારતીય બંધારણ દ્વારા દરેક નાગરિકો એ પાલન કરવાનો આદેશ.*
(2) **અનુચ્છેદ** - *ભારતીય બંધારણમાં આપવામાં આવેલ કલમો*
(3) **મૂળભૂત અધિકારો** - *ભારતમાં રહેતા દરેક નાગરિકોના અધિકારો*
(4) **લવાદ** - *વિવાદોના નિરાકરણ માટે કામ કરવાના વિવિધ માર્ગો*
(5) **સંયુકત રાષ્ટ્ર** - *વિકાસશીલ દેશોએ ભેગા મળી ને બનાવેલું વૈશ્વિક સંગઠન*
(6) **વૈશ્વિક ઘોષણા** - *વિશ્વ સ્તરે કરવામાં આવતી જાહેરાત*

## 5.11 તમારી પ્રગતિ ચકાસો

(ક) **નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો :**

**1) કયા દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવવામાં આવે છે?**
A) 7 *ઑકટોબર* B) 5 *માર્ચ*
C) 10 *ડિસેમ્બર* D) 3 *ફેબ્રુઆરી*

**2) વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શું જરૂરી છે?**
A) *ધર્મ* B) *હકો*
C) *સિદ્ધાંતો* D) *પ્રવૃત્તિ*

**3) બંધારણના કેટલામાં ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે?**
A) *પ્રથમ* B) *બીજા*
C) *ત્રીજા* D) *ચોથા*

**4) RTE- રાઈટ ટુ એજ્યુકેશન ક્યાં અનુચ્છેદ હેઠળ સમાવિષ્ટ છે?**
A) 10 - A B) 21 - A
C) 40 - A D) 55 - A

**5)** **કોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવી શકે છે?**

A) *હકો* B) *સંસ્કૃતિ*

C) *કુટુંબ* D) *આરોગ્ય*

**6)** **બંધારણના કયા કયા અનુચ્છેદ હેઠળ સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો આપવામાં આવ્યા છે?**

A) 23-24 B) 29-30

C) 34-35 D) 38-39

**7)** **અનુચ્છેદ 22 હેઠળ કઈ બાબત સામે રક્ષણ મળે છે?**

A) *ધરપકડ સામે* B) *અટકાયત*

C) *ધરપકડઅને અટકાયત સામે* D) *એક પણ નહિ*

**8)** **જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી કયા અનુચ્છેદમાં આપવામાં આવેલ છે?**

A) 10 B) 19

C) 16 D) 20

**9)** **1976માં______ સુધારો કરવામાં આવ્યો હતો.**

A) 41*મો* B) 42*મો*

C) 44*મો* D) *એક પણ નહિ*

**10)** **બંધારણના અનુચ્છેદ ______હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નક્કી કરવામાં આવેલ છે.**

A) 48 B) 50

C) 51 A D) 52

**11)** **રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતીય બંધારણના________ભાગમાં** *આપેલા છે.*

A) *બીજા* B) *ત્રીજા*

C) *ચોથા* D) *પાંચમા*

**જવાબો**

**1. C, 2. B, 3. C, 4. B, 5. A, 6. B, 7. C, 8. C, 9. B, 10. C, 11. C**

**(ખ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપોઃ**

(1) *માનવ અધિકારો એટલે શું?*

(2) *ભારતીય બંધારણે આપેલા મૂળભૂત અધિકારો કયા કયા છે?*

(3) *અનુચ્છેદ* 20 *હેઠળ વ્યક્તિને કઈ - કઈ સલામતીઓ પ્રાપ્ત છે?*

(4) *અનુચ્છેદ* 21 (A) *હેઠળ કઈ જોગવાઈ કરવામાં આવી છે?*

(5) RTEનું પૂરું નામ જણાવો.

(6) અનુચ્છેદ 22 હેઠળ શી - શી જોગવાઈઓ છે?

(7) શોષણ સામેનો અધિકાર ક્યાં અનુચ્છેદ દ્વારા પ્રાપ્ત છે?

(8) બાળમજૂરી વિરોધી કાયદો બંધારણના ક્યા અનુચ્છેદ હેઠળ સમાવિષ્ટ ગણાવી શકાય?

(9) ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારના વિવિધ અનુચ્છેદ કયા - કયા છે?

(10) મિલકતના અધિકારને શા માટે મૂળભૂત અધિકાર તરીકે રદબાતલ કરવામાં આવ્યો?

(11) ભારતીય બંધારણના કેટલામાં સુધારા દ્વારા મિલકતના અધિકારને મૂળભૂત અધિકારની યાદીમાંથી ખસેડી લેવામાં આવ્યો?

(12) ભારતીય બંધારણીય ઉપચારોના અધિકારની મહત્તા દર્શાવતા ડૉ. ભીમરાવ આંબેડકરે શું કહ્યું હતું?

(13) અનુચ્છેદ 32 શું દર્શાવે છે?

(14) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત અધિકારોથી કઈ રીતે જુદા પડે છે?

(15) ઈલકાબો કે ખિતાબોની નાબૂદી શા માટે કરવામાં આવી છે?

**(ગ) નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) મૂળભૂત અધિકારો એટલે શું? તેનું મહત્વ સમજાવો.

(2) સમાનતાના મૂળભૂત અધિકારોની વિવિધ કલમ હેઠળ ચર્ચા કરો.

(3) સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોનો વિગતે ખ્યાલ આપો.

(4) ભારતીય બંધારણમાં નિર્દિષ્ટ નાગરિકની મૂળભૂત ફરજોનું વર્ણન કરો.

(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે છણાવટ કરો.

(6) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

**(ઘ) નીચે આપેલા મુદ્દાઓ પર ટૂંકનોંધ લખો :**

(1) શોષણ વિરુદ્ધનો અધિકાર

(2) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

(3) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

(4) ભારતીય બંધારણીય ઉપચારોનો અધિકાર

(5) મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

## 5.12 ઉપયોગી પુસ્તકોની યાદી

1. કારીઆ એ. એન.; 'માનવઅધિકારનો કાયદો', સી.જમનાદાસ કંપની.

2. કારીઆ એ. એન.; 'ભારતીય બંધારણ' સી.જમનાદાસ કંપની.

3. રાવલ કૌશિક.સી.; 'માનવઅધિકારો અને કાયદો' સંકેત લો બુક સેલર-અમદાવાદ.
4. કૌશિક આશા ; 'માનવાધિકાર અને રાજ્ય',પોઈન્ટ પબ્લિકેશન જયપુર.
5. રૂપચંદ ગૌતમ; 'દલિત માનવાધિકાર', કાંતિ પબ્લિકેશન, દિલ્હી.
6. Somanna N.A.; 'Indian Constitution and Human Rights', Mysore Book House, Mysore
7. A. K. Sen, 'Law Of Indian Constitution and Human Rights', Pragun Publications, New Delhi

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

9 789355 983213